# નિયમસાર પ્રવચન ભાગ-૧

(શ્રી નિયમસાર શાસ્ત્રના શુદ્ધભાવ અધિકાર પર
પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૯ના અધ્યાત્મરસઝરતાં અક્ષરશઃ પ્રવચન)



શ્રી મહાવીરસ્વામી



શ્રી સીમંધરસ્વામી




શ્રી નિયમસાર



શ્રી કુંદકુંદાચાર્ય



શ્રી પદ્મપ્રભમલધારિદેવ

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર પ્રવચન ભાગ-૧

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસારના શુદ્ધભાવ
અધિકાર ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૯ની સાલના પ્રવચન )

પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૭

વીર સંવત
૨૫૪૭

ઈ. સન
૨૦૨૧

: પ્રકાશન પ્રસંગ :
અષાઢ સુદ ૧૪ / ૧૫, ૨૩-૦૭-૨૦૨૧;
આઠમા દ્વીપ નંદીશ્વરમાં આવેલ શાશ્વત જિનપ્રતિમાના પૂજનનું
શાશ્વત પર્વ શ્રી અષ્ટાન્હિકાની પૂર્ણતા.

અષાઢ વદ ૧, ૨૪-૦૭-૨૦૨૧;
શ્રી વીરશાસન જયંતી અર્થાત્‌ રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપરથી
શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમ વાર છૂટવાનો દિવસ.

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
પૂજા ઇમ્પ્રેશન્સ
મો. : ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાય સંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી

અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દ્રઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃ તત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા- ટીકાનો અક્ષરશઃ

ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમણે તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન બધા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન વી. સં. ૨૪૯૫ના (ઈ. સ. ૧૯૬૯) શ્રાવણ-ભાદરવા માસના નિયમસારના શુદ્ધભાવ અધિકારના બાવીસ પ્રવચનો છે. ઉનાળાના માસમાં નિયમિત સોનગઢમાં ગ્રીષ્મકાલીન શિક્ષણ શિબિરનું આયોજન થતું હતું. આ શિક્ષણ શિબિરમાં, દૂર દૂરથી ઘણા મુમુક્ષુઓ આવતા હતા અને પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે તેઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવો ગહન વિષય આ શિબિરમાં લેવામાં આવ્યો હતો. આ ગહન બાવીસ પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com) તથા એપ (app) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્રના શુદ્ધભાવ અધિકાર ઉપર ૧૯૬૯માં થયેલ બાવીસ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન

સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઇમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની

દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ' જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ, જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મ પ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી

તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર

દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૯-૦૯-૧૯૬૯ | શ્રાવણ વદ ૧૩ | મંગળવાર | ૩૮ | - | ૦૧-૧૨ |
| ૨ | ૧૦-૦૯-૧૯૬૯ | શ્રાવણ વદ ૧૪ | બુધવાર | ૩૮ | ૫૪ | ૧૩-૨૫ |
| ૩ | ૧૧-૦૯-૧૯૬૯ | શ્રાવણ વદ અમાસ | ગુરુવાર | ૩૯ | ૫૫ | ૨૬-૩૮ |
| ૪ | ૧૨-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧ | શુક્રવાર | ૪૦ | ૫૫ | ૩૯-૫૦ |
| ૫ | ૧૩-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૨ | શનિવાર | ૪૧ | ૫૬-૫૭ | ૫૧-૬૩ |
| ૬ | ૧૪-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૩ | રવિવાર | ૪૧ | - | ૬૪-૭૭ |
| ૭ | ૧૫-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૪ | સોમવાર | ૪૧ | - | ૭૮-૯૧ |
| ૮ | ૧૭-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૬ | મંગળવાર | ૪૧ | ૫૮-૫૯ | ૯૨-૧૦૬ |
| ૯ | ૧૮-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૭ | ગુરુવાર | ૪૨ | - | ૧૦૭-૧૧૯ |
| ૧૦ | ૧૯-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૮ | શુક્રવાર | ૪૩ | ૬૦-૬૧ | ૧૨૦-૧૩૨ |
| ૧૧ | ૨૦-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૯ | શનિવાર | ૪૩ | ૬૨-૬૩ | ૧૩૩-૧૪૪ |
| ૧૨ | ૨૧-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧૦ | રવિવાર | - | ૬૩-૬૭ | ૧૪૫-૧૫૭ |
| ૧૩ | ૨૨-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧૧ | સોમવાર | ૪૪ | ૬૮ | ૧૫૮-૧૭૦ |
| ૧૪ | ૨૩-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧૩ | મંગળવાર | ૪૪-૪૬ | ૬૯ | ૧૭૧-૧૮૪ |
| ૧૫ | ૨૪-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧૪ | બુધવાર | ૪૭ | ૭૦-૭૧ | ૧૮૫-૧૯૮ |
| ૧૬ | ૨૫-૦૯-૧૯૬૯ | ભાદરવા સુદ ૧૫ | ગુરુવાર | ૪૮-૪૯ | ૭૨ | ૧૯૯-૨૧૩ |
| ૧૭ | ૨૬-૦૯-૧૯૬૯ | ભાદરવા વદ ૧ | શુક્રવાર | ૪૯ | ૭૩ | ૨૧૪-૨૨૮ |
| ૧૮ | ૨૭-૦૯-૧૯૬૯ | ભાદરવા વદ ૨ | શનિવાર | ૫૦ | - | ૨૨૯-૨૪૨ |
| ૧૯ | ૨૮-૦૯-૧૯૬૯ | ભાદરવા વદ ૩ | રવિવાર | ૫૦ | - | ૨૪૩-૨૫૫ |
| ૨૦ | ૨૯-૦૯-૧૯૬૯ | ભાદરવા વદ ૪ | સોમવાર | ૫૧-૫૫ | ૭૪ | ૨૫૬-૨૬૯ |
| ૨૧ | ૩૦-૦૯-૧૯૬૯ | ભાદરવા વદ ૫ | મંગળવાર | ૫૧-૫૫ | - | ૨૭૦-૨૮૪ |
| ૨૨ | ૦૧-૧૦-૧૯૬૯ | ભાદરવા વદ ૬ | બુધવાર | ૫૧-૫૫ | ૭૫ | ૨૮૫-૨૯૯ |

## શ્રાવણ વદ ૧૩, મંગળવાર, તા. ૦૯-૦૯-૧૯૬૯
## ગાથા-૩૮, પ્રવચન-૧

આ એક નિયમસાર શાસ્ત્ર છે. એનો ત્રીજો અધિકાર, શુદ્ધભાવ અધિકાર. નિયમસાર એટલે શું? સમ્યગ્દર્શન, જ્ઞાન ને સાચા સ્વભાવરત્નત્રય એને નિયમ કહીએ અને સાર એટલે એમાં વિકલ્પ અને વ્યવહારનો અભાવ એને નિયમસાર કહેવામાં આવે છે. શું કીધું સમજાણું? **'णियमेण य जं कज्जं'** નિયમથી જે કરવાલાયક છે, જે નિશ્ચયથી કરવાલાયક કાર્ય છે, જીવના હિતને માટે મોક્ષને માટે જે અનંત કાળથી કર્યું નથી એ જે કરવાલાયક છે, **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી જે કરવાલાયક છે તે નિયમ છે. નિયમ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. ત્યાં સ્વભાવ સમ્યગ્દર્શન(ની વાત છે), વ્યવહાર સમ્યગ્દર્શન નહિ. સમજાય છે?

સ્વભાવ એટલે નિર્મળ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, એની અંતરમાં અનુભૂતિમાં પ્રતીતિ, એનું જ્ઞાન અને એની લીનતા એ સ્વભાવભાવરૂપ, નિર્વિકારી પર્યાયરૂપ નિયમ એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. અને સાર એટલે વ્યવહાર વિકલ્પ આદિ, ભેદ આદિ એમાં નહિ. સમજાણું કાંઈ? એને નિયમસાર, આત્માની સાચી ભક્તિ એને કહેવામાં આવે છે. આ વખતે ભક્તિનું વંચાય છેને બપોરના? આ ભક્તિ અત્યારે પરમાર્થભક્તિની વ્યાખ્યા ચાલે છે. એનો આ ત્રીજો અધિકાર શુદ્ધભાવ. શુદ્ધભાવ એટલે ત્રિકાળી પરમપારિણામિક ધ્રુવસ્વભાવ. શુદ્ધભાવ એટલે આ પર્યાય એમ નહિ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો કહ્યું ને. શુદ્ધભાવ અધિકાર એટલે? ત્રિકાળી પરમસ્વભાવભાવ કે જે રાગ વિનાનો અને એક સમયની પર્યાય વિનાનો એવો જે ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવ, પરમપરિણામિક(ભાવ), સત્‌નું સત્વ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. પેલા શુભ, અશુભ અને શુદ્ધ જે પર્યાયના (ભેદ), એ અહીં નથી. મોક્ષમાર્ગ જે છે એ શુદ્ધ સ્વભાવરૂપ રત્નત્રય છે, પણ આ અધિકાર છે એ શુદ્ધભાવ ત્રિકાળીનો અધિકાર છે. સમજાય છે કાંઈ? ત્રિકાળી જે દ્રવ્ય–વસ્તુ એક સમયની પર્યાય–અવસ્થા વિનાનું તત્ત્વ, મૂળ તત્ત્વ, પરમેશ્વર તત્ત્વ, પરમતત્ત્વ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એનો અધિકાર છે.

**'હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.'** ગાથા-૩૮.

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥ ३८॥**
**છે બાહ્ય તત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

એની ટીકા :- '**આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' છાંડવા લાયક કોણ છે અને ગ્રહવા લાયક કોણ છે—એનું કથન છે. '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' શું કહે છે? એક સમયનો જીવનો જે પર્યાય.. એક સમયનો જીવનો પર્યાય તેને વ્યવહારજીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક સમયની.. જીવ જે ધ્રુવ ચૈતન્ય ત્રિકાળી સ્વભાવભાવ એની એક સમયની જે અવસ્થા જીવની-આત્માની, અહીં જીવ એને કહે છે અને આત્મા પછી ત્રિકાળીને કહેશે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય, અનંત ગુણની એક સમયની જે અવસ્થા એને અહીંયા વ્યવહારજીવ કહ્યો છે. એ વ્યવહારજીવ હેય છે. એય..! વીરચંદભાઈ! આ નવી વાત છે થોડી. સમજાય છે કાંઈ? ક્યા શુકનચંદજી!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ... રાગ તો હેય છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તો હેય છે. એ આવશે. પણ એક સમયની પર્યાય છે.... વસ્તુ જે ત્રિકાળી ચિદાનંદ ધ્રુવ અનંત અનંત શક્તિનું સત્વનું ધામ, મહાધામ ભગવાન, એમાં એક સમયની જે પર્યાય છે–અવસ્થા છે–હાલત છે–દશા છે એને વ્યવહારજીવ ગણી એને હેય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? અજીવ તો હેય છે જ. સમજાય છે કાંઈ? અને આ જીવ સિવાયના બીજા જીવો પણ હેય છે જ. એ આ જીવ નથી એટલે બીજા જીવો એ પણ એક ન્યાયે 'આ જીવ નહિ' (તેથી) તે બધા અજીવમાં જાય છે, એ હેય છે. આ ભગવાન આત્મા જીવ છે તે એ જીવ નથી. આ જીવભાવ છે તે એ જીવભાવ નથી.

જુઓ! આ તો અમૃતસાગરની વાત ચાલે છે. અનુભવ કરવાલાયક શું ચીજ છે? અને કોનો અનુભવ કરવો? અને કોને હેય જાણવો? એ મુખ્ય વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એની એક સમયની પર્યાયને વ્યવહારજીવ કહી અને એ સિવાયના બીજા જીવો પણ આ જીવ નહિ, માટે એને પણ બીજામાં–અજીવમાં નાખી અને બીજા અજીવો જે છે આદિ એ પણ હેયમાં નાખી અને એમાં દયા, દાન, પુણ્ય-પાપનો ભાવ થાય એ આસ્રવતત્ત્વ છે એ પણ હેયમાં નાખ્યા, એ છોડવાલાયક છે. નવનીતભાઈ! એમાં જે સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય થાય એ પણ હેય છે. અંગીકાર કરવા જેમ (લાયક) ઉપાદેય–આદરણીય નથી. જાણવાલાયક છે, પણ હેય તરીકે જાણવાલાયક છે. સમજાય છે કાંઈ?

આત્મા '**જીવાદિ સાત તત્ત્વો...**' (એટલે) જીવ એની પર્યાય, એનો રાગ, એની સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાય અને મોક્ષની પર્યાય. એ મોક્ષ પણ એક સમયની દશા છે. એ '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' જીવ, અજીવ, આસ્રવ, અટકેલો રાગ–ત્યાં અટકે એ બંધ અને સંવર, નિર્જરા અને મોક્ષ—એ સાતેય તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય છે. પંડિતજી! આહાહા..! સમજાય છે કાંઈ? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' એય..! પ્રાણભાઈ! એ શેઠિયા માણસ છે. કોઈ દિ' ત્યાં સાંભળ્યું ન હોય,

કોઈને ખબર ન હોય કે આ શું કહે છે? આહાહા..! ભગવાન! અનુભવ કરવાલાયક હોય તો ત્રિકાળીદ્રવ્ય ધ્રુવ સ્વદ્રવ્ય છે તે અનુભવ કરવાલાયક છે.

શ્રોતાઃ- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ એમાં એ છે. સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' જે કહ્યું છે એમાં આ નક્કી થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એને '**अप्पणो अप्पा**' એમ શબ્દ વાપર્યો છે. '**अप्पणो अप्पा मुवादेय**' અને '**जीवादिबहित्तच्चं हेय**' એમ શબ્દ વાપર્યો છે. આહાહા..! અલૌકિક વાત છે.

શ્રોતા :- કુંદકુંદાચાર્યે હેય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, કુંદકુંદાચાર્યે પાઠમાં (શબ્દ) વાપર્યો છે. પાઠમાં વાપર્યો એનો અર્થ કરે છે આ. આહાહા..! એટલે? કે ભગવાન આત્મા અનંત ગુણનું એકરૂપ પરમસ્વભાવભાવ, ધ્રુવ, નિત્ય, પર્યાયની ક્રિયા–પરિણમનની ક્રિયા વિનાનો. સમજાય છે કાંઈ? એને અહીંયા '**अप्पणो अप्पा**' એટલે પોતાનો આત્મા એમ કહેવામાં આવ્યું છે અને સાત તત્ત્વ પોતાનો આત્મા નહિ, એ પરદ્રવ્ય છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! એ મોક્ષમાર્ગ,... આ નિયમસાર છે ને? એ મોક્ષમાર્ગની પર્યાયને પણ અહીંયા તો પરદ્રવ્ય કીધી છે. સમજાણું કાંઈ? એય..! મનસુખભાઈ! સમજાણું કે નહિ આ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પાછળ બેઠા કેમ? અહીંયા જગ્યા ઘણી છે. શું કરવા આવ્યા? પહેલા આવવું જોઈએ ને? રેલ વખતે પહેલા જાય. એક-બે મિનિટ કેમ? રેલ ઉપર જાય તો વહેલા જતા હશે કે નહિ? પા કલાક.

શ્રોતા :- ..અહીંયા તો બીજે દિ'

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં બીજે દિ' પણ બીજું હોય, આ ન હોય. આહાહા..!

જુઓ ભાઈ! આ મનુષ્યદેહ મળ્યો એમાં ક્યું તત્ત્વ આદરણીય છે અને કયું હેય છે—તેનો અહીંયા વિવેક બતાવે છે. ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્ય... નિત્ય... નિત્ય... એકરૂપ સામાન્ય જ્ઞાયકભાવ ત્રિકાળ એ જ '**अप्पणो अप्पा**' એ પોતાનો આત્મા એને કહીએ અને તે અંગીકાર કરવા અને તેનો અનુભવ કરવા જેવો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' આહાહા..! રાડ નાખેને બીજા તો. આ તો વેદાંત જેવું થઈ ગયું હશે? પણ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એવા ભાગલા જ ક્યાં છે ત્યાં? પર્યાય અને દ્રવ્ય... અલિંગગ્રહણની જ્યાં વાત થઈ તો એક જણ કહે, આ તો બધું—આ જૈનમાં માનેલી ક્રિયાઓ આ વ્રત ને આ ને તે આ, એની તો આમાં કિંમત આવી નહિ. આહાહા..! ભાઈ! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એકલો આનંદનો કંદ, આનંદનો દરિયો સ્વભાવથી ભરેલો એવો જે ધ્રુવ ભગવાન આત્મા તે જ

જીવને સમ્યગ્દર્શનમાં આદરવાલાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓલા હરવખતે પર્યુષણમાં બીજું વાંચતા હતા જે પોરથી ચાલતું (હોય). આજે તો નિયમસાર આવ્યું. પ્રવચનસાર પૂરું થઈ ગયું ને. કહો, સમજાણું કાંઈ?

આ આત્મા એની જે એક સમયની અવસ્થા–પર્યાય, એ પર્યાયને અહીંયા વ્યવહારજીવ કહ્યો છે. વ્યવહારજીવ એટલે? આદરવાલાયક નહિ. સમજાય છે કાંઈ? અને અજીવ અને બીજા તત્ત્વો તો આદરણીય છે નહિ. સિદ્ધ ભગવાન સાક્ષાત્ હોય અને અરિહંત ત્રિલોકનાથ પરમાત્મા (હોય, પણ) આત્માને આદરણીય એ છે નહિ. આહાહા..! કેમકે જેમાંથી નવી આનંદની અને શાંતિની પર્યાય પ્રગટ થાય એવું જે ત્રિકાળી દ્રવ્ય, એનો અનુભવ કરવાથી દશામાં આનંદ આવે એ ઉપાદેયતત્ત્વ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? આ તો મૂળ મુદ્દાની રકમની વાત છે. બાકી ઉપરની બધી વાતું અનેક પ્રકારની ચાલે. ચરણાનુયોગમાં આમ કરવું, આ કર્યું ને તે કર્યું બધું. એ તો જ્ઞાન કરવા માટે એવી ચીજોનું વર્ણન હોય. પણ આદરણીય માટે તો એક આ દ્રવ્ય ત્રિકાળી છે.

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' કારણ કે પહેલો શબ્દ એ પડ્યો છેને એટલે એમ લીધું છે. પરદ્રવ્ય છે. આહાહા..! જેમ શરીર અને જડ એ આત્માને નવી આનંદની, શાંતિની દશા પ્રગટવાનું એ સ્થાન નથી, એમ જીવની એક સમયની પર્યાય રાગવાળી કે રાગ વિનાની સંવર, નિર્જરાવાળી કે આસ્રવવાળી, એ બધી પર્યાયોમાંથી નવી ધર્મદશા–પર્યાય એમાંથી પ્રગટ થતી નથી. માટે તેને પરદ્રવ્ય કહીને હેય કહ્યું છે. આહાહા..! કહો, દેવીલાલજી! ભારે કામ ભાઈ! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એને હેય કહે ત્યાં તો પરસેવો ઉતરી જાય. અરર..! આવું હોય? આ તો વ્યવહારનો લોપ થઈ જાય છે. સાંભળને હવે! વ્યવહારનો લોપ ક્યારે થાય? નિશ્ચયનો આદર કરે ત્યારે વ્યવહારનો લોપ થાય ને? અને વ્યવહારનો લોપ કરે તો નિશ્ચયનો આદર થાય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**ખરેખર ઉપાદેય નથી.**' એમ પાછું. ભાષા છેને? ખરેખર આદરણીય નથી. જીવની એક સમયની અવસ્થા, સંવર, નિર્જરાની અવસ્થા, મોક્ષની દશા–અવસ્થા–હાલત, દયા-દાનના વિકલ્પની હાલત અને એ ભાવબંધરૂપ પર્યાય અને અજીવ—કોઈ જીવને-આત્માને ઉપાદેય, આદરણીય, દૃષ્ટિ કરીને અનુભવવા લાયક એ સાત તત્ત્વો નથી. ધન્નાલાલજી! આવી વાત છે, ભાઈ! આહાહા..! કહો, ભીખાભાઈ! આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ઠીક છે. .. કરી નાખી પણ એણે.

ભાઈ! તારા ઘરમાં અનંતા પરમાત્મા પડ્યા છે ભાઈ! આહાહા..! એ તારા ધ્રુવસ્વભાવમાં અનંતા પરમાત્મા છે. બરાબર હશે? સિદ્ધની દશા જે અનંતી પ્રગટ્યા કરે, સિદ્ધ ભગવાનની જે દશા થઈ મોક્ષની, એ પર્યાય તો અવસ્થા છે, એ અવસ્થાનો વ્યય થઈ અને નવી અવસ્થા થાય છે. એવી એવી

આત્મામાં મોક્ષદશા થતાં અનંતી મોક્ષની અવસ્થાઓ થાય છે. એ બધી સિદ્ધની મોક્ષદશા આત્માની શક્તિમાં પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! જ્યાં નજર નાખવાની છે તે નિધાન મહા પરમસ્વભાવથી ભરેલો સાગર છે. સમજાય છે કાંઈ? જ્યાં નજર નાખવાની છે તે નિધાન... કહે છે કે એ નજર છે એ પર્યાય છે, પણ એ પર્યાય આદરણીય નથી. કારણ કે પર્યાયનું લક્ષ છોડી અને એણે લક્ષ દ્રવ્ય ઉપર કરવાનું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...**' છે. ઓહો..! શરીર પરદ્રવ્ય, કર્મ પરદ્રવ્ય, અરિહંત પરદ્રવ્ય, સિદ્ધ પરદ્રવ્ય, શાસ્ત્ર તો પરદ્રવ્ય છે, પણ જીવમાં થતી મોક્ષની અવસ્થા તે પરદ્રવ્ય! અમરચંદભાઈ! જીવમાં થતો મોક્ષનો માર્ગ, નિશ્ચય હોં! વ્યવહાર એ મોક્ષમાર્ગ છે જ નહિ. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને અવલંબતા, એના ધ્યેયને વિષય કરતાં, જે પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રગટે, કહે છે કે એ પણ પરદ્રવ્ય છે. કેમકે નવી (પર્યાય) પ્રગટ થાય તે કાંઈ એમાંથી નથી આવતી. સમજાણું કાંઈ?

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' કહો, બીજે સાત તત્ત્વો હશે વીતરાગ સિવાય? સાત પ્રકારની પર્યાયો? સમજાય છે? અવસ્થા. અવસ્થા નામ હાલત-દશા. સાત પ્રકારની દશા—જીવની પર્યાય, આસ્રવપર્યાય, પુણ્ય-પાપની કે એ બંધની કે સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયો. એને જ અહીંયા પરદ્રવ્ય કહીને હેય કીધા છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! હજી તો વ્યવહારરત્નત્રય... ચરણાનુયોગનો જે વ્યવહાર રત્નત્રય છે, એ થાય તો પછી આત્માનું સમકિત થાય. એ તો ક્યાંય.. ક્યાંય ક્યાંય એની બુદ્ધિ રખડે છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો હેય–છોડવાલાયક હોય એવા સાતેય તત્ત્વોની દશા એ લક્ષ કરવા જેવી નથી એટલે છોડવા જેવી છે, એમ. ઉપાદેય નથી. '**ખરેખર ઉપાદેય નથી.**'

'**સહજ વૈરાગ્યરૂપી...**' મુનિ પોતાની વાત કરે છે જરીક. છે તો આ બધાને માટે હોં! છેલ્લે લેશે. '**અતિઆસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' મુનિ પોતાની વાત કરીને વાત લે છે. મારે તો આ છે અને બધાને માટે આ (છે), એમ પછી છેલ્લે એ લેશે. સમજાણું કાંઈ? મુનિ એને કહીએ કે જે '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણી છે,...**' '**ટોચ ઉપરનું રત્ન; ચૂડામણી; કલગીનું રત્ન.**' કલગી નાખે છેને આમ કલગી? એમાં રત્ન ઉપર હોય છે. ઓહો..! મુનિને તો પુણ્ય-પાપના વિકલ્પથી પણ મહાવૈરાગ જેને છે. સમજાય છે કાંઈ? વ્રત, અવ્રતના રાગથી પણ જેને અંતરમાં ઉદાસભાવ છે.

'**સહજ વૈરાગ્યરૂપી મહેલ...**' મકાન મોટું, બંગલો, એનું શિખર, એનો શિખામણી. એવા મુનિ એને કહે છે (કે જે) વિકલ્પથી ઉદાસ છે. આ એક સમયની પર્યાયથી પણ જે ઉદાસ છે. સમજાણું કાંઈ? નિમિત્તથી તો ઉદાસ છે, શુભ-અશુભ રાગથી તો ઉદાસ છે. પણ એક સમયની પર્યાયથી સહજ વૈરાગ્યરૂપી મહેલ... મહેલ સમજાય છે? આ મહેલ નથી થતા? રાજાનો મહેલ મોટો. સાડા ત્રણ કરોડનું નથી થયું આ મૈસુરમાં? અહીંયા આ લોકોને હશેને બધા રખડનારા જ્યોર્જને છેને મોટા મોટા ઘર? ત્રણ

ત્રણ કરોડના ઘરો. મરી ગયો રાતે એં.. એં.. જોયું તો મડદું હતું. ભાન નહોતું ભાન. મરી ગયો ક્યારે ખબર નહિ, લ્યો. મરી ગયો કોણ? જ્યોર્જ. મોટો ત્રણ કરોડનો બંગલો. એ બંગલો કે દિ' તારો હતો? સાંભળને હવે! એ તો ધૂળનો ઢગલો. આહાહા..!

અહીં તો કહે છે કે જેમ એ મોટો મહેલ હોય એમ મુનિ તો સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણી છે. આહાહા..! જુઓ તો એ. સમજાણું કાંઈ? ઉદાસ... ઉદાસ... ઉદાસ.. ૨૦ વર્ષનો જુવાન છોકરો મરતો હોય અને બધું કહળ્યું કુટુંબ ભેગું થયું હોય અને ઓલી બે વર્ષની પરણેતરવાળી (ઊભી હોય), ઓલો અસાધ્ય થઈ ગયો હોય અને મરવાની તૈયારી હોય. ઓલી મૂકે પોક. હાય રે! કૂવામાં વચ્ચે ઉતારીને દોરડા શઢ કાપ્યા, એમ રોવે છેને? એય..! નવનીતભાઈ!

આ અમારે ઘરે થયું હતુંને. અમારા મોટા ભાઈ મરી ગયા હતા. નાની ઉંમરમાં. નાનો તો મારી દીક્ષા પછી (ગુજરી ગયો). અમારા સૌથી મોટા ભાઈ હતા ને. એ વખતે મારી ઉંમર, (સંવત) ૧૯૫૭માં ગુજરી ગયા, ૧૧ વર્ષની ઉંમર. એ જ્યાં મરવાની તૈયારી થઈ ત્યાં ઓલી રોવા મંડી બાઈ. અમે તો નાની ઉંમરના. કહે કે બહાર નીકળો. છોકરાને કહે, બહાર નીકળો. ૫૭ની વાત છે. ૧૯૫૭. આઠ વર્ષનું પરણેતર. એક વર્ષનો છોકરો થયેલો. આમ જ્યાં આંખ ઓલી થવા માંડી, ખલાસ થવાનું ટાણું આવ્યું. બહાર નીકળો છોકરાઓ. ઓલી રોવા માંડી. ૧૧ વર્ષની ઉંમરે આ બધું જોયું હતું હોં! સમજાય છે? આહાહા...! શોક... શોક... શોક... શોક ફેલાઈ ગયો હતો.

એમ ધર્મીને બહારથી ઉદાસીનતા છવાઈ ગયેલી હોય છે એમ કહે છે. બાહ્ય ચીજથી ઉદાસ.. ઉદાસ.. ક્યાંય હોંશ નથી, ક્યાંય ઉત્સાહ નથી. વિકલ્પથી, નિમિત્તથી, આહાહા..! સમજાય છે કાંઈ? સહજ વૈરાગ્ય. પરથી ખસીને... પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છેને? વૈરાગ્ય કોને કહીએ? કે જે પુણ્ય-પાપના વિકલ્પો છે તેનાથી ખસી ગયો છે. 'ખસી ગયો' સમજાય છે? હઠી ગયો છે. પીછે હઠે હૈં. વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ પીછે હઠે હૈં એવો વૈરાગ્ય, કહે છે કે સમકિતીને હોય છે અને આ તો મુનિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**સહજ વૈરાગ્યરૂપી મહેલ...**' એનો શિખર, એનો શિખામણી છે મુનિ. એ '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...**' દેખો આ. પરદ્રવ્ય જે કીધા એનાથી પરાઙ્મુખ છે. એક સમયની પર્યાય સંવર, નિર્જરા, મોક્ષ આદિ એનાથી પરાઙ્મુખ છે. સમજાય છે કાંઈ? બધાને માટે આ વાત છે. એ પોતે લખનાર છે એટલે કહે છે. પણ પાછળ કીધું કે આવો આત્મા '**અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' સમ્યગ્દૃષ્ટિ જીવને અતિ અલ્પ કાળમાં જેનો સંસારમાં પાર આવવાનો છે અને મુક્તિનો કિનારો જેને દેખાય છે, અલ્પ કાળમાં મુક્તિ છે—એવા ભવ્યજીવને એ સાત તત્ત્વ તે આદરણીય નથી. એય..! મનહરભાઈ! ભારે વાત! ચૈતન્યરત્ન ભગવાન એના આશ્રય અને ઉપાદેયતાને લઈને ધર્માત્માને પરદ્રવ્યથી પરાઙ્મુખતા વર્તે છે. આહાહા..! પરદ્રવ્યથી વિમુખતા વર્તે છે. સ્વદ્રવ્યમાં સમુખતા, સ્વ તરફની મુખ્યતા, પરદ્રવ્યની વિમુખતા. સ્વદ્રવ્યની સન્મુખતા. આહા..!

શ્રોતા :- નિમિત્ત આવ્યું કે ન આવ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં નિમિત્ત આવ્યુંને. નિમિત્તથી વિમુખતા. સમજાણું કાંઈ?

'**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...**' પરદ્રવ્યથી જે વિમુખ છે. આહાહા..! જુઓ સમ્યગ્દૃષ્ટિની દશા! સમ્યગ્દૃષ્ટિ એવો ધર્મી એ પરદ્રવ્યથી તો વિમુખ છે. સમજાય છે કાંઈ? હવે પછી મુનિ પોતાની વાત કરે છે. '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' પરદ્રવ્યથી પરાઙ્મુખતા તો સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે. પણ એ ઉપરાંત પોતે પોતાની દશાનું વર્ણન કરતાં કહે છે, પરદેહમાત્ર પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર જ જ્યાં નથી. અણીન્દ્રિય સ્વરૂપને પકડી છે આત્માની ચીજને. પાંચ ઇન્દ્રિયનો જ્યાં વિસ્તાર જ નથી. સમજાય છે? '**પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત...**' આહાહા..! '**દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' એવા મુનિને વસ્ત્રનો પણ તાણો હોતો નથી. સમજાય છે કાંઈ? દેહમાત્ર. શ્રીમદ્‌માં પણ આવે છે કે નહિ? સંયમના હેતુથી.. 'માત્ર દેહ તે સંયમ હેતુ..' 'માત્ર દેહ તે સંયમ હેતુ..' સમજાય છે કાંઈ? '**દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' એટલે એ રહ્યો છે. (દેહમાં) રહ્યો છે, પણ છૂટેલો છે દૃષ્ટિમાંથી. એ (દેહ) છોડ્યો જાય નહિ, એમ વિકલ્પ છે એ છોડ્યો જાતો નથી. ભલે હો, પણ એનો પક્કડ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**'

આમ તો સિદ્ધને પણ, ભાઈ! સંયમી કહ્યા છે હોં! સંયમની વ્યાખ્યા કરતાં. સિદ્ધના એક હજાર આઠ નામ છેને? સંયમી—સંયમના ધારનાર. કારણ કે વમન થઈ ગયું છે ને. બાકી કાંઈ નથી માટે એને એવો શબ્દ વાપર્યો છે. એક હજાર ને આઠ નામ છેને સિદ્ધ ભગવાનના? સંયમી છે એ. ત્યારે કાંઈ બાર વ્રત (કરવા) કે ઓલા અવ્રત ટાળવા છે—એવું નથી, પણ એ સંયમી જ છે એમ. સંયમના ધરનાર છે સિદ્ધ ભગવાન, એમ એ કહે છે. સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે કે એ પર્યાયનો પણ જ્યાં આદર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો આવ્યુંને? પરમ જિનયોગીશ્વર. '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે,...**' મહા જિનયોગીશ્વર, વીતરાગી યોગીશ્વર છે. રાગરહિત વીતરાગમૂર્તિ આત્મા, એમાં જેનું જોડાણ છે એટલે તેને જિન, પરમ જિનયોગીશ્વર કહ્યો છે. આટલા ચાર શબ્દો વાપર્યા. પરમ, જિન, યોગ અને ઈશ્વર. કેવા મુનિ છે? મુખ્ય તો મુનિપણાથી વાત છે. પોતે મુનિ છે ને? પદ્મપ્રભમલધારિદેવ આ ટીકા કરનાર. એથી મુનિપણાથી વાત કરી છે, પણ સમ્યગ્દૃષ્ટિને માટે જ આ વાત છે. સમજાણું કાંઈ?

ધર્મીને પરની બિલકુલ ઉપેક્ષા વર્તે છે અને આત્મા ધ્રુવની જ અપેક્ષા દૃષ્ટિમાં વર્તે છે. આહાહા..! આ મુદ્દાના માલની વાત છે એટલે જરી ઝીણું પડે, તોપણ એણે સમજવું તો પડશે કે નહિ? કારણ કે કરવું છે આ. એ વિના બધું સમજવા જેવું છે. જેની સમજણમાં એ યથાર્થતા નથી, એનો પ્રયોગ અંતર્મુખમાં કેમ થાય? સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શુદ્ધપર્યાય પરદ્રવ્ય, સિદ્ધની પર્યાય પરદ્રવ્ય, મોક્ષપર્યાય પરદ્રવ્ય. શેઠી!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય. આહાહા..!

‘**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે, જે પરમ જિનયોગીશ્વર છે,...**’ મહા પરમ ઉત્કૃષ્ટ વીતરાગતાના ભાવમાં જોડાણવાળો એવો ઈશ્વર. અંતરમાં સ્થિરતાની રમણતાની ઉગ્રતા છે. વીતરાગબિંબને પકડીને આખું બિંબ ચૈતન્યબિંબ છે ધ્રુવ, એને પકડીને ઉત્કૃષ્ટ વીતરાગતાના ભાવને જેણે પ્રગટ કર્યો છે એવો પરમયોગીશ્વર છે. વ્યવહારને સાધે છે અને પંચ મહાવ્રતને પાળે છે—એમ અહીં કાંઈ વાત લીધી નથી. એ તો રાગ છે. આહાહા..! હજી તો સાચી વાતની સમજણના ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? જે વાત સાંભળવા મળે નહિ એ સમજે કે દિ’? વિચારે કે દિ’? અને પ્રયોગમાં લાવે કે દિ’? આ તો ચોર્યાશીના જન્મ-મરણના દુઃખો એનો વ્યય કરવાનો માર્ગ છે. સમજાણું કાંઈ? જેનામાં જન્મ-મરણની પર્યાય તો નથી, પણ સંવર, નિર્જરાની, મોક્ષની પર્યાય જેમાં નથી એવું દ્રવ્ય, એ એમ કહે છે. એવો આત્મા એમ કહે છે.

‘**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે-**’ ભગવાન ધ્રુવ અંતર્મુખ પ્રવેશીને... અંતર્મુખમાં પ્રવેશીને... સ્વવસ્તુ જે ધ્રુવ છે તે સ્વદ્રવ્ય છે એ સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? ‘**એવા આત્માને...**’ હજી તો એટલું. એ આત્મા કેવો એ પછી વર્ણવશે. **'अप्पणो अप्पा'** અહીં તો આવો આત્મા છે, પણ જેની તીક્ષ્ણ બુદ્ધિ અંદર છે એવા આત્માને ‘**આત્મા ખરેખર ઉપાદેય છે.**’ એ આત્મા કેવો? એ પછી લેશે. સમજાય છે કાંઈ?

જેની સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ છે, પરદ્રવ્યથી પરાઙ્મુખ છે. પર્યાયબુદ્ધિથી પરાઙ્મુખ છે એમ કહેવું છે. દ્રવ્યબુદ્ધિમાં દૃષ્ટિ જ્યાં પડી છે... આહાહા..! એવા આત્માને.. એવો જે આત્મા એને ‘**આત્મા ખરેખર ઉપાદેય છે.**’ એ વ્યાખ્યા પાઠની કરી. **'उपादेयम् अप्पणो अप्पा'** આવો આત્મા તેને.., એવા આત્માને, તે આત્મા ઉપાદેય–અંગીકાર કરવાલાયક છે. ત્યાં દૃષ્ટિ મૂકીને તે આદરણીય છે. બાકી જ્ઞાનીને બીજું કોઈ આદરણીય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલામાં આવ્યું હતુંને? ખરેખર ઉપાદેય નથી એમ કહ્યું હતું ત્યાં. અહીંયા ઉપાદેય છે. ઓલામાં **'**હેય છે**'** એમ ન કહેતા ‘ઉપાદેય નથી**'** એમ કહ્યું હતું. પાઠમાં હેય મૂક્યું છે, એને ઠેકાણે નકારથી વાત કરી. જીવાદિ સાત તત્ત્વોનો પરદ્રવ્ય સમુહ તે ઉપાદેય નથી, લક્ષ કરવા જેવું નથી, આશ્રય કરવા જેવું નથી. ત્યારે? આવો આત્મા, અંતરમાં તીક્ષ્ણ દૃષ્ટિ મૂકી છે જેણે એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે. અંતર વસ્તુ ધ્રુવ એ જ આદરણીય, અંગીકાર કરવાલાયક, આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ?

હવે એ આત્માનું વર્ણન કરે છે. સમજાણું? ‘**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**’ ભગવાન આત્મા કારણ પરમાત્મા, એ ત્રિકાળી ધ્રુવ સત્‌નું મોટું મહાસ્વરૂપ એવો જે કારણ પરમાત્મા એક સમયની પર્યાય વિનાનો. ‘**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર...**’ એટલે? એ

ઉદય નામ પુણ્ય-પાપ ઉદયના ભાવ.. આવે છેને? આવશે, આગળ આવશે. ગતિ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ વિકલ્પો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઉદયભાવ છે એનાથી એ ગમ્ય નથી. અહીં તો ક્ષાયિકભાવથી ગમ્ય નથી એનો અર્થ કે એ આશ્રય કરવાલાયક નથી, એમ. જણાય છે ક્ષાયિકભાવ, ઉપશમભાવથી, પણ એને આશ્રય થઈને જણાય એવો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે!

કહે છે કે ઉદયભાવ—પુણ્ય, પાપના વિકલ્પ આદિ, ગતિ આદિ ભાવ, એનાથી આત્મા અગમ્ય છે અથવા એને આશ્રયે આત્માની પ્રાપ્તિ થતી નથી. ઉપશમભાવ, સમકિત, ચારિત્ર આદિનો ઉપશમભાવ એને આશ્રયે પણ આત્માની ઉપાદેયતા થતી નથી. ક્ષાયિકભાવ.. ક્ષાયિકભાવ એને આશ્રયે પણ આત્મા ઉપાદેય થઈ શકતો નથી. તેમ ક્ષયોપશમભાવ એને આશ્રયે પણ આત્મા અંગીકાર થઈ શકતો નથી. ભાવાંતરોને અગમ્ય છે એનો અર્થ આ. ગમ્ય તો ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિકથી ગમ્ય છે, પણ એને આશ્રયે ગમ્ય નથી માટે એનાથી ગમ્ય નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

કહે છે, ઉદય–પુણ્ય-પાપનો વિકલ્પ આદિ, ઉપશમ-સમકિત, ચારિત્ર આદિ, ક્ષયોપશમ-જ્ઞાન, દર્શન વીર્યનો ઉઘાડ આદિ. ક્ષાયિક-સમકિત ચારિત્રની પર્યાય ક્ષાયિક—એ પર્યાયોથી અગમ્ય છે. અગમ્ય છે એટલે? તે પર્યાયને આશ્રયે આત્મા જણાય એવો નથી. સમજાણું કાંઈ? ચાર ભાવને આશ્રયે આત્મા ગમ્ય નથી એટલે ચાર ભાવથી તે જણાય એવો નથી એટલે ચાર ભાવનું લક્ષ કરે એને આત્મા લક્ષ થાય એવો આત્મા નથી એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ! એક કોર સમકિત આદિને પરદ્રવ્ય કહેવું અને એ પરદ્રવ્યથી દ્રવ્ય જણાય. એવી વાત છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમ નથી. ચાર ભાવના લક્ષે લક્ષિત થાય એવો નથી, એમ કહે છે. બાકી તો ક્ષાયિકભાવથી ગમ્ય છે, પણ અહીં... પાછા એમાં એ લોકોને તર્ક આવે છે કે જ્યારે ક્ષાયિક આદિ પર્યાયોને પરદ્રવ્ય કીધી, તો પરદ્રવ્યને ગમ્ય આત્મા છે? ભાઈ! એ બીજી વાત છે સાંભળને! એ પરદ્રવ્યને આશ્રયે ગમ્ય નથી, માટે દ્રવ્યને આશ્રયે ગમ્ય છે એમ કહેવું છે. આહાહા..! એવી વાત છે ભાઈ! અનુભવની દશા એમાં એકલો આત્મા જ આદરણીય રહે છે એમ કહે છે. એ છે અનુભવની પર્યાય-અવસ્થા, પણ એને પરદ્રવ્ય ગણી, કેમકે તેનું લક્ષ કરવા જેવું નથી. (કેમકે) એના લક્ષે આત્માનો અનુભવ થતો નથી. આહાહા..! ભારે વાત!

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...'** ભાવાંતર કેમ (કહ્યું)? **'અન્ય ભાવો (ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક—એ ચાર ભાવો) પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...'** પરમપરિણામિક એટલે ત્રિકાળ પરમસ્વભાવભાવ, ધ્રુવસ્વભાવભાવ એવો જે પરમસ્વભાવ, ધ્રુવસ્વભાવ એકરૂપ ભાવ એનાથી ચાર ભાવ અનેરા છે, માટે તેને ભાવાંતર કહેવામાં આવે છે. ભાવાંતર–અનેરા ભાવ. ભાવ જે ત્રિકાળી પરમસ્વભાવ, ત્રિકાળી પરમભાવ એવા ભાવની અપેક્ષાએ ચાર ભાવ અનેરા ભાવ છે. ભાવાંતર શબ્દ છેને? **'ચાર ભાવાંતરો...'** એટલે પરમસ્વભાવભાવ

ભગવાન, આહાહા..! કારણ પરમાત્મા ત્રિકાળી ચૈતન્યનો ધ્રુવસ્વભાવ, એ ભાવની અપેક્ષાએ ઉદય, ઉપશમ, ક્ષાયિકભાવ તે ભાવાંતર છે–અનેરા ભાવ છે. (એના) ભાવની અપેક્ષાએ અનેરા ભાવ છે (કેમકે) એના આશ્રયે આ ભાવ ખ્યાલમાં આવતો નથી. અમરચંદભાઈ! આહાહા..! સૂક્ષ્મ વાત છે શેઠી! આ પર્યુષણમાં વળી આ આવ્યું. સાંભળે તો ખરા. સમજાય છે?

ઓહો..! ભગવાન આત્મા, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં મહા તત્ત્વનું સત્વ પ્રભુ, પરમસ્વભાવભાવ, પરમપારિણામિકભાવ છે. એટલે? જેમાં નિમિત્તની અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી. કારણ કે ઉદયભાવમાં તો કર્મના ઉદયની અપેક્ષા આવી, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા આવી. આ તો અભાવ અને સદ્ભાવની અપેક્ષા વિનાનું જે તત્ત્વ એવો જે પરમસ્વભાવભાવ, એને ભાવ ગણીને આ ચાર ભાવને ભાવાંતર કહ્યા છે, એ ભાવથી અનેરા ભાવ કહ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**આદિ ચાર ભાવાંતરોને...**' ઓહોહો..! ક્ષાયિકભાવથી આત્મા (ભિન્ન, કેમકે) ક્ષાયિકભાવને લક્ષે આત્મા લક્ષ્ય થાય નહિ, ક્ષાયિકભાવને આશ્રયે આત્માનો આશ્રય થઈ શકે નહિ. આહાહા..! એમ કહે છે. ત્યાં વળી વ્યવહારરત્નત્રય રાગ ઉદયભાવ એને આશ્રયે આત્માને (લાભ થાય). એમ કે વ્યવહાર પહેલો હોય તો પછી નિશ્ચય લક્ષમાં આવે. અરે..! ભાઈ! એ તારી જાત એવી નથી, ભાઈ! સમજાણું કાંઈ? શોભાલાલજી! આ તો અલૌકિક અમૃતની વાતું છે. ધૂળની પુંજીમાં મોહી ગયો છે. અરે..! એક સમયની પર્યાયમાં મૂંઝાણો તે દ્રવ્યદૃષ્ટિને ચૂકી જાય છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભાવાંતર.. ચાર ભાવાંતર.. ભાવાંતર એટલે? પરમભાવ એવો ત્રિકાળી ધ્રુવ, એનાથી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તે ભાવાંતર–અનેરો ભાવ, એને અગોચર છે. અગોચર એટલે એને લક્ષે આત્મા લક્ષ્ય થઈ શકતો નથી, એમ લેવું. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! કહ્યું છે અહીં. '**પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે---એવો કારણપરમાત્મા...**' આ ચાર ભાવાંતરોને અગોચર છે. એટલે ચાર ભાવને આશ્રયે તે લક્ષમાં આવતો નથી. ચાર ભાવના લક્ષે તેનું–આત્માનું ધ્યેય પકડાતું નથી. આહાહા..! આ તો અગમનિગમની વાતું છે, ભીખાભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! ક્ષીરસાગર–દરિયાના પાણી લાવે છેને ભગવાનને સ્નાન કરવા? આ તો કહે છે, અમૃતના સાગર ઉછળે છેને અંદર, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? અનંત અપરિમિત આનંદ અને જ્ઞાનનું ધ્રુવસ્વરૂપ જેમાં સત્વનું–શક્તિનું પરિમિતપણું નથી, અપરિમિત સ્વભાવ છે–મર્યાદાવાળો સ્વભાવ નથી. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવી એકરૂપ શક્તિનું તત્ત્વ એવો જે પરમસ્વભાવ, તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે. અને સમ્યગ્દર્શન અને જ્ઞાનનો આશ્રય કરતાં ચારિત્ર થતું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી ચારિત્ર થાય છે એ કાંઈ સમ્યગ્દર્શન અને જ્ઞાનના આશ્રયથી ચારિત્ર થતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ આકરો પડે ને આકરો. .. ભક્તિવાળા ખરાને એ? કલકત્તાવાળા. શેઠિયાનો પત્ર આવ્યો હતો. સુમેરુચંદજી.

ભક્તિ, કલ્યાણના... વેદાંતી હતા, પછી અહીં દીપચંદજી શેઠીયાની સાથે... આ માળું... ઓલામાં આવ્યું નિહાલચંદજીભાઈના દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં. ભગવાનની ભક્તિનો ભાવ એ ભઠ્ઠી છે. રાડ નાખી ગયા. હાય.. હાય...! આહાહા..! કાગળ આવ્યા એક, બે, ત્રણ રામજીભાઈ ઉપર આવ્યા હતા. કે આ કેમ ? ભાઈ! એ વિકલ્પ ઉઠે છે તે ઉદયભાવ છે (અને) ઉદયભાવ છે તે કષાય છે. દેખો! આ ઉદયભાવ હોં પાછો. ... છે. આહાહા..! ત્યારે શું અમારે ભગવાનની ભક્તિ ન કરવી ? વળી એમ કહે. હવે સાંભળ તો ખરો! આ તો કર નક્કી. ..ચંદભાઈ! શુભભાવ હોય છે એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા..! એનું જ્ઞાન થાય પર્યાયમાં, એ આદરવા લાયક નથી (એમ) અહીં તો કહે છે. રાગ તે આદરવાલાયક નથી, પણ તે કાળે સ્વના લક્ષે સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં રાગનું-પરનું જાણવું થાય, એ પર્યાય પણ આદરણીય નથી. દેવીલાલજી! આ તો અગમનિગમની વાતું છે. આહાહા..! જેને માર્ગ જોતો હોય અને સંસારના જન્મ-મરણના દુઃખ(રૂપ) ભવસાગરમાં ડૂબેલો પ્રાણી એને તારવો હોય તો આ એક ઉપાય છે. સમજાણું કાંઈ? અરે..! એને ડૂબ્યાના દુઃખ લાગતા નથી. ચોર્યાસીના અવતાર—સ્વર્ગના, શેઠિયાના અવતાર, એ બધા દુઃખ ભરેલા, અગ્નિથી સળગેલા અંગારા છે. પ્રાણભાઈ! શું આ ? દુઃખના દાળીયામાં સળગતા છે. શેકાય છે અગ્નિથી. ભાઈ! તને ખબર નથી.

ભગવાન! શીતળસાગર ભગવાન પડ્યો છે ભાઈ! એમાં વિકલ્પનું ઉઠવું.., અશુભનું ઉઠવું એ તો અગ્નિ છે, (પણ) શુભનું ઉઠવું એને લક્ષે આત્મા લક્ષ્ય થાય એમ છે નહિ. કેમકે એ તો કષાય છે અને ભગવાન તો પૂર્ણાનંદ અકષાયનો રસ છે. પણ અહીં તો કહે છે... 'જાણેલો પ્રયોજનવાન' જે કીધું. ઓહોહો..! એ પર્યાય જે જાણી રાગની, એ પર્યાય ઉપર લક્ષ કરવાથી આત્માનું લક્ષ થતું નથી. આહાહા..! વીતરાગમાર્ગના પંથની રીત તો જુઓ! સમજાણું કાંઈ? કહે છે, એવો જે ભગવાન ચાર ભાવાંતરથી અગમ્ય છે એટલે કે ચાર ભાવને લક્ષે તેનું લક્ષ થાય નહિ એવો છે. ...

'**જે (કારણપરમાત્મા)...**' કારણપરમાત્મા એટલે પોતાનો ત્રિકાળી સ્વભાવ તે કારણપરમાત્મા. જેમાંથી સિદ્ધરૂપી કાર્યદશા થાય, જેની ખાણમાં અનંતી સિદ્ધ(રૂપ) કાર્યદશા પડી છે. આહાહા..! એવો જે ભગવાન આત્મા અનંતી મુક્ત દશાનો નાથ, સિદ્ધનો પણ નાથ. એવી તો અનંતી દશા જેના એક-એક ગુણમાં પડી છે. એક કેવળજ્ઞાનની પર્યાય એવું જ્ઞાન અનંતું, દર્શનનો પર્યાય અનંતો આમાં પડ્યો છે, અનંતું આનંદ એ આનંદમાં પડ્યો. એવો જે ધ્રુવ ભગવાન સ્વભાવને મર્યાદા અને હદ હોઈ શકે નહિ. એવો ભગવાન ધ્રુવસ્વરૂપ તે ચાર ભાવથી જણાય એવો નથી. તો આ તો કહે કે વ્યવહારથી જણાય, વ્યવહાર હોય તો જણાય, રાગ આવો મંદ પડે, કષાયની મંદતા હોય. વયા ગયા ભાઈ વળી. એ તો બિચારા.... લાકડા ગરી ગયા છેને ઘણાં. ત્યાગીના નામવાળાને એટલું આકરું લાગે આ. અને પંડિતો ભણ્યા હોય બીજું એને માથે ઘા પડે કે આ તારું જ્ઞાન ખોટું છે. આહાહા..!

ભગવાન! તારા પરમાત્માના ભેટા થવામાં, કોઈ પર્યાય અને રાગનો આશ્રય કરવાથી ભગવાનનો ભેટો થાય એવો આત્મા નથી.. એવો આત્મા નથી, એવો લંગડો આત્મા છે નહિ. આહાહા..!

નવનીતભાઈ! નિયમસાર વખતે કોઈ વખતે હો ન હો... ભાગ્યશાળી છે ભાઈ. આહાહા..! આવી વાતું સાંભળવા મળવી મહાભાગ્ય છે! આહાહા..! એના વિકલ્પમાં જે પુણ્ય બંધાય એ પણ બીજી જાતનું હોય છે. સમજાય છે કાંઈ?

(શ્રોતા :- ...) પૂજ્ય ગુરુદેવશ્રી :- બંધાય એ જુદી જાતનું જણાવ્યું. એમાં આદરણીય-ફાદરણીયની ક્યાં વાત કરી? સમજાણું કાંઈ? આહાહા..!

એવો કારણપરમાત્મા કેવો છે? કે જે આદરણીય અને ઉપાદેય કહ્યો પાઠમાં. એની વ્યાખ્યા કરશે વિશેષ.

(શ્રોતા – પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

## શ્રાવણ વદ ૧૪, બુધવાર, તા. ૧૦-૯-૧૯૬૯
## ગાથા-૩૮, શ્લોક-૫૪, પ્રવચન-૨

મોક્ષમાર્ગનો અધિકાર છે, એમાં શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ એટલે ત્રિકાળી પરમસ્વભાવ ધ્રુવ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. ત્રિકાળી ધ્રુવ પરમસ્વભાવ એને ધ્રુવ કહીને એ જ અંગીકાર કરવા (લાયક) અને આદરણીય છે. એ સિવાય કોઈ ચીજ.. સમ્યગ્દ્રષ્ટિને–ધર્મીને ધ્રુવ ચિદાનંદ આત્મા ઉપાદેય (છે, એ) સિવાય બધાની ઉપેક્ષા છે, બધાનો ત્યાગ છે. સમજાય છે કાંઈ? સાત તત્ત્વ કહ્યાને? સાત તત્ત્વ એ બહિર્તત્ત્વ છે, એ આત્મા નહિ. ઝીણી વાત છે. જીવનો એક સમયનો પર્યાય એ પણ સ્વદ્રવ્ય નહિ, એ પરદ્રવ્ય છે. એમાં થતાં પુણ્ય, પાપ, દયા, દાન વિકલ્પ આદિ આસ્રવ એ પણ પરવસ્તુ છે, એ આત્માના નહિ, એ આત્મા નહિ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ છ દ્રવ્યમાં આ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એક સમયની પર્યાયને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. છ દ્રવ્યમાં જ એ છે. સમજાય છે કાંઈ? આત્માની એક સમયની દશા ભલે ક્ષાયિક સમકિત હો, તોપણ તેને એક સમયની અવસ્થાના કારણે તેને ત્રિકાળી સ્વદ્રવ્યની અપેક્ષાએ કહીને તેને પરદ્રવ્ય કહ્યું છે. સ્વરૂપચંદભાઈ!

શ્રોતા :- ઝીણું બહુ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત જ આ ચાલતી નથી અત્યારે. અત્યારે તો આ કરો, આ પાળો, વ્રત કરો, અપવાસ કરો, દયા કરો ને દાન કરો. બધું અજ્ઞાન અને મિથ્યાત્વનું પોષણ છે.

શ્રોતા :- ... મિથ્યાત્વનું પોષણ હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મિથ્યાત્વના બાપ એટલે ગૃહીત મિથ્યાત્વ, એમ. આકરું કામ. ભાઈ! ધર્મની દ્રષ્ટિમાં... જુઓ! તો ખરા આ વસ્તુ. એક સમયનો ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ જ આદરણીય, એ સિવાય બધાનો ત્યાગ દ્રષ્ટિમાંથી થઈ ગયો. આહાહા..! આ ત્યાગની તો ખબર ન મળે. દ્રષ્ટિમાંથી પરદ્રવ્યનો તો અભાવ–ત્યાગ છે, અંદર દયા, દાનના વિકલ્પ ઊઠે એનો પણ ત્યાગ અને એક સમયની અવસ્થા તેનો ત્યાગ નામ તેની ઉપેક્ષા. એક ત્રિકાળી ભગવાન ધ્રુવસ્વરૂપ તેની અપેક્ષા, તેનું અંગીકાર કરવું. આવો આત્મા તેને અંગીકાર દ્રષ્ટિમાં કરે ત્યારે તેને સમ્યગ્દર્શનનો પહેલો ધર્મ થાય. શોભાલાલજી! આહાહા..! ભારે કામ.

આત્મા ખરેખર ઉપાદેય છે, એમ આવ્યું છેને? અને ચાર ભાવોથી તો અગોચર આત્મા છે. આહાહા..! ભગવાન ધ્રુવબિંબ ચિદ્ઘન, ધ્રુવ નિત્ય વસ્તુ એની વર્તમાન પર્યાય જે ક્ષાયિક હોય કે રાગ, વિકલ્પ, દયા, દાન, હોય, એનાથી તે જાણી શકાય નહિ એટલે કે તેને આશ્રયે જાણી શકાય નહિ. સમજાણું કાંઈ?

તો કહે છે કે એવો આત્મા ઉપાદેય છે કે જે 'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર...' છે. એવો કારણપરમાત્મા જેમાં અંનતી મુક્તદશા, સિદ્ધદશા રહેલી છે એવું કારણતત્ત્વ અથવા કારણજીવ. લ્યો, કારણજીવ. ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય પૂર્ણ સહજાનંદમૂર્તિ તેને ભગવાન કારણજીવ કહે છે, એને કારણઆત્મા કહે છે, એને કારણપરમાત્મા કહે છે અને એને ખરેખર આત્મા કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો આત્માની અંતર દ્રષ્ટિ મૂકીને એમાં એકાકાર થવાલાયક છે. અંગીકાર કરવાલાયકનો અર્થ આ. આહાહા..! ભારે કામ ભાઈ! હવે વ્યવહારના દયા, દાન ને વ્રત ને તપ એ વિકલ્પ તો ક્યાંય રહી ગયા. એ તો બંધના કારણ અધર્મરૂપ છે. પોપટભાઈ! ભારે વાત ભાઈ! આ તો એનામાં અંતર દ્રવ્યસ્વભાવ વસ્તુ, જેમાં મહા અનંત અનંત શાંતિ અને આનંદની ખાણ એકરૂપ વસ્તુ એને અંગીકાર કરતાં બધી ચીજો દ્રષ્ટિમાંથી ઉપેક્ષિત વર્તે છે. એવી દ્રષ્ટિ સમ્યક્ તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..!

એ આત્મા કેવો છે? ત્યાં સમુચ્ચય વાત કરી હતી કે ખરેખર આત્માને આત્મા ઉપાદેય છે. પણ હવે કેવો એ? કે દ્રવ્યકર્મ જેમાં નથી. આઠ કર્મનો જેમાં અભાવ છે. ભગવાન આત્મા વસ્તુ જે ધ્રુવ ચૈતન્યકંદ, આનંદકંદ, સહજાનંદનો સાગર એવો જે પ્રભુ છે એમાં આઠ જડકર્મ નથી. એ જડકર્મથી રહિત છે.

શ્રોતા :- કે દિ'?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે. કે દિ' શું? અત્યારે. અત્યારે સમજો છો? અભી. આહાહા..!

ભગવાન ચૈતન્ય સહજાનંદ મૂર્તિ, પ્રત્યેકનો આત્મા આવો જે ધ્રુવ, નિત્યાનંદ સહજ સુખથી બનેલો ભગવાન એવો જે આત્મા, એ જડકર્મથી રહિત છે. એક વાત. 'ભાવકર્મ,...' એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો જે વિકારભાવ છે, એ તો વિકાર છે. શુભભાવ–ભાવકર્મ વિકાર છે, એનાથી પણ એ વસ્તુ ભિન્ન-જુદી છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ભાવકર્મ, અને નોકર્મ...' એ ત્રણેને ઉપાધિ કીધી. ભાષા જુઓ. દ્રવ્યકર્મ જડ એ ઉપાધિ, પુણ્ય-પાપના ભાવો શુભ-અશુભ રાગ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ પરિણામ એ પણ ઉપાધિ, એથી ભગવાન આત્મા અંદર ભિન્ન-જુદો છે. આહાહા..! પ્રાણભાઈ!

અને 'નોકર્મ,...' આ શરીર આદિ એની ઉપાધિથી.. 'ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે,...' આહાહા..! શું કહે છે? એમાં પુણ્ય-પાપના વિકલ્પો એ તો વિભાવ, દ્રવ્યકર્મ વિભાવ બધું, પણ એનાથી ઉત્પન્ન થયેલો કર્મના અભાવરૂપ ક્ષાયિક આદિ, પુણ્ય આદિ ભાવ, ક્ષાયિક આદિ ભાવ એ બધા વિભાવગુણપર્યાયો વિનાનો આત્મા છે.

શ્રોતા :- ક્ષાયિકભાવને વિભાવ કીધો?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વિભાવભાવ છે. બધી વાત લીધી.

શ્રોતા :- એનાથી વિરુદ્ધનો ભાવ છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. આહાહા..! સમજાય છે કાંઈ?

પરમસ્વભાવભાવ ભગવાન ધ્રુવ ચૈતન્ય મહા અનંત અનંત જ્ઞાન આનંદની ખાણ એવું નિધાન, એ ચીજ એવી છે કે જેમાં ઉદય, ઉપશમ આદિ બધા વિભાવભાવ કહેવામાં આવે છે. વિભાવભાવ–વિશેષભાવ–વિકૃતભાવ અથવા એક સમયનો વિભાવભાવ એના વિનાનો આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'ઉપાધિથી જનિત...' એ કર્મના નિમિત્તથી અને નિમિત્તના અભાવભાવ, એ બધી ઉપાધિ છે, એમ કહ્યું. સમજાણું કાંઈ? એ પરમાત્મા ચૈતન્ય ભગવાન કારણપ્રભુ અંદર બિરાજે છે, જેમાંથી કાર્યપરમાત્માની દશા પ્રગટે એવો કારણપ્રભુ, કારણપરમાત્મા... પોતે હોં! પાછો એનો–આત્માનો કારણ બીજો કોઈ વીતરાગ પરમેશ્વર કે કોઈ ઈશ્વર છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એને પરથી તો કાંઈ લેવાનું નથી, પણ એની પર્યાયમાંથી એને લેવાનું નથી એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચિદાનંદપ્રભુ ધ્રુવ ચૈતન્યદ્રવ્ય એને પરથી તો કાંઈ લેવાનું નથી, પરમાંથી કાંઈ મળે એવું નથી કેમકે પરનો એમાં અભાવ છે. પણ એક સમયની પર્યાયમાંથી કાંઈ લેવાનું નથી કારણ કે વસ્તુમાં એનો અભાવ છે. આહાહા..! જ્યાં મીટ માંડવાની છે વસ્તુ ઉપર, એ વસ્તુમાં તો, કહે છે કે એ વર્તમાનની પર્યાયનો પણ અભાવ છે. એવો આત્મા.. છેને? 'વિભાવગુણપર્યાય વિનાનો છે,...' ગુણ એટલે પર્યાય ને બધા વિભાવગુણપર્યાય લેવા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ એ બધા વિભાવગુણપર્યાયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! વાત આકરી પડે. ભગવાનજીભાઈ!

શ્રોતા – ઘણું સૂક્ષ્મ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સૂક્ષ્મ આવે છે. હવે અહીં તો આવું આ તત્ત્વ ન સમજે તો અવતાર એળે જશે. એની રીત પણ ખ્યાલમાં ન આવે અને એ ચીજ શું છે કે જ્યાં દ્રષ્ટિ મૂકવા જેવી છે અને જેમાંથી દ્રષ્ટિ ઉપાડવા જેવી છે? આહાહા..!

અહીં તો કહે છે, એના વિનાનો છે એટલે શું? કે પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉપર દ્રષ્ટિ મૂકી છે પણ એ તું નહિ, એ તારામાં નહિ, એના વિનાની ચીજ છે એ. આહાહા..! અહીં તો હજી કરતાં કરતાં ધર્મ થાશે. દયા પાળીએ ને વ્રત કરીએ ને તપ કરીએ વિકલ્પ.

શ્રોતા :- એ વ્યવહાર સાધન તો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય સાધન નથી. સમજાણું કાંઈ? આકરી વાત છે બાપુ! વીતરાગમાર્ગની. દુનિયાને સાધરણ બુદ્ધિવાળાને બિચારાને કાંઈ મળ્યું નહિ અને સાધારણ વાતું કરે એટલે ઠીક લાગે.

શ્રોતા :- એને જોઈતું હોય એવું મળે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એને રુચિ હોય એવી વાત મળે. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, આ કરો, આ કરો. હવે એ તો બિચારો મૂઢ તો છે, ભાન તો કાંઈ નથી. એને એ કરો... કરો... કહે તો એ કરાવવામાં મિથ્યાત્વનું પોષણ થાય છે એની એને ખબર નથી. આહાહા..! ભારે કામ ભાઈ આ તો.

એય..! ભીખાભાઈ! પર્યુષણમાં તો ધમાલ ચાલતી હોય. એય.. કેટલા અપવાસ કર્યા? કોણે આટલા કર્યા? કોણે પોષા કર્યા? કોણે આ કર્યું?

શ્રોતા :- કોણે કેટલા કર્યા?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, કેટલા કર્યા. આંકડા ફરે આઠ, પચાસ, સો. આઠ થયા અને પંદરના દશ થયા, મહિનાના પાંચ થયા, ફલાણા આટલા. અરે..! ધૂળેય નથી સાંભળને. એમાં તો મહા... કેમકે પોતે મહા ચૈતન્ય છે જેમાં દ્રષ્ટિ દેવી છે, એમાં તું વિકલ્પ ઉઠાવ એ એમાં નથી. આહાહા..! એમાં છે એ આમાં નથી અને આમાં છે તે એમાં નથી. આહાહા..! એય..! નેમિદાસભાઈ! શું હવે એ પોષા કરે ને પડિક્કમણા કરે શું કરવું? બાપુ! એ માર્ગની પ્રણાલિકાની રીત આખી જુદી છે. દુનિયાને સાંભળવા મળે નહિ, એ સમજે કે દિ' અને રુચિ કરે અને મળે કે દિ' અંતરમાં? સમજાણું કાંઈ?

કહે છે, કેટલો ત્યાગ દ્રષ્ટિમાં આવે છે અને કેટલો ગ્રહણ મહાપ્રભુનો આવે છે એની એને ખબર નથી. આહાહા..! મહાપ્રભુ અતીન્દ્રિય ચૈતન્યકંદ એ દ્રષ્ટિમાં અંગીકાર આવે છે અને રાગ ને નિમિત્તની એક સમયની પર્યાયનો દ્રષ્ટિમાં ત્યાગ વર્તે છે, આ ત્યાગની દ્રષ્ટિની કિંમત નથી અને આ (બહારનો) ત્યાગ કર્યો ને આ છોડીને બેઠા અને આ કર્યા. ત્યાં તો ધર્મનો ત્યાગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ અધિકાર નિયમસાર મોક્ષમાર્ગ છેને? તો કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય એ પર્યાય છે. એ દ્રવ્યના લક્ષે કરીને પ્રગટ થાય છે. એ પર્યાય કાંઈ રાગ ને નિમિત્ત ને પર્યાયના લક્ષે પ્રગટ થતી નથી. દેવીલાલજી! આહાહા..! દુનિયા સાથે તો કાંઈ મેળ ખાય એવો નથી. પ્રાણભાઈ! પ્રાણભાઈએ અપવાસ કર્યા હતા આઠ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભગવાન! તારી મોટપની વાત છે. રાગથી લાભ થાય (એમાં) તને કલંક લાગે છે. આહાહા..! સમજાણું? એ જન્મકલંક, પણ આ તો બાહ્યનો ત્યાગ કર્યો ને આ છોડ્યું, આ છોડ્યું એવો ભાવ છે એ મિથ્યાત્વભાવ તે કલંક છે તને. સમજાય છે? જે એમાં નથી, એને કહે કે મેં આનો ત્યાગ કર્યો, મેં આનો ત્યાગ કર્યો. પણ ક્યાં હતું એમાં? સમજાણું કાંઈ? વાત એવી છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ જે આ આત્મા અંદર છે એ જોયો અને પ્રગટ કર્યો પ્રભુએ. એ પ્રગટ કરવાની રીત—પ્રભુએ આ રીતે કર્યો એ રીત—કહે છે. એ વિભાવ, મોહ, પર્યાય વિનાનો છે. ત્યારે છે શું હવે? એ તો નકારથી આવ્યું.

એ 'અનાદિ-અનંત...' ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે. જેની શરૂઆત નથી, જેની આદિ નથી, જેનો અંત નથી. એવો 'અનાદિ-અનંત અમૂર્ત...' અમૂર્તિક છે. 'અતીન્દ્રિય સ્વભાવવાળો...' આહાહા..! એ અતીન્દ્રિય સ્વભાવસ્વરૂપ જ એ છે. ૯૨માં આવ્યું હતું આપણે, અતીન્દ્રિય મહા પદાર્થ. આહાહા..! બહારની વાતની લોકોને મીઠાશ એવી આવે. ચરણાનુયોગની વાત ચાલતી હોય કે આ કરવું... આ કરવું... આ કરવું. એ કરવાની વાત જ્યાં આવે કર્તૃત્વબુદ્ધિની ત્યાં એને ઠીક લાગે. પણ એ કર્તૃત્વબુદ્ધિમાં તો આખી વાત કરું... કરું(ની હોય). પણ ઠરું... ઠરું... આત્મામાં. નવનીતભાઈ!

ભગવાન ચૈતન્યતત્ત્વ મહા, એ અનાદિ-અનંત છે, અમૂર્ત છે. અતીન્દ્રિય સ્વભાવવાળું સ્વરૂપ છે. અતીન્દ્રિયસ્વભાવસ્વરૂપ છે. અતીન્દ્રિય સ્વભાવવાળો એટલે અતીન્દ્રિયસ્વરૂપ જ છે એ. એ ઇન્દ્રિયથી જણાય એવો નથી અને ઇન્દ્રિયો એમાં છે નહિ. જડ ઇન્દ્રિયો એમાં નથી, તેમ ખંડ ઇન્દ્રિય એ વસ્તુમાં છે નહિ. માટે તે અતીન્દ્રિય સ્વભાવવાળો છે. અતીન્દ્રિય સ્વભાવવાળું એનું અસ્તિત્વ–સત્તાનું હોવાપણું. અતીન્દ્રિય સ્વભાવવાળો છે.

'શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...' આહાહા..! કેટલા વિશેષણો આપ્યા જુઓ! કેવો છે ભગવાન આત્મા? શુદ્ધ.. એક તો મહા શુદ્ધ પવિત્ર છે. તે સહજ સ્વભાવિક વસ્તુ છે. સમજાય છે કાંઈ? પર્યાય તો નવી થાય છે અને જૂની પર્યાય જાય છે. આ એવો નથી. આ તો સહજ પરમ પારિણામિકભાવ જેનો સ્વભાવ છે. પરમસ્વભાવભાવ પારિણામિકભાવ. પારિણામિકભાવ એટલે? જેને કોઈ પરની અપેક્ષા પર્યાયમાં આવે એવી અપેક્ષા એમાં નથી. એવો પરમસ્વભાવભાવ ભગવાન આત્મા... આહાહા..! સમજાણું કાંઈ? આ ભાષા પણ સમજવી કઠણ પડે. એય..! જેઠાભાઈ! અરે..! આવો હશે? આવો શું પણ આ કહે છે? અરે..! તને ખબર નથી. સાંભળ્યો નથી. ભાઈ! પરમપારિણામિક. પારિણામિક એટલે? સહજસ્વભાવ. જેને કોઈ નિમિત્તના સદ્ભાવ કે નિમિત્તનો અભાવ એવી કોઈ અપેક્ષા જ નથી. આહાહા..! કોઈ અપેક્ષા જ નથી. એવો પરમપારિણામિકભાવ. પર્યાયને પણ પારિણામિકભાવ કહેવામાં આવે. ઉદયભાવને પારિણામિકભાવની પર્યાય કહેવાય. તેમ ચારેય ભાવને પારિણામિકભાવની પર્યાય કહેવાય, પણ એ તો પારિણામિકભાવની પર્યાય એ પરમ પારિણામિકભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એથી પરમ પારિણામિક શબ્દ વાપર્યો છે. લ્યો. પરમ પારિણામિકભાવ સહજાત્મસ્વરૂપ ધ્રુવ અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળું સહજ શુદ્ધ પારિણામિકભાવ જેનો એટલે આત્માનો સ્વભાવ છે.

'એવો કારણ પરમાત્મા...' એવું એનું જે નિત્ય સ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, કારણપ્રભુ, કારણજીવ એકરૂપ સત્વ જીવનું જે છે, 'એવા કારણ પરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.' જુઓ ભાષા જુઓ! પર્યાય એ આત્મા (નહિ), આવો આત્મા તે ખરેખર આત્મા. પર્યાય તે વ્યવહાર આત્મા, તે ખરેખર આત્મા નથી. ભારે. શોભાલાલજી! આવું તો કો'ક વખતે અહીંયા આવે હોં! આ તો આજ ફેરે.

શ્રોતા :- આ પહેલી વાર આવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પહેલીવાર. આ બધા આ ફેરી સાંભળે તો ખરા. પ્રવચનસાર પૂરું થઈ ગયું. નયનો અધિકાર બાકી છે પણ એ કાંઈ સમજે નહિ અત્યારે. એ અમુક જાતનો... આ તો સમજાય એવી શૈલી અને સાદી છે આ. વસ્તુ ભલે ઊંચી, પણ એમાં ભાવ સમજવાને સાદાપણું છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ આત્મા કેવો છે? કે ભગવાન અનાદિઅનંત અમૂર્ત, અતીન્દ્રિય સ્વભાવવાળો પોતાનો નિજ આત્મા, નિજ હોં! જે શ્રદ્ધા કરવાને લાયક જે આત્મા, શ્રદ્ધા કરવાને લાયક આત્મા આવો છે. કેવો? કે સહજ શુદ્ધ પારિણામિક સહજભાવરૂપ એવો કારણપરમાત્મા તેને ખરેખર યથાર્થપણે– વાસ્તવિકપણે

તેને નિશ્ચય આત્મા કહેવામાં આવે છે. આહાહા..! આત્માના બે ભાગ—એક નિશ્ચય આત્મા અને એક વ્યવહાર આત્મા. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આને ખરેખર આત્મા (કહે) છે. એ પરમાત્મા પોતે કારણપ્રભુ એ જ સાચો આત્મા–વાસ્તવિક આત્મા–નિશ્ચય આત્મા છે. એક સમયની પર્યાય એની નિર્મળ, એ પણ વ્યવહાર આત્મા છે. **'ववहारोऽभूदत्थो'** એની આ વ્યાખ્યા છે બધી. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..! એનું ખુશીપણું તો, વસ્તુ ત્રિકાળ છે એમાં દ્રષ્ટિ જતાં આનંદ આવે ત્યાં ખુશીપણું છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આમાં પૈસાવાળાથી ધર્મ થાય એ કેટલું આમાં ક્યાં આવતું હશે?

શ્રોતા :- પણ જીવ પૈસાવાળો.. અહીં તો પર્યાય પણ નથી પછી પૈસાવાળો કયાં?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભઈ કેટલાક એમ કહે છે કે પૈસાવાળા હોય તો ધર્મની શોભા થાય, ધર્મની પ્રભાવના થાય. લ્યો, આ પૈસાવાળા વિના થાય?

શ્રોતા :- ધર્મની પ્રભાવના આત્માના આશ્રયે થાય કે પૈસાના આશ્રયે થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એય..! આ બધા પૈસા કેટલા ખર્ચે? એ પૈસાવાળા ખર્ચે. ગરીબ માણસ ખર્ચી શકે? ચાર લાખનું તમારે પરમાગમ (મંદિર) બનાવવું છે. ક્યાં ગયા? આ રહ્યા. એ ત્રણ લાખનું હતું, હવે ચાર લાખ આવ્યું છે. હવે થતાં થતાં શું આવે છે? જો પૈસાવાળા હોય તો પૈસાથી આ થાય અને તો ધર્મની શોભા થાય—એમ નહિ? અહીં તો કહે છે કે પૈસાવાળો આત્મા છે નહિને. પૈસા એના છે જ નહિને. એનાથી ધર્મની પ્રભાવના થાય એવું વસ્તુમાં છે નહિ. પૈસાવાળો હું નથી અને પૈસામાં રાગ મંદ કરીને જે કાંઈ પુણ્ય થાય એ પણ હું નથી. અરે..! એ પુણ્યના પરિણામને જાણવાનો તે ક્ષણે જ્ઞાનનો પર્યાય થાય તે મારામાં નથી. આહાહા..! ભગવાન! આહાહા..! કામ એવું છે. પોપટભાઈ! આ પોપટભાઈને કરાવવું છેને કાનાતળાવ? જુઓ! ત્રીજે જાશે. એય..! મણિભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? રમણીકભાઈ ત્યાંથી આવશે, ઊડીને આવશે. નામ ન આવડે. શું કહેવાય આ? પ્લેન. ઊડીને આવશે એટલું બોલ્યા. નામ આવડતું નથી. આહાહા..! ભગવાન! તારું ઘર કેવડું મોટું છે! અને એ ઘરમાં કેટલો માલ ભરેલો છે! અને એ અંગીકાર કરીને દ્રષ્ટિમાં એ લેવા જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ મૂળ વાત છે વીતરાગમાર્ગની અથવા આત્માના માર્ગની. આ સિવાય બીજી વાતું કરે એ બધી થોથાં. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે... ભાષા પાછી કેવી! કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે હોં! પંડિતજી! એ ભાષા સમજો છો? એ ત્રિકાળી ધ્રુવ વસ્તુ...

શ્રોતા :-- .. પર્યાય પણ મારી નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાય નહિ. કારણ કે એક સમયની પર્યાય તો અંશ રહ્યો. એ તો વ્યવહારમાં ગયો, વ્યવહાર આત્મા થયો. નિશ્ચય આત્મા તો આખી વસ્તુ તે નિશ્ચય આત્મા, તે સમ્યગ્દર્શનનો વિષય છે. તે સમ્યગ્દર્શન તેને અંગીકાર કરે છે. આહાહા..! સ્વરૂપચંદભાઈ! છે ઊંચું, પણ સમજાય એવું છે. સમજાય એવું છેને? જૂના માણસ છે. આહાહા..!

ભાઈ! તારો આત્મા તને ખરો કોને કહેવો? ખરો તું કોણ? સાચો કોણ? વાસ્તવિક કોણ? યથાર્થ કોણ? કે કર્મ-ફર્મ તો નહિ, દયા, દાન, વિકલ્પ અને પુણ્ય, પાપમાં તું નહિ, પણ એક સમયની પર્યાય... અહીં તો ખ્યાલ એ આવ્યો કે ઓલો રાગ થાયને એ રાગ નહિ અને રાગનું નિમિત્ત સામે લક્ષ્મી આદિ એ તો નહિ, પણ અહીંયા રાગનું જ્ઞાન થાયને એક સમયની પર્યાયમાં (કે જેને) વ્યવહારે જાણેલો પ્રયોજનવાન (કહ્યો એ પણ તું નહિ). આહાહા..! એક સમયની રાગને જાણવાની પર્યાય એ તું સાચો આત્મા નહિ. આહાહા..! પન્નાલાલજી! ગુનામાં આ બધું આકરું પડે માણસને. એકાંત છે રે એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! કાંઈક આનાથી લાભ થાય. દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં, તપ કરતા કરતા કલ્યાણ થાય. આવી વાત હોય તો અનેકાંત કહેવાય. અહીં કહે કે એવા તારા કંઈક તપ ને વ્રત ને અજ્ઞાનરૂપી પાડો ગળી ગયો. સાંભળ! સમજાય છે કાંઈ? શ્રીમદ્દે કહ્યું છેને ભાઈ? તારો અજ્ઞાનરૂપી પાડો ત્યાં ગળી ગયો. અજ્ઞાનરૂપી પાડો. સમજ્યાને? પાડો સમજો છો? ભેંસા. અજ્ઞાનરૂપી ભેંસો તારા વ્રત, તપના પૂળા કાંઈક ગળી ગયો. ફોતરા છે તારા, સાંભળને! તને તારી ખબર ન મળે અને તું ધર્મ કરવા બેઠો. ક્યાંથી ધર્મ થાશે?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઠીક કહે છે એ. એમ કે એ લોકો એમ કહે છે, એમ ભાઈ કહે છે. એમ કે તમારાથી વ્રત, તપની ક્રિયા થતી નથી ને એટલે તમે એનો નિષેધ કરો છો. પણ સાંભળને હવે, તારા વ્રત, તપ કોને કહેવા? સાંભળને! હવે થોડી દયા પાળવાનો ભાવ થયો કે અહિંસા (ભાવ થયો) એ તો રાગ છે, પુણ્ય છે અને મેં આની દયા પાળી એ તો મિથ્યાત્વભાવ છે, એમાં મહાખુન આત્માનું છે. એ કહે છે. ભાઈ કહે છે. કરી તો જુઓ. પાળી તો જુઓ એકવાર. નગ્નપણું લ્યો, વ્રત, અહિંસા, પંચમહાવ્રત લ્યો. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! હવે તારા મહાવ્રતના પરિણામ તો અનંત વાર લીધા અજ્ઞાનભાવે. સમજાય છે? નવમી ગ્રૈવેયક ગયો ત્યાં એમાં કાંઈ તારું સર્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મહિના-મહિનાના, બબ્બે મહિનાના અપવાસ, અપવાસ, છ-છ મહિનાના અપવાસ, બે-બે મહિનાના સંથારા. સંથારા એટલે આમ ઝાડની ડાળ ન હલે, પણ એનું લક્ષ ત્યાં છે કે આ ક્રિયા કરું છું અને આ રાગ મારો અને આ રાગને હું કરું છું અને આ રાગ મેં છોડ્યો છે, એ દ્રષ્ટિ ત્યાં છે એ મિથ્યાદ્રષ્ટિ આત્માના શાંતિને ખૂન કરનારી છે. સમજાણું કાંઈ? ભારે કામ!

અહીંયા સમ્યગ્દ્રષ્ટિ એને કહીએ કે જેને એક સમયનો પર્યાય પણ અભૂતાર્થપણે, વ્યવહારપણે લક્ષમાં આવે છે. આહાહા..! કેવી શૈલીથી વાત કરી છે! મૂળ તો (સમયસાર) ૧૧મી ગાથાની શૈલીએ વાત છે. **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ' 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** વ્યવહાર તે અભૂતાર્થ છે. એક સમયની પર્યાય અનિત્ય અને ક્ષણિક છે (એથી) એ આશ્રય કરવાલાયક નથી. કેમકે એનાથી નવી શાંતિની પર્યાય આવતી નથી. માટે તેને વ્યવહાર આત્મા કહી, અભૂતાર્થ કહી એ ખોટો આત્મા (કહ્યો), સાચો નહિ. ભારે ભાઈ! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! સમજાય છે કાંઈ? આવી ટીકા ન સમજાયને પછી ... છે એમ કરીને જેવા અર્થ એમાં ભરવા જોઈએ એ ભર્યા નથી, ટીકામાં

તો ગૂંચવણ કરી નાખી એમ કહે છે. આ ટીકા વાંચીને. પદ્મપ્રભમલધારિદેવે તો સમુકી ટીકામાં ઘણી ગૂંચવણ કરી નાખી, ક્લેશ કરી નાખ્યો.

શ્રોતા :- ગાથા તો સહેલી હતી, પણ ટીકાકારે ક્લિષ્ટ કરી નાખી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્લિષ્ટ કરી નાખી એમ કહે છે. અરે..! ગાથામાંથી સરળપણે એનું સ્પષ્ટ કરી નાખ્યું છે. સાંભળને. આહાહા..!

શ્રોતા :- બધો નિચોડ કાઢીને રજુ કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમ કહે છે. ચાર ભાવને અગમ્ય (કહીને) ક્લિષ્ટ કરી નાખી ટીકા. જુગલકિશોર અને આ રતનચંદજી ને એ બધા એમ કહેનારા. આહાહા..! એ મુખત્યાર છેને ?

કહે છે, ભાઈ! આ તો સ્પષ્ટ કર્યું છે. પાઠ પણ છે કે નહિ અહીંયા ? પાઠ શું છે ? **'जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा'** એ પાઠ છે એનું તો આ સ્પષ્ટીકરણ ચાલે છે આ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ શું કીધું ? પણ એનો અર્થ જ એ થયો. એ દ્રવ્ય જ પરદ્રવ્ય છે. આહાહા..! **'जीवादिबहित्तच्चं'** બાહ્ય તત્ત્વ, બાહ્ય ભાવ, બાહ્ય દ્રવ્ય, પરદ્રવ્ય—એ બધું એક જ છે. સમજાણું કાંઈ ? આહાહા..! આ તો પરમાત્મા ભગવાનના ભેટાની વાતું છે. એવું ધ્રુવ તત્ત્વ એનું માહાત્મ્ય ન આવે અને એને ક્યાંય પણ વિકલ્પ ને નિમિત્ત ને પર્યાયનું માહાત્મ્ય આવે તો એનું મિથ્યાત્વ જશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ?

એણે તો હળવું કર્યું. ઓલામાં હેય કીધું છે. તો આમાં ખરેખર ઉપાદેય નથી એમ શબ્દ વાપર્યો છે. એમ. પહેલો શબ્દ મૂક્યો કે **'हेयोपादेयतत्त्वस्वरूपाख्यानमेतत्'** પછી **'जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्'** આહાહા..! સમજાય છે કાંઈ ? એને પોતાને સમજતા ન આવડે એટલે ટીકાકારના વાંક કાઢે. ભાઈ!

શ્રોતા :- વિદ્વાનને ન આવડે એવું બને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હવે વિદ્વાન કહેવા કોને ? એ તો આવી ગયું હતું, નહિ ? વિદ્વાન નિશ્ચય ત્યજીને વ્યવહારમાં વર્તે, પણ મુક્તિ તો નિશ્ચયને આશ્રયે છે. પુણ્ય-પાપમાં આવી ગયુંને. વિદ્વાનો ભણી ભણીને વ્યવહાર કાઢે અને વ્યવહારથી કલ્યાણ થાય એમ માને અને વ્યવહારમાં વર્તે એને તો મૂઢ મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. આવું કાઢ્યું તેં શાસ્ત્ર વાંચીને ? ઝેર કાઢ્યું. પુણ્ય-પાપમાં છેને ? વિદ્વતજનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે. નિત્યા... આહાહા..!

જયસેનાચાર્યે તો એ કહ્યું, વિદ્વાન હોય તે વ્યવહારમાં પ્રવર્તે નહિ. એમ અર્થ કર્યો છે. આહાહા..! બે અર્થ છે. વિદ્વાન—જેને વાસ્તવિક તત્ત્વ અને પર્યાયનું જ્ઞાન છે, એ વ્યવહારમાં વર્તે નહિ, એ નિશ્ચય જ્ઞાનાનંદ સ્વરૂપમાં વર્તે. એને નિશ્ચયનો જાણનાર વિદ્વાન કહેવામાં આવે છે. બાકી બધા મૂર્ખા કહેવામાં

આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? હજારો માણસને સમજાવતા આવડ્યું, આ કહેતા આવડ્યું. પણ તત્ત્વ અંદર વસ્તુ છે ધ્રુવ એનો આશ્રય કરવો તે શરણ છે, પર્યાયનો આશ્રય કરવા જેવો નથી—એવું શીખ્યો નથી તો એ વિદ્વાન નથી, પણ મોટો મૂરખ છે. બીજું છે લ્યોને એમ લ્યો.

અમારે ભાઈ બોલતા લાલન કે આ ન થાય તો? પોતે પાપ એમ ન બોલે. તો લોકો કહે, પાપ. હા એ. લાલન પંડિત હતાને શ્વેતાંબર. ૯૦ વર્ષની ઉંમર. અને જરી ટીખળી પણ હતા, જામનગરના. ભાષણ આપે પછી કહે, જુઓ, ભાઈ! આનું નામ ધર્મ અને આનું નામ પુણ્ય એ સિવાય બીજું તે? ઓલો કહે, બીજા કહે પાપ. હા ઇ. પાપ ન બોલે પોતે.

શ્રોતા :- નામ ન લે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નામ ન લે એવા હતા એ. એ બધા એવા હતા. અમેરિકામાં ૨૦-૨૦ હજાર માણસમાં ભાષણ આપે. ૨૦-૨૦ હજારમાં મોટા ભાષણ (આપે) તો લોકો આમ... સમજ્યાને? પાંચ-પાંચ, સાત-સાત રૂપિયા આપીને એનું વ્યાખ્યાન રાખે. મોટો પંડાળ હોય લાખ-લાખનો. રૂપિયા ઘણાં ઊપજે. એમાં દાળિયા શું થયા? તારું તત્ત્વ કોણ છે અને કોને શરણે જાવું અને કોનાથી ખસવું—એની ખબર વિના તારી ખબર ક્યાંની સાચી થઈ? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે 'કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.' ભારે વાત! ચિદાનંદ ધ્રુવ વસ્તુ જે છે એ પોતાનો કારણપ્રભુ આત્મા છે અને તે જ ખરેખર તેને જ આત્મા સાચો કહેવામાં આવે છે. આત્મામાં પણ સાચો અને ખોટો.

શ્રોતા :- નય તો બે પ્રકારે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નય છેને. સમજાણું કાંઈ? આહાહા..!

હવે કહે છે... પહેલું તો પોતાની વાત કરી હતીને મુનિની? આ તો અતિ-આસન્ન ભવ્ય જીવોને... અતિ આસન્નભવ્ય જીવો (અર્થાત્) નજીકમાં જેનું–ભવ્યનું મોક્ષ થવાનું પાત્રપણું છે એવા 'અતિ-આસન્ન ભવ્યજીવોને...' જેને મોક્ષ અતિ આસન્ન નામ નિકટ વર્તે છે. આહાહા..! જેને અલ્પ કાળમાં નિકટપણે–નજીકપણે મોક્ષ વર્તે છે એવા 'અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.' સમજાય છે કાંઈ? આહાહા..! બહુ સરસ વાત! બહુ સરસ!

કેટલો ત્યાગ વર્ત્યો દ્રષ્ટિમાં એની તો ખબર ન મળે. સમજાય છે? એની કિંમત નહિ અને કિંમત આ બાહ્ય ત્યાગ કર્યો, આ છોડ્યું, આ મૂક્યું. જેમાં મિથ્યાત્વનું પોષણ છે. વિકલ્પનો કર્તા થાય અને બાહ્ય ત્યાગ મેં કર્યો એવું અભિમાન છે એને. એ તો મિથ્યાત્વ છે. એમાં આખો આત્માનો ત્યાગ વર્તે છે. પંડિતજી! બરાબર છે? આહાહા..!

કહે છે, અહો! આસન્ન–નજીક, અતિ નજીક છે જેને. આત્માનું ભવ્ય(પણું) પાકતા મોક્ષદશા—ભવ્યજીવનો પાક, કેવળજ્ઞાનાદિનો પાક—જેને અતિ નજીકમાં છે. એવા ભવ્ય જીવોને તો એક આ નિજપરમાત્મા (આદરણીય છે), પરપરમાત્મા પણ નહિ, અરિહંત સિદ્ધ પણ આદરણીય છે નહિ.

આહાહા..! પોતાની એક સમયની પર્યાય આદરણીય નથી, પછી પરમાત્મા તો ક્યાંય પરમાં રહી ગયા. આહાહા..! સમજાણું કાંઈ? સમવસરણ ને સમવસરણમાં બિરાજતા તીર્થંકર ને અનંત કેવળજ્ઞાની ને, કહે છે, એ કાંઈ આદરણીય નથી જીવને. સમ્યગ્દ્રષ્ટિ જીવને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થવાની તૈયારી છે. આહાહા..! સમજાણું કાંઈ? એને તો એક નિજ પરમાત્મા... પોતાનો કારણપરમાત્મા (શબ્દ) વાપર્યો, ખરો આત્મા (શબ્દ) વાપર્યો, સમજાય છે? અને એવો આત્મા આત્માને–તીક્ષ્ણ બુદ્ધિવાળાને તે ગ્રહણ કરવાયોગ્ય છે, એવા આત્માને ખરેખર ઉપાદેય (જે) આત્મા છે એ આ આત્મા. ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ જ ખરેખર આત્મા, કારણપરમાત્મા, કારણ જીવ છે. એ સિવાય... એ સિવાય બીજું કાંઈ એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આદરણીય નથી, એનાથી–નિમિત્તથી (થતો) ભક્તિનો રાગભાવ પણ આદરણીય નથી, પણ નિજ (શુદ્ધ)પર્યાય છે તે પણ આદરણીય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય...' સહજાનંદ નિત્ય પ્રભુ, એ સિવાય '(બીજું)...' એટલે કે નિમિત્ત, રાગ અને પર્યાય. '(બીજું) કાંઈ ઉપાદેય નથી.' બીજું કાંઈ અંગીકાર કરવા જેવું, આદરવા જેવું છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો એ જ કીધું છે ને. ત્યાં પણ એ જ કીધું છે. એની આ વાત છે. બીજી વાત ક્યાં છે? અહીં તો મોક્ષમાર્ગ છે. એટલે કારણ પરમાત્મા તેમાંથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એમ સિદ્ધ કરે છે. પર્યાયનું કહેવું છે. પણ એ પર્યાય દ્રવ્યમાંથી આવે છે માટે દ્રવ્યનું જ કારણપણું છે અને તે દ્રવ્યને જ આદરવા જેવું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ'

**(मालिनी)**

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ॥५४॥**

આહાહા..! 'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' જુઓ! સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, મોક્ષતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, અજીવતત્ત્વ—એમાં તો એક સાર, ત્રિકાળી દ્રવ્ય તે એક સાર છે. આહાહા..! સમજાણું કાંઈ? 'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' એટલે કે અજીવતત્ત્વ, સંવર-નિર્જરા-મોક્ષતત્ત્વ એ તત્ત્વ અને એક સમયની પર્યાય... સંવર-નિર્જરા-મોક્ષ થઈ ગયાને પર્યાય? એ તત્ત્વમાં પણ ત્રિકાળી તત્ત્વ તે એક સાર છે. બાકી એ સિવાય બધા અસાર છે એમ એનો અર્થ છે. આહાહા..! સાધારણ માણસને નવા સાંભળે એને એવું લાગે આ શું કહે છે ધર્મનું રૂપ આવું? આવો ધર્મ હોય? ફડાક-ફડાક

આમ થાતું હોય, આમ થાય. શાસ્ત્રના જાણપણાની વાતું કરે, વ્રત, તપની વાતું કરે, તો લોકોને એમ થાય કે આહા..! બહુ સારી ધર્મની વાત કરે છે. ધૂળેય ધર્મની વાત નથી, સાંભળને! તને ખબર નથી. શોભાલાલજી!

શ્રોતા :- વાત ક્યાં છે અને વાત ક્યાંની કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાંની વાત કરે. કાંઈ ખબર નથી. સમજાય છે? અંધો અંધ પલાય. આંધળો દેખાડનાર અને આંધળો તારનાર. 'અંધો અંધ પલાય' શબ્દ છે.

અહો..! 'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...' નવ તત્ત્વમાં એક કારણપરમાત્મા તે સાર તત્ત્વ છે. 'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...' વિકલ્પ, નિમિત્ત અને એક સમયની પર્યાય એ બધી નાશ થવાલાયક છે. આહાહા..! કેવી શૈલી મૂકે છે! 'જે સમસ્ત નાશ પામવા...' રાગ, પુણ્ય, દયા, દાન એ તો નાશ પામવાલાયક વિકૃતભાવ છે, પણ એક સમયની (શુદ્ધ) અવસ્થા પણ નાશ પામવાલાયક છે. વ્યય થવાને, સિદ્ધની અવસ્થા પણ વ્યય થવાને લાયક છે. ઉત્પાદ-વ્યયરૂપ છેને એ? વ્યય થવાને લાયક છેને? ધ્રુવ તો ત્રિકાળી છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો...' સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ.. ભાવ શબ્દે નાશ પામવાયોગ્ય પર્યાય, નાશ પામવાયોગ્ય રાગ. બદલવાયોગ્ય તારું નિમિત્ત આદિ એ તો પર રાખો, એનાથી તો દૂર છે. એક સમયની પર્યાયથી ધ્રુવ તે દૂર છે. એય..! સમજાય છે? ભગવાન ધ્રુવ તત્ત્વ જે અચળ, અવલંબવા જેવું તત્ત્વ છે એ પર્યાયથી દૂર છે. અસંખ્ય પ્રદેશમાં (હોવા) છતાં દૂર છે, દૂર છે. આહાહા..! આપણે આવી ગયુંને અલિંગગ્રહણમાં, નહિ? પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, દ્રવ્ય પર્યાયને છૂતી નહિ અને પર્યાય દ્રવ્યને છૂતી નહિં. આહાહા..! અલિંગગ્રહણમાં બધું આવ્યું હતું ઘણું. એક જણા કહેતા હતા બિચારા હોં! અલિંગગ્રહણ બહુ સરસ અધિકાર ચાલ્યો છે. બધા હતા ને તાકડે વળી એ આવી ગયું એમાં. એ લેવાનું નહોતું. એ લીધું.

અહો..! ભગવાન આત્મા જે કાંઈ બધા નાશ પામવાયોગ્ય ભાવ... આ શરીર, વાણી, મન એ તો એક કોર રહી ગયું હોં! અને દયા, દાનના વિકલ્પ વ્રત, તપના રાગ એ તો વિકલ્પ છે એ પણ નાશ પામવાયોગ્ય છે. એ આસ્રવતત્ત્વ, એ ભાવબંધ તત્ત્વ, અજીવતત્ત્વ છે. પણ અંદરમાં નાશ પામવાયોગ્ય સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય... આહાહા..! એ નાશ પામવાયોગ્ય છે, બદલવાયોગ્ય છે, એનાથી ભગવાન ધ્રુવ તત્ત્વ તો તે પર્યાયથી દૂર છે. આવું સાંભળ્યું જાય નહિ હોં!

શ્રોતા :- આ કાળે સાંભળ્યું જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ તો સંપ્રદાયની (વાત છે). એય..! કાનજીસ્વામીએ તો બધું આમ ઉડાડ્યું. ભાઈ! સાંભળને, તને ખબર નથી. વાડામાં ધર્મ ક્યાંય નથી. એ વાડા બાંધીને બેઠા એમાં ક્યાંય ધર્મ નથી. 'વાડા બાંધીને બેઠા રે પોતાનો પંથ કરવાને.' પોતાનો પંથ–વાડો રાખવા બેઠા છે બિચારા. તત્ત્વ શું છે એની ખબર નથી. સમજાય છે કાંઈ?

શ્રોતા :- સમજવા જેવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત તો આવી છે ભાઈ! પોતાની વાડાની રીત અને પરંપરાની રીત કેમ ટકી રહે એ માટે મથે છે.

શ્રોતા :- મોટા બોગદા પડી ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એક શૈલી જુઓને પદ્મમલધારીદેવની! એક તો એ કહ્યું કે સર્વ તત્ત્વમાં એક સાર છે, બીજું સાર નહિ. (બીજું),. સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ પર્યાયથી દૂર. ભગવાન આત્મા, એક સમયની અવસ્થા બદલે છે એનાથી દૂર તત્ત્વ છે. આહાહા..! સિદ્ધની પર્યાય એક સમયની બદલવાવાળી છે, ધ્રુવ છે એ એનાથી દૂર છે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા.

'જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...' એટલે? કે જેમાં કામ છે નહિ એમ એનો અર્થ. નષ્ટ કર્યો છે એમ ભાષા છે. જેમાં કામ-ભોગની વાસના નથી એટલે નષ્ટ કર્યો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જેણે દુર્વાર...' (એટલે) વારી શકાય નહિ એવો જે વિકલ્પ, ભોગની વાસનાનો ભાવ, કહે છે કે જેણે નષ્ટ કર્યો એટલે કે એમાં નથી, એમ. એની વ્યાખ્યા એવી છે. સમજાણું કાંઈ? નષ્ટ કર્યો છે એટલે નાશ કરે છે એમ પણ નહિ અને નષ્ટ કર્યો એમ પણ નહિ. નષ્ટ કર્યો છે એનો અર્થ કે એમાં નથી. એનો અભાવ વર્તે છે એનું નામ નષ્ટ કર્યો છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને 'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...' એટલે કે પાપ જેમાં નથી, એમ એનો અર્થ છે. ઓલું પુણ્ય કીધું, પુણ્યનું ફળ કામાદિ ઇચ્છા. અહીં 'પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો...' એ પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય પાપ છે. ઘણે ઠેકાણે આવે છે નહિ? અઘ.. અઘ. અઘ અને સુખ અને દુઃખ બધું પાપ છે. શુભ અને અશુભભાવ બેય પાપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! દયા, દાન ને વ્રતનો વિકલ્પ છે એ પાપ છે, રાગ જે પુણ્ય છે એ પાપ છે. શોભાલાલજી! સંસારમાં રખડાવે એ ભાવને પુણ્ય કેમ કહેવાય? એને સુશીલ કેમ કહેવાય? એ તો કુશીલ છે. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! બહુ માલ છે. ..લાલજી ગયા? ગયા હશે.

શું કીધું છે? કે પુણ્ય-પાપરૂપી આમ ઝાડ છેને? એને તો ઊગવા દેતું નથી. મૂળ તો એમ કહે છે (કે) એમાં છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ ધ્રુવ, એ પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે એટલે પાપ વૃક્ષની ઉત્પત્તિ જેમાં છે નહિ. અથવા એ પારિણામિકભાવનો આશ્રય કરવાથી પાપ અને પુણ્યનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'તે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...' એ તો શુદ્ધ જ્ઞાનનો જન્મ લીધો છે એણે–આત્માએ. એકલું શુદ્ધ જ્ઞાન જ અવતર્યું છે. છે ત્રિકાળી, એમ. પર્યાયની વાત નથી હોં આ. શુદ્ધ જ્ઞાનનો જેનો જન્મ છે એટલે

'છે'. શુદ્ધ જ્ઞાનનો જ જેનો અવતાર છે. એકલું શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એ જ્ઞાનનું જ એનું રૂપ છે, એ જ એનો અવતાર છે. સમજાણું કાંઈ? ઓલા મૂંઝાય કે આવા અર્થ કર્યા? ચાર ભાવ અગોચર છે, અગમ્ય છે. માણસ કહે, આવો (અર્થ)? પણ સાંભળને! કઈ અપેક્ષાએ કહે છે એ સમજ તો ખરો! ચાર ભાવ એનામાં નથી, એથી તેના આશ્રયે જ્ઞાન થતું નથી એમ કહે છે.

શુદ્ધ જ્ઞાનનો અવતાર છે... ભગવાન આત્મા વસ્તુ, એક સમયની પર્યાય સિવાયનો શુદ્ધ જ્ઞાનનો અવતાર છે. કેવળજ્ઞાનની અહીં વાત નથી. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે, એ પર્યાય ધ્રુવમાં નથી. એવો શુદ્ધ જ્ઞાનનો અવતાર છે ધ્રુવ. સમજાય એવું છે હોં! આમાં છે ઊંચું અને સારું, પણ ન સમજાય એવી વાત નથી. આ તો બહુ સાદી છે. નયનો અધિકાર તો જરી લાંબો કરવો પડે (એટલે) કઠણ પડે. આહાહા..! છતાં પછી લઈશું. બધું હળવું થશે ત્યારે. કહો, સમજાણું કાંઈ? કાંઈ મૂકી દેવાનું નથી. પૂરું કરવાનું છે. ૪૭ નય. આહાહા..!

શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, એમ કહે છે. જન્મ્યો, એમ નથી કહેતા? કે આ માણસ જન્મ્યો. એટલે જન્મ્યો એટલે છે. આ માણસ થયો, નહોતો ને થયો, એમ. છે. એમ આ શુદ્ધ જ્ઞાન જ છે. શુદ્ધ જ્ઞાન જ જેનો જન્મ એટલે અવતાર છે, જ્ઞાન જ જેનું સ્વરૂપ છે. એમાં જ્ઞાનની પાંચ પર્યાયો આદિ એનામાં છે નહિ. આહાહા..! તેથી શુદ્ધ જ્ઞાન કીધું છે. અને કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. એ પણ એમાં નથી. નિશ્ચય તત્ત્વ ભગવાન આત્મા તો શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ છે આખું. આહાહા..! ઝીણી વાત છે કાંતિભાઈ! ત્યાં મુંબઈમાં આવી ન ચાલી હોય. મુંબઈમાં હતાને ત્યાં. કાંતિભાઈ આવ્યા હતા. શાંતિભાઈના વેવાઈ નહિ? શાંતિલાલ ખુશાલ. આપણે ગયા હતાને. તમે ગયા હતા ને? પેલા દેરાસરની જોડે. એ તેડવા આવ્યા હતા. સુમનભાઈને ત્યાં તેડવા આવ્યા હતાને? સુમનભાઈને ત્યાં તેડવા આવ્યા હતા. કહો, સમજાણું? એણે કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય. આ શું? એય..! પ્રાણભાઈ!

'જે સુખસાગરનું પૂર છે,...' આહાહા..! એ સુખસાગરનો દરિયો છે. પૂર વહે છે અંદર.

શ્રોતા :- જ્ઞાન અને સુખ બે લીધા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બે લીધા છે. જ્ઞાન અને સુખ બે જ વસ્તુ છેને. સમજાણું? પછી નાસ્તિથી લેશે ત્રીજું. અસ્તિથી આ લીધું.

ભગવાન આત્મા સુખસાગરનું પૂર છે, ધ્રુવ. 'અને જે ક્લેશાદધિનો કિનારો છે,...' ક્લેશનો દરિયો એનો એમાં અભાવ છે, કિનારો છે એટલે. ક્લેશનો દરિયો આખો, વિકલ્પની આકુળતા, એમાં છે જ નહિ. ક્લેશાદધિનો કિનારો છે એટલે એમાં છે જ નહિ એમ. અહીં નથી. બહાર ગયું બહાર. 'તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.' આવો ધ્રુવ ભગવાન એમને એમ જયવંત ત્રિકાળ વર્તે છે. તે સમકિતીને શરણ અને આદરવા લાયક છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

**શ્રાવણ વદ અમાસ, ગુરુવાર, તા. ૧૧-૯-૧૯૬૯**
**ગાથા-૩૯, શ્લોક-૫૫, પ્રવચન-૩**

આ નિયમસાર. મોક્ષનો માર્ગ એનો અધિકાર છે. એમાં આ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ એટલે આ જીવનો ત્રિકાળી ધ્રુવસ્વભાવ, એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એ શુદ્ધભાવને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને ધર્મની દશા પ્રગટ થાય છે. એ વાતનું વર્ણન છે. મોક્ષમાર્ગ છેને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે. અને એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન એટલે સાચું દર્શન, જ્ઞાન અને ચારિત્ર, ત્રિકાળી ધ્રુવ અખંડ અભેદ નિર્વિકલ્પતત્ત્વ એને અવલંબતા, એનો આશ્રય કરતાં એ દશા પ્રગટ થાય છે. એ વાત ૩૮માં થોડી કહી, વિશેષ ૩૯માં કહે છે.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा ॥३९॥**

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

'ટીકા – આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.' આત્મા નિર્વિકલ્પ અભેદ છે, જેમાં રાગ-દ્વેષ તો નથી, પણ એક સમયની પર્યાય જે મોક્ષમાર્ગની દશા એ પણ જેમાં નથી.

શ્રોતા :- કોઈ પર્યાય નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કોઈ પર્યાય (એમાં બધી) આવી. મોક્ષમાર્ગની પર્યાય નથી, પછી કઈ પર્યાય ગણવી? જેનો અધિકાર છે અહીંયા. નિયમસાર. **'णियमेण य जं कज्जं'** નિયમથી જે **'जं कज्जं'** નિશ્ચયથી જે કરવાલાયક છે. નિશ્ચયથી કરવાલાયક કાર્ય હોય તો આત્માને માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ કરવાલાયક છે. એ ત્રણેય ધ્રુવ ચૈતન્ય નિર્વિકલ્પ પરમાત્માસ્વરૂપ એને લક્ષે, એને ધ્યેયે, એને અનુભવે એ પ્રગટ થાય. આજે (લખાણ) આવ્યું છે મોટું ઘણું એ શુભભાવનું.... શુભભાવથી નિર્જરા ન થાય તો, જુઓ કરણલબ્ધિ બધી શુભભાવ છે અને શુભભાવ... અને જ્યાં ત્યાં જયધવલનું નાખે. શુભ અને શુદ્ધ વિના નિર્જરા નથી, માટે શુભથી નિર્જરા છે એમ લખે છે જૈન ગેજેટમાં. એમ નથી. એ તો વ્યવહારથી કથન કર્યું ત્રણ કરણ. બાકી તો શુદ્ધ ધ્રુવ એમાં અંતર દ્રષ્ટિ દીધે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એ તો જે કરણ પરિણામ છે એનું પણ લક્ષ છૂટી જઈને.. એને ખબર ક્યાં છે કે આ કરણ પરિણામ છે? એ વાત...

ભગવાન નિર્વિકલ્પ અભેદ નિષ્ક્રિય, પરિણામની પર્યાયથી રહિત... પરિણામરૂપી પર્યાય છે એનાથી રહિત. એવા તત્ત્વને જે પર્યાય અવલંબે, એને અંદર પ્રસરે એવી પર્યાયમાં દ્રવ્યનો આધાર– ધ્રુવનો આધાર છે. અને ધ્રુવના આધાર વિના સમ્યગ્દર્શનનો અંશ કે સમ્યગ્જ્ઞાનનો અંશ કે ચારિત્ર પ્રગટે નહિ. સમજાય છે કાંઈ? તો કહે છે કે 'આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.' ભગવાન! ટીકા છે ને એમાં? **'निर्विकल्पतत्त्वस्वरूपाख्यानमेतत्।'** નિર્વિકલ્પ કહો કે અભેદ કહો કે શુદ્ધભાવ ધ્રુવ કહો. આહાહા..! મહાધ્રુવ સાગર ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ નિત્ય એવો જે ભગવાન જીવાસ્તિકાય... એમ શબ્દ વાપર્યો છેને. જીવાસ્તિકાય. એકલો જીવ એમ નહિ, પણ અસ્તિકાય. કેમકે છે એ અસંખ્ય પ્રદેશી છે. સમજાય છે કાંઈ? એવો નિત્ય ધ્રુવ અસંખ્યપ્રદેશી એકરૂપ વસ્તુ તેને અહીં નિર્વિકલ્પ તત્ત્વ કહેવામાં આવ્યું છે.

એવા નિર્વિકલ્પ તત્ત્વની અંદર, કહે છે કે 'ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...' કેવો છે ભગવાન આત્મા? 'ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...' ત્રણે કાળ જેમાં ઉપાધિ રાગાદિની છે નહિ. સમજાણું કાંઈ? 'ત્રિકાળી-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...' 'એવા જીવને' એમ શબ્દ વાપર્યો છે મૂળ પાઠમાં, ટીકાકારે સ્પષ્ટ કર્યું કે એવો જીવાસ્તિકાય. ધ્રુવ અસ્તિપણે છે તે અસંખ્યપ્રદેશી છે એવો ધ્રુવ છે આ જીવ. તે જીવને 'ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી;...' પાઠમાં છે **'णो खलु सहावठाणा'**. એ સ્વભાવ (એટલે) અહીંયા વિભાવસ્વભાવ લેવાનો છે. સમજાણું કાંઈ? જેટલા વિભાવસ્વભાવના સ્થાનો અધ્યવસાયના, પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન આદિના ભાવો એ વિભાવ-સ્વભાવસ્થાનો છે, જીવાસ્તિકાય પ્રભુ ધ્રુવ એમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન નિશ્ચય આત્મા.. કાલે આવ્યું હતું, ખરેખર આત્મા વસ્તુ જે ધ્રુવ નિત્યદળ, ચૈતન્યદળ એવો જે જીવાસ્તિકાય એમાં વિભાવના પ્રકારો શુભ-અશુભ વિકલ્પોના પ્રકાર, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ધ્રુવસ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? 'એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો...' એટલે વિકારી ભાવો, અસંખ્ય પ્રકારના શુભ અને અશુભ એવા પ્રકાર. સ્થાન એટલે પ્રકાર, ભેદો. અંદર વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? એવો ચૈતન્યરત્નાકર દરિયો ધ્રુવ, એમાં આવા અસંખ્ય પ્રકારના વિકારી શુભાશુભભાવો (નથી). એને અહીંયા સ્વભાવ કહ્યા, વિભાવરૂપ સ્વભાવ, એમ. વિભાવરૂપ સ્વભાવ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એની પર્યાયમાં છેને? પણ એ વિભાવરૂપ સ્વભાવ છે. સ્વભાવરૂપ સ્વભાવમાં એ નથી. સમજાય છે કાંઈ? માટે જેને ધર્મ પ્રગટ કરવો હોય એણે એ વિભાવસ્વભાવ ઉપર લક્ષ ન આપતાં, ત્રિકાળી ધ્રુવ નિત્યસ્વરૂપ અંતર્મુખ એવો જે ચૈતન્યગોળો નિત્ય ધ્રુવ એનું લક્ષ કરીને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. કહો, શેઠી!

શ્રોતા :- જીવાસ્તિકાયમેં તો પ્રદેશ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રદેશ લેવા. અસ્તિકાય છેને? અસ્તિ–છે, કાય–સમૂહ. ગુણનો સમૂહ થયો ને. અહીંયા એ કામ નથી. અસ્તિ લેવી છે. અહીં તો અસ્તિ અને કાય લેવી. અહીં કાય (એટલે) અસંખ્ય પ્રદેશનો સમૂહ એ કાય લેવી. તો અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ છે (એનું) એકરૂપ દ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો ભગવાન આત્મા પરમાત્મ ધ્રુવ સત્વ કેવું છે? તારો આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ, જેમાં અસંખ્ય પ્રકારના શુભ-અશુભ વિકલ્પ એનો અભાવ છે. એટલે કરે, અજ્ઞાનભાવથી થાય, પણ એના સ્વરૂપમાં છે નહિ. આહા..! ટાળવાનું ન રહ્યું, એમ કહે છે મૂળ તો. સ્વભાવમાં નથી એટલે? શુદ્ધ ધ્રુવ સ્વભાવની અંતર દ્રષ્ટિ કરતાં, અંતર એકાગ્ર થતાં તે ઉત્પન્ન થતાં નથી (તેને) ટળે છે એમ કહેવામાં આવે છે. પણ એમાં છે નહિ એટલે ઉત્પન્ન ક્યાંથી થાય? સમજાણું કાંઈ? જેની ખાણમાં જ એ ભાવ નથી. સોનાની ખાણમાં લોઢું હોય? એમાંથી તો સોનું નીકળે. એમ ભગવાન આત્મા ચિદ્દ્ઘન, સુખનો સાગર એકરૂપ પ્રભુ, એમાં આવા વિકારરૂપ દુઃખભાવ... હરખના સ્થાન પછી કહેશે, સુખ અને દુઃખ પછી કહેશે, પહેલાં આ ભાવો નથી, એથી એના પેટા ભેદ પાડશે કે એ હરખ અને સુખ, હરખ અને અહરખ એવા જે ભાવ એમાં છે નહિ, એમ. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં નિધાન ચૈતન્ય છે ત્યાં નજર નાખવાની છે તેની અંદર આ ભાવો નથી.

'(શુદ્ધ જીવાસ્તિકાયને)...' એટલી વાત કરીને હવે એને દુઃખમાં નાખે છે. 'પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...' આ પ્રશસ્ત શુભરાગ જેને કહે છેને? અને અપ્રશસ્ત અશુભરાગ અને મોહ એનો અભાવ હોવાથી. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું દળ, વજ્ર અનંત આનંદનું વજ્ર બિંબ દળ ભગવાન આત્મા છે એને અહીંયા નિર્વિકલ્પ તત્ત્વ અથવા સાચો આત્મા કહેવામાં આવે છે. આહાહા..! એવા આત્મામાં શુભ અને અશુભ સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ (છે). લ્યો, આમાં તો પ્રશસ્ત મોહ-અમોહ, રાગ-દ્વેષ પ્રશસ્ત-અપ્રશસ્ત બધું આવ્યું. એય..! આમ દ્વેષને અપ્રશસ્ત ગણ્યો નથી આમ બીજામાં–પંચાસ્તિકાયમાં. પંચાસ્તિકાયમાં નથી ગણ્યો, આત્માનુશાસનમાં ગણ્યો છે. સમજાય છે કાંઈ?

એક સાધુ હોય અને કોઈ સિંહ મારતો હોય, તો સાધુની રક્ષા કરવાનો ભાવ છે એમાં સિંહને મારે છે. મારવાનો ભાવ નથી, સાધુને એમાંથી બચાવવાનો ભાવ છે. છે તો મારવાનો ભાવ, છે તો પ્રશસ્ત દ્વેષ. તે પુણ્યબંધનું કારણ પ્રશસ્ત દ્વેષ છે. એને મારવાનો ભાવ નથી, પણ આ મુનિને આમ કરે છે એમાં બચાવવા જાય છે એને પ્રશસ્ત દ્વેષ આવે છે. એ સિંહને મારે એવો ભાવ... ક્રિયા તો શરીરની છે..., એ પણ રાડ પાડે છે. આહાહા..! લ્યો, આ પરને મારવાની ક્રિયા જડની છે, એ આત્મા કરી શકતો નથી. એટલે પરની હિંસા ન કરી. પણ કોણે કરી? સાંભળને! આહાહા..! પરને શું કરે? એ તો ક્રિયા તે ક્ષણે જે થવાની હોય ત્યાં આને પ્રશસ્ત દ્વેષ આવ્યો કે આને મારું. મારવા માટેનો હેતુ નથી, આને (-મુનિને) બચાવવાનો હેતુ છે. જો સિંહ ચાલ્યો જાય તો મારવા જાય છે પાછળ?

ત્યાં મુનિ બેઠા છે ધ્યાનમાં, આનંદમાં. એમાં ઓલો સિંહ ચાલ્યો જાય તો મારવા જાય છે પાછળ? ફક્ત આને આ છે એટલે એવો ભાવ (આવ્યો છે). દીકરાને કોઈ મારે તો ભાવ આવે છે કે નહિ? એ તો અશુભભાવ છે. આહાહા..! એઇ..! દીકરાને કોઈ મારતો હોય અને બચાવવાનો ભાવ આવે એ તો અશુભ છે. આ તો મુનિ છે, આનંદકંદમાં ઝુલતા હોય છે અંદર. આનંદની વહેતી નદીમાં રેલમછેલમાં હોય છે અંદરમાં. ત્યાં કોઈ સિંહ આવે એને મારે તો સિંહ પણ મરી જાય અને સિંહ આને મારે તો એક સમયે બેય મરી જાય. પણ ઓલા સિંહના પરિણામ પાપના છે, આના પરિણામ પુણ્યના છે. સમજાણું કાંઈ? એટલે ત્યાં એને પ્રશસ્ત દ્વેષને ગણવામાં આવ્યો છે. પંચાસ્તિકાયમાં રાગને પ્રશસ્ત અને દ્વેષને અપ્રશસ્ત કહ્યો છે.

એ અહીં ખુલાસો કર્યો છે કે પ્રશસ્ત એટલે શુભ અને અપ્રશસ્ત એટલે અશુભ. સમસ્ત મોહ. પ્રશસ્ત મોહ મુનિઓ આદિ અને ધર્માદિની રક્ષા માટેનો થતો. એમ પ્રશસ્ત રાગ એ પણ મુનિ આદિ ધર્મની રક્ષા માટે થતો. પ્રશસ્ત દ્વેષ એ પણ મુનિ આદિની આમાં (-રક્ષામાં) થતો અને અપ્રશસ્ત–કુટુંબ રક્ષા માટે, પુત્રાદિની રક્ષા માટે થતો મોહ અને એ રાગ-દ્વેષ એ બધો અપ્રશસ્ત છે. કહો, સમજાય છે કાંઈ?

એ 'પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી;...' કહો, સમજાણું? 'માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી...' એને. માન-અપમાન કેવું ત્યાં? એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં માન-અપમાનના વિકલ્પો—એની તો પહેલાં ના પાડી. નિર્વિકલ્પ વસ્તુ અભેદ ચિદાનંદ છે. એમાં બીજાને સમાધાન કરું તો મારું માન રહે અને નહિ તો મારું અપમાન કરે છે, એવા માન-અપમાનના સ્થાન ભગવાન આત્મામાં નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '(શુદ્ધ જીવાસ્તિકાયને)...' હવે એનો ખુલાસો કરે છે. 'શુભ પરિણતિનો અભાવ હોવાથી....' પહેલાં માન-અપમાનની વ્યાખ્યા કરી. પહેલી વિભાવની કરી, પછી માન-અપમાનની કરી, હવે હરખની. ભગવાન આત્મા એને 'શુભ પરિણતિનો અભાવ હોવાથી....' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો જે શુભભાવ હોં! શુભપરિણતિ એમ લીધી છે. એ આત્મામાં નથી.

શ્રોતા :- પ્રશસ્ત મોહનીય એટલે ચારિત્ર મોહનીય...?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બધું આવી ગયું. મોહ (એટલે) સાવધાની છેને પરમાં જરી. દેવ-ગુરુ-શાસ્ત્ર(નો પ્રશસ્ત), સામે સ્ત્રી-કુટુંબનો અપ્રશસ્ત. સમજાય છે કાંઈ?

'(શુદ્ધ જીવાસ્તિકાયને)...' ભગવાન ચિદ્ઘન આત્મા એવો પરમાત્મા પોતે નિજ સ્વરૂપે અસ્તિમાન બિરાજમાન છે એની અંદર 'શુભ પરિણતિનો અભાવ હોવાથી...' લ્યો! ઓલા કહે છે કે પરની દયાનો ભાવ એ જીવનો સ્વભાવ છે. એ રાડું પાડે છેને બહુ? એય...! પંડિતજી! કહે છે કે નહિ એ? જીવદયા એ તો જીવનો સ્વભાવ છે.

શ્રોતા :- ધર્મ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લ્યો, એ વળી ધર્મ છે, ધર્મ છે માટે સ્વભાવ છે. અરે..! ભાઈ! એ જીવદયા કઈ? રાગના અભાવસ્વભાવસ્વરૂપ અંતરમાં રાગની–વિકલ્પની ઉત્પત્તિ ન થવી, એવો જે નિર્વિકલ્પ તત્ત્વ ભગવાન છે એને આશ્રયે વીતરાગી પરિણતિ ઊભી થાય તેને દયા અને આત્માની અહિંસા કહેવામાં આવે છે. કેમકે એમાં નથી એ ક્યાંથી આવશે? શુભપરિણતિ વસ્તુમાં નથી. વસ્તુ તો શુદ્ધ વીતરાગમૂર્તિ છે. આહાહા..! 'જિન સોહી હૈ આત્મા...' વીતરાગ અકષાયસ્વરૂપ એવો આત્મસ્વભાવ એમાં, કહે છે કે પંચ મહાવ્રતના પરિણામ આદિ, બાર વ્રતના વિકલ્પ આદિ શુભ પરિણતિ વસ્તુમાં નથી. સમજ્યા? જો હોય તો એનો અભાવ કરીને વીતરાગ પરિણતિ ક્યાંથી પ્રગટે? સમજાણું કાંઈ?

શુભ પરિણતિ... પરિણતિ એટલે? પરિણતિ. પરિણતિ એટલે એની અવસ્થા. શુભરાગની અવસ્થા એનો અભાવ હોવાથી એને 'શુભ કર્મ નથી,...' કારણ કે શુભ પરિણતિ નથી એટલે શુભકર્મ છે નહિ એમ કહે છે. અને 'શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી,...' એને અનુકૂળ સામગ્રી મળે એવું છે નહિ. આહાહા..! સંસાર સુખ જ નથી એનામાં. સામગ્રી નથી અનુકૂળ. આ ચક્રવર્તીના રાજ મળે, પૈસા આદિ એ વસ્તુમાં છે નહિ અને એને લઈને પાછી કલ્પના થાય કે 'મને ઠીક છે આ' એવી સુખબુદ્ધિ પણ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? એ તો ભગવાન નિજાનંદ મૂર્તિ છે. પોતાના નિજ આનંદથી ભરેલો ભરપુર.. ભરપુર.. એવી શુભ પરિણતિના વિકલ્પ વિનાનો એવું નિર્વિકલ્પ તત્ત્વ ધ્રુવ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે અને શુદ્ધભાવ તે જીવાસ્તિકાય છે. પુણ્યપરિણામ એ જીવાસ્તિકાય નહિ એમ કહે છે. મહાવ્રતના પરિણામ એ જીવાસ્તિકાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એને સંસારસુખ જ નથી.

અરે..! સંસારસુખ વિનાનો આત્મા! એ (સુખ) તો એની કલ્પના છે હોં! આ વિષયમાં, આબરુમાં, કીર્તિમાં, હરખાઈ જાય છેને? એમ કહે છે. હરખાઈ જાય છેને? હરખના સ્થાનો નથીને? એમ કહેવું છેને મૂળ તો? આમ હરખાઈ જાય. આહા..! કાંઈક એને ડાહ્યો કહે, પૈસાવાળો કહે, આબરુવાળો કહે, અરે..! કહળ્યુ કુટુંબ જેને છે, બધી રીતે બાહ્ય સામગ્રીથી સુખી છે. એમાં એને હરખ થાય ને હરખ? કહે છે કે એ હરખ સ્થાન જ સ્વરૂપમાં નથી ને. એય..! પ્રાણભાઈ! આહાહા..!

શ્રોતા :- .. ખોટું છે એ બતાવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ છે જ નહિ એમાં. હરખ આવે આમ શેરબજારમાં જ્યાં બે લાખ પેદા થાય. અને જ્યાં કાંઈક જાય થોડું એક દિ' કે બે દિ'...

શ્રોતા :- દવા આપવી પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- શોક કરે. આ બધા શેઠિયા બધા પૈસાના મોટા પથરાના સ્વામી. કહે છે કે એમાં હરખ થાય છે, એ હરખ સ્વરૂપમાં નથી ને તું ક્યાંથી લાવ્યો આ? એમ કહે છે. આહાહા..! ઓહો..! સમજાણું?

ભક્તિ કરતાં કરતાં પણ હરખ થઈ જાયને હરખ? એ હરખસ્થાન પણ તારામાં નથી ભાઈ! એ તો વિકલ્પ ઉઠ્યો છે. સમજાણું કાંઈ? એનાથી તો શૂન્ય છો અને આનંદ અને જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો છો. એવા ભગવાન ઉપર અંતર્મુખ દ્રષ્ટિ કરને, એમ કહે છે, એ કહે છે. એવો જે ભગવાન આત્મા જેમાં સંસારસુખ અને હરખના સ્થાન નથી, ત્યાં નજર કરને. આ હરખના સ્થાનમાં નજર કરતાં આ મારા અને મને ઠીક પડે છે ત્યાં તો મિથ્યાત્વભાવ ઊભો થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા બિરાજમાન ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, એમાં અનુકૂળતાના પ્રસંગમાં હરખનું ઉદ્‌ભવવું એ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, શું છે ભીખાભાઈ! સારો છોકરો હોય હીરાભાઈ જેવો...

શ્રોતા :- મારો ક્યાં છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હીરાભાઈ જેવો છોકરો.. આમ ભાઈ! ભાઈ! બાપુજી! બાપુજી! કેટલું કરે લ્યો. બાપુજીને ઠીક નથી. આહાહા..! કહે છે, અરે..! પ્રભુ! તારી પ્રભુતામાં, હરખ ઉત્પન્ન થાય એ પ્રભુતામાં નથી. આહાહા..! સ્વરૂપચંદભાઈ! સારા દીકરા હોય કાળજાના કોર જેવા. નથી કહેતા માણસ? કાળજું ઠરે દેખીને, લ્યો. કેમ સુમનભાઈ જેવા હોય આઠ-આઠ હજારના પગાર માસિક, લ્યો. અને આવીને પગ દાબે. ઓલાના ત્યાં બીજા દાબે. અહીં લાવે બાપુજી થોડી વાર... પગ જડના પણ એને એમ લાગે કે.. આહાહા..! સમજાણું?

શંકરાચાર્ય હતા. શંકરાચાર્ય થયાને? અન્યમતમાં. દ્રષ્ટિ મિથ્યાત્વ વેદાંતની. પછી એકવાર એ મોટો બાદશાહ બાજીરાવ પેશવા એની પાસે ગયા. ગુરુ હતા એના. એટલે પગ ધોવે છે. બાજીરાવ પેશવો પગ ધોવે છે પોતે. બેઠા હતા ને, પગ (ધોવે છે). એટલે બાજીરાવને થયું કે આહા..! આવો હું મોટો બાદશાહ, શંકરાચાર્યને પગ ધોઉં. કેટલું અત્યારે એને સુખ છે! એ સુખી કેટલા કહેવાય! એટલે શંકરાચાર્ય કહે છે, બાજીરાવ! તું પગ ધોવે માટે અમને ઠીક પડે છે, હરખ છે એમ છે? બાપુ! જ્યારે અમને શાસ્ત્રની યુક્તિઓમાં શું સમાધાન છે એની સમજણ ન હોય અને શિષ્યો બધા એનો ઉકેલ કરવા બેઠા હોય અને એ શાસ્ત્રના હાર્દનો ઉકેલ હૃદયમાં આવે, એ વખતે જે અમને સુખ થાય, એ તારા આનામાં ધૂળેય નથી, સાંભળને. સમજાણું કાંઈ?

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ બહારની વાત. પણ આ તો એ સ્થિતિ આને ઠેકાણે આ કલ્પના જુદી જાતની છે એમ કહેવું છે. જોકે શાસ્ત્રનો ઉકેલ થતાં કલ્પનામાં ઠીક થાય, એ કલ્પના પણ હરખ રાગ છે. પણ આ તો ઓલાની અપેક્ષાએ.. એની દ્રષ્ટિની વાત છે ને. આ તત્ત્વની ક્યાં વાત છે? આવો એક રાજા બાજીરાવ પેશવા. ખમ્મા અન્નદાતા. જેને હજારો આમ કરોડપતિઓ (કહેતા હોય), ખમ્મા અન્નદાતા. એ પગ ધોવે એક બાવાના. શંકરાચાર્ય આમ બાવા ત્યાગી હતાને, બ્રહ્મચારી હતા, બાળબ્રહ્મચારી. પગ ધોવે છે. આહાહા..! કેટલી એની પદવી ઊંચી કે જેના બાજીરાવ પગ ધોવે! શોભાલાલજી! આ તો સુખી કહેવાય હોં! બાજીરાવ! એ સુખ નહિ ભાઈ! આ તો એની અપેક્ષાએ...

શાસ્ત્રની ઝીણવટના ઉકેલ થાય, શાસ્ત્રની યુક્તિમાં એટલા ન્યાય ગંભીર ઊંડા ભર્યા હોય એ જાતનાં વેદાંતના, એનો ઉકેલ ન સૂઝતો હોય અને જ્યારે ટોળી શિષ્યોની ભેગી થઈને બધા એનું મંથન કરતા હોય કે આનો કેમ અર્થ બેસવો જોઈએ? એવો અર્થ જ્યાં યથાર્થ બેસે આગળ-પાછળના ન્યાયથી વિરુદ્ધ નહિ એવો, એ વખતે અમને જે સુખીપણું દેખાય છે એ તારા સુખમાં ધૂળેય નથી. કામ નથી.

અહીં તો કહે છે કે એ વખતે પણ કલ્પના થાય છે એ પણ આત્માનું સુખ નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..! વિષયના સુખની તો શું વાત કરવી? પણ શાસ્ત્રના આલંબનના પ્રસંગમાં કોઈવાર હરખ આવી જાય, કહે છે કે એ પણ તારી વસ્તુમાં નથી ભગવાન! આહાહા..! એવો ચિદાનંદ બાદશાહ પોતે, અરે..! ક્યાં ભૂલીને ભમે છે? અને ક્યાં પોતાની જાત છે ત્યાં એ સંભાળમાં આવતો નથી? એમ કહે છે. અમરચંદભાઈ! આહાહા..! સમજાણું?

'ભટકત દ્વાર દ્વાર લોકન કે કુકર આશા ધારી.' કૂતરાની જેમ બટકા માટે જ્યાં ત્યાં ભટકે, એમ આ અજ્ઞાની જ્યાં ત્યાં મને કોઈ મોટો કહે, સારો કહે, અભિનંદન આપે. કહે છે, ભાઈ! આવો તારો ભાવ એ વસ્તુમાં નથી. ક્યાં લેવા જાય છે તું? ક્યાં જા છો? આહાહા..! એ સંસારસુખ આત્મામાં નથી. આહાહા..! સંસારસુખ એટલે કે કલ્પનાનું સુખ કે દુઃખ. એ તો ઝેર છે. આહાહા..! સમજાણું? એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં એ હરખના સ્થાનરૂપ સુખ નથી. નવા ઊભા કરે છે પર્યાયબુદ્ધિએ, એમ કહે છે. સમજાણું કાંઈ? અંશબુદ્ધિ કરીને નવા ઊભા કરે એ ઘરમાં નથી. આહાહા..! મૂળ તો એમ કહે છે.

'સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી;...' એમ કહેવું છે. ભિન્ન-ભિન્ન હરખ આવે છેને? ઘણા પ્રકારના–અસંખ્ય પ્રકારના હરખ હોય છે. સાધારણ કોઈ શબ્દ સાંભળીને, કોઈ સ્ત્રીની વાણી સાંભળીને, છોકરાનું શરીર દેખીને, કોઈ લક્ષ્મીનો પેદાશનો ભાવ (થયા કે) આવા આવ્યા, આમ થયું એમ સાંભળીને કોઈ અશુભ હરખ આદિ પ્રકાર થાય છે એ બધા નવાં છે, બાપુ! તારા સ્વરૂપમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી તો ઉદાસ તારું ભિન્ન સ્વરૂપ છે. સમજાણું? જે સ્વરૂપમાં આ નથી ત્યાં દ્રષ્ટિ દે, એ નિધાનને નિરખ તો સમકિત થાય એવું છે. હજી તો સમ્યગ્દર્શન ત્યાંથી થાય. સમજાય છે કાંઈ?

'વળી ભગવાન (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી...' લ્યો! હિંસા, જૂઠું, ચોરી, કામ, ક્રોધ, માન, માયા, લોભ એવી અશુભ પર્યાય–અશુભ પરિણતિ ભગવાન આત્માના નિજ સ્વરૂપમાં નથી. આહાહા..! પર્યાયબુદ્ધિએ ઊભી કરે તે દ્રવ્યસ્વભાવમાં નથી એમ કહે છે. વસ્તુમાં નથી. એવો નિષ્ક્રિય ભગવાન ચિદાનંદ પરમપારિણામિકસ્વભાવ જેને અહીંયા શુદ્ધભાવ કહ્યો, એની નજરું કરતાં, એની દ્રષ્ટિ કરતાં ન્યાલ થાય એવી દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? કહો, મૂલચંદભાઈ! ભારે વાતું આવી.

'અશુભ પરિણતિનો અભાવ હોવાથી અશુભ કર્મ નથી,...' અશુભભાવ નથી તો પછી કર્મ નથી એમ કહે છે. અને કર્મ નથી તો કર્મનો અભાવ હોવાથી એને દુઃખ નથી. જેમ સંસારસુખ નથી, તેમ પ્રતિકુળતા (આવતા) અંદર આમ હીણો પડી જાય, દુઃખ થાય છે. આહાહા..! તેલ રેડ્યા છે, કહે, અત્યારે સખ નથી ભાઈ! આ કાંઈ ઘરમાં મરી જાય કે મોટપ જાય કે નાનાનું નામ રહેતું ન હોય, એવામાં અંદર સખ ન આવે લ્યો. એક જણો કહેતો હતો કે (જે) સાધુએ દીક્ષા આપી તો એનો શિષ્ય ન ઠરાવ્યો. શિષ્ય ઠરાવ્યો બીજાના.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અરે..! કાળજું બળે છે, આમ હળ... હળ... હળ... હળ... થાય છે. અરે..! શું છે પણ આ બધું? સમજાણું? રાણપરની વાત છે. તમે આવ્યા હતાને? જયચંદભાઈના.. એના... એક હતા એનું નામ ન આપ્યું. મેં કીધું, આનું આપો હવે મોટાનું. રાખોને બધાને. બળે અંદરથી. હળ.. હળ.. સળગે છે. અહીં દીક્ષાનો બહાર મહોત્સવ થાય. અરે..! મફતનો હોળી સળગે છે. મારો શિષ્ય ન કર્યો, લ્યો. મારું નામ શિષ્યને ન આપ્યું, કહો.

કહે છે, ભગવાન! એ દુઃખરૂપી દશા–એ ખેદરૂપી દશા તારા સ્વરૂપમાં નથી હોં! એવો ભગવાન ચૈતન્યબિંબ જેની વજ્રની પાળામાં પડ્યો છે અંદર, એને આ દુઃખ-બુખ છે નહિ. બાઈ રાંડે ત્યારે નથી કહેતા? કે દુઃખી થઈ, દુઃખીયાણી થઈ, દુઃખાણી થઈ. દુઃખાણી, આ બાઈ દુઃખાણી છે. લ્યો! દુઃખાણી છે એ ક્યાંથી લાવ્યો? એવો 'દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.' હર્ષનો અભાવ એવું જે દુઃખ, એવો જે શોક એનામાં છે નહિ. આહાહા..!

જેની નજરું નાખતાં જેમાંથી શુદ્ધતા ઝરે અને અશુદ્ધતા ઉત્પન્ન ઉત્પન્ન ન થાય એવો ભગવાન ચિદાનંદ તું બિરાજમાન છો, ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..! એનો કળશ છે એ શ્લોક (-ગાથા)નો.

**(शार्दूलविक्रीडित)**

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः ॥५५॥**

'શ્લોકાર્થ – જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...' ભગવાન (આત્મા) તો પ્રીતિ-અપ્રીતિ વિનાનો છે. હરખ-શોકને પ્રીતિ-અપ્રીતિમાં નાખી દીધા. સમજાણું? અને માન-અપમાન પણ એમાં આવી જાય છે. અરે..! માન કેના અને અપમાન શેના? ભગવાન (આત્મા)માં અંદર માન મળે અને અપમાન મળે એવું ક્યાં છે ભાઈ! સમજાણું કાંઈ? એકલા અમૃતસાગરની અંદર, અમૃત જ્યાં છલોછલ

(ભર્યા છે) ભગવાન આત્મામાં, અમૃતસ્વરૂપ ભગવાન આખો પડ્યો છે એમાં 'પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...' લ્યો, અહીં શાશ્વત લીધું. જેને અહીંયા શુદ્ધભાવ કહ્યો તેને ધ્રુવભાવ કહ્યો, એને નિત્ય કહ્યો, એને અહીંયા શાશ્વત કહ્યો. સમજાણું કાંઈ?

'જે નિઃશેષપણે અંતર્મુખ અને નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...' કેવો છે એ ભગવાન આત્મા? સર્વથા અંતર્મુખ. અંતર્મુખ વસ્તુ છે, અંતર્મુખ વસ્તુ છે, એ બહિર્મુખમાં આવતો નથી. સમજાણું કાંઈ? કહે છે, જે સર્વથા અંતર્મુખ છે. ભાઈ! કથંચિત્ રાખો, નહિતર અનેકાંત ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? નિઃશેષનો શબ્દ છેને એ? નિઃશેષ. નિઃશેષ એટલે સર્વથા. નિઃશેષનો અર્થ. આહાહા..! નિઃશેષ શબ્દનો સર્વથા અર્થ કર્યો છે.

ભગવાન આત્મા, એ તારા અહીં ગાણા ગવાય છે, સાંભળ તો ખરો! ઓલા વિવાહમાં ગાણા ગાય તો ખુશી ખુશી થાય. લગન કરવા જાય અને ઓલા વેવાઈ ગાળ આપે તો ખુશી થાય. એય..! પ્રાણભાઈ! એવું અમારા કાઠિયાવાડમાં ચાલે છે. તમારે વળી હોય એ ખરું, નહિ? વરની મા તો મોચીડાને ગઈ હતી અને ત્યાંથી આ જોડા મળ્યા. એવી વાતું કરે. એમ ગાતા હતા. હવે ગયું હશે. પણ ઓલો સાંભળીને ખુશી થાય. આ તો બધાએ જોયેલું છેને અમારે. એક લગનમાં જોયેલું. રાયચંદભાઈના લગન હતાને, ગઢડાવાળા નહિ? રાયચંદ તારાચંદ. ગાંડાભાઈના જમાઈ. ઘણા વર્ષની વાત છે. એના લગનમાં આ બોલતા બાયું. કીધું, શું બોલે છે આ? સમજાય છે? ઓલા જોડા સારા પહેર્યા હોયને? જોડા સમજ્યા? જૂતા-મોજડી. મોજડી પહેરે વર. આ વરની મોજડી ક્યાંથી (આવી)? તો કહે, એની મા મોચીડાને (ત્યાં) ગઈ હતી ત્યાંથી મોજડી મળી છે. એય..! નવનીતભાઈ! એવા ગાણા ગાતા હોં! ૫૦-૬૦ વર્ષ પહેલાંની વાત છે. હવે તો એવું ચાલે નહિ.

એ સિવાય બહુ એક આકરા ગાણા હતા. અમે રાણપર અપસરામાં હતાને. સામે હતા એક કેવજીભાઈ વસાણી. એના લગન થતાં હતા. કો'ક હીરાના હતા. હીરાભાઈ છેને. હીરાલાલ નથી? હીરાલાલ. જોડે જોડે મકાન સામે. એવી ગાળ્યું બોલે છોડીયું. ખુશી થાય. આહાહા..! અરે..! ભાઈ! તને આ ગાળ્યું! ગમે તે ગાળ દે, પણ તારી દીકરી લઈને જવાનો છું. એમ. એના હરખના આ... અરે..! મૂઢ શું છે પણ તને આ?

અહીં કહે છે કે અરે..! તારા ગાણા ગવાય છે કે આ સાચો કેવડો તું છો. સમજાય છે કાંઈ? આહાહા..! શુદ્ધ પરિણતિને પરણવું હોય અને પ્રગટ કરવી હોય તો ભગવાન આવો છે એમ નજરમાં કરવો પડશે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ, કહે છે કે સર્વથા અંતર્મુખ છે એ તો. વસ્તુ અંતર્મુખ છે. આહાહા..! જેમાં રાગાદિ તો નથી, પણ પર્યાય જેમાં નથી એવો અંતર્મુખ ધ્રુવ છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પર્યાય છેને. ધર્મની પર્યાય હોં! વીતરાગી પર્યાય. કહે છે, અંતર્મુખમાં એ નથી. આહાહા..! અંતર્મુખ સ્વરૂપ જ એકલું ધ્રુવ સત્ શાશ્વત એવો પ્રગટ પ્રકાશમાન છે. પાછી વસ્તુ પ્રગટ છે. પર્યાયની

અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યો, પર્યાય-અવસ્થા વ્યક્ત છે પ્રગટ. પણ આ વસ્તુ તરીકે પ્રગટ જ છે. ઢાંકેલો છે એ કાંઈ? આવરણમાં છે? વસ્તુ છે. આહાહા..! જ્ઞાનની જ્યોત ઝળહળ જ્યોતિ અરૂપી ભગવાન પ્રગટ પ્રકાશમાન છે. કહો, રમણીકભાઈ! દુનિયામાં તો આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. આવડો મોટો શું? આ રાંકો છોને. અરે..! રાંકો તેં પર્યાયમાં માન્યો છે. છો નહિ. તું તો ત્રણ લોકનો નાથ, ત્રણ કાળ ને ત્રણ લોક તારી પર્યાયમાં સમાઈ જાય એવો મોટો તું છો. આહાહા..!

ગુણ અને દ્રવ્યની તો શું વાત કરવી, પણ એક સમયની પર્યાય જેને બહિર્મુખ અહીં કહે છે અને અંતર્મુખ વસ્તુ શાશ્વત છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનનો પર્યાય પણ વ્યવહાર છે. એમાં લોકાલોક જણાય છે. અંતર્મુખ તત્ત્વમાં એ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા પ્રગટ પ્રકાશમાન અંતર દીવડો ચૈતન્ય પ્રભુ બિરાજે છેને પ્રભુ! એમાં નજર કરવા જેવી છે, ત્યાં દ્રષ્ટિ દેવા જેવી છે, ત્યાં ઠરવા જેવું છે. આહાહા..! બીજે નજર કરવા જેવી નથી. બીજે જોવાનું નથી, બીજે જવાનું નથી, બીજે રહેવાનું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...' પાછું પ્રગટ પ્રકાશમાન એવા સુખનો બનેલો. સમજાણું? આહાહા..! **'विमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख निर्भेदोदितशर्म'**.. મહા આનંદનો સાગર પ્રગટ વસ્તુ છે, અસ્તિ મહાસત્તા પ્રભુ છે એ આત્માને અહીં ધ્રુવ અને શુદ્ધભાવ કહેવામાં આવે છે. એવા ભગવાન ઉપર નજર કેમ કરતો નથી? જ્યાં મહાસાગર ભર્યો છે ત્યાં નજર કેમ કરતો નથી? અને જેમાં કાંઈ નથી એમાં નજર કરીને પડ્યો છો પર્યાયબુદ્ધિએ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'સુખનો બનેલો છે,...' બન્યો હશે કો'ક દિ'? એ આનંદનું રૂપ જ એનું છે. સુખસાગર છે. આહાહા..! લવાલવ–ઠસાઠસ જેમાં સુખ ભર્યું છે. અનંતો અનંતો આનંદ કાઢે તોપણ ત્યાં આનંદ ખૂટે એવો નથી. આહાહા..! કોઠીમાં તો દાણા નાખ્યા હોય, ૫૦ મણ-૧૦૦ મણ કાઢે તો ખુટી જાય. રોજ એટલા ખરચમાં આવે રાંધવામાં એટલા ખૂટી જાય બહારમાં. અહીં તો કહે, ખૂટે નહિ. આહાહા..! એટલા બધા જીવ છે કે સિદ્ધ ગમે તેટલા થાય તોપણ જીવ ખૂટે નહિ, એમ આત્મામાં ગમે તેટલો આનંદ કાઢ તો આનંદ પણ ખૂટે નહિ. આહાહા..! એવો સુખસાગર ભગવાન ધ્રુવ પરમાત્મા પોતે છે એની દ્રષ્ટિ કરતાં આત્મા અંતરાત્મા થાય છે અને એની દ્રષ્ટિ ભૂલીને, વિકલ્પને અને એક અંશને માને તો તે બહિરાત્મા થાય છે. સમજાણું કાંઈ? આ અંતરની અંતરની ગતિ અને દ્રષ્ટિના વિષયની વાત છે.

'જે નભમંડલ સમાન આકૃતિવાળો છે,...' કેવો છે ભગવાન? આકાશમંડળ જેમ અણકરેલું છે. આકાશ કરેલું છે કોઈથી? નભમંડલ આખું હોં આકાશ. સર્વવ્યાપક આકાશ છેને? આ આકાશ જે કહેવાય છે એ આકાશ.. જુઓ, આ ખુલ્લું આકાશ છે એ આકાશ નથી. એ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શની આકૃતિ છે. આજે આકાશ ખુલ્લું દેખાય છે, આજે આકાશ કાળું ભમરાના રંગ જેવું દેખાય છે. પણ એ તો રંગ છે, એ આકાશ નથી. આકાશ મંડળ એટલે આખું–સર્વવ્યાપક ચૌદ બ્રહ્માંડ અને અલોક. એને કોણ કરે? ભગવાન નભમંડળ સમાન કોઈથી નહિ કરાયેલો. જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી. કોણ

બનાવે? આકાશ પદાર્થ સર્વવ્યાપક છે. લોક અને અલોકમાં વ્યાપક છે. એને કોણ બનાવે? છે, બસ! સ્વયંસિદ્ધ આકાશ છે. એમ 'નભમંડલ સમાન...' અપકૃત છે–કોઈથી કરાયેલો નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. ઓલો ખુલાસો કર્યો બધો. સરવાળો કર્યો. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ.. સુખનો બનેલો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વયંસિદ્ધ શાશ્વત છે. એ પહેલાનું આવી ગયું. સ્વયંસિદ્ધ અને શાશ્વત વસ્તુ છે, છે.. છે.. છે. જેની આદિ નથી, જેનો અભાવ વર્તમાનમાં નથી, જેનો ભવિષ્યમાં નાશ નથી—એવો પદાર્થ–એવું તત્ત્વ અનાદિ-અનંત તત્ત્વ જે ભગવાન એને (લક્ષમાં લે).

એનામાં 'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...' શ્લોક તો જુઓ! ભર્યા ઘર છે, નથી કહેતા લોકો? આના ભર્યા ઘર છે એમ કહે. મરી જાય ત્યારે એમ કહે ને કે અરે..! ભર્યા ઘર છોડીને કેમ નીકળ્યા? બાયું રોવે. ભર્યા ઘરમાંથી નીકળ્યા. કોને નીકળવું હતું એને? છે ત્યાં છે એ તો. ભર્યા ઘરમાં પણ નહોતો અને શરીરમાં પણ નહોતો અને રાગમાં પણ એ નહોતો. આહાહા..! ભગવાન આત્મા.. જેની નજરું કરતાં ન્યાલ થાય તેવો આત્મા છે. કહે છે કે 'જેનું ચૈતન્યામૃતના પૂરથી ભરેલું...' પાણીના પ્રવાહનું પૂર ચાલ્યું આવે. જુઓને, હમણાં તો પાણી કેટલું આવે છે. જુઓને! આ બધાને અટકાવ્યાને આજે. ન આવ્યા મુંબઈવાળા. પાણી બહુ વરસાદ એ બાજુ. નર્મદા, તાપી. શું કહેવાય અંકલેશ્વરમાં ન્યાં ક્યાંક છે ને? રોક્યા ત્યાં.

શ્રોતા :- વડોદરા વિશ્વામિત્રિ

પૂજ્ય ગુરુદેવશ્રી :- વિશ્વામિત્રિ. બધે પાણી વરસાદ ઘણો. અહીં ત્રણ દિ' માં સાત ઇંચ આવ્યો વગર આગાહીએ. હવે પછી આજે આગાહી નાખી છે કે આમ થશે. આ હતી ત્યારે આગાહી ક્યાં ગઈ તારી? અહીં તો ત્રણ દિ' માં સાત ઇંચ. ત્યારે તો આગાહી નહોતી. હવે મોટું તોફાન થવાનું, મોટો વરસાદ થવાનો.

અહીં કહે છે, આહાહા..! મહાપ્રવાહથી ભરેલો ભગવાન છે. 'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...' ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યના શૈલીએ કરી છે. ચૈતન્યરૂપી અમૃત એનું પૂર એનાથી ભરેલું સ્વરૂપ છે. ચૈતન્યનું પૂર અંદર ભરેલું છે આખું. સમજાય છે? પાણીના પ્રવાહ મોટા આવે. આ જુઓને નર્મદાનું કેટલું પૂર આવે છે! દળ ચાલ્યું આવે હોં! તાપીમાં કેટલા? ૯૯ ફૂટ ઊંચું. ૧૦૨-૩ ફૂટ ઊંચું. એ તો બધું અમુક માપમાં ઊંચું. આ તો સ્વભાવનું પૂર જેનું માપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય અમૃતનું પૂર, ચૈતન્ય અમૃતનો સાગર. પૂર છે, એ તો પૂર વહે છે. ધોધ... ધોધ.... ધોધ... પડ્યો છે અંદર. આહાહા..! શબ્દો ઓછા પડે છે, કહે છે અહીં.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ કહેવાય છેને થોડું થોડું.

ભગવાન આત્મા જેમાં હરખ, શોક આદિ ઉદયભાવના સ્થાનો નથી. એ તો નાસ્તિથી લીધો. હવે અસ્તિથી લે છે. છે કેવો ત્યારે? આ નથી.. આ નથી... નેતી.. નેતી... કરે છે. વેદાંતમાં આવે નેતી. પણ નેતી છે કેવો? એની વ્યાખ્યા ન હોય. સમજાણું કાંઈ? એની વ્યાખ્યા અહીં હોય છે.

કહે છે, શ્રીમદ્‌માં આવે છેને? નહિ? બાકી અનુભવ રહેલ, એમ આવે છેને કંઈક ભાષા, નહિ? 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' એમ આવે છે. આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ. છે કેવું? કે એને બધાને બાદ કરતાં રહે અનુભવસ્વરૂપ તે આત્મા. 'અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ.' એના પહેલાં પદ શું છે?

શ્રોતા :- જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, 'જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો જે દેખે છે રૂપ. જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો...' દ્રષ્ટિનો પણ દ્રષ્ટા એમ કહે છે. આહાહા..! 'જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો અને જે દેખે છે રૂપ, અબાધ્ય...' બાદ કરતાં.. કરતાં.. કરતાં.. કરતાં.. બધું નીકળી જાય ત્યારે રહે કેવો? અબાધ્ય, જેને હવે બાદ કરી શકાય નહિ. છે એને બાદ શી રીતે કરવો? રાગ નથી, પુણ્ય નથી, શરીર નથી, કર્મ નથી, એક સમયની પર્યાય નથી એમાં. આહાહા..! સમજાણું કાંઈ? 'અબાધ્ય અનુભવ જે રહે...' એને કાઢતા જે અનુભવ વસ્તુનો રહે. 'તે છે જીવસ્વરૂપ...' ભગવાન આત્માનું આવું સ્વરૂપ.

કહે છે, 'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...' આહાહા..! 'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...' આહાહા..! એ વિચિક્ષણ એવા જ્ઞાની, એવા સમકિતી, એને ગમ્ય છે કહે છે. અજ્ઞાનીને એ ગમ્ય હોઈ શકે નહિ. આહાહા..! જુઓ આવ્યું અહીંયા. ઓલામાં કહ્યું હતુંને? ચાર ભાવોને અગોચર છે. એ તો ચાર ભાવને આશ્રયે જણાય એવો નથી. અહીંયા કહ્યું જુઓ! 'વિચારવંત...' એટલે જ્ઞાની, સમ્યગ્દ્રષ્ટિ, સમ્યગ્જ્ઞાની, વિચિક્ષણ એને, એવા ડાહ્યા પુરુષો... એને ડાહ્યા પુરુષો કહ્યા કે જે આત્માને પારખીને પકડે છે, એને ગોચર એટલે ગમ્ય છે. એ જ્ઞાનની દશામાં, નિર્મળ દશામાં તેની ગમ્યતા છે. રાગથી, પુણ્યથી, વ્યવહારથી તેની ગમ્યતા, તેની પ્રાપ્તિ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કેમ આજે તમારે વાર લાગી શેઠને? તમારે શેઠ મુંબઈથી એક દિ' માં આવ્યા. કહો, સમજાય છે? આ બધાની સાથે હોય. કોણ જાણે... એ તો એક દિ' માં આવી જાય. આ સંસાર એવો છે માળો. ભગવાન એવો નથી. સંસાર વિચિત્ર જાળ... આહાહા..!

પ્રભુ! કહે છે કે 'વિચારવંત ડાહ્યા પુરુષોને...' જેણે સ્વભાવ સન્મુખ થઈને વિચાર કર્યો છે એવા ડાહ્યા પુરુષોને ગમ્ય છે. આહાહા..! અરે..! 'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...' જુઓ આ લીધું. ભગવાન! આવો આત્મા તું પોતે છોને. તને આવા આત્માની રુચિ કેમ થતી નથી! જુઓ! આ આશ્ચર્ય કર્યો છે. અરે..! 'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી....' એમ નથી કે એને કર્મ નડે છે ને કાળ નડે છે માટે રુચિ કરતો નથી. તું રુચિ કરતો નથી તો થતી નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? મહાપ્રભુ તું પોતે છોને ધ્રુવ. આહાહા..! એવા ભગવાનની રુચિ.., અરે..! એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી!

અરે..! કેમ તને આ માલ પોષાતો નથી? આવો માલ લેવો તને કેમ પોષાતો નથી? એમ કહે છે. એય..! પ્રાણભાઈ! અહીં લાવ્યા જોયું! અરે..! આવો પ્રભુ છેને ભાઈ! તને ખ્યાલમાં નથી આવતો? કેમકે તું રુચિ કરતો નથી એમ કહે છે.

'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?' આહાહા..! અરે..! ભૂંડા સુખની કલ્પનામાં કેમ પડ્યો છો બહારની? ભૂંડા સુખ. ભૂંડા સમજ્યા ને? ખોટા. ભૂંડા કહે છે અમારી કાઠિયાવાડી ભાષામાં. આહાહા..! આવો પ્રભુ બિરાજે છે અને તું એની રુચિ, એની દ્રષ્ટિ, એની સામું કેમ જોતો નથી? અને આ દુષ્કૃત સંસાર કલ્પનાના સુખની જાળ બાંધી છે. અરે..! એવા સુખને કેમ ઇચ્છે છે? આહાહા..! મને સ્વર્ગ મળે, મને પૈસા મળે, મને કોઈ વખાણે, મને કોઈ મોટો કહે. અરે..! આ સંસારના સુખ..? ભાઈ! તને આ વાંછા કેમ થાય છે? સમજાણું કાંઈ? ઘરે ભર્યા ભાણા મૂકીને એંઠા ચાંટે છો? એમ કહે છે. કહે છે નહિ? ઘરે સારી, સજ્જન સ્ત્રી હોય, એને મૂકીને વ્યભિચારી ક્યાંક ગોથા ખાતો હોય, તો લોકો કહે ભાઈ! ઘરે ભર્યે ભાણું પડ્યું છે એને મૂકીને ક્યાં જા છો? એમ આ ભર્યો ભગવાન છેને અંદર તારી પાસે, કહે છે. કીધું ને માથે?

'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...' સમજાણું કાંઈ? અરે..! એને છોડીને આ દુષ્કૃત સંસાર... પુણ્ય-પાપના ભાવ અને તેના ફળ, એના સુખને કેમ વાંછે છે? શું તને થયું છે? ભાઈ! આહાહા..! એમ પદ્મપ્રભમલધારિદેવ મુનિ આશ્ચર્ય કરીને કહે છે. અરે..! આવો ભગવાન તું છોને ભાઈ! તને કેમ રુચિ થતી નથી? અને એવા ભગવાન સિવાય આવા સુખની કલ્પના કેમ કરે છો? એમ કરીને આશ્ચર્ય કર્યો છે. માટે આત્મા આવો છે એને સમજીને રુચિ ને દ્રષ્ટિ કરવી. એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*****

## ભાદરવા સુદ ૧, શુક્રવાર, તા. ૧૨-૯-૧૯૬૯
## ગાથા-૪૦, શ્લોક-૫૫, પ્રવચન-૪

આ નિયમસાર શાસ્ત્ર ચાલે છે, એનો શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ એટલે શું? કે આત્માનો જે ત્રિકાળી.... શેઠી કહે છે, કારણપરમાત્મા ને પરમપારિણામિક શું છે? એનું સ્પષ્ટીકરણ તો ચાલે છે. શુદ્ધભાવ એટલે આત્માનો એક સમયમાં ત્રિકાળી ધ્રુવ નિત્ય સ્વભાવ, જેમાં કર્મ, શરીર નથી, જેનામાં પુણ્ય-પાપના વિકલ્પો પણ નથી અને જેમાં વર્તમાન અવસ્થા–પર્યાય જે છે એ પર્યાય પણ જેમાં નથી. એવા ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવસ્વભાવને અહીંયા કારણપરમાત્મા તરીકે (કહે છે). કેમકે કાર્ય જે થાય છે– સિદ્ધદશાનું કાર્ય, એ કારણ ત્રિકાળી જ્ઞાનાનંદસ્વભાવમાંથી કાર્ય થાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળી ચિદાનંદ ધ્રુવસ્વરૂપ, જેને અહીંયા શુદ્ધભાવ કહ્યો એને જ કારણપરમાત્મા કહે છે અને એને જ પરમપારિણામિક સ્વભાવભાવ કહે છે. સમજાય છે કાંઈ? જેને સામાન્ય સ્વભાવ કહો. એકરૂપ રહેનાર કાયમનું તત્ત્વ તેને અહીંયા શુદ્ધભાવ કહે છે. શરીર, વાણી, મન તો પર છે, એ કાંઈ આત્મામાં નથી અને દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધના જે વિકલ્પ ઊઠે એ તો ઉપાધિ, મેલ છે. એ કહેશે હમણાં. ઉપાધિ, મેલ છે એ કાંઈ આત્મામાં નથી.

જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય—ધર્મની પહેલી દશા પ્રગટ કરવી હોય—એને આવો આત્મા જે ત્રિકાળી ધ્રુવ, જેમાં મલિન પરિણામ તો નથી, પણ જેની વર્તમાન અવસ્થામાં જે કાંઈ નિર્મળ અવસ્થા અસ્તિત્વ ગુણાદિની હોય, એ નિર્મળ અવસ્થા પણ જે ત્રિકાળીમાં નથી. સમજાય છે કાંઈ? એને કારણપરમાત્મા કહો, એ ધ્રુવસ્વભાવને કારણજીવ કહો, એ ધ્રુવ પરમસ્વભાવભાવને પારિણામિક પરમભાવ કહો, એને પરથી ભિન્ન તદ્દન અબદ્ધસ્પૃષ્ટ એવો ભાવ કહો, એને એકરૂપ જ્ઞાયકભાવ ત્રિકાળી તેમ કહો, તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી એવો નિરપેક્ષ શુદ્ધભાવ કહો—એ બધું એકાર્થ છે. શેઠ! સમજાય છે કાંઈ?

શ્રોતા :- નિર્મળ પરિણામ...?

પૂજ્ય ગુરુદેવશ્રી :- નિર્મળ પરિણામ વસ્તુમાં નથી. વસ્તુ તો પર્યાય રહિત છે. મોક્ષની પર્યાય પણ જેમાં નથી. અને મોક્ષમાર્ગની પર્યાય જે છે મોક્ષમાર્ગની... આ મોક્ષમાર્ગનો અધિકાર છે આ નિયમસાર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય–અવસ્થા, એ પણ ધ્રુવમાં નથી.

શ્રોતા :- આપે કહ્યું, કારણમાંથી કાર્ય થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ભેદની દ્રષ્ટિથી એમ કહેવાય છે. ભેદની દ્રષ્ટિએ તો એમ જ છે. સમજાય છે કાંઈ? પણ વાસ્તવિક તો ધ્રુવ તે ધ્રુવ છે અને પર્યાય પ્રગટ થાય છે તે સ્વતંત્ર પર્યાય પ્રગટ થાય છે. પણ વસ્તુસ્થિતિ એવી છે કે ભેદથી જ્યારે એને જાણવું હોય ત્યારે એ પર્યાય આવે છે અંદરથી. અને જે પર્યાય થઈ એ પાછી જાય છે અંદર. વસ્તુ એવી છે. દેવીલાલજી! પણ એની એકરૂપતા–સદ્રશ્યતાના ધ્રુવને જો લક્ષમાં લે તો એમાં એક સમયની પર્યાયનું આવવું-જાવું એવું એનામાં છે નહિ. એ તો ઓલો અંશ છે એટલે એ તો ભેદદ્રષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? ઝીણું તત્ત્વ છે.

સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય કે જેનાથી આત્મકલ્યાણની દશા પ્રગટ થાય એવો જે વિષય દ્રવ્ય. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય કહો તો એ. જે નય એક અંશને–ત્રિકાળી ધ્રુવને સ્વીકારે. સમજાય છે કાંઈ? જેમાં નજર–શ્રદ્ધાને અંદરમાં પ્રસરવાથી, ફેલાવવાથી આખી વસ્તુ જ્યાં પર્યાયમાં કબજે આવી જાય છે. સમજાણું કાંઈ? એવો જે ત્રિકાળી કારણપ્રભુ, જેમાં કારણરૂપ શક્તિ પૂર્ણ પડી (છે) ધ્રુવરૂપે, એને કારણપ્રભુ કહેવાય છે. એક સમયની પર્યાય વિનાના તત્ત્વને. કેવળજ્ઞાનની જે એક સમયની પર્યાય છે એ પણ વસ્તુમાં નથી–ધ્રુવમાં નથી. શેઠ! જરી ઝીણું છે.

શ્રોતા :- બહુ ઝીણું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બહુ ઝીણું. હું ઝીણું કહું એનો અર્થ કે ધ્યાન રાખવા જેવું છે, એમ. આહાહા..! સમજાય છે કાંઈ?

જેમાં એકરૂપ સત્‌રૂપ સદ્રશ્યરૂપ એકલો આનંદ અને શાંતિ એકરૂપ પડી છે એવા આત્મતત્ત્વને ત્યાં નિશ્ચય આત્મા કહો. નિશ્ચય આત્મા (અર્થાત્) ખરેખર આત્મા. પર્યાયવાળો આત્મા એ વ્યવહાર આત્મા છે. સમજાણું કાંઈ? એક સમયની કેવળજ્ઞાનાદિ પર્યાય એ વ્યવહાર આત્મા છે. શોભાલાલજી! આ ઝીણું છે.

શ્રોતા :- ઝીણું સમજવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમજવું છે? ઠીક. આહાહા..! શેઠને હજી બહુ ઓલું કર્યું હોય ને થોડું થોડું સમજવામાં જરી (વાર લાગે). આહાહા..!

કહે છે, આ 'શુદ્ધભાવ' શબ્દ છેને માથે? માથે છેને ઉપર? શુદ્ધભાવ. નિયમસાર. આ બાજુ નિયમસાર અને આ બાજુ શુદ્ધભાવ અધિકાર છે. સમજાણું? આ બાજુ ૮૦ છે. આ બાજુ ૪૦ છે ગાથા. તમારે ૮૦-૪૦ ચાલવાનું છેને કાલે? એય..! ચીમનભાઈ! એય..! વજુભાઈ! જુઓ અહીં. પાનું ૮૦ છે અને ગાથા ૪૦ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા આઠ કર્મરહિત છે. અહીં એ ગાથા આવી છે કુદરતે. જુઓ! (પાનું) ૮૦ છે ને? અને ૪૦ ગાથા છે. ભગવાન આત્મા.... આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. કર્મ જે જડ છે એ જડના આઠ ભેદ છે. સમજાય છે? અને જેની અંદર... અહીં તો કહેશે, પ્રકૃતિમાં સ્વ આકાર કહેશે. ભિન્ન ચીજ કહે છે. પ્રકૃતિ એ એનો પરમાણુ–કર્મનો સ્વભાવ છે, એનો એ સ્વ-આકાર છે, સ્વભાવ છે

એનો, એમ. પ્રકૃતિ એટલે ભાવ, ભાવ એટલે સ્વ-આકાર. આહાહા..! સમજાણું કાંઈ? અને એ કર્મની પ્રકૃતિમાં જે સ્થિતિ પડે છે ૭૦ અને ૪૦ ક્રોડાક્રોડી વગેરે વગેરે, એ બધી જડમાં છે. એ જડની સ્થિતિ, જડના પ્રદેશો સંખ્યાએ અનંત, જડમાં પડેલો રસ-અનુભાગ અને એનો પ્રકૃતિ સ્વભાવ-આકાર. ચારેય જડના છે એ આત્મામાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આ તો માણસ કહે, કર્મ અમને હેરાન કરે છે. જૈનમાં તો કર્મ નુકસાન કરે. જગતને ઈશ્વર રખડાવે, ત્યારે આને કર્મ રખડાવે. એય..! પણ કર્મ વસ્તુમાં જ નથી પછી રખડાવે ક્યાંથી તને? એમ કહે છે. એ તો કર્મના ચતુષ્ટય જે છે આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ... પરમાણુ, એની સ્થિતિ, એનો ભાવ. સમજાય છે? એનું ક્ષેત્ર જે છે એટલું—એ ચારેય તેનામાં છે. કર્મના કર્મમાં છે, આત્મામાં નથી. અહીં તો એક સમયની પર્યાય વિનાનો પહેલો સિદ્ધ કર્યો અને હવે બધા પ્રકારને ભિન્ન-ભિન્ન રીતે સિદ્ધ કરે છે.

ચૈતન્ય મહાપ્રભુ.. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં મહા ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્વરૂપ છે. પર્યાય છે કેવળજ્ઞાનની એવી એવી તો અનંતી-અનંતી પર્યાયનો સમૂહ એક જ્ઞાનગુણ છે. સમજાય છે કાંઈ? સદ્રશ્યરૂપે ગુણ. આનંદ જે પ્રગટે છે પર્યાયમાં, એક સમયનો આનંદ... કેવળીનો અનંત આનંદ એ પણ ત્રિકાળી આનંદની અપેક્ષાએ તો અનંતમા ભાગનો આનંદ છે. સમજાણું કાંઈ? આત્મબળ જે છે અંદર વીર્ય, જે પૂર્ણ વીર્ય–બળ પ્રગટે છે પર્યાય–અવસ્થામાં એ તો અનંત અનંત પુરુષાર્થનો પિંડ છે એના અનંતમા અનંતમા ભાગનું વીર્ય પ્રગટે છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આહાહા..! અને સાધકનો જે પુરુષાર્થ છે એ તો ઘણા અનંતમા અનંતમા ભાગે છે. ભગવાન તો એકલો પુરુષાર્થનો પિંડ છે. સમજાણું કાંઈ? એકલા વીર્યની કાતળી, ધ્રુવ આત્મબળ. સમજાણું કાંઈ? એવું જે જ્ઞાન, એવું દર્શન, આનંદ, વીર્ય આદિ ચતુષ્ટય પ્રગટે છેને અને એના કારણરૂપ જે મોક્ષનો માર્ગ છે એ તો ધ્રુવના સ્વભાવમાં ક્યાંય અનંતમા અનંતમા ભાગે છે. અમરચંદભાઈ!

આ તો ભગવાનના ઘરની વાતું છે ભાઈ! એવો જે ભગવાન આત્મા જેને અનંત વીર્ય એક સમયમાં પ્રગટ્યું, એનાથી પણ અપરિમિત અનંત વીર્યનો પિંડ પ્રભુ ધ્રુવસ્વરૂપ નિત્ય સ્વભાવ, કાયમી સ્વભાવ, અસલી સ્વભાવ, કારણસ્વભાવ, કારણજીવ, પરમપારિણામિકસ્વભાવ, શુદ્ધભાવ, નિત્યભાવ, સદ્રશ્યભાવ, સામાન્યભાવ, એકરૂપ ભાવ છે. શેઠી! આ બધું વિશેષણ ચાલે છે અહીં. આહાહા..! સમજાય છે કાંઈ? એવો જે ભગવાન શુદ્ધભાવ સ્વભાવનો જે પિંડ છે, એકરૂપ સદ્રશ્ય રહે છે એવો શુદ્ધભાવ, એમાં એની વર્તમાન થતી પર્યાય પણ જેમાં નથી. સમજાય છે કાંઈ? એ પહેલાં આવી ગયું છે પહેલી ગાથામાં. સંવર, નિર્જરા, મોક્ષ અને જીવનો એક સમયનો પર્યાય, એ આવો જે ધ્રુવ આત્મા એની એક સમયની દશા એ વ્યવહારજીવ છે. સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય એક સમયની એ પણ વસ્તુના મૂળ તત્ત્વમાં–આત્મદ્રવ્યમાં નથી. તો પછી આસ્રવ અને બંધ.. પુણ્ય-પાપના શુભ વિકલ્પો એ આસ્રવ, શુભ અને અશુભ એ આસ્રવ અને અટકતી દશા એવો ભાવબંધ એ વસ્તુમાં નથી, એનાથી દૂર છે એ. આરે..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એની કેવળજ્ઞાનાદિની પર્યાયથી પણ દૂર વર્તતો છે આત્મા. પંડિતજી! સમજાય છે કે નહિ? આ તો ભાષા સાદી છે. પહેલાથી 'ન સમજાય' એમ કરીને.. 'ન સમજાય' એમ કરીને થઈ જાય છે. આ તો સાદી શાસ્ત્રભાષા છે. સમજાણું કાંઈ? વસ્તુ જે વસ્તુ ધ્રુવ નિત્ય દ્રવ્યસ્વભાવ, કાયમી તત્ત્વનો સ્વભાવ, ભલે ઊંચે, નીચે ક્ષેત્રે ક્યાંય હોય, એને ઊંચા, નીચા ક્ષેત્ર લાગુ પડતું નથી. આહાહા..! એવો એક-એક ભગવાન આત્મા જેને એક સમયનો કાળ લાગુ પડતો નથી, એક સમયની અવસ્થાનો. ત્રિકાળ કહેવું એ પણ એક અપેક્ષિત વાત છે. વસ્તુ છે, બસ એમને એમ. સમજાય છે કાંઈ? એવી વસ્તુ ઉપર દ્રષ્ટિ કરવી તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. કહો, મૂળચંદભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કરે તો બને. નથી કરતો, ભાન ન મળે એમને એમ કરતો નથી. આ રખડે છે આ બીડી અને તમાકુમાં, જુઓને. સમજાય છે? આ તો દાખલો. બધાય એમ જ કરે છેને. આ ડોક્ટર-બોક્ટર. વકીલ પણ કરે. આહાહા..!

અરે..! ભગવાન! તારું તળિયું એટલું મોટું છે એમ કહે છે. તળિયું સમજો છો? પાતાળ કૂવાનું પેટાળ કહેવાય છેને પેટાળ. પાતાળનું પેટાળ, પાતાળનું પેટાળ. કૂવા પાતાળી થાય છેને? પાણી ખૂટે જ નહિ, ખૂટે જ નહિ. એવો ભગવાન પાતાળ કૂવો છે. આહાહા..! 'શુદ્ધ પરિચિત અનુભૂતા.' બીજી વાત તેં સાંભળી છે કહે છે. પણ આવો સ્વભાવ છે એ વાત તેં રુચિપૂર્વક કોઈ દિ' સાંભળી નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? બાકી આ બધા તમારા પૈસા ને શરીર ને ધૂળધાણી ને બાયડી, છોકરા એ તો ક્યાંય એનામાં રહ્યા. એ એના થઈને રહ્યા છે, તારા થઈને રહ્યા નથી. બરાબર હશે? એના થઈને રહ્યા છે. અહીં તો કહે છે કે એક સમયની પર્યાય પણ એની થઈને રહી છે, દ્રવ્યની થઈને રહી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો પરમેશ્વરના પેટ ખોલાય છે. સમજાણું?

કહે છે કે એવો શુદ્ધભાવ એનો અધિકાર આ ચાલે છે. એ ૪૦મી ગાથા છે, જુઓ.

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा ।।४०।।**

સ્થિતિબંધ સ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશના સ્થાનો નહીં,
અનુભાગના નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

'ટીકા – અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ,...' કર્મના સ્વભાવનો આકાર એવો જે બંધ. 'સ્થિતિબંધ,...' કર્મની મુદતનો કાળનો જે બંધ. કર્મમાં હોં! 'અનુભાગબંધ,...' રસશક્તિનો બંધ. અને પ્રદેશની સંખ્યાનો બંધ પુદ્ગલકર્મમાં. આ કર્મ કર્મની રાડું પાડે છેને માણસો? અરે..! કર્મે હેરાન કર્યા, કર્મે રખડાવ્યા, ચાર ગતિમાં કર્મ લઈ જાય—એમ છે નહિ. તારામાં નથી, તને શું લઈ જાય? એમ કહે છે. સમજાણું કાંઈ? એ 'ઉદયનાં સ્થાનોનો સમૂહ...' જુઓ! આ બધાનો સમૂહ કીધું છેને? સ્થાન કીધા

છે ને એટલે સમૂહ. 'જીવને નથી...' ત્યારે કોને હોય એ? કર્મ કોને હોય? જીવને ન હોય ત્યારે લાકડાને હોય? આહાહા..! ભાઈ! એ કર્મ, કર્મ થઈને રહ્યા છે, એ જીવની કોઈ પર્યાય થઈને રહ્યા નથી. જીવનું દ્રવ્ય જે છે વસ્તુ અને એની શક્તિઓ–ગુણ છે એ પણે તો કર્મ થઈને રહ્યા નથી, પણ તારી પર્યાય થઈને પણ એ રહ્યા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? તારી પર્યાય થઈને રહેલા જે ભાવ હોય એનાથી પણ ધ્રુવસ્વભાવ શુદ્ધ તો ભિન્ન દૂર વર્તે છે. તો પછી કર્મથી તો તદ્દન દૂર વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે કહે છે, જુઓ! 'સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...' શેઠી! હવે તમારું આવ્યું જુઓ! પરમપારિણામિકભાવ. કારણ આત્મા કહો, પરમપારિણામિકભાવ કહો, એને શુદ્ધભાવ કહો, એને પર્યાયની ક્રિયા વિનાનો ધ્રુવસ્વભાવ કહો—એ બધું એક જ છે. એવો જે ભગવાન આત્મા એ સદા ત્રણે કાળ. ઓલામાં ત્રિકાળ શબ્દ લીધો હતો-ત્રિકાળ નિરૂપાધિ. તો આમાં સદા લીધો. ભગવાન અંદર બિરાજમાન પ્રભુ ધ્રુવ, જેમાં નજરૂં નાખતાં કલ્યાણ થાય, જેના ઉપર નજર પડતાં મોક્ષમાર્ગની દશા પ્રગટ થાય, નજર નાખતા પ્રગટ થાય. આહાહા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન મહાપ્રભુ, શુદ્ધ ધ્રુવ. 'સદા નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...' ત્રિકાળ સદા એનું નિરૂપરાગ.. નિરૂપરાગ-ઉપરાગ વિનાનું. નિરૂપ શબ્દ પડ્યો છેને? ઉપરાગ વિનાનું.

'ઉપરાગ =...' હવે ઉપરાગની વ્યાખ્યા. 'કોઈ પદાર્થમાં,...' આત્મા ત્રિકાળી ધ્રુવ એ નિરૂપરાગ છે, ઉપરાગ એમાં નથી. ઉપરાગ એટલે શું? 'કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે...' અન્ય ઉપાધિની નજીકતાને કારણે 'થતો ઉપાધિને અનુરૂપ વિકારીભાવ;...' એ ઉપાધિને અનુરૂપ. ઉપાધિ નિમિત્ત છે. કર્મ, સમજાણું કાંઈ? એ નિમિત્ત છે. એને અનુરૂપ... નિમિત્ત છે તે અનુકૂળ છે. જડકર્મ છે જડ છે તે નિમિત્ત અનુકૂળ છે અને એને અનુરૂપ.. એને અનુરૂપ આત્માની થતી વિકારી અવસ્થા તેને અહીંયા ઉપરાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ! ઉપરાગ શબ્દ પડ્યો છેને? ઉપરાગ. 'કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના...' સમીપ. ઓલો 'ઉપ'નો અર્થ સમીપ ભાઈ! આહાહા..! ઉપ એટલે સમીપ. એના 'નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ...' એ કર્મ નિમિત્ત છે એને અનુરૂપ. કર્મ નિમિત્ત છે તે અનુકૂળ.. અનુકૂળ. અનુકૂળ અને અનુરૂપ. સમજાણું કાંઈ? નિમિત્તને અનુકૂળ કહેવાય છે અને નૈમિત્તિક દશાને અનુરૂપ કહેવાય છે.

કહે છે, 'અન્ય ઉપાધિની...' અન્ય ઉપાધિ હોયને? પોતાની ઉપાધિ હોય? એમ કહે છે. અન્ય ઉપાધિ જે કર્મની છે એના સમીપપણાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ. એ ઉપાધિ જે કર્મ છે એને અનુરૂપ. એટલે શું? કે વિકારીભાવ. એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એવો જે ભાવ, એ રાગ છે અથવા ઉપાધિ છે અથવા મેલ છે. એ મેલ વિનાનો આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! નિરૂપરાગ સદા જેનું સ્વરૂપ છે. ભગવાન (આત્મા) તો નિર્મળાનંદ પ્રભુ ચૈતન્ય રત્નાત્કર ધ્રુવ ભગવાન, પરમસ્વભાવે બિરાજમાન છે, જેની પર્યાયને પણ જ્યાં અપરમભાવ કહ્યો, એના સમીપે ઉપાધિભાવને તો શું કહેવું? કહે છે. એ એનામાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- આ વાત શેની ચાલે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- શેની વાત ચાલે છે આ? એ સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ચૈતન્ય કોને કહેવાય એની વાત ચાલે છે. નિયમસાર છેને? નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન એ નિયમ અને સાર એટલે વિકાર અને વ્યવહાર વિનાનો ભાવ, એને નિમયસાર મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એ મોક્ષનો માર્ગ પ્રગટ થવામાં કોણ કારણ છે? કે ધ્રુવ. ડોક્ટર! ઝીણું છે થોડું આ. સમજાણું આમાં? ઓલા સંચા-બંચામાં આખો દિ' ગૂંચવાઈ જાયને એટલે આ શું હશે અત્યારે? આહાહા..!

ભગવાનનો મહા સંચો એવો છે અંદર, કહે છે કે જેની સદ્રશ્યતાની, એકતાની ધ્રુવતામાં જેને વર્તમાન એક સમયની પર્યાયનો પણ જેને સ્પર્શ નથી. આહાહા..! એમ કહીને એવું જે ધ્રુવતત્ત્વ છે એમાં દ્રષ્ટિ મૂકીને, અંતર્મુખ થઈને અંતર્મુખ સ્વભાવમાં.., અંતર્મુખ સ્વભાવ છે ધ્રુવ શુદ્ધભાવ, એને અંતર્મુખ પરિણતિથી દ્રષ્ટિમાં લઈને અનુભવવો એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

કહે છે, એવો ભગવાન આત્મા જેમાં મેલ તો અંશે નથી. સમજાણું? આ મોટા કર્મના થોક પડ્યા છે, બાંધ્યા છે. પણ નથી તારામાં, સાંભળને! આહાહા..! તારી દ્રષ્ટિએ તને ગાંડો–પાગલ બનાવ્યો છે કે હું આ વાળો છું, આવો છું, આ વાળો છું, કર્મવાળો છું. મેલવાળો છું. એવી દ્રષ્ટિને પાગલદ્રષ્ટિ, મિથ્યા દ્રષ્ટિ કહે છે. વસંતભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છેને? તો એનો સ્વભાવ છેને? એ વસ્તુ અને વસ્તુનો સ્વભાવ નિત્ય એકરૂપ રહે છે. એને જ ખરો આત્મા અને કારણપરમાત્મા કહેવામાં આવે છે. એ આત્મા ખરો છે. આહાહા..! એવા ખરા આત્માની અંદરમાં જેનું સદા નિરૂપરાગસ્વરૂપ છે... એનું તો સદા ઉપાધિ વિનાનું સ્વરૂપ છે. અથવા ઉપાધિના સમીપે થતો મેલ એ વિનાનું સ્વરૂપ છે. આહાહા..!

'એવા નિરંજન...' નિરંજન એટલે નિર્-અંજન એટલે નિર્દોષ. અંજન વિનાનો. અંજન–આંજણ આંખમાં નથી આંજતા?

શ્રોતા :- છોકરાઓને આંજે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છોકરા અને મોટા પણ આંજે છે અત્યારે, કાળી ટીકી કરવા. એ સુરમો આંજે છે. લ્યો, એ ઠીક કહે છે. ઓલાને આંજે ઓલું. મોટા સુરમો આંજે આમ. લે ને સળી? અને આમ કરીને ફેરવે સવારમાં. ધૂળેય નથી, સાંભળને હવે.

અંદર ભગવાન ચિદાનંદ પ્રભુ એવો બિરાજમાન અનાદિ-અનંત શાશ્વતતત્ત્વ છે. પોતાનું નિજ હોં! એ નિરંજન છે–એને અંજન છે નહિ. નિરૂપરાગ–રાગ વિનાનો કહ્યો, પછી નિરંજન કહ્યો એટલે કે અંજન વિનાનો નિર્દોષ, એમ. અસ્તિથી કહ્યું, નિર્દોષ ભગવાન આત્મા. એ નિર્દોષ સ્વભાવનો આખો સાગર છે. એમ કેમ બેસે? અહીં બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. એક ચપટી તમાકુ હોય ત્યાં આહા..! તૃપ્ત.. તૃપ્ત.. અને ચા-બા પીને આવીએ પા-શેર, દોઢ પા-શેરનો ઉકાળો, ત્યારે સાંભળવામાં મગજ ઠીક રહે. અને ચા, ઉકાળા વિના સાંભળવા બેસીએ તો મગજ ઠીક રહે નહિ. દોઢ પાશેરના ઉકાળે

મગજ તારું ઠીક રહે? આવી તે ભ્રમણા! ઉકાળો છેને, એ શું છે? ચા.. ચા.. ઊની ઊની ઉકાળે છે. બીજું શું છે, ધૂળ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- તેજી ધૂળેય આવતી નથી. કોને તેજી આપે? આહાહા..! એકને ત્યાં મરવાની તૈયારી હોય ચા નાખવા જાય તો અહીં શ્વાસ અટકી જાય ફડાક. એ જ્યાં નાખવા જાય ત્યાં રગમાં અંદર ન ઉતરે ત્યાં પકડાઈ જાય. ફૂ.. જાવ બીજે સ્થાને ચા પીતા. સમજાય છે? એ ચા તો ધૂળ છે ચા. માટીના રજકણોની દશા છે. એને લઈને આત્માને મજા આવે. એને આવો આત્મા છે એ કેમ બેસે? સમજાણું કાંઈ? મહેન્દ્રભાઈ! લ્યો, એમણે પૂછ્યું છે ડોસાએ કે પરમપારિણામકભાવ અને કારણપરમાત્માને જરી સ્પષ્ટ કરજો. આહાહા..!

કહે છે કે, જે સ્વરૂપ છે એની તો ઈશારાની વાતું આવે છે આ તો. એની વ્યાખ્યા સર્વજ્ઞ પણ પૂર્ણ રીતે વાણીમાં લાવી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

લોગસ્સમાં નથી આવતું? 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ' આવે છે? બલુભાઈ! લોગસ્સ.. લોગસ્સ. બધે આવે છે. આમાં પણ આવે છે, પણ આ લોકોને ખબર નથી. લોગસ્સમાં એવું આવે છે 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ'. હે ભગવાન! સિદ્ધિ મને દેખાડો. આહાહા..! દિસંતુ એટલે દેખાડો. 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ'. મારે બીજું કાંઈ જોઈતું નથી. હે પ્રભુ! આપની સિદ્ધદશા મને દેખાડો.

શ્રોતા :- દેખાડો, આપનું કામ એ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ કેવળજ્ઞાન થતાં સિદ્ધદશા પ્રગટ દેખાય છે. મતિ-શ્રુતમાં પરોક્ષ રીતે હોય છે, કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ સિદ્ધ (હોય છે). એ માગે છે, મને સિદ્ધ દેખાડો. પ્રભુ! તમારું પદ છેને દેખાડવાનું? એ તો પદ ક્યારે દેખે? કે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ કરે ત્યારે. કેવળજ્ઞાન, કેવળદર્શન ક્યારે થાય? કે મોક્ષનો માર્ગ પ્રગટ કરે ત્યારે. મોક્ષમાર્ગ પ્રગટ ક્યારે થાય? કે ધ્રુવને અવલંબે ત્યારે.

શ્રોતા :- ધ્રુવને અવલંબે ક્યારે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો પૂછયું, ધ્રુવને અવલંબે ક્યારે? કે પુરુષાર્થ કરે ત્યારે. કહો, સમજાય છે કાંઈ? બહારનું વલણ ફેરવીને અંતરના વલણમાં કરે ત્યારે. વલણ સમજાય છે? ઝુકાવ. બહારનો ઝુકાવ છે એ અંદરનો ઝુકાવ કરે. આહાહા..! માર્ગ તો એવો છે ભાઈ! એવો માર્ગ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પ્રભુ પોતે સર્વજ્ઞસ્વભાવી ધ્રુવ છેને, એમ કહે છે અહીં તો.

પૂર્ણ સ્વભાવ છે એનો અર્થ શું? સર્વજ્ઞની એક સમયની પર્યાય તો ક્યાંય રહી ગઈ. એવા એવા સર્વજ્ઞનો સર્વજ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... ઉપયોગ, ત્રિકાળી ઉપયોગ, ત્રિકાળી ધ્રુવ ઉપયોગ. આ નિયમસારમાં જ આવે છેને પહેલું? ત્રિકાળ ધ્રુવ ઉપયોગ. **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं'**. જેનો જ્ઞાન અને દર્શનનો ભાવ–ઉપયોગ ત્રિકાળ ભગવાન આત્માનો છે એ ધ્રુવ છે. સમજાણું કાંઈ? એવા આત્મામાં 'સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે એવા નિરંજન (નિર્દોષ)...' હવે આવ્યું. શેઠી! 'નિજ પરમાત્મતત્ત્વને....' એ નિજ પરમાત્મતત્ત્વ કહો કે કારણપરમાત્મા કહો કે પરમપારિણામિક (કહો). પરમપારિણામિક એટલે? કોઈ નિમિત્તના સદ્‌ભાવની અને અભાવની જેને અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? એવો એકરૂપ ત્રિકાળી ભગવાન નિજ પરમાત્મતત્ત્વ. જુઓ! બીજા ભગવાન એક કોર રહ્યા. અહીં તો નિજ પરમાત્મતત્ત્વ... પરમ તત્ત્વ ભગવાન આત્મા કાયમ રહેનારો ધ્રુવ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધભાવ એટલે ધ્રુવ.

'એવા નિજ પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના, જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્થાનો નથી.' જઘન્ય અંતર્મુર્હૂતની સ્થિતિ અને ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડીની વગેરે વગેરે જેની જે હોય એની. અને મધ્યમ એના બધા ભાગ. એવા જઘન્ય નામ હીણી દશા નાની સ્થિતિ હોં કર્મમાં. અને મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ, એના બંધના પ્રકારના સ્થાનોનો સમૂહ ભગવાનમાં છે જ નહિ. આહાહા..! એક કહે, આહા..! ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ કર્મની! સમજાય છે? મિથ્યાત્વની ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિ. એક સમયમાં હોં. એટલે? કે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ. એક સાગરના અસંખ્ય ભાગમાં.. એક સાગર(ના અસંખ્ય ભાગમાં) દશ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવો એક સાગર, બે સાગર, હજાર-લાખ સાગર નહિ, કરોડ સાગર નહિ, ક્રોડાક્રોડી સાગર. એટલા પણ નહિ, ૭૦ ક્રોડાક્રોડી સાગર. રાડ નાખી જાયને. એક ડોસી કહે કે અરરર..! આવા સાગર! અરે..! પણ તું અનાદિ-અનંત છો, એમાં તારે ૭૦ ક્રોડાક્રોડીની ગણતરી ક્યાં હતી? સાંભળને! સમજાણું કાંઈ? આહાહા..! આવડું મોટું! પણ તું કહે છે કે એવડો મોટો, એનાથી પણ તું અનાદિ-અનંત મોટો, એના વિનાનો છો. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ તો માલનો માર્ગ છે અત્યારે તો. ગાથા એવી આવી છે ને આ બધું. નિયમસાર લીધું શુદ્ધભાવ. સવારમાં પણ આસ્રવનો અધિકાર (ચાલે) છે.

એ જ કહે છે કે 'નિજ પરમાત્મતત્ત્વને...' પોતાનું પરમસ્વરૂપ તત્ત્વ.... પરમ આત્મ છે ને? પરમ આત્મ એટલે પરમસ્વરૂપ. પરમાત્મતત્ત્વ, પરમસ્વરૂપતત્ત્વ, કાયમી તત્ત્વ, અસલી તત્ત્વ, શુદ્ધભાવતત્ત્વ એને ખરેખર આવા દ્રવ્યકર્મના સ્થાનો નથી. તેના પ્રકાર સ્થિતિના નથી. ભગવાન સ્થિતિ વિનાનો

અનાદિ-અનંત છે એમાં આ ક્યાંથી આવ્યું? પણ આવું સ્વરૂપ મારું છે એવું એને દ્રષ્ટિની અંદરમાં માહાત્મ્ય આવતું નથી. માહાત્મ્ય લઈ જાય છે બીજા. સમજાણું કાંઈ? કાં કોઈ દયા, દાનના પરિણામ અને કાં શુભભાવ, આ માહાત્મ્ય લઈ જાય છે. એ હોય તો થાય. માહાત્મ્ય એ લઈ જાય છે મિથ્યાદ્રષ્ટિને. સમજાય છે? આવો મારો નાથ પ્રભુ, સનાથનો નાથ. આવે છેને અનાથનો સનાથ? ઘણા શબ્દો કળશમાં તો આવે છે. સમજાણું કાંઈ?

એવો પ્રભુ પૂર્ણાનંદે બિરાજમાન એવો મારો નિજ આત્મા, એમાં આ વસ્તુ છે નહિ. મારામાં નથી તો હવે મારે ફિકર શું? એમ ભાઈએ કહ્યું છેને? ભાઈએ કહ્યું છે, નહિ? નિયમસાર, પદ્મપ્રભમલધારિદેવે. એક ઠેકાણે આવે છે કળશમાં. આવે છે. મારામાં નથી. મારામાં વિભાવ નથી તો મને ચિંતા શેની હવે? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મના સમીપે ઉત્પન્ન થતો ભાવ એનાથી પણ જ્યાં રહિત છું, ત્યાં મારે આ છે એની ચિંતા.. આ છે અને મારે ટાળવા એની ચિંતા છે નહિ. આહાહા..! મૂળચંદભાઈ! આ તો અજર-અમરની વાતું છે. આહાહા..!

એ ત્યાં આવ્યું હતું આપણે. વિચારક ડાહ્યા પુરુષોને ગમ્ય છે. કળશમાં આવ્યું હતું ઉપર. આવો આત્મા પણ સમ્યગ્દર્શનને ગમ્ય છે, સમ્યગ્જ્ઞાનમાં જણાય એવો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાની તેને જાણી શકે છે. એવો ભગવાન (આત્મા) એમાં આ કર્મની સ્થિતિ નથી.

'જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના તે તે કર્મને યોગ્ય...' તે તે કર્મને યોગ્ય 'એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર...' સ્વભાવ એટલે આકાર. પ્રકૃતિબંધ. પ્રકૃતિ છે ને? એને અહીંયા સ્વ-આકાર કહ્યો છે. ખાસ જુદી જ ભાષા વાપરી છે. એનો સ્વસ્વભાવ એનો પ્રકૃતિનો સ્વભાવ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ તે તે પ્રકૃતિનો તેનો આકાર, તેનો સ્વભાવ, તેનો ભાવ. 'તે તે કર્મને યોગ્ય એવો જે પુદ્ગલદ્રવ્યનો સ્વ-આકાર તે પ્રકૃતિબંધ છે; તેના સ્થાનો...' તેના પ્રકારો જેટલા છે એટલા ભગવાન '(નિરંજન નિજ પરમાત્મતત્ત્વને) નથી.' ઉપર સાથે મેળ કર્યો. નિરંજન નિજ પરમાત્મા ભગવાન આત્મામાં એ પ્રકૃતિના આકારો અને સ્વભાવો છે નહિ. એ કર્મનો આવો સ્વભાવ છે અને જ્ઞાનાવરણીયનો સ્વભાવ જ્ઞાનને રોકે, ધૂળને રોકે ને આને રોકે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે એ પ્રકૃતિનો સ્વભાવ જડમાં છે, એ આત્મામાં છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! તેના સ્થાનો નથી.

હવે પ્રદેશબંધ કહે છે. 'અશુદ્ધ અંતઃતત્ત્વના...' શું કહે છે? કે પર્યાયમાં મલિનતા એ અશુદ્ધ અંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ છે એ તો શુદ્ધ છે. પણ અશુદ્ધ એટલે પર્યાયમાં અશુદ્ધતા, મલિનતા તે. 'અને કર્મપુદ્ગલના પ્રદેશોનો પરસ્પર પ્રવેશ...' શુદ્ધમાં તો પ્રવેશ નિમિત્તપણું પણ છે નહિ. અશુદ્ધપણાના પરિણામ અને કર્મના પ્રદેશ—એ બેને નિમિત્તનૈમિત્તિક (સંબંધ) છે. એને પ્રદેશોનો પ્રવેશ... ભગવાન આત્મા છે ત્યાં અશુદ્ધતાની પર્યાય થતાં તેના રજકણો આવે બે-પાંચ. એ બેનો પ્રવેશ થયો એમાં. 'કર્મ પુદ્ગલના પ્રદેશોનો...' અશુદ્ધ અંતઃતત્ત્વની અંદર... અશુદ્ધ અંતઃતત્ત્વ આવે છે. બીજે ઠેકાણે છે. ૨૦૫ પાને છે. છે ૨૦૫ પાને. ત્યાં 'અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ પુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી કરે

છે,...' છે. ૧૦૬ ગાથા. ૨૦૫ પાનું. છેને? એ તો નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર છેને. સાચું પચ્ચખાણ કોને હોય છે? કે 'અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મ પુદ્ગલનો ભેદ ભેદાભ્યાસના બળથી...' તેને પ્રત્યાખ્યાન પ્રગટ થાય છે. એનાથી જુદું પડીને ઠરે તેને પ્રત્યાખ્યાન થાય છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ૨૦૫ પાનું. ૧૦૬ ગાથા. ૨૦૫ પાનું કહ્યું પછી કાંઈ પ્રશ્ન રહેતો નથી. સમજાણું કાંઈ? ત્યાં એ છે, અશુદ્ધ અંતઃતત્ત્વ અને પુદ્ગલ—બેનો... જુઓ! અહીં અશુદ્ધ અંતઃતત્ત્વ અને પુદ્ગલોનો પ્રવેશ ભેગો કર્યો. ત્યાં અશુદ્ધ અંતઃતત્ત્વ અને આ પુદ્ગલ—બેનો ભેદ પાડીને અંદરમાં સ્વભાવમાં જાય અને ઠરે, તેને પ્રત્યાખ્યાન પ્રગટ થાય છે. એ પચ્ચખાણ આમ હાથ જોડીને આ કર્યા, માટે (કંઈ) પચ્ચખાણ થતા નથી. બલુભાઈ! વર્ષીતપ કર્યો હતોને બલુભાઈએ? કહો, સમજાણું?

'અશુદ્ધ અંતઃતત્ત્વ...' એટલે બે વાત લીધી. એક અંતઃતત્ત્વ તો શુદ્ધ ત્રિકાળી છે, પણ એની પર્યાયમાં અશુદ્ધતા અને કર્મપુદ્ગલો (એમ) બેનો પ્રવેશ–બેને સંબંધ હોય છે, એમ કહે છે. વસ્તુને સંબંધ હોતો નથી. અશુદ્ધ–મલિન ભાવ અને કર્મપ્રદેશ—એ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલે એને પ્રવેશ કીધો અંદર. અશુદ્ધ પર્યાયમાં.... અંદર અશુદ્ધ ઉપયોગ પ્રવેશ કરે છે એટલે (એક) ક્ષેત્રાવગાહમાં આમ અંદર જાય છે. સમજાય છે? એવો જે ભાવ તે કર્મપુદ્ગલના પ્રવેશ તે પ્રદેશબંધના એના જેટલા પ્રકાર તે નિરંજન નિજ પરમાત્માને નથી. એ અનંત પ્રદેશ અને એક-એક પ્રકૃતિના અનંત (પ્રકાર) અને એવા અનંતા સ્કંધ ને એ બધા પ્રદેશની સંખ્યાનું માપ જડમાં રહ્યું, આત્મામાં છે નહિ. હવે આત્મા અસંખ્યપ્રદેશી, આ અનંત પ્રદેશીનો એક સ્કંધ, એવા એવા અનંતા સ્કંધ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એવું ભગવાન નિજ પરમાત્મતત્ત્વ, શુદ્ધ આનંદકંદનું કારણતત્ત્વ. એ કારણતત્ત્વ પોતે, એમ. એને (કર્મના) પ્રદેશના પ્રકારોના સ્થાનો નથી. સમજાણું કાંઈ?

'શુભાશુભ કર્મની નિર્જરાના સમયે...' હવે અનુભાગ લે છે અનુભાગ. એ શુભાશુભ કર્મ જ્યારે ખરે છેને, તે કાળે સુખ-દુઃખ ફળ દેવાની શક્તિ છેને કર્મમાં? એવો જે અનુભાગ–પાક–વિપાક.. કર્મનો વિપાક–કર્મનો અનુભાગ ભગવાન આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! કર્મવિપાક આવે આકરાં, અનુભાગ આવે ને... પ્રકૃતિ તો સામાન્ય સ્વભાવ છે, આ વિશેષ છે અનુભાગ. ફળ દેવામાં આ મૂળ છે, કહે છે. પણ એ વસ્તુમાં આત્મામાં નથી તો કોને ફળ દેશે? કહે છે. અહીં કહે છે. શોભાલાલજી! આ તો ધર્મકથા આત્માની છે એટલે એ કથા તો અલૌકિક અગમ્ય વસ્તુ છે. જ્ઞાનગમ્ય થાય, પણ સાધારણ વિકલ્પથી તે ગમ્ય છે નહિ.

એવો જે ભગવાન આત્મા એને, કહે છે કે સુખ દુઃખરૂપ ફળ દેવાની શક્તિનો અનુભાગ આત્મામાં છે જ નહિ. આનો 'પણ અવકાશ નથી;...' એવી ભાષા લીધી છે. અવકાશ.. ત્યાં સ્થાનને અવકાશ નથી કહે છે. ભગવાન ચિદ્દ્ઘન પડ્યો છે. નકોર નિબડ અનંત ગુણનો પિંડ એકરૂપ આત્મા.. આહાહા..! કહે છે

કે આવા અનુભાગના પ્રકાર (જે) શુદ્ધભાવમાં નથી તેની દ્રષ્ટિ કરવી, એને પકડવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એનું નામ મોક્ષમાર્ગનું વર્ણન છેને આ? ભારે!

'વળી...' હવે છેલ્લો મુદ્દો એ આવે છેને? 'દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો...' એ જડના ઉદયના અસંખ્ય પ્રકાર કે અનંત પ્રકાર અને ભાવકર્મના અસંખ્ય પ્રકાર. પુણ્ય-પાપના છેને વિકલ્પો? એવા 'ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ...' ભગવાન ધ્રુવ આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું? એવો નિજ પરમાત્મતત્ત્વ ધ્રુવ શુદ્ધભાવ તત્ત્વ, કારણપરમાત્મા, તેને દ્રષ્ટિમાં લેવો અને તેમાં દ્રષ્ટિને પ્રસારવી એનું નામ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ! ક્યાં મૂકવી દ્રષ્ટિ? કહે છે કે આવા ધ્રુવ ઉપર મૂકવી, એમ કહે છે. સમજાણું કાંઈ? ધ્રુવ ઉપર દ્રષ્ટિ મૂક્યે દ્રષ્ટિ ઠરશે. અધ્રુવ ઉપર દ્રષ્ટિ મૂક્યે દ્રષ્ટિ સ્થિર ક્યાં રહેશે? આહાહા...! સમજાણું? દ્રવ્યકર્મ અને ભાવકર્મના... ઓહોહો..! ઉદયના સમૂહ સ્થાન પ્રકારો પણ નિરંજન નિજ પરમાત્મતત્ત્વને વિષે નથી.

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :-' લ્યો ૧૧મો શ્લોક છે આ. ૧૪મી ગાથાનો છેને? ૧૪મી ગાથાનો. હવે તો આ બીજા પણ વાતું કરવા માંડ્યા આમાંથી કાઢીને. અમર ભારતીમાં છે ભાઈ! સ્થાનકવાસીમાં. તમારે કે દિ' આ હતું? અબદ્ધસ્પૃષ્ટ. એ અબદ્ધસ્પૃષ્ટ આવ્યું છે આજે. આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે, ફલાણો.. ફલાણો... સમજ્યાને? આવી જ્ઞાનની ક્રિયા. એલા પણ તમારે હતી કે દિ' આ? તમારે તો આ અપવાસ કરવા, વ્રત પાળવા, આ કરવા, તે કરવા... અબદ્ધસ્પૃષ્ટ આવો આત્મા છે. લખે કોઈક છે, ગીરધર કો'ક છે.

**(मालिनी)**

**न हि विदधति बद्धस्पृष्टभावदयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ॥**

અરે..! જગતના પ્રાણી! 'જગત મોહરહિત...' જગત એટલે? જગતમાં રહેલા આત્માઓ, એમ. કહે ને કે આ મુંબઈ આવ્યું. કીધુંને? મુંબઈ આવતું હશે? આ તો મુંબઈ આવ્યું હમણા કીધું ને? બસ આવીને બસ? કહે, મુંબઈ આવી ગયું. બલુભાઈ! એ મુંબઈ નહિ, પણ મુંબઈના રહેલા વાસી. એના વાસી–વસવાટ કરેલા માણસો, એમ. એમ જગત નહિ, પણ જગતમાં વસવાટ કરેલા જીવો. હે જગતના જીવો! જુઓ! આચાર્ય સંબોધન કરીને (કહે છે). હે જગતના જીવો! 'મોહ રહિત થઈને...' ક્ષણિક ભ્રમણા છોડી દઈને... ક્યાંક મને ઠીક છે, પર્યાયમાં ઠીક છે, રાગમાં ઠીક છે, નિમિત્તમાં ઠીક છે—એવી ઉત્કંઠિત–ઉત્સાહિત દશા દ્રષ્ટિ તે મોહ છે. એવી મોહ રહિત થઈને.... કેમ થાવું? વળી એમ કહે છે. આવું કરને આ? મોહસહિત છો, તેને રહિત થઈને દ્રષ્ટિ કર આત્મામાં, એમ કહે છે. સમજાણું કાંઈ?

હે જગત! 'મોહરહિત થઈને સર્વ તરફથી પ્રકાશમાન...' એકલો ચૈતન્ય ભગવાન પ્રકાશ... પ્રકાશ... જ્ઞાનના પ્રકાશના નૂરનું પૂર. સમજાય છે કાંઈ? 'સર્વ તરફથી પ્રકાશમાન...' એમ. 'એવા તે સમ્યક્ સ્વભાવને જ અનુભવો...' એક ત્રિકાળી જ્ઞાયકભાવ તેનો અનુભવ કરો. અનુભવ એ પર્યાય છે અને ત્રિકાળ સ્વભાવ તે ત્રિકાળી ધ્રુવ છે. સમજાણું કાંઈ? ભારે કામ! અહીં તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત. સમકિત તો બહુ સોંઘું અને સહેલું. કેટલાક એમ કહેતા હતા કે આ સોનગઢવાળાએ સમકિતને મોંઘું બહુ કરી દીધું. સોનગઢમાં (ને બીજામાં) ફેર ક્યાં? આ તો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એવો જે સમ્યક્ સ્વભાવ, એને જ અનુભવો. આહાહા..! જેમાં કર્મના રસ, સ્થિતિ, પ્રદેશ આદિ નથી અને જેમાં આખો અખંડ આનંદ આદિ સ્વભાવ છે, એને અનુભવો. આહાહા..! એ અનુભવ કરવાલાયક છે. એ અનુભવવો એ ધર્મ છે. એવા ત્રિકાળી સ્વભાવને અનુભવવો એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂંપ,<br>
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

આહાહા..! ભગવાન ધ્રુવસ્વભાવ એને કાંઠે જાને, કહે છે. આમ બહાર વર્તે છેને રાગમાં. એ તારો પ્રેમ બહારમાં લુંટાય છે, એ પ્રેમ અંદરમાં નાખને. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્વતંત્ર જ છે. ખુદ હી હૈ. સહજ તો વહી હૈ. યહ તો કૃત્રિમ... વિકલ્પ આદિ યે તો કૃત્રિમ વિકાર હૈ. સમજાય છે કાંઈ?

અરે..! 'સમ્યક્ સ્વભાવને જ અનુભવો...' સમજાણું કાંઈ? 'જેમાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...' જુઓ! રાગ-દ્વેષની પર્યાય એક સમયની ઉપર તરતા હોવા છતાં. અરે..! નિર્મળ પર્યાય પણ ઉપર રહેવા છતાં અંદર પ્રવેશ પામતી નથી. સમજાણું કાંઈ? પાંચ બોલ છેને બદ્ધસ્પૃષ્ટ આદિના? ૧૪મી ગાથામાં, ૧૫મી ગાથામાં. એ ભાવો 'સ્પષ્ટપણે ઉપર તરતા હોવા છતાં...' પ્રગટ ઉપર રહે છે. ભગવાન અંતર ધ્રુવમાં એ પ્રવેશ કરતા નથી. 'હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.' પ્રતિષ્ઠા પામતા નથી. એમ. સમજાણું કાંઈ? છેને એ? **'यत्र प्रतिष्ठाम्'** એમ. પ્રતિષ્ઠા પામતા નથી, એને આધાર મળતો નથી. ઉપર ઉપર (રહે છે). વસ્તુ ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ ઉપર પર્યાય ને રાગ તરે છે, અંદરમાં જતો નથી. એવા ભગવાન આત્માનો અનુભવ કરવો, એને અનુસરીને નિર્મળ દશાનું પરિણમન કરવું એનું નામ મોક્ષનો માર્ગ અને ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*****

## ભાદરવા સુદ ૨, શનિવાર, તા. ૧૩-૯-૧૯૬૯
## ગાથા-૪૧, શ્લોક-૫૬ અને ૫૭, પ્રવચન-૫

આ નિયમસાર શાસ્ત્ર ચાલે છે. એનો શુદ્ધભાવ અધિકાર. નિયમસાર એટલે આત્માની દશામાં મોક્ષમાર્ગ પ્રગટ થવો તેને નિયમસાર કહે છે (કે જે) નિયમથી જે કર્તવ્ય છે. જે આત્મા ત્રિકાળી શુદ્ધભાવ... આ શુદ્ધભાવ અધિકાર ચાલે છેને? ત્રિકાળી શુદ્ધભાવ, ધ્રુવભાવ એનું અવલંબન કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થાય તેને નિયમસાર અથવા મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગ શેમાંથી–કોના ધ્યેયે પ્રગટ થાય એ અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ?

જુઓ! એ ગાથા આવી છે. ૫૬ કળશ. ૫૫ ગયો. ૫૬ કળશ છે આનો–૪૦મી ગાથાનો.

**(अनुष्टुभ्)**

**नित्य शुद्धचिदानन्दसंपदामाकरं परम्।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम् ॥५६॥**

શું કહે છે? જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એનું ધ્યેય શું? કે 'જે નિત્ય શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ...' આત્મા છે ધ્રુવ. સમજાય છે કાંઈ? જે સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એ સમ્યગ્દર્શન કોઈ નિમિત્તમાંથી આવતું નથી. તેમ કોઈ દયા, દાનના વિકલ્પ-રાગ છે એમાંથી થતું નથી, તેમ એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા એમાંથી પણ સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ?

જે ધ્રુવ ચિદાનંદસ્વરૂપ નિત્ય શુદ્ધ–સદાનો શુદ્ધ ભગવાન ધ્રુવ, શુદ્ધભાવ, પરમપારિણામિક સ્વભાવ, કારણ આત્મા અથવા કારણપરમાત્મા, ધ્રુવ કારણજીવ. એ જીવ કેવો છે? નિત્ય શુદ્ધ છે. એક સમયની વર્તમાન હાલત વિનાનો. પુણ્ય-પાપ વિનાનો તો છે, કર્માદિ પરપદાર્થના અભાવસ્વભાવસ્વરૂપ છે. અભાવસ્વભાવસ્વરૂપ છે, પણ એક સમયની જે પ્રગટ અવસ્થા ઉત્પાદ-વ્યયની એ અવસ્થાથી પણ દૂર રહેલું તત્ત્વ (છે). સમજાય છે કાંઈ? એટલે કે એ અવસ્થામાં આવતું નથી, તેમ એ અવસ્થા એના ધ્રુવમાં એકમેક પેસતી નથી.

એવો 'જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની...' જેમાં જ્ઞાન અને આનંદની સંપદા છે એની એ 'ઉત્કૃષ્ટ ખાણ છે...' લ્યો, આ પૈસાની ખાણ આવી. શેઠ! એ સંપદાની ખાણ. ચૈતન્ય આનંદ, એમ છેને? જુઓ! ચિદાનંદ. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એટલે સુખ. એવો નિત્ય ભગવાન ધ્રુવ, સામાન્ય એકરૂપ, અવસ્થા–વર્તમાન પર્યાયથી ખાલી, પણ પોતાના આનંદ અને જ્ઞાનની સંપદાથી ભરેલો. સમજાય છે કાંઈ? એવો ચિદાનંદરૂપી સંપદા, સંપદા–લક્ષ્મી એની ઉત્કૃષ્ટ ખાણ છે. ખાણ છે એમ કહે છે, ખાણ. ખાણને ખોદતા ગમે તેટલું કાઢો તોપણ ખૂટે નહિ. બહારનું તો ખૂટી જાય, પણ આ ખૂટે નહિ. આહાહા...!

ભગવાન જ્ઞાન અને આનંદ જેનો નિત્ય શુદ્ધ કાયમી ચિદાનંદ સ્વભાવ છે. તે ચિદાનંદની—જ્ઞાન અને આનંદની—ઉત્કૃષ્ટ ધ્રુવસ્વરૂપ આ શુદ્ધભાવ તે ખાણ છે. સમજાય છે કાંઈ?

'અને...' એની સામે ગુલાંટ ખાય છે હવે. જે સંપદાનું સ્થાન છે, ત્યારે 'વિપદાઓનું અત્યંતપણે અપદ છે...' **'उच्चैरपदं'**.. રાગાદિની આકુળતાની આપદા એટલે વિપદા એનો એમાં બિલકુલ અભાવ છે. વિપદાનું અપદ છે. અત્યંતપણે અપદ છે એમ શબ્દ વાપર્યો છે. ભગવાન આત્મા શુદ્ધ નિત્યાનંદ પ્રભુ જે કાયમી છે, એ પોતાના આનંદ અને જ્ઞાનની સંપદાઓથી ઉત્કૃષ્ટ ભરેલી ખાણ છે કે જેમાં નજર નાખવાથી શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ અવસ્થા પ્રગટ થાય છે. ભારે આકરી વાત! કહો, રતિભાઈ! લ્યો, આ સંપદાની વાત આવે છે આ. જગતની સંપદા એ આપદાનું નિમિત્ત છે. આ પૈસા ને ધૂળ જે આ કહેવાય એ. શોભાલાલજી! આ બધા પૈસાવાળા કહેવાય છે કે નહિ? આપદાની સખી છે એ. છેને? યોગસારમાં. યોગસારમાંથી કાઢ્યું હતું. લક્ષ્મી એ વિપદાઓની સખી છે-બહેનપણી છે. નવનીતભાઈ! જુઓને, સિદ્ધ થાય છેને કે પરવસ્તુ છે એનું જ્યાં લક્ષ થાય છે તો રાગ અને આકુળતા જ ઉત્પન્ન થાય છે. એટલે લક્ષ્મી તો વિપદાની સખી છે, સખી છે–બહેનપણી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનની સંપદાની ઉત્કૃષ્ટ ખાણ છે. એવો જે નિત્ય પ્રભુ... કહો, માસ્તર! અહીં તો પર્યાય નહિ, હવે એવું ચાલે છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો એ તો એનામાં નથી, એ તો દૂર રહી ગઈ ચીજ. પણ એની જે નિર્મળ પરિણતિ–વર્તમાન પર્યાય–એક સમયની અવસ્થાથી પણ ભિન્ન તત્ત્વ, ધ્રુવ તત્ત્વ છે. એ ધ્રુવ તત્ત્વ સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે અને વિપદાઓનું અત્યંત અપદ છે એટલે વિપદાને માટે ત્યાં જરીએ સ્થાન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

નિત્યાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતાનું નિજ સ્વરૂપ છે એમાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું તો ઉત્કૃષ્ટ નિધાન–ખાણ છે અને એનામાં વિપદાનું બિલકુલ સ્થાન નથી. વિપદાઓનું અત્યંત.. **उच्चै** કહ્યું છેને? આહાહા..! સમજાય છે કાંઈ? કહો, નટુભાઈ! સમજાય છે કે નહિ આ? શું છે આ તે પણ ભારે! આવો આત્મા ક્યાંય હાથ ન આવ્યો અનાદિથી. અરે..! ભાઈ! એ તો અનાદિનો છે. તને હાથ ન આવે.... મીંદડીના બચ્ચાને સાત સાત દિ'એ ફેરવે એની મા. પછી આંખ ઉઘડે ત્યારે દેખાય કે ઓહોહો..! આ પૃથ્વી કે દિ'ની છે આ દેખાય એ? તારી આંખ્યું નહોતી તોપણ એ તો છે. એ કાંઈ નવી છે નહિ. એમ તને નજરમાં ન આવે એથી વસ્તુનો અભાવ થઈ જાય એમ નથી. નિત્યાનંદ પ્રભુ છે એ તો. આહાહા..! એણે અનંત કાળમાં પુણ્ય-પાપની ક્રિયાઓ અનંત વાર કરી, પણ એ વસ્તુ પુણ્ય, પાપ ને એક સમયની અવસ્થા વિનાનું નિત્યાનંદ સંપદાઓનું ઘર અને આપદાનું અસ્થાન છે. એના તત્ત્વ ઉપર એણે નજર કોઈ દિ' કરી નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે એ તો 'વિપદાઓનું અત્યંતપણે અપદ છે...' આહાહા..! નરકના સ્થાનમાં રવ રવ નરકે જાય (તો) એકલી આપદા પર્યાયમાં ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ? આ નિજાનંદ પદમાં જો જાય, તો વિપદા અને આપદા જ્યાં જરીએ નથી એવી સંપદાનું સ્થાન છે ભગવાન (આત્મા), ત્યાં નજર કરને.

એમાં નજર પોગાડને, એવું આત્મતત્ત્વ તેના અંતરમાં સ્વસન્મુખ થઈને વિશ્વાસ કરને. તને આખો આત્મા નજરમાં, શ્રદ્ધામાં, પ્રતીતમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! બિપિનને કહેતા હતા સવારમાં. શું કાંઈક કહેતા હતાને? કાયાપલટ થઈ ગયો ધર્મનો. કાયાપલટ. સવારમાં કહેતા હતા. પુણ્યથી, ક્રિયાથી ધર્મ માનતા હતા. આ તો કાયાપલટો... કાયા શું કહે છે? કાયાકલ્પ કહે છેને? ૮૦ વર્ષનો થાય, ૯૦ વર્ષનો થાય. આમ બધું .. કાયાકલ્પ કરે. બધું ફેરવી નાખે. કાંઈક કહે છે. .... ફરવું એ તો... ફરે નહિ ને મરી જાય એમાં કરવા જાય ત્યાં.

આ તો આખો ભગવાન આત્મા જે કાંઈ પુણ્ય અને પાપના પરિણામમાં અટકેલો અને એ મારી ચીજ છે એમ જાણ્યું એ તો વિપરીત આત્માનું રૂપ થઈ ગયું. આ તો કાયાપલટો ગુલાંટ ખાય છે. વ્યવહારના વર્તનનો જે વિકલ્પ છે, પંચ મહાવ્રત વ્રતાદિનો, એ પણ જેમાં નથી. એ વિકલ્પ છે એ પણ આપદાનું સ્થાન છે. સમજાણું કાંઈ? એવો નિજાનંદ ભગવાન જેમાં વિપદાને સ્થાન નથી.

'એવા આ જ પદને...' પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. આચાર્ય નથી આ ટીકા કરનાર. 'આજ પદને હું અનુભવું છું.' પોતાની વાત પણ સાથે (કરે છે). આહાહા...! હવે આની ટીકાને પાસ કરતા નથી કેટલાક કારણ કે એને બેસતી નથી. નિરપેક્ષ તત્ત્વને બતાવે છે. કારણપરમાત્મા ભગવાન ત્રિકાળી શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્. એ ઉત્પાદ-વ્યયની વર્તમાન અવસ્થા વિનાનું તત્ત્વ એવા ધ્રુવને સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે રાગ અને વિકલ્પની અપેક્ષા વિના તે પ્રગટ થાય છે. એને સમ્યગ્દર્શનમાં અપેક્ષા ધ્રુવની રહે છે. સમજાણું કાંઈ? હજી તો ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીઢી. આહાહા..! ત્યાં તો ધર્મ ધર્મ થઈ ગયો જગતમાં, હજી આ ભાન વિના. સમજાણું કાંઈ?

કહે છે કે 'આ જ પદને...' આવું જે શુદ્ધ ચૈતન્ય છે, ધ્રુવ છે, એને હું અનુભવું છું. અનુભવું છું એ પર્યાય છે. વાત કહે છે કે આ જ પદને હું અનુભવું છું. શું કહે છે સમજાય છે કાંઈ? પદ તો ધ્રુવ છે. ધ્રુવનું વેદન ન હોય, અનુભવ ન હોય. પણ અનાદિના પુણ્ય અને પાપના વિકલ્પનું વેદન જે દુઃખરૂપ હતું, એને ઠેકાણે આ ધ્રુવ ઉપર નજર જતાં એને ધ્રુવનું વેદન છે એમ કહેવામાં આવે છે. ઓલા રાગનું વેદન ટળીને, ભગવાન ધ્રુવ ચિદાનંદનો સાગર એના ઉપર નજર પડતાં જે પરિણતિ ઊભી થઈ, એ કહે છે કે અનુભવાય છે તો પર્યાય. સમજાય છે? પણ એ ધ્રુવના લક્ષે પ્રગટ થયેલી (છે) માટે એને હું અનુભવું છું (એમ કહે છે). આહાહા..!

જેના આત્માના આનંદના અનુભવ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો, જેના શરીરો અન્ન વિનાના... સમજાય છે? અન્ન વિનાના પોષણ જેને વૈક્રિયક શરીર છે ઇન્દ્રાણીઓને અને ઇન્દ્રોને. આ તો ધાનના ઢોકળાં છે. ધાન સરખું (મળે) તો શરીર સરખું રહે. નહિતર એં... એં... થઈ જાય. જુવાની હોય તોપણ બે, પાંચ, દશ (દિવસ) જ્યાં.. શું કહેવાય? ટાઈફોઈડ થાય છેને? ... એક અઠવાડિયું, બે અઠવાડિયું, પછી મટ્યું કે નહિ? ત્રણ જાય છે, ત્રણ મટ્યું નહિ, ચાર જાય છે. કરતા કરતા ચાર ને પાંચ અઠવાડિયા.

પચ્ચીસ વર્ષના જુવાન હોય એ એં... એં... (કરતો હોય). આ તો વૈક્રિયક શરીર ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓને. સમજાણું કાંઈ? છતાં એ સુખ નથી ત્યાં એમાં બહારમાં. સમજાણું? એ પદ... સુખ નથી એ પદમાં. આ નિજાનંદ પદ ભગવાન આત્મા એને અનુભવું છું કહે છે. પેલો અનુભવ જે છે ઇન્દ્રાણી આદિનો, એ તો રાગનો અનુભવ છે. અને કોઈ પંચ મહાવ્રતના પરિણામ આદિ થાય અને એને વેદે, એ પણ આકુળતા કષાયનું વેદન છે, કષાયનો અનુભવ છે, એ આત્માનો નહિ. આત્માનો અનુભવ.., ચિદાનંદ પ્રભુ ધ્રુવ સ્વરૂપ છે એમાં નજર નાખીને જે પર્યાય પ્રગટ થાય છે અથવા પરિણમે છે એમાં હું આ ધ્રુવના લક્ષે વેદું એટલે ધ્રુવને આ.. પાઠ એવો છે ને? 'આ જ પદને હું અનુભવું છું.' પદ તો ધ્રુવ કીધું પહેલું નિત્ય અને શુદ્ધ ધ્રુવ. સમજાણું કાંઈ?

ધ્રુવનું વેદન હોતું નથી, પણ એ ધ્રુવ તરફના વલણવાળું વેદન એ ધ્રુવનું છે એમ અહીંયા કહ્યું છે. આહાહા..! જેમાં અમૃતરસ ઝરે છે. એ અમૃતનો સાગર કીધુંને માથે? સુખ-આનંદ. આનંદનો સાગર ભગવાન સ્વભાવ એની દ્રષ્ટિ કરતાં અમૃત ઝરે છે. એ અમૃતના ઘૂંટડા ઝરે છે, કહે છે. તૃષા લાગી હોય ને પીવે છેને પીણું? મોસંબી કે આઈસક્રીમ કે કાંઈક કહે છેને બધું? છોકરા બહુ ચુસે આમ. આહાહા..! આ તો ભગવાન આત્માને ચૂસો હવે, અહીં તો કહે છે. સમજાય છે? ચૂસવું સમજો છોને? ચૂસવું શું કહે છે હિન્દીમાં? ચૂસવું કહે છે? આહાહા..!

કહે છે કે હું આત્માને ચુસું છું. આહાહા..! એમાં અમૃત ભર્યું છેને. એને હું સ્વસ્વભાવ સન્મુખ થઈને અનુભવું છું. એ મારો ધર્મ છે, એ મારી દશા છે, એ અનુભવું છું તે નિયમસાર છે, તે મોક્ષનો માર્ગ છે. શેઠ! આ બધા પૈસા પૈસા તમારા છે એમાં કાંઈ ધર્મ નથી, એનાથી ધર્મ થતો નથી એમ કહે છે. માટે રાખવા, એમ? .... એટલે શું કીધું? રાખે છે કોણ અને દે છે કોણ? એને કારણે આવે અને એને કારણે જાય. મમતા વચમાં કરે કે મેં આવું ધ્યાન રાખ્યું માટે આવ્યા અને મેં આમ રાગ મંદ કર્યો માટે પૈસા ગયા. એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! ટૂંકામાં એક સંપદાનું સ્થાન (અને) અપદા-વિપદાનું અસ્થાન. અપદ એટલે અસ્થાન. ત્યાં વિપદા ગોતી મળે એવી નથી એવું એ ભગવાન આત્મા ધ્રુવ સ્થાન છે. અરે..! ત્યાં કેમ રુચિ કરતો નથી? આવ્યું હતું કે નહિ? આવ્યું હતું કાલે. સમજાણું? ઓલામાં આવ્યું હતુ ૫૫ કળશમાં. ૫૫માં. અરે..! આવા આત્માની રુચિ કરતો નથી ભગવાન! તને પોષાય એવો માલ આત્મામાં છેને. જુઓ ૪૦ ગાથા ઉપર છે. 'એવા આત્માની રુચિ કેમ કરતો નથી?' એ ૫૬ થયો. કળશ ૫૬...૫૭.

**(वसन्ततिलका)**

**यः सर्वकर्मविषभूरूहसंभवानि**
**मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।**
**भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं**
**प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः ॥५७॥**

અરે..! 'શ્લોકાર્થ – (અશુભ તેમ જ શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી...' એ પુણ્ય અને પાપ ઝેરના ઝાડ છે. સર્વ કર્મ કીધું છે એટલે પછી કાંઈ પુણ્ય ન બાકી રખાય બહાર. એ તો આવી ગયું પુણ્ય-પાપમાં. સર્વ કર્મનો નિષેધ છે, વળી એમાં પુણ્ય અને પાપમાં ફેર શું રહ્યો ત્યારે? આહાહા..! ભેદ (કરવો એ) ઉન્માદ છે, ઘેલછાઈ છે ભગવાન! પાગલ થયો છો કે પુણ્યના પરિણામ શુભ ઠીક અને પાપના અઠીક. ઉન્માદ, ઘેલછાઈ, મિથ્યાત્વનું જોર છે. કહો, પોપટભાઈ! આહાહા..! આ પૈસાના દરેડા થતા હોય, બાર મહિને પાંચ-પાંચ લાખ પેદા કરે, દશ-દશ લાખ પેદા કરે. આંખ્યું ફાટી જાય. આ કહે છે, ધૂળેય નથી ત્યાં, સાંભળને! એય..! ચીમનભાઈ! પ્રતિકૂળતા આવે ત્યારે એં... એં... થઈ જાય. આહાહા..! એ પ્રતિકૂળતામાં દ્વેષ થાય એ દુઃખ છે અને અનુકૂળતા વખતે હરખ થાય એ પણ આકુળતાની અગ્નિ સળગે છે. સમજાય છે કાંઈ?

ભગવાન! 'સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં,...' ઝેરના ઝાડ... કર્મ ઝેરનું ઝાડ અને પુણ્ય-પાપ પણ ઝેરનું જ ઝાડ છે કહે છે. આહાહા..! ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે, ત્યારે પુણ્ય અને પાપ બેય ઝેર છે. અરે..! આ તો પુણ્યના પરમાણુ પડ્યા હોયને, એનું કાંઈક ફળ આવેને તો ખુશી ખુશી (થઈ જાય), આહાહા..! બાદશાહી છે હમણાં અમારે. રતિભાઈ! આહાહા..! એમાં બબ્બે અબજ રૂપિયા, અઢી-અઢી અબજ રૂપિયા જ્યાં સાંભળે વાણિયો, મારે ઘરે, મોટો દુઃખી છે.

શ્રોતા :- પૈસાના પ્રમાણમાં દુઃખ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પૈસાના પ્રમાણમાં દુઃખ કોણે કહ્યું? એના તરફના વલણમાં આકુળતાને કારણે દુઃખ છે. કહો, સમજાણું કાંઈ?

'સર્વ કર્મરૂપી વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં,...' અરે..! એ તો ઠીક પણ 'નિજરૂપથી વિલક્ષણ એવાં ફળોને છોડીને...' ભગવાન તો આનંદસ્વરૂપ છેને પ્રભુ! એનું નિજફળ તો આનંદ અને શાંતિ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થતાં એ નિજના અંતરમાં તો આનંદ છે. ચારિત્ર એ આનંદ છે, સમ્યગ્દર્શન આનંદ છે, જ્ઞાન એ આનંદ છે. લોકો કહે છે કે ચારિત્ર પાળી તો જુઓ. (ચારિત્ર એટલે) આ ઓલી બહારની ક્રિયા. હવે સાંભળને! આહાહા..! સમજાણું? એવી ક્રિયા પણ કરી હતી પહેલી. એ ન કરે એવી ક્રિયા હતી આકરી. ૧૫-૧૫ વર્ષ પાણીનું બિંદવા મળે નહિ દર દિવસે. સમજાય છે? એક પાણીના બિંદવામાં નિગોદના અસંખ્ય જીવ. ભિક્ષા માટે–આહાર માટે જઈએ, ખ્યાલ આવે કે આ પાણી તો અમારા માટે બનાવ્યું છે. ... દે. આખો દિવસ પાણી વિના ચલાવે. છાશ અને રોટલો. એમાં છે શું પણ હવે એ ક્રિયામાં? ધૂળમાંય નથી. સમજાણું કાંઈ? એવા તો ૧૫-૧૫ વર્ષ ગાળ્યા. ૭૦ થી ૮૫. એય..! બલુભાઈ! ત્યારે તો બલુભાઈના સંપ્રદાયમાં હતાને.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ નારણશેઠ હતા. શેઠ હતા. એ તો .. આટકોટમાં એમના પિતા શેઠ, નારણશેઠ હતા. જોયેલા હોં નારણ શેઠને. પહેલાં આવેલાને જ્યારે ત્યારે હતા ડોસા. આહાહા..!

કહે છે, બાપુ! એ ક્રિયામાં શું છે? પાણીનો એક બિંદુ ઓસનો પડતો હોય, ખ્યાલમાં આવે આમ. ભીક્ષા માટે નહોતા નીકળતા. પંડિતજી! પાણીનું બિંદુ આમ મચ્છર જેવું લાગેને કાંઈક. મચ્છર જેવું સમજો છો? મચ્છર જેવું આમ લાગે ને આમ જોઈએ ક્યાંક આમ, તો ભીક્ષા માટે ન નીકળીએ. એક એક દિ', બબ્બે દિ' સુધી એવા પાણી વિનાના, આહાર વિનાના ચલવ્યા છે. સમજાણું કાંઈ? એથી શું પણ એ વસ્તુ છે? એ વસ્તુ શું? એ તો રાગની મંદતા હોય એ રીતે .. થાય. અહીં તો વરસાદના છાંટણા પડતા હોય તોપણ વહોરવા અને ભીક્ષા માટે નીકળે. જેમાં છ કાયની હિંસા છે. એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ છે, અનંત નિગોદના જીવ છે. સાધુ સાચો હોય એ એક બિંદુ પણ આમ ઝરતું દેખાય ક્યાંક મચ્છર જેવો, (તો) ભીક્ષા માટે ન નીકળે. સમજાણું? એવી અંતર સમતા અને આનંદની લહેરમાં જેને બહારની પ્રતિકૂળતામાં દુઃખ લાગતું નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે, અરે..! ભગવાન આત્મા એ તારે ઘરે અમૃતની નાળિયેરી. શ્રીમદ્ કહે છે એક પત્રમાં, લોકોએ તો સાકરનું નાળિયેર વખાણી માર્યું છે. સાકરનું નાળિયેર. અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે. નાળિયેરી સમજો છોને? શ્રીફળ. અમૃતના શ્રીફળ પાકે એવો ભગવાન આત્મા. એને ખબર ક્યાં છે? સમજાણું કાંઈ? આ શરીરની જુવાની પાસડા જેવું લાગે, રોગ થયો ન હોય, થયો ન હોય, થતો ન હોય, થવાની આગાહી ન હોય. એવું નિરોગ શરીર ફાટેલું શરીર હોય અને એને એમ થાય કે આહાહા..! શું કરીએ જાણે? વિષય સેવીને શું કરીએ? અરે..! ભગવાન! એ તો ઝેર છે બાપા! ભાઈ! તારો અમૃત આત્મા ત્યાં લૂંટાય છે. સમજાય છે કાંઈ? અમૃતસ્વરૂપ ભગવાન એમાં લૂંટમાં આવે છે. તને એમ લાગે કે આ તો મજા–સુખ છે. આહાહા..! મિથ્યાબુદ્ધિ પરમાં સુખ કલ્પીને મજા તરીકે માને છે, એ આત્માના સ્વભાવથી વિલક્ષણ એવા ફળ એને વેદે છે.

અહીં કહે છે કે એને છોડીને... ઓહો..! શુભ-અશુભ, હરખ અને શોક એવા ભાવ જે કર્મનું ફળ (છે એને) છોડીને.. 'જે જીવ હમણાં...' ભાષા છે ને? પ્રવચનસારની છેને ભાઈ છેલ્લી? છેલ્લી. એવી શૈલી લીધી છે. ભાઈ! આજ જ કર. પ્રવચનસારમાં આવે છે છેલ્લે. હમણાં જ કર, ભાઈ! કાળ બીજો... વાયદા કરીશ તો વાંફળ થઈ જઈશ. હમણાં નહિ... હમણાં નહિ... બાપા! હમણાં નહિ, હમણાં જ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે 'હમણાં સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...' આહાહા..! સહજ સ્વભાવિક ચૈતન્યમય આત્મા. ભાષા દેખો! આત્મા તે દ્રવ્ય–તત્ત્વ છે, એનું ચૈતન્યમય સ્વરૂપ છે. એકલું જ્ઞાનમય, જ્ઞાનનો સૂર્ય, અરૂપી જ્ઞાનનો મહા તેજસ્વી પ્રકાશિત ઝળહળતો ચૈતન્યસૂર્ય છે આત્મા. સમજાય છે કાંઈ? કહે છે, અરે..! 'હમણાં...' **'अघुना' 'अघुना'** છેને? **'अघुना'** છે ભાઈ! અનંત કાળથી આવા દુઃખ ભોગવ્યા છે. **'अघुना'**–હવે તો 'સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...' આનંદસાગર ઉપર નજર પડતાં આનંદનો અનુભવ થાય, એ આત્મતત્ત્વને ભોગવે છે એમ કહેવામાં આવે છે. આત્મતત્ત્વને ભોગવે છે. અજ્ઞાની પુણ્ય ને પાપ ને રાગ ને આકુળતાને ભોગવે છે અને 'એમાં મજા છે' એમ

મિથ્યાભ્રમમાં ભ્રમણે ચડેલો અજ્ઞાની માને છે. ધર્મી જીવ એવા નિજ આનંદના ફળથી વિપરીત પુણ્ય અને પાપના ભાવો એને છોડીને હમણાં સહજ ચૈતન્ય એવું તત્ત્વ એને અનુભવે છે. માથે 'અનુભવે છે' એને અનુભવું છું એમ કીધું, અહીં ભોગવે છે એમ કીધું.

'તે જીવ...' શું કહે છે હવે? જે કાંઈ શુભ-અશુભ પરિણામ ઝેરના પરિણામ અથવા કર્મ ઝેર એનું ફળ અનુકૂળ-પ્રતિકૂળ, એના તરફનો થતો હરખ અને શોક એવું ઝેર, એને છોડીને ચૈતન્યમય આત્મા ભગવાન વસ્તુને જે અનુભવે છે, ભોગવે છે, 'અલ્પકાળમાં મુક્તિને પામે છે...' જુઓ! આ ભોગવે છે એ મોક્ષનો માર્ગ છે. ધ્રુવ સ્વરૂપને નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાનથી આનંદને વેદવું, આનંદને અનુભવવું એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? આનંદનું વેદવું એનું નામ ભગવાન આત્માનું સમ્યગ્દર્શન એટલે બરાબર એને જોયો અને માન્યો, સમ્યગ્જ્ઞાન (એટલે) એને જોયો અને જાણ્યો, સમ્યક્ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા—એ જીવને આત્મતત્ત્વનો ભોગવટો છે. એ ભોગવે છે તે અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામે છે એમ કહે છે. વચમાં વ્યવહાર પંચમહાવ્રત આદિના વિકલ્પ આવે એ ભોગવવાયોગ્ય નથી અને એનાથી મુક્તિ થતી નથી. કહો, શોભાલાલજી! ઓલા આરસપહાણના પથરા, બીડીયુંના પૈસા. એય..! ચીમનભાઈ! એને શું? લોઢાનું છે એને. આહાહા..!

જુઓ! **'अचिरात्'**. આવો ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકારના ફળને અથવા એના વેદનને છોડી, ભગવાન આત્મા ચિદાનંદ ધ્રુવના આનંદને વેદતો અલ્પ કાળમાં કેવળજ્ઞાનને એટલે મુક્તિને પામે છે. મુક્તિનો આ ઉપાય એમ કહે છે. આત્માને અનુભવવો એ મુક્તિનો ઉપાય છે. વીરચંદભાઈ! આહાહા..! એ એક જ ઉપાય છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એકાંત થઈ જાય છે. તો સમ્યક્ એકાંત જ છે. વાત સાચી. ઓલા કહે, એકાંત થઈ જાય છે એકાંત. રાડું પાડે આના માટે રાડું પાડે.

શ્રોતા :- અનુભવ માર્ગ મોક્ષનો.

પૂજ્ય ગુરુદેવશ્રી - 'અનુભવ રત્નચિંતામણી અને અનુભવ હૈ રસ કૂંપ.' નાના છોકરા હતા ને રમતાને? ખબર છે? મામાનું ઘર કેટલું? કે દીવો બળે એટલું. એવું કહેતા. ખબર છે? છોકરાઓ રમતા ત્યારે અમારે ત્યાં નિશાળમાં કણબીના હતાને. રસનો કૂંપો એવું કાંઈક બોલતા ખરા, ભૂલી ગયા. એ..! બલુભાઈ! છોકરા રમેને નાના? એવું કાંઈક બોલતા. હું ભૂલી ગયો. રસનો કૂંપો.. એમ કરીને બોલતા હતા. ચાલ્યું તો આવે છે રમતમાં પણ એવું હોં! એ રસનો કૂંપો તો આત્મા. કૂંપો એટલે સમજાણું? શીશો. આ શીશો હોય છેને કાચનો. રસનો કૂંપો કૂવો છે. એ આનંદનો કૂવો છે, અંદર ડોલ નાખીને કાઢવું હોય એટલું કાઢ. એમાં એકાગ્ર થાય એટલું નીકળે એટલું કાઢ. સમજાય છે કાંઈ? ધર્મીજીવનો ધર્મ, આત્માની દ્રષ્ટિ કરીને અનુભવવો એ ધર્મીનો ધર્મ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

**'अचिरात्'**.. 'અલ્પ કાળમાં મુક્તિને પામે છે...' ક્રમબદ્ધ ક્યાં ગયું ત્યારે હવે? આ તો કહે છે, અલ્પ કાળમાં પામે છે. એ ક્રમમાં એમ છે કે આત્મા અનુભવે તેને હવે અલ્પ કાળે જ કેવળજ્ઞાન થાય. એવો જ ભગવાને દીઠો અને એવો જ ક્રમમાં ભાવ છે. **'अचिरात्'**નો અર્થ એવો કરે. જુઓ! **'अचिरात्'** કહ્યું છે આમાં. એકદમ થોડે કાળે મોક્ષ જાય. તમે કહો છો કે કાળે કાળે જ મોક્ષ જાય. જે સમયે મોક્ષ જવાનો હોય એ કાળે જાય. કાળનય આવે છેને? કાળનય અને અકાળનય–બે છે. પ્રવચનસારમાં છેલ્લી નય આવે છેને ૪૭. ૪૭ સમજ્યા? ૪૭. કાળનયે મોક્ષ જાય, અકાળે મોક્ષ જાય, એવું છે. અરે..! સાંભળને!

અકાળેનો અર્થ કે એ વખતે બીજા પુરુષાર્થ આદિ છે તેને અકાળ કીધો છે અને જે સમયે થયો છે તેને કાળ કીધો. બાકી કાળે જ મોક્ષ જાય. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે એની અંતર દ્રષ્ટિ કરીને, એકાગ્ર થઈને આત્માને વેદે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કરે, તે આત્માને વેદે, એ અનુભવે, એને થોડાક કાળમાં કેવળજ્ઞાન લેવાનો ક્રમ છે. એને લાંબો કાળ હોય નહિ. એક કે બે ભવે તેની કેવળજ્ઞાનદશા મુક્તિ પ્રગટ થાય. કોઈને એ ભવે થાય કાળ હોય તો. અત્યારે કેવળજ્ઞાનનો કાળ નથી. એને અલ્પ કાળે, મુક્તસ્વરૂપ ભગવાનને પકડતાં તો પર્યાયમાં મુક્તિ અલ્પ કાળે જ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પકડતાં તે ભાવબંધ છે, ભાવબંધ છે. ભાવબંધમાં મોક્ષનું કારણ ક્યાંથી આવે? આહાહા..!

'એમાં શો સંશય છે?' જુઓ, આચાર્ય કહે છે મુનિ. આવું સ્વરૂપ જે વેદે, એને અલ્પ કાળમાં જ મુક્તિ છે. સંશય શો? સમજાણું કાંઈ? એ અનુભવ કેવળજ્ઞાનને બોલાવે છે એવું આવે છે ધવલમાં. બોલાવે છે, આવ... આવ... આવ... આહાહા..! એય..! માણસ! અહીંયા આવ. એમ કહે છેને માણસ? એય..! છોકરા! અહીં આવ. એમ અહીં કહે છે કે મતિ-શ્રુતજ્ઞાન આત્માનો અનુભવ કેવળજ્ઞાનને બોલાવે છે, એય..! કેવળજ્ઞાન લાવ નજીકમાં. આહાહા..! કહો, રતિભાઈ! જુઓ! આ ધર્મીના મલાવા અંદરના હોં!

શુભ-અશુભ પરિણામને જુદા રાખી અને પોતાના આત્માના સ્વભાવમાં અભેદપણું જે સ્વભાવનું છે એમાં અભેદ થઈને અનુભવવું, એને અભેદપણું કેવળજ્ઞાન અલ્પકાળમાં પ્રગટ થાય જ. સંશય શો? ભગવાને ક્યારે જોયું હશે? ભગવાને કેટલા ભવ જોયા? અરે..! કેટલા-ફેટલા (ક્યાં) ભગવાને જોયા? આ તેં કર્યું એટલે ભગવાને જોયું કે તારે અલ્પ કાળમાં કેવળજ્ઞાન થશે. એમ ભગવાને જોયું છે, લે. સમજાણું કાંઈ? એમાં સંદેહ શો? સંશયને સ્થાન શો? આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- તૈયાર જ છે. કેવળજ્ઞાન પડ્યું છે અંદરમાં એની તો પ્રતીત કરી છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતરમાં આવી રહ્યો છે. એક ફેરી એ વાત ચાલતી હતીને ભાઈ! ઘણાં વર્ષની વાત છે. ૮૫. માણસ બહુ.. બોટાદમાં તો બહુ માણસ ભરાય. વ્યાખ્યાન પણ લોકોને... કાનજીસ્વામી વાંચવા બેઠા છે, કાનજીમુનિ બેઠા છે. ઢગલા માણસો. ૮૫ની (સાલ). ૪૦ વર્ષ પહેલાંની વાત. માણસ તો ઉભરાય મકોડાની જેમ. એવી વાત ચાલતી હતી. પાંચમું અધ્યયન ચાલતું હતું લોકસાર. સમયસારનો ચારિત્રનો અધિકાર હતો. એમાં એવો અધિકાર આવતા આવતા.. લોકો એમ બોલે કે ઓહોહો..! મહારાજને ફરતે કેવળજ્ઞાન ફરે છે. તે દિ' હોં! ૪૦ વર્ષ પહેલાં સંપ્રદાયમાં હતા ત્યારે.

શ્રોતા :- હવે તો ઘણું નજીક આવી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હવે તો અલ્પ કાળ છે, હવે લાંબો કાળ છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો ૭૨માં કહ્યું હતું તકરાર આવી ત્યારે. ભગવાને દીઠાં એટલા ભવ થાશે, તે વિના આપણે પુરુષાર્થ શું કરીએ? ભગવાને તમારા દીઠાં હશે, અમારે ભવ-બવ નથી. એય..! ૭૨ની ફાગણ સુદ-૧૩. ભવ-બવ અમારે નથી. ભગવાને જોયા નથી અમારા ભવ. જોવે ક્યાંથી? અહીંયા ભવ ક્યાં હતા? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે, અરે..! સંશય શો એમાં? આહાહા..! જુઓ તો ખરા. લ્યો, એ ગાથા પૂરી થઈ. કેટલામી થઈ એ? આ ૪૦ થઈ. તમારે ૮૦ અને ૪૦નું હતુંને આ. આવ્યું હતુંને ૮૦ અને ૪૦, જુઓ. પાનું ૮૦ હતું અને ગાથા ૪૦ હતી.

હવે ૪૧મી શરૂ થઈ. એ પાંચ ભાવની વાત કરે છે. અંદર પારિણામિકભાવ પણ લેશે.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा ॥४१॥**

ગાથામાં ચાર છે, ટીકામાં પાંચ લેશે. ઓલા ચાર સમજાવવા છે તો પાંચમો પણ સમજાવવો પડેને. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે સ્તવનમાં. 'મોટાને ઉત્સંગ...' ખોળો.. ખોળો.. ખોળો સમજો છો? ઉત્સંગ એટલે ખોળો. ... માને ખોળે બેઠો હોય એને ભય શો? ભય હોય? ખોળે બેઠો હોય, માના ખોળામાં બેઠો હોય. એમ કહે છે કે હે નાથ! 'મોટાને ઉછરંગ, બેઠાને શી ચિંતા, તેમ... સેવક થયા નિશ્ચિંતા.' આહાહા..! એ કહે છે જુઓ! 'મોટાને ઉછરંગ બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ પ્રરમ પ્રસાદ, સેવક થયા નિશ્ચિંતા.' આહાહા..!

ભગવાનનો જ્યાં અનુભવ થયો અને દ્રષ્ટિ જામી, કહે છે કે હવે ચિંતા શી? બેઠા, મોટાને ખોળે બેઠા છીએ અહીં તો. આહાહા..! ભગવાનના ઘરે બેઠા છીએ. જેમાં મોક્ષ પાકે એવા ભગવાનને ઘરે છીએ, બહારમાં છીએ નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? એમ પ્રભુ... આવે છે. કરણ કષાય ભક્તિ કષાય.. બહારથી વાત છે. શ્રીમદ્દે લખ્યું છે. રતિભાઈ! શ્રીમદ્‌માં આવે છેને?

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે.
તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

એમ અંતર થતાં જોતાં જોવે છે.
અશેષ કર્મનો ભોગ છે અને ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

પોતાના દેશમાં પૂર્ણતાને પામશું. જુઓ! કેટલો નિઃસંશયભાવ! અહીં કહે છે, સંશય કેવો?

(સંવત) ૧૯૭૭ની સાલમાં પ્રશ્ન ઉઠ્યો હતો હોં કે આવું છદ્મસ્થ કહી શકે? પંચમ આરાના મતિ-શ્રુતજ્ઞાની આવી વાત (કરે)? એવો પ્રશ્ન કર્યો દેવીદાસભાઈએ. એય..! તમારા ઘેવરિયાએ. હરખચંદભાઈ હતા, હરખચંદ શેઠ. એ હતા અને .. ભવાની.. કચ્છ. કચ્છી નહોતા? ત્રણ હતા. ત્યાં આવ્યા હતા. ૭૭ની સાલમાં. આવું કેમ? આવું કેમ એટલે શું? મતિ-શ્રુતજ્ઞાનની તાકાતની તમને ખબર છે? મતિ-શ્રુતજ્ઞાન.. ભગવતીમાં એમ કહે છે કે મતિ-શ્રુતજ્ઞાનની નિર્મળતા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે. ત્યારે તો હજી સમયસાર હાથ આવ્યું નહોતું. સમજાણું કાંઈ? ૭૭ની વાત છે. સંવત ૧૯૭૭. મતિ-શ્રુતજ્ઞાનનું જોર... ભગવતીમાં એમ કહ્યું છે, કીધું, એટલું છે કે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણે. ભલે પરોક્ષ છે પણ પરોક્ષ પ્રમાણ છે કે નહિ? કે અપ્રમાણ છે? સમજાણું કાંઈ? પણ એવી આત્માની મતિ-શ્રુતમાં તાકાત છે એ બેસતી નથી તો એને આત્માની તાકાત કેમ બેસે? આહાહા..! પર્યાયની હજી આવડી તાકાત! આહાહા..! એને તો આમ રાંકો માનીને બેઠો છેને, ભિખારી જાણે. એય..! નેમિદાસભાઈ!

ત્રણ લોકનો નાથ! તારી પર્યાયના ગુંજામાં ત્રણ લોક અને લોકાલોક સમાઈ ગયા છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, કહે છે કે જ્યાં દ્રષ્ટિએ લીધો અને વેદન થયું, બસ! એને તો અલ્પ કાળે કેવળજ્ઞાન (થવાનું). એમાં સંશય શો? કહે છે. સમજાણું કાંઈ?

આ ૪૧ ગાથામાં ચાર ભાવો પરમસ્વભાવમાં નથી એમ બતાવવા છે.

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

'ટીકા – ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.' કારણ કે મૂળ તો શુદ્ધભાવ અધિકાર ચાલે છેને? એમ કહે છે. શુદ્ધભાવ કહો કે પંચમભાવ કહો કે પારિણામિકભાવ કહો, ધ્રુવભાવ કહો, નિત્યભાવ કહો, સામાન્યભાવ કહો, સહજાત્મસ્વરૂપનો ભાવ કહો. સમજાય છે કાંઈ? કહે છે કે 'ચાર વિભાવસ્વભાવો...' ભાષા દેખો! આત્માની પર્યાયમાં આ રાગાદિ ભાવ ઉદય થાય એ તો વિભાવસ્વભાવ જ છે, પણ ઉપશમ સમ્યગ્દર્શન, ઉપશમચારિત્ર થાય એ વિભાવસ્વભાવ છે. કારણ કે એમાં નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે.

ક્ષયોપશમભાવ જે જ્ઞાનનો–સ્વસંવેદનનો જ્ઞાનનો, એ પણ વિભાવસ્વભાવ છે. કેમકે એ એક સમયની પર્યાય કર્મના અભાવે ઉત્પન્ન થાય છે. એટલી અપેક્ષા માટે તેને વિભાવસ્વભાવ કહ્યો છે.

અરે..! ક્ષાયિકભાવ–કેવળજ્ઞાન અને કેવળદર્શન. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અને કેવળદર્શન મુક્તિસ્વરૂપ પર્યાય, કહે છે કે એ ક્ષાયિકભાવ એક સમયની પર્યાય છે. એને અમે અહીં વિભાવસ્વભાવ કહીએ છીએ. આહાહા..! હજી તો મહાવ્રતના પરિણામને વિભાવ માનતા એને પરસેવા ઉતરી જાય છે. સમજાણું કાંઈ? એને અહીં તો કહે છે કે ક્ષાયિકભાવ વિભાવસ્વભાવ છે. સાંભળ!

જે એક સમયની પર્યાયની દશાનું વર્ણન છે... પંચાસ્તિકાયમાં આવે છેને? કર્મ વિના ચાર ભાવ ન હોય. એમ આવે છે. ઓલું નિમિત્ત છેને નિમિત્ત? ઉદયમાં કર્મનું નિમિત્ત છે. છે પોતાથી ઉદય હોં! અને ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ પણ કર્મના અભાવની અપેક્ષાવાળી પર્યાય છે. નિરપેક્ષ ત્રિકાળી પરમભાવમાં એ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- બાત નયી લગતી હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લગતી હૈ? લગત હૈ? સુની નહીં ન કભી. નવી લાગે છે એને. જુઓ શું કહે છે?

'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...' સ્વરૂપ તો ચારનું કહેવું છે ભાવમાં, પણ એ 'દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.' આહાહા..! આ લખ્યું છે અત્યારનું છે? સોનગઢનું છે આ? આ નથી સમજતા, વાંચતા નથી આવડતું, સમજતા નથી આવડતું. અને જ્યાં મૂળ વાત આવે, એ.. સોનગઢવાળાની વાત છે. આહાહા..!

કહે છે, ટીકા છેને જુઓ! **'चतुर्णां विभावस्वभावानां स्वरूपकथनद्वारेण पंचमभावस्वरूपाख्यानमेतत्'** આહાહા..! ૪૧મી ગાથામાં પદ્મપ્રભમલધારિદેવ મહાસંત મુનિ છે એમના મુખમાંથી આગમ ઝરે છે. એમાં અંદર છે લખાણ. આ પરમાગમ ઝરે છે. આહાહા..! જુઓ! એ મુનિને પણ માનતા નથી અત્યારે કેટલાક. આ ટીકાને.. ટીકાને.. છેને, સાંભળ્યું છે તમે? એ રતનચંદજી મુખત્યાર છે. કારણ કે આ સમજવા જાય તો એનું એકેય રહેતું નથી. એટલે એની ટીકા પણ રદ્દ. આચાર્યોનું .....

શ્રોતા :- મુનિનું ન ચાલે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મુનિ કહે છે કે પંચ મહાવ્રત વિકલ્પો છે અને અંદરમાં નિર્વિકારી પરિણતિ છે. માથે કહ્યું ને? હું આ પદને અનુભવું છું. મુનિની દશાને યોગ્ય અનુભવ છે. આગમચક્ષુ છે સિદ્ધાંત, મહાપરમેશ્વર પદ છે એ. સમજાય છે? આગળ તો કહ્યું છે એમાં. અરે..! આવા મુનિમાં અને કેવળજ્ઞાનીમાં ફેર માને આપણે જડ છીએ. એમ લખ્યું છે. એક છેને કળશ? કેટલામો કળશ છે? એઇ..! ક્યાંક લખ્યું હોયને. આ તો પાછા ફેરફાર થઈ જાયને? આ પુસ્તક બીજું છે. પરમઆવશ્યક? એ આવ્યું લ્યો, એ આવ્યું. ૨૯૬ પાને છે. ૨૯૬ પાનું છે નિયમસાર. જુઓ! એનો પહેલો ૨૫૩ કળશ છે.

'સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...' છે? પ્રાણભાઈ! સૂઝે છે કાચમાં કે નહિ બરાબર? તમને કહું છું. છે.

(अनुष्टुभ)
सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।
न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम् ॥२५३॥

અહો..! મુનિ, જેની દશા ત્રણ કષાયના અભાવની વર્તે છે. અહો..! મુનિ! લોકો કહે છે કે મુનિની નિંદા કરે છે. અરે..! ભગવાન! મુનિની નિંદા હોય? બાપા! ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? મુનિ તો પરમેશ્વર છે, બાપા! પણ મુનિ હોય એ ને? મુનિ ન હોય એને મુનિ કહેવા અને એને માટે કહેવું કે અરે..! આ અમને માને નહિ.

કહે છે, 'સર્વજ્ઞ-વીતરાગમાં અને સ્વવશ યોગી...' મુનિ હોં! મુનિની વાત છે. ચોથા, પાંચમાની અહીં નથી. આ 'સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈપણ ભેદ નથી;...' સમજાણું કાંઈ? 'છતાં...' શું કહે છે? 'અરેરે..! આપણે જડ છીએ...' પોતાને ભેળવીને નાખી વાત. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદનો સાગર છે. એની દશામાં ભલે પુણ્ય અને પાપના વિકલ્પો રાગાદિ હો, એ તો વિપરીત ઝેર જેવા ભાવ છે. અંતરનું એનું કાયમી અસલી સ્વરૂપ ભગવાન ધ્રુવ આત્મા, એમાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો (છે). એને કોઈ દિ' ખબર નથી, એને કોઈ દિ' વિશ્વાસ નથી. અનાદિનો મૂઢ થયેલો જીવ એને પોતાની જાતમાં કેવડી ચીજ છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અરે..! સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અને સંત.. આવા સંત હોં! જેણે આત્માના આનંદના ખજાના ખોલ્યા છે, પુણ્ય-પાપના વિકલ્પ રાગ છે એ મારા એવી એકત્વબુદ્ધિમાં જેણે ખજાનાને તાળા માર્યા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ સત્–શાશ્વત (જ્ઞાન ને) આનંદનો કંદ ભગવાન, એમાં આ વિકલ્પો પુણ્ય-પાપના, શુભ-અશુભ રાગ આદિના, એને મારો સ્વભાવ અને આ બે એક છીએ એવી જે માન્યતા એણે મિથ્યાત્વના ત્યાં તાળા માર્યા છે અંદર. ચૈતન્યને ખોલવાના ખજાનાની એને અજ્ઞાનીને ખબર નથી. મૂળચંદભાઈ! આહાહા..!

જેણે ભગવાન આત્મા અંદર મહા ચિદાનંદમૂર્તિ, એને ખોલીને, રાગ સાથે એકત્વબુદ્ધિ છોડીને, સ્વભાવ સાથે એકત્વ કરીને ખોલ–એણે ખજાના પ્રગટ કર્યા છે. એવા જે સંતો, મુનિઓ અને સર્વજ્ઞ વીતરાગમાં, અરેરે..! જડ છે (કે જે) જુદાઈ માને છે, કહે છે. છે એમાં? આહાહા..! રાગ અને પુણ્ય-પાપના ભાવ એ તો પરાધીન દુઃખી પ્રાણી પામર છે. સમજાય છે? શરીર મારા, પૈસા મારા, ધૂળ મારા, પરમાં સુખ છે—એ માન્યતા તો એની પરાધીનતાની, ભ્રમણાની, અજ્ઞાનીની માન્યતા છે. એ પ્રાણી પામર છે. ચાહે તો રાજા હોય કે ચાહે તો દેવ હો. અબજોપતિ હો, પણ એ ભિખારી અને પામર છે. એને પોતાની નિજસંપદાની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... કહે છે કે સંતો.. આવા સંત હોં! યોગીઓ. આવા સંત કીધા એવા. સ્વવશ–અંદર આનંદમાં વશ થઈ ગયા છે. આહાહા..! એ પુણ્ય-પાપના રાગના તાબે થતાં નથી. પરમાં સુખ છે એવી બુદ્ધિની તો ગંધ નથી રહી ત્યાં હવે. એવા ધર્માત્મા–સંતોમાં અને વીતરાગી કેવળજ્ઞાનીમાં ફેર

માને (એ) જડ છે કહે છે. જડ છો? તને ભાન નથી? ચૈતન્ય ઝળહળી ઉઠ્યો છે અંદરથી. જ્ઞાનાનંદનો સાગર ભગવાન ઉછળીને પોતાની વર્તમાન દશામાં વીતરાગતા જેને પરિણમી છે એવા સંતો અને વીતરાગ ભગવાન—એમાં ફેર શું તને લાગે છે? એય...! આહાહા..!

કહે છે કે આવો આત્મા, એમાં ચાર વિભાવસ્વભાવ નથી. આહાહા..! ભારે આકરી વાત! શરીર-બરીર તો નથી. આ તો માટી, જડ છે, ધૂળ છે. આ તો અજીવતત્ત્વ છે. પરમાણુથી બનેલું ઢીંગલું ફૂ.. થઈને રાખમાં ઊડી જશે. આટલી રાખેય નહિ થાય. પવન આવે તો ઊડી જાય. એ તો જડ છે, એ ક્યાં આત્મા હતો? સાંભળને! પણ અંદરમાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના અને કામ, ક્રોધના, ભોગના આદિના પરિણામ થાય, એ પણ વિકાર અને મેલ અને ઝેર છે. આહાહા..! એનાથી ભિન્ન ભગવાન છે એમાં ચાર પર્યાયો નથી એમ કહે છે. રાગ પણ નથી અને ક્ષાયિકભાવ પણ નથી. એમ કહીને પરમસ્વભાવભાવ, પરમસ્વભાવી વસ્તુ ચૈતન્યદળ સત્ નિત્ય ધ્રુવ એની દ્રષ્ટિ કરાવવા, આવો આત્મા છે એમ વર્ણવીને એને સમ્યગ્દર્શન કરાવવાનો હેતુ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*****

## ભાદરવા સુદ ૩, રવિવાર, તા. ૧૪-૯-૧૯૬૯
## ગાથા-૪૧, પ્રવચન-૬

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. ૪૧મી ગાથાની ટીકા. જરી આ અધિકાર અપૂર્વ છે. અહીંયા કહે છે કે 'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.' કહો, શેઠી! પારિણામિકભાવનું કથન છે. શેઠીકા પ્રશ્ન થા ન? પારિણામિકભાવ એટલે? એ નીચે કહેશે. અંદરમાં ખુલાસો આપશે. સમજાય છે? પારિણામિકભાવનું પરિણામી.... ભાષા છેને? 'પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.' એ આવશે. આ તો પારિણામિક એટલે શું? પહેલા પેરેગ્રાફનો છેલ્લો શબ્દ છે. છે શેઠી? પહેલા પેરેગ્રાફની ચોથી લીટીનું છેલ્લું. 'પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ છે.' એ ગાથામાં. છે? હાથ આવ્યું?

'પરિણામે જે ભાવ...' પરિણામ એટલે? સહજ સ્વભાવ, પરિણામિક સ્વભાવ. જેને કોઈ કર્મના નિમિત્તના સદ્‌ભાવની કે અસદ્‌ભાવની અપેક્ષા નથી. સહજસ્વરૂપ નિત્યાનંદ ધ્રુવ ચૈતન્ય ભગવાન, કાયમી અસલી સ્વભાવ, એને પરિણામે ભાવ હોય તે પારિણામિકભાવ કહેવામાં આવે છે. એ ભાવની દ્રષ્ટિ કરતાં, એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર... આ મોક્ષમાર્ગ છેને? મોક્ષનો માર્ગ નિયમસાર છે. એ મોક્ષનો માર્ગ, પરમસ્વભાવ એકરૂપ પરિણામે સહજસ્વભાવરૂપ ભાવ, એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ?

એથી કહે છે, 'ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.' હવે 'કર્મોના ક્ષયે જે ભાવ હોય...' ભાવ એટલે પર્યાય–અવસ્થા. જેમાં... નીચે છે અર્થ જુઓ. કર્મના ક્ષયમાં. 'કર્મના ક્ષયમાં; કર્મોના ક્ષયના સદ્‌ભાવમાં.' સદ્‌ભાવ એટલે હયાતીમાં. '(વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)' શું કહે છે? આત્મામાં ક્ષાયિકભાવ એક સમયની પર્યાય છે. એ પ્રગટે ત્યારે એને વ્યવહારે કર્મ નિમિત્ત જે છે એના ક્ષયની અપેક્ષા જેમાં નિમિત્તપણે છે, તેને ક્ષાયિકભાવની પર્યાય-ભાવ-અવસ્થા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું છે.

આ છે ખરો, એમ બતાવવું છે. એ છે. જેમાં કર્મના અભાવની.. ક્ષય એટલે અભાવની, જેમાં નિમિત્ત અભાવની અપેક્ષા આવે એવી એક પર્યાય આત્મામાં (હોય છે). ક્ષાયિકભાવના કેવળજ્ઞાન, કેવળદર્શન ભેદ આવશે. એ એક સમયની ક્ષાયિક શુદ્ધ પૂર્ણ પર્યાય છે. એ પણ અહીંયા આવરણસંયુક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમાંને એમાં છે, જુઓ! પાછળ છે. એ ચાર ભાવ આવરણસંયુક્ત

છે.. આવરણસંયુક્ત છે. ૮૫ પાને છે. આવરણસંયુક્ત એટલે કે જેમાં કર્મના–નિમિત્તના ક્ષયની અપેક્ષા છે એ અપેક્ષાએ તેને આવરણવાળો કહેવામાં આવે છે. ઝીણી વાત છે. કીધી હતીને?

વસ્તુ ભગવાન આત્મા પરમસ્વભાવ, જેનો અતીન્દ્રિય આનંદ પરમભાવસ્વભાવ એવો અનાદિ-અનંત આત્માનો સ્વભાવ છે, એ નિત્ય સ્વભાવ છે, એ નિત્ય છે તેને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવમાં, વર્તમાન પર્યાયમાં–અવસ્થામાં.. જે અવસ્થામાં કર્મના અભાવની–ક્ષયની–નાશની વ્યવહાર તરીકે નિમિત્ત તરીકે અપેક્ષા આવે, તે પર્યાયને અહીંયા ક્ષાયિકભાવ કહે છે અને તેથી તેને આવરણવાળો એમ કહે છે. ઓલી નિમિત્તની અપેક્ષા આવીને? એમ. આવરણ હતું એનો અભાવ થયો, પણ આવરણનો અભાવ થયો એટલી અપેક્ષા કેવળજ્ઞાનની પર્યાયમાં, કેવળદર્શનની પર્યાયમાં એટલી અપેક્ષા આવે છે માટે તે ભાવ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'કર્મોના ક્ષયે જે ભાવ હોય...' ભાવ એટલે પર્યાય-અવસ્થા. દ્રવ્યને પણ ભાવ કહેવામાં આવે, ગુણને પણ ભાવ કહેવામાં આવે અને વર્તમાન પર્યાયને પણ ભાવ કહેવામાં આવે. જ્યાં જેને લાગુ પડે ત્યાં તેને સમજવું. અહીં ભાવ પર્યાયની અપેક્ષાએ છે. ભગવાન આત્મા પરમસ્વભાવી ભગવાન, એની દશા નામ હાલતમાં કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ એનો અભાવ.. અભાવ છે. એટલી સદ્‌ભાવતા એની આવી, એવી જે કેવળજ્ઞાનની પર્યાય એ ક્ષાયિકભાવે છે, પણ એ આશ્રય કરવાલાયક નથી. છદ્મસ્થને તો છે નહિ, પણ છતાં કેવળજ્ઞાનની ક્ષાયિક પર્યાય એ પણ જીવને.... એક સમયની દશા છે એ.

કેવળજ્ઞાન પણ આત્મામાં એક સમય જ રહે છે. સમજાય છે કાંઈ? બીજે સમયે કેવળજ્ઞાન બીજું, ત્રીજે સમયે ત્રીજું. કેમકે એ પર્યાય છે અને પર્યાય છે એટલે એક સમયે તો ક્ષય–નાશ થયા વિના રહે નહિ. ભલે એવું ને એવું કેવળજ્ઞાન બીજે સમયે થાય, છતાં એની સ્થિતિ તો એક સમયની જ છે. સેકન્ડના અસંખ્ય ભાગ–એક સમય એની સ્થિતિ છે. માટે તે આશ્રય કરવાલાયક નથી. આહાહા..! અને ત્રિકાળ જેની સ્થિતિ છે (એવું) નિત્યાનંદ ધ્રુવ વજ્રબિંબ, જે જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણ–શક્તિનું ધ્રુવ તત્ત્વ, એવો જે ત્રિકાળી સ્વભાવભાવ એ આશ્રય કરવાલાયક, નજર કરવાલાયક, અવલંબન કરવા લાયક... સમજાય છે કાંઈ? એ પરમસ્વભાવભાવ છે. એની અપેક્ષાએ ક્ષાયિકભાવ પણ અપરમભાવ કહેવામાં આવે છે. એ પરમભાવ નહિ. બલુભાઈ! ઝીણું છે આ. એમને એમ પકડાય એવું નથી. આ નિયમસાર આવ્યું છે.

શ્રોતા :- પકડાય એવું...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પકડાય એવું જ થાય છે આ. પણ હવે એને મગજમાં કામ આવવું જોઈએને?

આ આત્મા... શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ પર્યાયની અહીં વાત નથી. એ માથે છેને શુદ્ધભાવ અધિકાર? શુદ્ધભાવ ત્રિકાળ ધ્રુવ એનો જ અધિકાર, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માટે એનો જ આશ્રય અને અધિકાર છે. બીજાનો અધિકાર નથી. નટુભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! જેને મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે, જેને અનંત કાળમાં નહિ થયેલી આત્મજ્ઞાન કળા મોક્ષના કારણરૂપ પ્રગટ કરવી છે, એને તો

ત્રિકાળી ધ્રુવ શુદ્ધ સ્વભાવનો જ આશ્રય લેવો પડશે. એ વિના એ પર્યાય પ્રગટ થશે નહિ. કહો, મૂળચંદભાઈ! અહીં તો હજી ક્યાંકનું ક્યાંક ચાલે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, આ કરો... આ કરો... આ કરો. એ તો ઉદયભાવમાં આવી ગયું. અહીં તો ક્ષાયિકભાવની પર્યાય આશ્રય કરવાલાયક નથી, તો વળી ઉદયભાવની રાગની ક્રિયા એ તો આલંબન કરવાલાયક નથી જ. એ તો વિભાવ અને વિકાર છે. સમજાણું કાંઈ? એ ક્ષાયિકભાવ છે.

'કર્મના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષયોપશમિકભાવ છે,...' હવે એથી ઓછો વિકાસ. આ પૂર્ણ વિકાસ છે. ક્ષાયિકભાવ આત્માની પર્યાયમાં-અવસ્થામાં પૂર્ણ વિકાસ છે. પણ છે એ એક સમયની અવસ્થા. માટે સમ્યગ્દર્શન જેને પ્રગટ કરવું હોય એને તો ત્રિકાળી પરમસ્વભાવનું જ અવલંબન અને આશ્રય કરવો જોઈએ. આહાહા..! ભારે વાત ભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યું ને. આયેગા, દેખો.

હવે ક્ષયોપશમે જે ભાવ હોય એટલે જે આત્માની જ્ઞાન, દર્શન, વીર્યની, શ્રદ્ધાની અવસ્થાના વિકાસમાં જેને કર્મના નિમિત્તનો અંશે ક્ષયોપશમ હોય, એવી જેમાં અપેક્ષા હોય એ દશાને ક્ષયોપશમદશા કહે છે. એ ક્ષયોપશમદશાની પર્યાય પણ ધર્મીને માટે આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? ધર્મીજીવને—જેને ધર્મ કરવો છે અને ધર્મ નથી ત્યાં પર્યાયમાં ધર્મ(રૂપ)પરિણમન કરવું છે એવા ધર્મી જીવને—તો એ ત્રિકાળી પરમસ્વભાવ, ધ્રુવસ્વભાવ એનો આશ્રય લીધે જ ધર્મની દશા પ્રગટ થાય છે. એ ક્ષયોપશમભાવ થયો.

'કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.' રાગ, દ્વેષ, ગતિ. એનો આવશે ખુલાસો. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ઉદયભાવ છે. કેમકે કર્મના ઉદયની જેમાં નિમિત્તતા છે. ઉદય થાય છે પોતાથી, પણ જેમાં કર્મના પાકના નિમિત્તતાની અપેક્ષા છે એવો જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ, દ્વેષ—એ બધા ભાવને ઉદયભાવની વિકારી અવસ્થા-પર્યાય (કહેવામાં આવે) છે. એમ પહેલું સિદ્ધ કરે છે કે એ છે. એ છે, પણ ધર્મીજીવને ધર્મ કરવા માટે એ ઉદયભાવ આશ્રય કરવાલાયક નથી. એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ આશ્રય કરવાલાયક નથી. એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- એ શરૂઆતમાં...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શરૂઆતમાં જ પરમપારિણામિકભાવનો આશ્રય પહલે નંબરે અને પહેલે શરૂઆતે (હોય છે), અહીં એમ કહે છે. સમજાણું કાંઈ? મહાપ્રભુ ચૈતન્ય ધ્રુવ છે, નિત્ય છે, અવિનાશી છે. 'આત્મા દ્રવ્યે નિત્ય છે', આવે છેને? 'પર્યાયે પલટાય.' શરીરાદિની બીજી વાત તો એને ઘરે રહી. પોતે ભગવાન આત્મા દ્રવ્યે એટલે વસ્તુએ–તત્ત્વે અનાદિ-અનંત નિત્ય છે. અવસ્થા બદલે છે–પર્યાય

બદલે છે. એના પર્યાયમાં પણ જે પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ (થાય) એને અહીંયા ઉદયભાવ, નિમિત્તની અપેક્ષાએ એને ઉદય કહ્યો છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- વ્રત ને મહાવ્રત શેમાં આવતા હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મહાવ્રત-બહાવ્રત શેમાં આવતા હશે? કીધુંને આમાં. ઉદયભાવમાં. સમજાણું કાંઈ? દેવીલાલજી! મહાવ્રત, અઠ્ઠાવીશ મૂળગુણ શેમાં ભાવ આવતા હશે? છ આવશ્યક કરે, લોંચ કરે, એક વખત આહાર કરે, ઉભા ઉભા આહાર કરે—એવા અઠ્ઠાવીશ મૂળગુણ નથી આવતા મુનિને? પણ કહે છે કે એ તો વિકલ્પ છે, ભાઈ! એ રાગ છે. એ રાગ મૂળ તો એક પર્યાયમાં છે એમ વ્યવહારે બતાવ્યું છે. મૂળગુણ તો અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ એ આત્મા મૂળગુણ છે. સમજાણું કાંઈ? એ તો અસદ્ભુત વ્યવહારનયનો વિષય કરીને એ ભૂમિકામાં આવા જ પ્રકારના વિકલ્પની મર્યાદા હોય છે એમ બતાવવા એને અસદ્ભુત વ્યવહારનયથી એને મૂળગુણ કહ્યા છે. આહાહા..!

શ્રોતા :- પર્યાય અસદ્ભુત?

પૂજ્ય ગુરુદેવશ્રી :- રાગ છેને.

શ્રોતા :- .. મૂળગુણ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મૂળગુણ તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાનાનંદ તે મૂળગુણ છે. સદ્ભુત વ્યવહારનયે અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે કેવળજ્ઞાન થાય તે મૂળગુણ છે, સદ્ભુતવ્યવહારે. અસદ્ભુતે (શુભ)રાગ (મૂળગુણ છે) અને પરમ નિશ્ચયમાં ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદની ખાણ ધ્રુવ જે છે એ મૂળિયું છે, એને મૂળગુણ કહેવામાં આવે છે. સ્વરૂપચંદભાઈ! આવું તો ક્યાંય સાંભળ્યું નહિ હોય ઓલામાં વાડામાં પણ, કેટલા વર્ષ ગયા. હેરાન કરી નાખ્યા લોકોને બિચારાને. એને સાંભળવા પણ મળે નહિ સાચું, એ કે દિ' સમજે? કે દિ' વિચારે? કે દિ' રુચિ કરે અને કે દિ' સ્વભાવ તરફ ઢળે?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આમ કરો, આ કરો... આ કરો... અંદર. એ કર્યું આવી ક્રિયાઓ એટલે ઓહોહો..! વધી ગયો. મિથ્યાત્વમાં વધ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રણ લોકનો નાથ વજ્રબિંબ ધ્રુવ ચૈતન્યપ્રભુ, જેમાં તો અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંતી પર્યાયના થોક પડ્યા છે એમાં. ધ્રુવપણે, નિત્યપણે, સદ્રશ્યપણે, સામાન્યપણે એવો પરમસ્વભાવભાવ એને પારિણામિકભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.' કર્મના ઠરવાથી, પાણીમાં જેમ મેલ હેઠે બેસી જાય એમ કર્મ બેસી જાય અને એવી પર્યાય જેમાં થાય એમાં કર્મના ઉપશમની અપેક્ષા આવે છે તે પર્યાયને ઉપશમભાવ (કહે છે). 'સકળ કર્મોપાધિથી વિમુક્ત...' હવે આવ્યો. શેઠી! 'સકળ કર્મોપાધિથી વિમુક્ત...' એ પણ એક નિમિત્તની અપેક્ષા કરી. 'સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો,

પરિણામે જે ભાવ હોય...' એટલે કે કર્મ ઉપાધિ શબ્દે? કર્મની હયાતી પણ નહિ અને કર્મની અહયાતી એ પણ એક ઉપાધિ છે એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં કહીએ છીએને. કહીએ, જવા નહિ દઈએ.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ ચૈતન્ય નિત્ય વસ્તુ છે.. નિત્ય વસ્તુ છે.. સત્ નિત્ય વસ્તુ છે. એ ચીજને કર્મના નિમિત્તની હયાતીની ઉપાધિ તે (છે) પણ એના અભાવની પણ એક ઉપાધિ છે. એમ કહે છે. આહાહા..! અભાવરૂપ ઉપાધિ પણ જેમાં નથી એમ કહે છે. નવનીતભાઈ! કર્મનો જેમાં અભાવ આવે એ પણ એક પર્યાય થઈ, ત્યારે અભાવ થયો. વસ્તુમાં તો કર્મના સદ્ભાવ અને અભાવની અપેક્ષા છે જ નહિ. અભાવ ક્યાં કરવો હતો? કોનો? અભાવ કોનો થવો? એ તો વસ્તુ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ... પૂર્ણ ઈદં ધ્રુવ. કહે છે કે એવો જે ભાવ–એવો જે સ્વભાવ જેને અહીંયા શુદ્ધભાવ કહ્યો, એને કર્મનો ઉદય નિમિત્ત છે માટે અહીં ભાવ થયો... થાય ભલે પોતાથી. અને એનો અભાવ થયો માટે ભાવ થયો એ તો ક્ષાયિક, ઉપશમમાં જાય છે. કર્મનો અભાવ થયો અને અહીંયા પુરુષાર્થ છે એવી જાતનો, ત્યારે તેને ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિક એ દશામાં જાય છે એ વાત. પણ આ આત્માનો ત્રિકાળીભાવ સ્વભાવ છે એમાં તો કર્મનો અભાવ એટલી એક ઉપાધિ પણ એને લાગુ પડતી નથી. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- છે જ નહિ પણ એમાં. કર્મનું નિમિત્તપણું પણ નથી અને નિમિત્તનો અભાવ... એ તો પર્યાયમાં નિમિત્તનો અભાવ લાગુ પડે છે. વસ્તુને લાગુ પડતો નથી. આહાહા..! પંડિતજી! આ તો અલૌકિક વાત છે. આહાહા..!

એવો ભગવાન જ્ઞાન, દર્શન, આનંદથી ધ્રુવરૂપે.. ધ્રુવ.. ધ્રુવ એટલે નિત્ય શક્તિનો પિંડ જે છે એને તો જ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો એમ કહેવું એ પણ એક ઉપાધિ છે. એવી ઉપાધિ જે વસ્તુમાં છે નહિ. આહાહા..! એકાંત નિરપેક્ષ. હજી તો રાડું બહારમાં પાડે છે. આમ કરવું, આ કર્યું, આ કરે તો થાશે. અરે..! ભાઈ! અહીં તો પ્રભુ બિરાજે છેને મહાપ્રભુ. એક સમયની ક્ષાયિક પર્યાય પણ વ્યવહાર આત્મા છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય, કેવળદર્શનની પર્યાય, કેવળી ભગવાનની નિર્મળ પૂર્ણ પર્યાય એ પણ વ્યવહાર આત્મા છે, નિશ્ચયમાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અલૌકિક માર્ગની રીત છે. સમજાણું? ધ્રુવ ભગવાન આત્મા જેને, કહે છે કે કર્મના અભાવની પણ અપેક્ષા પર્યાયમાં લાગુ પડે, દ્રવ્યને લાગુ પડતી નથી.

શું કીધું? 'સકળ કર્મોપાધિથી વિમુક્ત...' એટલે? કે કર્મનું નિમિત્તપણું છે એ ઉપાધિ છે અને નિમિત્તનો અભાવ થવો એ પણ એક .... અપેક્ષાએ ઉપાધિ છે. વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયકભાવ પરમ

કારણપ્રભુ, જેમાં અનંતા અનંતા સિદ્ધની પર્યાયો પડી છે એવો ધ્રુવ સ્વભાવ, તેને કર્મના અભાવની પણ જ્યાં અપેક્ષા નથી. કે ભાઈ! કર્મનો અભાવ હોય અને અહીં પર્યાયમાં પુરુષાર્થથી ક્ષાયિકભાવ થાય એવી અપેક્ષા ત્રિકાળીભાવમાં છે નહિ. ધન્નાલાલજી! ભારે માર્ગ ભાઈ! આહાહા..! આવો માર્ગ વીતરાગનો સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો. પણ લોકો ક્યાંય ગોથા ખાય, મળે નહિ, મળે નહિ. ક્યાંક ને ક્યાંક ઊંધું મળે.

સકળ કર્મોની... આઠેય કર્મોના અભાવની પણ જેમાં અપેક્ષા નથી એમ કહે છે. કારણ કે એ તો વસ્તુ છે એ છે. એમાં અભાવ અને સદ્ભાવની અપેક્ષા તો પર્યાયમાં લાગુ પડે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! જેના જ્ઞાનમાં પણ શું ચીજ છે અને કઈ રીતે છે? એ સમજમાં પણ ન આવે, તો એ સ્વભાવ તરફ ઢળે શી રીતે? એના સ્વભાવનું એને માહાત્મ્ય શી રીતે આવે? સમજાય છે કાંઈ? શાસ્ત્ર ભણી ભણીને ગોખે. ગોખીને આનું આમ થાય ને આનું આમ થાય. ભાઈ! તને તારો ભગવાન પૂર્ણ પ્રભુ... દ્રવ્યાર્થિકનય એટલે દ્રવ્ય જેનો વિષય છે એવો દ્રવ્યાર્થિકનય, એનો જે ધ્યેય, વિષય ધ્રુવ, કહે છે કે એને તો કર્મનો અભાવ નિમિત્તરૂપે હોં, વ્યવહારરૂપે..., કર્મનો અભાવ તો પરદ્રવ્ય છેને? એટલે પરદ્રવ્ય છે એટલે વ્યવહારે એનો અભાવ. નિશ્ચયમાં તો અંદરમાં અશુદ્ધપણાના પર્યાયનો અભાવ થઈ અને શુદ્ધપણું પ્રગટે પર્યાયમાં, એ પોતાને કારણે. એમાં કર્મના અભાવનું નિમિત્તપણું આવે, કહે છે કે એ વસ્તુના સ્વભાવમાં અભાવ અને સદ્ભાવની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત. આવા મોટા દિવસમાં આવી વાત! મોટા દિ'માં સારી ન આવે તો કે દિ' આવે? તે દિ' આવે, માંડ ભેગા થાય. ભાઈ! તારે કરવું આ પડશે. આ કર્યા વિના ક્યાંય સુખ અને ધર્મનો માર્ગ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- હજી વાત ચાલે છેને. ચાલે છે હજી. એ આખી ગાથા જ એવી છે. બધી ગાથાઓ એવી છે.

સકળકર્મ... ઓલા ચાર વાત કરીને ચાર ભાવની. ક્ષાયિક, ક્ષયોપશમ, ઉદય અને ઉપશમ. ... પછી લીધો. આ સકળ કર્મની અપેક્ષા, એટલે કર્મ છે એની તો વાત નહિ. પણ કર્મનો અભાવ, એવો વ્યવહારે લાગુ પડે જેને અપેક્ષા. વ્યવહારે. નિશ્ચયથી તો પોતાની નિર્મળ પર્યાય પ્રગટે છે, ત્યારે ત્યાં કર્મનો અભાવ કર્મમાં એને કારણે થાય છે. પણ એ તો વર્તમાન પર્યાય–અવસ્થાને એ વ્યવહાર લાગુ પડે છે. સમજાય છે? ભગવાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પરમસ્વભાવ ભગવાન, જેને કારણજીવ કહીએ, કારણજીવ, કારણપરમાત્મા. પરમપારિણામિકભાવ. આ શુદ્ધભાવ અધિકાર તે. એ શુદ્ધભાવને કર્મના અભાવની પણ અપેક્ષા નથી. એ તો એમને એમ પડ્યો છે, પ્રગટરૂપ ચૈતન્ય આનંદકંદ ત્રિકાળ પડ્યો છે. આહાહા..! કહો, માણેકલાલભાઈ! પર્યાય.. પર્યાય ક્યાં ગઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ શું કીધું? આ શું કહે છે? પરિણામિકભાવોમાં પરિણામિકભાવ એ અસ્તિ વાત આવી. શું આવી આ? ઓલી તો અપેક્ષા કરી. એ તો સમજાવે છે કે નિમિત્તનો જેમાં અભાવ પણ નથી એવું ત્રિકાળી અસ્તિ તત્ત્વ. એ તો વાત કરે છે. શું કહે છે આ? ધ્યાન ક્યાં રાખે છે? 'પરિણામે જે ભાવ હોય તે પરમપારિણામિકભાવ છે.' એમ આવ્યું કે નહિ? આ અસ્તિ આવી. સહજપણાનો ભાવ, જેમાં કર્મના અભાવની અપેક્ષા નથી એવો સહજપણાનો ભાવ તેને પરિણામિકભાવ, ધ્રુવભાવ, નિત્યના નિત્યાનંદ પ્રભુ એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. અને એનો આશ્રય લે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. નાનામાં નાની ધર્મદશા પણ એના આશ્રયે થાય, મધ્યમ દશા પણ એને આશ્રયે થાય, ઉત્કૃષ્ટ દશા પણ એને આશ્રયે થાય. એક હોય ત્રણ કાળમાં... આ માર્ગ છે. દુનિયા માને, ન માને ને કોઈ બીજા તર્ક અને કુતર્ક કરીને કહે, પણ એથી માર્ગ કાંઈ બીજો થાય એવો નથી. સમજાણું કાંઈ?

'સકળ કર્મોપાધિથી વિમુક્ત...' એમ કીધુંને અહીં તો? હવે અસ્તિરૂપે શું? 'પરિણામે જે ભાવ હોય તે પારિણામિકભાવ...' એમ પાછું. પરિણામિક નહિ, પારિણામિકભાવ.. પારિણામિકભાવ છે. 'આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે,...' એ તો સંખ્યા બતાવે છે. 'ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.'

'હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે – ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.' ઉપશમ સમ્યક્ ચોથે ગુણસ્થાનેથી તે... સમજાણું કાંઈ? અગિયારમાં કીધું હવે. ઉપશમસમકિતની પર્યાય ચોથેથી તે અગિયાર સુધી હોય. અને ઉપશમ ચારિત્ર એ અગિયારમે હોય. ગુણસ્થાન સમજાય છે? .. ને? પહેલું–અપૂર્વ ઉપશમસમકિત એ ચોથે ગુણસ્થાને દ્રવ્યના આશ્રયે, દ્રવ્યમાં દ્રષ્ટિ જતાં ઉપશમ સમકિત પાણીમાં જેમ મેલ જાય નહિ, પણ મેલ ઠરી જાય, એમ કર્મ ઠરી ગયેલા હોય, પોતાના પુરુષાર્થને લઈને અંદર ઉપશમભાવ પ્રગટ્યો છે, એમાં કર્મ ઠરે છે એવી એક નિમિત્તની અપેક્ષા છે. એવું ઉપશમસમકિત અને ઉપશમ ચારિત્ર એ અગિયારમે ગુણસ્થાને હોય. એ પર્યાય છે. એવા ઉપશમસમકિતનો અને ઉપશમ ચારિત્રનો પણ ધર્મી જીવને આશ્રય અને અવલંબન હોતો નથી.

હવે એમાં અહીંયા ભગવાનની મૂર્તિ અને દેરાસરનું અવલંબન ઉથાપવું, ભારે આકરું પડે જગતને. એય..! સમજાણું કાંઈ? એ તો સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે કોઈ શુભભાવ હોય છે, ત્યારે તેમાં એ નિમિત્ત કહેવાય છે, કરે ત્યારે. એવા એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે. વળી એક ચર્ચા આવી ભાઈ! કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જે છે એ વ્યવહાર જ છે એ વાત ખોટી છે. એ મોટો લેખ આવ્યો છે. ભારે પણ... કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ તો નિશ્ચય છે, એમ કહે છે. એવા બે પ્રકાર પાડ્યા. એક આવ્યું છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! એક અને બીજા—બેનો સંબંધ થયો એ વ્યવહાર થઈ ગયો.

અહીં તો એક સમયની પર્યાયને વ્યવહાર કહે છે, સાંભળને હવે! આહાહા..! સમજાણું કાંઈ? મૂળ તો એને એ સ્થાપવું છે કે નિમિત્ત સંબંધ નિશ્ચય છે એટલે કર્મનો ઉદય હોય એટલે વિકાર થાય, એમ. લાકડા ગરી ગયા છેને. આ કહેવાય તો છે. ભાઈ! આ તો (સંવત) ૧૯૭૧ની સાલથી સભામાં કહેતા. સભામાં હોં! ત્યારે તો આઠમ અને પાખીના પોષા થાય એટલે એક કલાક બપોરે... પોષા કર્યા હોયને. લાઠીની વાત છે લાઠી. લાઠીમાં ચોમાસું હતું કે નહિ? લાઠીવાળા છે કે નહિ કોઈ? એને ક્યાં ભાન હોય ત્યાં?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું કહ્યું એણે કે દિ' (સાંભળ્યું હતું)? ૫૪ વર્ષ થયા એને તો. ૭૧ની સાલ. ૫૪ વર્ષ થયા. ત્યારે બપોરના આઠમે કોઈ આવેને હરગોવિંદભાઈ ને આ કાનજીભાઈ ને.. આ વીરચંદ કાનજી. કલકત્તામાં છે ને? એ બધા પોષા કરતા. જાધવજીભાઈ! વીરચંદભાઈ નહિ? એના બાપ હતા, એના બાપ હતા. એ આવે, પોષા કરે. આ તમારા દેસાઈ. એય.! જેઠા દેસાઈ. તમારા બાપથી મોટા હતા કે નાના? મોટા એ. એના કાકાના દીકરા જેઠાભાઈ ને એ બધા પોષા કરતા આઠમના. પૂનમ, આઠમ અને અમાસ કરે એ લોકો. ચૌદશ નહિ. સ્થાનવાસી ખરાને. પછી સવારે વ્યાખ્યાન હીરાજી મહારાજ (આપતા). હતાને અમારા ગુરુ. બપોરે એક કલાક (હું વાંચતો), એમાં મૂકતા હતા આ વાત. ૭૧ની વાત છે.

વિકાર આત્મામાં થાય, તેમાં કર્મ હોય તો થાય એ વાત છે નહિ. પોતાને કારણે ... એવો પાઠ છે ત્યાં. ભલે એને અર્થ નહોતો આવડતો. પણ મેં કર્યો હતો, એના ઉપરથી કબુલ્યું હતું એ લોકોએ. ... એવો પાઠ છે. ... છતો છે. છતો સમજાય છે? હયાતીવાળો છે. ... છતો છે, અસ્તિ એટલે છે. ... એટલે પુરુષાર્થની પર્યાયમાં, પુરુષાર્થને કારણે વિકાર થાય એવું છતાંપણું એમાં છે, એવો પાઠ છે. સમજાણું કાંઈ? અને આત્માને આ ઉપશમ સમકિત આદિ થાય એ કર્મ ઉપશમ થાય તો (થાય), એમ નહિ. એ પણ છતો ઉત્પન્ન, .... છતો છે, હયાતીવાળો પુરુષાર્થ છે. જે પુરુષાર્થ દ્રવ્યની ગતિ કરે તો એને ઉપશમ સમકિત થાય. એમાં આમ કર્મ થાય ને ઢીંકણું થાય તો ઉપશમ સમકિત થાય એમ છે નહિ. આહાહા..! રાડ નાખે. સમજાણું? ... કહીએને. એણે એટલું બધું સાંભળ્યું અને વાંચ્યું ન હોય. સમજ્યાને? એટલે બિચારા... અહીં તો પહેલું ભગવતી વાંચ્યું. શ્વેતાંબરમાં ભગવતીસૂત્ર છે. ૧૬ હજાર શ્લોક છે અને સવા લાખ સંસ્કૃતની ટીકા છે. સોળ હજાર શ્લોકનું ઊંચામાં ઊંચું પુસ્તક એ મોટું. અને એ જ્યારે વાંચે ત્યારે રૂપિયો રૂપિયો મૂકાવે, સોનામહોર મૂકાવે. શ્વેતાંબરમાં સોનામહોર મૂકે .... સાથિયા કરીને. એવો ભગવતીનો મહિમા એ લોકોને. એ તો ૧૭ વાર ભગવતી વાંચ્યું હતું. ૧૦ અને ૭. પણ કાંઈ ન મળે એમાં માલ.

આ સમયસાર જ્યાં આવ્યું હાથમાં... આહાહા..! અશરીરીની વાત છે, કીધું, આમાં. સમજાણું કાંઈ? દામોદરશેઠને કહ્યું હતું. .... ન કહ્યું? .... ન કહ્યું? તે દિ' તો એમાં હતાને અમે. આ ચીજ સમયસાર

છે તે અશરીરી સિદ્ધ કરવાની વાત છે, કીધું આ. સમજાણું કાંઈ? એ (સંવત) ૧૯૭૮ની વાત છે. ૨૨ ને ૨૫ - ૪૭ વર્ષ થયાં. પહેલું જ્યારે વાંચ્યું (ત્યારે કહ્યું) કે અશરીરીની ચીજ આ છે, શરીરરહિત થવું હોય અને સિદ્ધપદ થવું હોય તો આ છે માર્ગ. સમજાણું કાંઈ? કહો, પન્નાલાલજી! કેટલા વર્ષ થયાં? ૪૭ વર્ષ. ૪૭ કહેને તમારે? ૪ અને ૭.

કહે છે કે એ ઉપશમ સમ્યગ્દર્શન ત્રિકાળી દ્રવ્યના લક્ષે, આશ્રયે પુરુષાર્થથી થાય છે. એ દેવ-ગુરુના લક્ષે અને કષાયની મંદતાને લક્ષે ઉપશમસમકિત થતું નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ઉપશમ ચારિત્ર. પછી 'ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ,...' છે ઓલી કોર? એ ક્ષાયિક સમકિત પર્યાય પુરુષાર્થથી થાય છે, પણ એ ક્ષાયિકસમકિત ધ્રુવ ચૈતન્ય ભગવાનના અવલંબે થાય છે. માણસ એમ કહે છેને? કે ભાઈ! ક્ષાયિક સમકિત તો કેવળી દુગે.. ભાઈ! જ્યાં સર્વજ્ઞ બિરાજતા હોય કે તીર્થંકર હોય એના સમીપમાં ક્ષાયિક સમકિત થાય. ભોગીભાઈ! વાત સાચી. પણ એ સમીપમાં વ્યવહારે ક્યારે કહેવાય? કે ક્ષાયિક સમકિત... દ્રવ્યનો આશ્રય કર્યે ક્ષયોપશમ છે (અને) દ્રવ્યમાં એકાકાર વિશેષ થાય ત્યારે ક્ષાયિકસમકિત થાય. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં કથન એવા ગોમ્મટસારમાં છે. કેવળી દુગે.

જુઓ! આપણે આમાં પણ છે... જો ભાઈ! ક્ષાયિકસમકિત તો... નિમિત્તવાળો પ્રશ્ન કરે છે કે ક્ષાયિકસમકિત.. કેવળજ્ઞાની, શ્રુતકેવળી કે તીર્થંકર બિરાજતા હોય, એના સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. જુઓ! આ નિમિત્તની બળવત્તા. ના પાડે છે ભાઈ અમારે. નહિ, એ બળવત્તા નથી. એ તો નિમિત્ત ત્યાં કેવું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. એ ક્ષણે પણ.... ક્ષાયિક સમકિત શ્રેણિક રાજાને થયું. શ્રેણિક રાજાને ભગવાનના સમીપમાં સમવસરણમાં ક્ષાયિક સમકિત થયું. પણ એ ક્ષાયિક સમકિત પર્યાય છે. એ થયું એ થયું હવે. એ પર્યાય સિદ્ધ સુધી રહેવાની એમને એમ. શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે. સમજાણું કાંઈ? હો. નરકમાં છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! એ આત્મા તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. નિર્મળ પર્યાયમાં છે, રાગમાં પણ નહિ. આહાહા..! શ્રેણિક રાજાને હજારો રાણીઓ હતી. મોટું કુટુંબ, કરોડો-અબજોના મોટો બંગલા–મહેલ હતા. એના દેખાવમાં પણ મોટો રાજ દરબાર દેખાય. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? જુઓ! વાત તો એવી આવે છે, પણ એને સમજાય નહિ એટલે એ બોલતા હતા. સમજાય નહિ તો શું કરે? આહાહા..!

કહે છે, ક્ષાયિકસમકિત શ્રેણિકરાજાને થયું, ભગવાનની સમીપે થયું. ... શું થયું? આત્માના સમીપે થયું છે. એ ભગવાન આત્મા છે એના સમીપે થયું છે. સમજાણું કાંઈ? ક્ષયોપશમમાં અમુક અપેક્ષા હતી દ્રવ્યની, એ વિશેષ અપેક્ષા થઈ એટલે ક્ષાયિકસમકિત થયું. સમજાય છે કાંઈ? અને તીર્થંકરગોત્ર બાંધ્યું છે. શ્રેણિક રાજા રાણી આદિ છોડી શક્યા નહોતા, શક્તિ હતી, અવ્રતી હતા, અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ હતા. સમજાણું કાંઈ? મોટા કરોડો, અબજોના મહેલમાં એની સાહેબી. સમજાય છે? લોકો તો કહે, લ્યો આવું!

એક વાર અમારે કનુભાઈ કહેતા. કનુભાઈ ભાયાણી. ઘણા વર્ષ પહેલાની વાત છે. ૯૪. આ મકાનમાં હતા. ૮૬માં એનો જન્મ છે ને? તો આઠ વર્ષની ઉંમર હતી.

મને કહે કે મહારાજ! તમે આમ કહો છો. ત્રણ ત્રણ રેશમી તળાઈએ સૂવે અને એ ધર્મી અને અમે ગોદડા, સાધારણ પાથરીને સુઈએ તો અમે અજ્ઞાની! ભારે વાત! એય..! કાંતિભાઈ! તમારા ભાઈ છેને કનુભાઈ? કનૈયાલાલ. એ ૯૪માં બોલ્યા હતા. .. મકાન થયું હતુંને ત્યારે. ઓલાનો ૮૬માં જન્મ, આઠ વર્ષ થયેલા. આઠ વર્ષની ઉંમરે કીધું હતું. તમે કહો છો કે ધર્મી ગાદલામાં સૂતો હોય, બંગલામાં સૂતો હોય, એના સુંવાળા ગાદલા અને અમે અહીંયા સાધારણમાં સુઈએ, સાધારણ ખાઈએ તો (પણ) અમને ધર્મ નહિ? ભાઈ! એ તો પુણ્યના ઉદયને લઈને સામગ્રી હોય, પણ ધર્મી એમાં છે નહિ. પુણ્યના ઉદયના પ્રકાર છે એ તો બહારના. એ તો સામગ્રીના ઢગલા હોય. તીર્થંકરને કેવળજ્ઞાન થાય તો સામગ્રી કેટલી? ઇન્દ્રને ન હોય એટલી.

એ લોકોમાં આવે છે શ્વેતાંબરમાં. તમારા ભગવાન એવા કે જ્યારે હતા અધૂરા ત્યારે તો એકલા વનમાં રહેતા. અને હવે પૂરા થયા તો હવે મોટા સમવસરણમાં બેઠા. ભગવાન કેવા તારા આ તે? એવું આવે છે સ્વરૂપચંદભાઈ! શ્વેતાંબરમાં એવું આવે છે. ઓલા આર્દ્રકુમાર છે. સૂયગડાંગના બીજા અધિકારમાં. આર્દ્રકુમારને ચર્ચા ચાલે છે અન્યમતીની સાથે. આ મહાવીર એકલા હતા, ધ્યાનમાં રહેતા ત્યારે વનમાં રહેતા અને કહે, અમે ધર્મ કરીએ. હવે કહે છે કે અમને તો ધર્મનું ફળ કેવળજ્ઞાન થઈ ગયું. હવે આ માંડી આમાં સમવસરણની રચના બધી, ઇન્દ્રો અને એની સામગ્રી. ઇન્દ્રોને ન હોય એમાં બેઠા. રત્નજડિત ગઢો એમાં બેઠા. આ કેવા તારા મહાવીર? કહે. અરે..! સાંભળને હવે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ દશાપ્રાપ્ત છે. પણ તીર્થંકર પ્રકૃતિ જે પૂર્વે બાંધેલી હતી એનો પાક જ તેરમે આવે છે. એ વખતે સામગ્રી સમવસરણ ને એ. એની ઋદ્ધિ આપણે સાધારણ વર્ણવી છે, આપણે ભાઈએ બનાવી છેને પંડિતજીએ? છતાં શું કહે? નજરે દેખે તેને ખબર પડે. એ લખ્યા લખાણથી કાંઈ એનું માપ આવે નહિ. એ સમવસરણ એ ધર્મસભા. ચૌદ બ્રહ્માંડની અંદર એવી શોભા ક્યાંય હોય નહિ. પણ એને શું છે? એ તો કેવળી છે. એ તો જેમ જગતના બીજા પદાર્થ, જેમ નરકના સ્થાનને જ્ઞાનમાં દેખે છે, એમ સમવસરણને જ્ઞાનમાં ભેગું એકસાથે બધું જાણે છે. એને જાણવા સિવાય છે (શું)? અને પૂર્વના પુણ્ય હોય તો સામગ્રી હોય. સમજાય છે? ધર્મી ભિખારી જ હોય, એવું છે કાંઈ?

એ તો છ ખંડના બાદશાહ ભરત ચક્રવર્તી ધર્મી–સમકિતી હતા. છન્નું હજાર તો જેને રાણીયું પદ્મણી હોં! આ ધાનના ઢોકળાવાળી નહિ. ધાન હતી તો ધાન ખાધા. પણ મહા ઉત્તમ પુણ્યવાળા. પદ્મણી જેવી. જેના કપડામાં ભમરા આવે (એવી) ગંધ મારે એવું તો શરીર. આને તો ઉભા રહે તો પરસેવો ગંધાય. સમજાણું કાંઈ? એવી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો. ના. પણ આ દેખાય છેને? પણ તારી

નજરે. આહાહા..! એ તો આત્માના અંતર સ્વભાવમાં બેઠો છે, ભાઈ! તને ખબર નથી. અંતરના માર્ગની શ્રેણીની ધારા શું છે અને ક્યાં છે—એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ ક્ષાયિકસમકિત... આ ક્ષાયિકના ભેદ ચાલે છે. એ પર્યાય છે અને એ આત્માના સમીપથી–ધ્રુવના સમીપથી થાય છે. ત્યારે વ્યવહાર ભલે હો. સમજાય છે? પણ એ બહાર છે. (એનાથી) થાય તો તો બધાને થાવું જોઈએ. સમજાય છે કાંઈ? આપણે ઉપાદાનમાં નાખ્યું છે એ. ઓલો કહે કે જુઓ! ક્ષાયિક સમકિત સમવસરણમાં અથવા કેવળીને સમીપે થાય. ત્યારે ઉત્તર આપ્યો છે કે કેવળી સમીપમાં તો (ઘણાય) ક્ષયોપશમિક બેઠા છે, (ક્ષાયિક) કેમ થતું નથી એનાથી થાય તો? સમજાણું કાંઈ? અરે..! માણસને પણ ખબર ન મળે ને કાંઈકનું કાંઈક હાંકે. અને અમને જાણપણા છે શાસ્ત્રના. ભાઈ! એમ નથી. ત્યાં તો ક્ષયોપશમ સમકિતવાળા ધર્મી જીવો કરોડો, અબજો બેઠા છે સમવસરણમાં. અને ક્ષાયિક થાય છે એ બધાને થાતું નથી. બસ! જે કોઈ દ્રવ્યના સમીપમાં જઈને નિર્મળતા પ્રગટ કરે એને થાય છે. બાકી નિમિત્ત હોય તો થાય છે એવું ત્યાં રહ્યું નહિ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

'યથાખ્યાતચારિત્ર,...' યથાખ્યાતચારિત્ર ક્ષાયિકભાવ છે. કહે છે કે એ પર્યાય છે. એ પરમ પારિણામિકભાવનો આશ્રય લેનારને એ યથાખ્યાતચારિત્રનો આશ્રય છે નહિ. બારમે ગુણસ્થાને યથાખ્યાત પ્રગટે. ધ્યાન રાખો. છતાં તેને દ્રવ્ય–ધ્રુવનો આશ્રય છે. ધ્રુવના આશ્રયે પછી બારમું ઓળંગીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? તેરમા પહેલા બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર દશા પર્યાયમાં પ્રગટ થાય છે. છતાં એ જીવને તે યથાખ્યાત પર્યાયનો આશ્રય નથી ત્યાં. ધ્રુવ ભગવાન આત્મામાં ઉપયોગ મૂક્યો છેને? એને આશ્રયે કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! આવો માર્ગ વીતરાગનો, જેને સાંભળવા મળે નહિ, એને સાંભળ્યા સિવાય સમજવામાં તો ક્યારે આવે? ઊંધે રસ્તે દોરી માણસને કહે, તમને આમ થયું. અરે..! ભગવાન! વખત ચાલ્યો જાય છે આવો. આહાહા..! અમૂલ્ય ચિંતામણિનો સમય સમયનો વખત... આ સમય ફરીને આવો આવવો મુશ્કેલ છે, બાપુ! આહાહા! કહે છે કે યથાખ્યાતચારિત્ર એ ક્ષાયિક પર્યાય છે, એ કાંઈ પારિણામિકભાવ નથી માટે એ પણ આત્માને આશ્રય કરવાલાયક નથી. કારણ કે યથાખ્યાત અને ક્ષાયિકસમકિતમાં પણ કર્મના અભાવની અપેક્ષા આવે છે.

'કેવળજ્ઞાન ને કેવળદર્શન,...' આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્ષાયિકભાવની પર્યાય છે. એ ગુણ નથી, એ ધ્રુવ નથી, એ નિત્ય નથી. આહાહા..! શરીર અનિત્ય... આ અનિત્ય.. આ અનિત્ય... એમ કરતાં કરતાં કહે, પર્યાય અનિત્ય છે. જેઠાભાઈ! આહાહા..! કહે છે, કેવળજ્ઞાન અને કેવળદર્શન એ ક્ષાયિકભાવની અવસ્થા છે, એ પણ આશ્રય કરવાલાયક નથી. આહાહા..! પોતાને–આશ્રય કરવો હોય એને તો હોય નહિ. પણ બીજાનું કેવળજ્ઞાન આ કેવળજ્ઞાન છે એનું લક્ષ કરે (તો) વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? પરમાત્મા અરિહંતો, સર્વજ્ઞો, કેવળજ્ઞાનીપણે બિરાજમાન છે મહાવિદેહક્ષેત્રમાં. એનું લક્ષ કરવા જાય પરદ્રવ્યનું તો વિકલ્પ ઉઠે છે. એના લક્ષે કાંઈ સમકિત થતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન,...' પૂર્ણ પ્રગટ્યું અંદર એ સ્વરૂપનું દાન. પોતાના સ્વરૂપનું દાન પૂર્ણ પ્રગટ્યું ક્ષાયિકભાવે. દાન ત્યાં પૈસા-બૈસા દેવાની વાત નથી હોં! સ્વરૂપનું દાન, પૂર્ણાનંદ પ્રભુ અંતર સ્વરૂપનો આશ્રય કરીને પર્યાયમાં અનંત નિર્મળતાની પર્યાયનું દાન જીવે પોતે પોતે મેળવ્યું. પણ એ પર્યાય છે કહે છે. ક્ષાયિકભાવની પર્યાય છે. એને તો કર્મના અભાવની વ્યવહારે અપેક્ષા આવે છે. માટે તે પરમપારિણામિકભાવ નહિ અને પરમપારિણામિકભાવ સિવાય (કંઈ) આશ્રય અને અવલંબન કરવાલાયક નથી. આહાહા..! ગુરુના ભક્તો હોયને. ઓલા પૂછતા હતા કે મહારાજ! આમ કહે છેને. અમે આમ કહીએ છીએ. ..ભાઈ. શ્રીમદ્‌માં આવેને ભક્તિ. ભક્તિ કરો ગુરુની અને એને અવલંબો, તમારું કલ્યાણ થશે. અહીં ના પાડે છે, સાંભળને! આહાહા..! એને જો એમ કહે કે ભક્તિથી ધર્મ ન થાય. હાય હાય..! આ તો એકાંત છે. આ તો ભક્તિ ઉડાડી. મૂલચંદભાઈ! ભગવાન! ઉડાડી ક્યારે? સાંભળ તો ખરો! ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ સમવસરણમાં બિરાજમાન હોય અને એની પણ ભક્તિ કરે મણિરત્નના દીવાએ. વજના.. સમજાય છે? થાળીયું, હીરાની થાળીયું, મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. જય પ્રભુ.. જય પ્રભુ.. ભાઈ! એ શુભ વિકલ્પ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- મળે એવું નથી? બૈરા બૈરાને બેસે છે કે નહિ હવે આ? ત્યાં મોઢા આગળ છે. કહે છેને. સાંભળ્યું છે. આપણને કાંઈ ખબર નથી. ત્યાં બાયુંમાં મોઢા આગળ છે જરી. એવું કો'ક કહેતું હતું. આપણને કાંઈ ખબર નથી. કોક કહે તો સાંભળ્યું હોય. આ વાતને સમજ્યા વિના બધી ધૂળધાણી છે. કહો, સમજાણું આમાં? આહાહા..! નિયમસાર.. નિયમસાર.. 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો જેમાં રતન તણાયા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' સમજાય છે કાંઈ? 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો એમાં રતન તણાયા જાય. હીણભાગી કર વાવરે એને શંખલે મુઠીયું ભરાય.' શંખલા હાથ આવે એને. સમજાણું કાંઈ? આહાહા..! જેના મહાભાગ્ય છે એને, કહે છે કે આ વાત કાને પડે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! આ ફેરે અધિકાર આ જ આવ્યો. પ્રવચનસાર પૂરું થઈ ગયુંને. ઓલો નયનો અધિકાર ઝીણો પડ્યો. લેવું છે શું? આ આવ્યું છે હાથ. આવેને ... વર્ષનું ચોમાસું છે. સમજાણું કાંઈ? ભાઈ! તારી નજરું ત્યાં નાખવા લાયક છે એ ચીજ તો ધ્રુવ ચિદાનંદ છે. આહાહા..! અંતર્મુખ, પર્યાયને અંતર્મુખ વાળતા તો અંતર્મુખ જે અંતર વસ્તુ છે તે ધ્યેયમાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાનને અંતરાયના ક્ષયથી ઉત્પન્ન થયેલું દાન એ ક્ષાયિકદાન છે. પોતાનું દાન પોતાને આપે છે. પણ એ પર્યાય છે ક્ષાયિકભાવની. એ પણ ત્રિકાળીભાવ નથી, પારિણામિકસ્વભાવભાવ એ નહિ. 'લાભ,...' એ ભગવાનને લાભ મળ્યો પોતાના સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિનો. એ લાભ હોં! આ લાભ સવાયા તમારે વાણિયા લખે છેને ઓલામાં? ચોપડા ઉપર. ભાઈ! લાભ સવાયા. ધૂળમાંય લાભ નથી સાંભળને! ત્યાં ક્યાં લાભ હતો?

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ ક્યાં ગયા મલૂકચંદભાઈ? ગયા છે? ત્યાં કાનાતળાવ ગયા હશે. સમજાણું કાંઈ?

ભગવાનને લાભ મળ્યો, કહે છે. શેનો? પૂર્ણ નિર્મળ શુદ્ધ પર્યાયનો. એ લાભ મળ્યો એ પણ કાંઈ આશ્રય કરવાલાયક નથી. એ ત્રિકાળી પારિણામિકસ્વભાવ નહિ. એવી પર્યાયનો મોટો કંદ પડ્યો છે ભગવાન. સુખકંદ. આવે છેને ઓલામાં નહિ? 'કબહુ ન નિજઘર આયે...' આવે છેને એ? 'પરઘર ભ્રમત નામ અનેક ધરાયે.' સુખકંદ પ્રભુ આત્મા. શક્કરકંદ હોય છેને શક્કરકંદ? આ શક્કરકંદને શું કહે છે તમારે? શક્કરકંદ નથી કહેતા? શક્કરકંદ. ક્યાંય એમાં રેસો નહિ, રેસો નહિ, તાણો નહિ, દાણો નહિ, કાંઈ નહિ. શક્કરકંદ લાલ હોય છેને? અને એને બાફીને સાકરમાં ખાયને એટલે કાંઈ નડે નહિ. દાંત વિનાના વૃદ્ધ માણસ, બિલકુલ દાંત ન હોય એને પણ (આપો તો ખાઈ જાય) શક્કરકંદ. એવો આત્મા આનંદનો કંદ શક્કરકંદ છે. જેમાં કાંઈ વિકલ્પ નહિ, રાગ નહિ, કાંઈ ભેદ નહિ, અભેદ એકલી ચીજ છે. આહાહા..! આવી વાત ભારે.

એવો પોતાના ભગવાન સ્વરૂપનો લાભ છે એ પણ એક ક્ષાયિકભાવની દશા છે. એ પણ આવરણસહિત કહેવામાં આવે છે. કેમકે એમાં કર્મક્ષયજનિત થયું ને? કર્મના ક્ષયના નિમિત્તપણાનો વ્યવહાર આવ્યો. અહીંયા પુરુષાર્થ કર્યો છે પણ ત્યાં વ્યવહાર ઓલો આવ્યોને? એથી એ લાભને પણ આવરણવાળી દશા કહેવામાં આવે છે.

એ 'ભોગ,...' આત્માના આનંદનો ભોગ. આત્માના આનંદનો ભોગ એ પણ ક્ષાયિક પર્યાય છે, પર્યાય છે. રાગનો ભોગ, પરનો ભોગ એની તો વાત છે નહિ. પણ અતીન્દ્રિય આનંદનો ભોગ. એકવાર ભોગવાય તે ભોગ. અને 'ઉપભોગ,...' વારંવાર આનંદની પર્યાયનો ભોગવટો તે ઉપભોગ. એ પણ પર્યાય છે. ક્ષાયિક... કર્મના ક્ષયજનિત શબ્દ વાપર્યો છે ને? જનિતનો અર્થ નિમિત્ત છે. અહીંયા 'ઉપભોગ,...' એકવાર ભોગવાય તેને ભોગ કહીએ અને વારંવાર ભોગવાય તેને ઉપભોગ. આવે છે ને? આ દાળ, ભાત, રોટલી એકવાર ભોગવાય. અને દાગીના, મકાન આદિ વારંવાર ભોગવાય એને ઉપભોગ કહેવાય. એમ અહીંયા આત્મામાં આનંદની દશાનો ઉપભોગ વારંવાર થાય એવો કેવળીને છે, પણ એ બધો ક્ષાયિકભાવ અને એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ?

અને 'વીર્ય...' અનંત વીર્ય પ્રગટ્યું પ્રભુને. ક્ષાયિકભાવે પ્રગટ્યું. અંતરાયનો નાશ થઈ અનંત... અનંત... અનંત... અનંત... બળ (પ્રગટ થયું). પણ એ ત્રિકાળી બળનો આખો પિંડ, એને હિસાબે તો અંશમાત્ર છે એ તો. આહાહા..! ભગવાનમાં જે વીર્ય–બળ પડ્યું છે અંતર ધ્રુવમાં, એના બળ આગળ તો આ વીર્ય અનંતમા ભાગે, અનંતા અનંતમા ભાગની એ પર્યાય છે. એ પર્યાય પણ આશ્રયકરવા લાયક નથી અથવા એ પર્યાય પણ પરમપારિણામિકભાવમાં છે નહિ અને એ પરમપારિણામિકભાવ એ રૂપે આવતો નથી. શેઠી! લ્યો, એ નવ બોલ થયા ક્ષાયિકના. પર્યાયરૂપે છે. દ્રવ્યરૂપ..? દ્રવ્યરૂપ નહિ, ધ્રુવરૂપ

નહિ, પરમસ્વભાવભાવરૂપ નહિ, માટે તે આશ્રય કરવાલાયક નથી. માટે તેને આવરણવાળા કહેવામાં આવે છે. નવેય બોલને આવરણવાળા કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત! એ કેવળજ્ઞાનને આવરણવાળું (કહ્યું). એ આવરણ હતું અને એથી અભાવની, વ્યવહારે અભાવની અપેક્ષા આવીને? સમજાય છે કાંઈ? પંડિતજી! એવો માર્ગ છે. આહાહા..!

હવે, 'ક્ષયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન,...' લ્યો! મતિજ્ઞાન છેને, મોક્ષના માર્ગનું કારણ મતિજ્ઞાન. મતિજ્ઞાન, જેનાથી આત્મા જણાય કે આ આત્મા છે. 'શ્રુતજ્ઞાન,...' એ પણ પર્યાય છે. જેમાં કર્મના નિમિત્તનો ક્ષયોપશમ (એટલે) અંશે અભાવનું એમાં નિમિત્તપણું આવે છે. માટે તે ક્ષયોપશમભાવ પણ ત્રિકાળી પારિણામિકસ્વભાવમાં છે નહિ. આહાહા..! એ કેવળજ્ઞાનને ધ્રુવસ્વભાવ અડતો નથી એમ કહે છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયથી પણ દ્રવ્ય તો દૂર વર્તે છે. ધ્રુવ.. ધ્રુવ.. આહાહા..! કહો, માસ્તર! મગનલાલ માસ્તર ક્યાં ગયા? જુઓ તો ખરા. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એનાથી ધ્રુવપણું દૂર વર્તે છે, એમાં આવતું નથી. આહાહા..! એ અન્યોન્ય અભાવ. એ અતાત્વિકભાવ એ જાતનો. અતદ્ભાવ. એ જાતનો અન્યોન્ય હોં! ઓલો પુદ્ગલની પર્યાયનો અન્યોન્ય, એ નહિ. પર્યાયમાં દ્રવ્યનો અભાવ, દ્રવ્યમાં પર્યાયનો અભાવ—અતદ્ભાવ. એ તો અલિંગગ્રહણમાં આપણે આવ્યું હતું. સમજાણું કાંઈ? પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! અડતી નથી, સમજ્યા? છુતી નહીં હૈ. કેવળજ્ઞાનકી પર્યાય દ્રવ્યકો છુતી નહીં ઔર દ્રવ્ય ધ્રુવ હૈ વહ પર્યાયકો છુતા નહીં. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ .. એ અઢાર બોલમાં મતિ-શ્રુત આદિ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

**ભાદરવા સુદ ૪, સોમવાર, તા. ૧૫-૯-૧૯૬૯**
**ગાથા-૪૧, પ્રવચન-૭**

આ નિયમસાર અધિકાર છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ, આનંદની પૂર્ણ પ્રાપ્તિનો ઉપાય. એમાં આ અધિકાર શુદ્ધભાવ અધિકાર (છે). શુદ્ધભાવ એટલે ત્રિકાળી નિત્યાનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. તો કહે છે કે શુદ્ધભાવ એ ધ્રુવ છે એમાં, આ ચાલતો અધિકાર છે એવી પર્યાયો એનામાં નથી. શું કહે છે? જુઓ, અહીંયા સુધી આવ્યું છે આપણે.

'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન...' એમ ચાર (જ્ઞાનની પર્યાય). જ્ઞાનગુણ ત્રિકાળી છે, એની ચાર અવસ્થા છે. ક્ષયોપશમ ક્ષયોપશમ છે. પાનું-૮૪. 'ક્ષયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે ...' નથી? પાનું ૮૪ છે ને? ગાથા-૪૨. ૪૧ છેને ગાથા? શું કહે છે? જુઓ! કે આત્મા જે ધ્રુવ ચૈતન્ય એકરૂપ કાયમી અસલી સ્વભાવ, એની દ્રષ્ટિ આપતાં સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શનના કાળમાં સાથે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન થાય. એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમ્યક્ હોવા છતાં એ પર્યાય ધ્રુવમાં નથી.

શ્રોતા :- આવી ક્યાંથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવી ધ્રુવમાંથી એમ કહેવાય અને નહિતર પર્યાય પ્રગટ થઈ સ્વતંત્ર, એમ પણ છે. સમજાય છે કાંઈ?

ધ્રુવ ચિદાનંદ આત્મા, ધર્મ કરનારે દ્રષ્ટિને ત્યાં ધ્રુવમાં સ્થાપવાની છે. ધ્રુવ ચીજમાં દ્રષ્ટિને સ્થાપ્યા વિના ધ્રુવપણાનો આશ્રય થાય નહિ અને કોઈ દિ' એને ધર્મની દશા પ્રગટ થાય નહિ. એથી અહીંયા વર્ણવે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન(રૂપ) જે સમ્યગ્જ્ઞાન છે એ આત્માની પર્યાય છે, પર્યાય છે. એ પર્યાય ત્રિકાળી પરિણામિક સ્વભાવભાવ એમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? તેથી તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ દશા છે તે આશ્રય કરવાલાયક નથી. શોભાલાલજી! સમજાય છે કાંઈ? શું કહ્યું શેઠ? શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન (કે) જે સમ્યગ્જ્ઞાન, આત્માની નિર્મળ પર્યાય છે તે પણ આશ્રય કરવા જેવી નથી. કારણ કે એક સમયની પર્યાય છે એનો આશ્રય કરવા જાય તો એમાંથી કાંઈ નવી પર્યાય આવતી નથી. એ તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? એ એમાં નથી.

'મનઃપર્યયજ્ઞાન...' જે મુનિને હોય છે. સામાના મનની ભૂત, ભવિષ્યની વાત કેટલીક જાણે એ પર્યાય છે, અવસ્થાનો અંશ (-પ્રકાર) છે. એટલો આત્મા નથી. આત્મા ધ્રુવ ચૈતન્ય (છે). આ પર્યાય છે એ તો વ્યવહારનયનો આત્મા છે, અસત્યાર્થ આત્મા છે, એ ત્રિકાળી સ્વરૂપ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? નિત્યાનંદ ભગવાન ધ્રુવ અનાદિ-અનંત નિત્યાનંદનો કંદ પ્રભુ, એનો આશ્રય કરતાં, એનું

અવલંબન કરતાં, તેમાં દ્રષ્ટિને પસારતા સમ્યગ્દર્શન થાય કે તેનો આશ્રય કરતાં સમ્યગ્જ્ઞાન થાય કે સમ્યક્ચારિત્ર, ધ્રુવનું અવલંબન લેતાં ચારિત્રની પર્યાય વીતરાગી થાય. છતાં એ પર્યાય આશ્રય કરવાલાયક નથી. આહાહા..! બહુ ઝીણું. લોકોને તત્ત્વની વાત સાંભળવા મળે નહિ એટલે આ શું કહે છે? એમ એને થઈ જાય છે.

ભાઈ! તું ત્રિકાળ ચિદાનંદ કંદ છો ને. અનંતા સિદ્ધ સમાન સ્વભાવ તારો એક સમયમાં છે. એવો જે ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ, એવો પરમપારિણામિકભાવ, એવો કારણરૂપ સ્વભાવ, એમાં દ્રષ્ટિ આપતાં, એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન આદિ આ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે. પ્રગટ પર્યાય થાય એ પણ આશ્રય કરવાલાયક નથી.

શ્રોતા :- ..અપને આપ હોતી રહેગી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હોતી રહેગી એ વળી દૂસરી બાત હૈ. શેઠ! બહારમાં ઓલા બીડીયુંમાં ગપ્પા માર્યા, એમ અહીંયા ચાલે એવું નથી. કહેવું તો જોઈએને બરાબર, એય! અપનેઆપ ઉત્પન્ન થાય એ પ્રશ્ન અત્યારે છે નહિ.

અહીંયા તો એક સમયની જે અવસ્થા છે તે અંશ છે, એ ત્રિકાળી નથી. અને ત્રિકાળી દ્રવ્યની દ્રષ્ટિ દીધા વિના પૂર્ણ આત્મા દ્રષ્ટિમાં પર્યાયમાં પ્રતીતમાં આવતો નથી. સમજાય છે કાંઈ? ખરેખર તો એ પર્યાયનો કર્તા પર્યાય છે. ધ્રુવ જે છે એ પર્યાયનો કર્તા નથી. કહો, ભીખાભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વ્યવહારથી ભેદનું કથન છે. દ્રવ્ય દ્રવ્યરૂપ છે... એ વ્યાખ્યાન આવ્યું છે, નહિ? જ્ઞાનચક્ષુ પુસ્તક આવ્યું છેને? ૩૨૦ ગાથાનો અર્થ આવ્યો છે બહાર. આવ્યું છે શોભાલાલજી! ગુજરાતી. આ શેઠ પણ અમારે ખુશી થાય છે. બહોત અચ્છી બાત હૈ, કહે છે. ગુજરાતી હૈ ગુજરાતી.

શ્રોતા :- ખોલકર બતાયા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સબ ખોલકર બતાયા હૈ? પણ વાંચ્યું છે તમે? એ વાત છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય (કે) જે સમ્યગ્જ્ઞાનની દશા છે, પણ દશા છેને? એ કાંઈ ધ્રુવ તત્ત્વ નથી. આહાહા..! એક સમયની અવસ્થા (છે) અને એક સમયની અવસ્થા એ કાંઈ પૂર્ણ તત્ત્વ નથી. માટે પૂર્ણ તત્ત્વ જે ધ્રુવ છે એનામાં શ્રદ્ધાને પ્રસારતા જે જ્ઞાનની દશા થાય એ પણ અવસ્થા છે. અવસ્થાની દ્રષ્ટિ કરવી એ પર્યાયદ્રષ્ટિ છે. સમજાય છે કાંઈ? દ્રવ્યદ્રષ્ટિ કરવી તે યથાર્થ દ્રષ્ટિ છે. આહાહા..! સમજાણું? એ વસ્તુ પોતે ભગવાન ચિદાનંદની મૂર્તિ છે એમાં આ ચાર આશ્રય કરવાલાયક નથી.

એમ 'કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન...' એ તો મિથ્યાજ્ઞાન છે, છતાં એ પર્યાય છે. એ પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. 'એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન, અચક્ષુદર્શન ને

અવધિદર્શન...' એવા ત્રણ ભેદથી પર્યાય દર્શનની છે. આંખથી દેખવામાં આવે એના પહેલાં જે દર્શન થાય, એના પછી જે જ્ઞાન થાય એના પહેલાંનો જે ભાવ છે એ ચક્ષુદર્શન એની પર્યાય કહેવામાં આવે છે. છતાં એ પર્યાય ત્રિકાળી સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

એમ અચક્ષુ. આ આંખ સિવાયની ચાર ઇન્દ્રિયોથી જ્ઞાન થવા પહેલાં.. ઇન્દ્રિયથી જ્ઞાન થવા પહેલાં જે ઉપયોગ થાય એ અચક્ષુ દર્શનપર્યાય છે. પણ અચક્ષુદર્શન એ એક સમયની અવસ્થા છે. ભગવાન તો અપરિણામી પરમસ્વભાવરૂપ ધ્રુવ છે. એ ધ્રુવમાં એ પર્યાય છે જ નહિ. આહાહા..! ભારે ભાઈ! શેઠી! આ પારિણામિકભાવની વાત ચાલે છે.

'અવધિદર્શન...' નથી. અવધિદર્શન તો એક સમયની પર્યાય છે-અવસ્થા છે. ભગવાન આત્મા આખો પર્યાયવાન એટલે દ્રવ્યસ્વભાવ છે. એ દ્રવ્યસ્વભાવ જે ધ્રુવ ચિદાનંદ આનંદકંદ જે નિત્યાનંદ એમાં લક્ષ કરવાથી જે શ્રદ્ધા, જ્ઞાન થાય તે ધર્મ છે. પણ એ ધર્મની પર્યાય પણ ત્રિકાળી ધ્રુવમાં નથી. આહાહા..! ભારે કામ ભાઈ! આવો વીતરાગમાર્ગ એને ખબર નથી. સાંભળ્યો નથી, સાંભળવામાં આવતો નથી. બહારમાં કડાકૂટની માથાકૂટમાં મરે છે. સમજાણું કાંઈ? કહે છે, એમાં દર્શન(પર્યાય) નથી.

'કાળલબ્ધિ,...' ક્ષયોપશમલબ્ધિ. આ સમકિત પામવા પહેલાં એવી લબ્ધિઓ થાય છેને? કાળલબ્ધિ છેને? એનો અર્થ ક્ષયોપશમલબ્ધિ છે. 'કરણલબ્ધિ,...' લ્યો ઓલા કહે છેને કે કરણલબ્ધિ વડે આત્મા પ્રાપ્ત થાય. એ પર્યાય છે કહે છે. પર્યાય એ દ્રવ્યમાં–ધ્રુવમાં નથી. ધ્રુવ છે તે અંશ ત્રિકાળી અખંડાનંદ પરમાનંદનો પિંડ કંદ સુખકંદ છે. આહાહા..! હવે એ વાત કેમ બેસે? લાગે કે આવો આત્મા. ક્યાંય નજરે દેખાય નહિ બહારમાં. બહારમાં દેખે તો આ ભાળે શરીર, વાણી. અંદરમાં જોવે તો રાગ ને દ્વેષ ને પુણ્ય, પાપ. બહુ તો પ્રગટ અવસ્થા ઉપર એનું લક્ષ જાય. અપ્રગટ એવો ભગવાન ચિદાનંદ ધ્રુવ તત્ત્વ છે એને અહીંયા ભગવાન શુદ્ધભાવ કહે છે અને એ શુદ્ધભાવનો આશ્રય કરીને ધર્મ થાય છે. બાકી પર્યાયનો આશ્રય કરીને પણ ધર્મ થતો નથી. સ્વરૂપચંદભાઈ! આવું છે. આહાહા..! અહીં તો હજી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે તે એનાથી ધર્મમાં મદદ મળે. અરે..! ક્યાં તું અટક્યો? ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ 'કાળલબ્ધિ,...' એટલે ક્ષયોપશમલબ્ધિ, 'કરણલબ્ધિ, ઉપદેશલબ્ધિ...' એટલે દેશનાલબ્ધિ. દેશના મળેને જ્ઞાનીની, સમ્યક્ પામવા પહેલાં. અને 'ઉપશમલબ્ધિ...' એટલે વિશુદ્ધિલબ્ધિ. 'ને પ્રાયોગ્યતાલબ્ધિ...' એટલે કર્મની ઘટેલી સ્થિતિ એવો પ્રાયોગ્યલબ્ધિકાળ. 'એવા ભેદને લીધે લબ્ધિ પાંચ; વેદકસમ્યક્ત્વ;...' એટલે ક્ષયોપશમસમકિત. અને 'વેદકચારિત્ર;...' એટલે ક્ષયોપશમ ચારિત્ર 'અને સંયમાસંયમપરિણતિ...' એ શ્રાવકની સંયમાસંયમ પર્યાયદશા એ પણ ધ્રુવસ્વરૂપમાં નથી.

શ્રોતા :- આ પાંચ લબ્ધિઓ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનું કાંઈ નહિ. એ તો ગમે તે.. એ તો એમ... એ પછી આવા શબ્દ આવે છે. છેને? ૩૧૩ પાને છે. ૩૧૩ પાને પણ એ લીધું. ભાઈ! આવા આવા જીવો છે, તું કોની સાથે વાદવિવાદ કરીશ? અનેક પ્રકારની પર્યાયની પ્રાપ્તિવાળા જીવો કોઈ ક્ષયોપશમ... સમજાય છે? કોની સાથે વાદવિવાદ કરીશ? સ્વસમય સાથે પણ સિદ્ધાંતનો તું વાદ કરીશ નહિ, પરસમય સાથે તું વાદવિવાદ કરીશ નહિ બાપુ! જગતની પર્યાયની અનેક વિચિત્રતા છે. એને બેઠી હોય એમાંથી એને ખસવું નહિ ગોઠે. કોઈની સાથ વાદવિવાદ કરીશ નહિ.

જેમ નિધાન ખાનગી કોઈ કરોડ, અબજો રૂપિયાનું રતન મળી જાય, એ એકલો ખાનગી ખાય. એ કાંઈ ઢોલ ન પીટે કે મને પાંચ કરોડ મળ્યા.. પાંચ કરોડ મળ્યા. ઢોલ સમજો છો? શું કહે છે? ઢોલ. એ ગામમાં ઢોલ પીટે છે? કે મારે દશ કરોડ રૂપિયાનું એક નિધાન નીકળ્યું છે. એ ખાનગી કરીને ભોગવે.

શ્રોતા :- એ તો કાંઈ બીજાને વાત કરાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બીજાને વાત કરે તો (કહે) લાવો. ગોત્રવાળા હોય, કુટુંબી હોય, ફોજદાર હોય, બધા .. ઓલા કહે અમારામાંથી નીકળ્યું છે, અમારી જમીનમાંથી નીકળ્યું છે. એ જમીન અમારી છે. ઓલો કહે, અમારી જમીન હતી. એ અમારું મકાન હતું પૂર્વે પચાસ-સો વર્ષ પહેલાં. અમારા બાપ-દાદાની હતી માટે તમને વેચાતું દીધું, પણ એ કાંઈ પૈસા નથી વેચાતા આપ્યા. લાવો અમારો માલ. એય..! આ તો એક વાત છે. નીકળે છે એવી નિધિ એ જાતની. એ નિધિ-નિધાન દેખીને ગામમાં પડકાર ન કરે, એનો પોકાર ન કરે કે અમને મળ્યું છે રે, અમને પાંચ કરોડનું નિધાન મળ્યું. શું કરવા? એકકોર બેઠો ખાને.

એમ કહે છે કે જેને જ્ઞાનનિધિ પ્રાપ્ત થાય, આત્મા પુણ્ય-પાપના વિકલ્પ રાગ વિનાનો અને એક સમયની પર્યાય વિનાનો ધ્રુવ, એવા સમ્યગ્દર્શનમાં એ આત્મા પ્રાપ્ત થાય, એ નિધિને એકલો ભોગવે, બહારમાં કાંઈ પ્રસાર કરે નહિ કે અમને આમ થયું છે, અમને સમ્યક્ થયું છે, અમને જ્ઞાન થયું છે. એ રાખને તારી પાસે હવે, બહારનું શું કામ છે તારે? સમજાણું કાંઈ? અજ્ઞાની તો જાણે બહાર બતાવું બીજાને, તો બીજાઓ મને માને કે આ ધર્મ પામેલો છે અને આવો છે ને આવો છે. હવે સાંભળને! હેરાન કરશે. એનો સંગ કરવો રાજાનો, મોટાઓનો સંગ કરવો એમાં રાગ થાય છે. સમજાય છે? અને એવા પ્રશ્ન-ઉત્તર કરે કે જેનું સમાધાન કરવા રોકાવું પડે, મૂકને પડતી હવે એ. એમ કહે છે. સમજાણું કાંઈ? આ વસ્તુ....

કહે છે કે એવા ક્ષયોપશમભાવ આદિ એનામાં નથી. પર્યાયરૂપે છે એમ પાછું સિદ્ધ કર્યું છે. પર્યાયરૂપ છે, ધ્રુવમાં એ નથી. સમજાણું કાંઈ? એમ 'ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે : નરકગતિ,...' એ નરકની ગતિ એ વસ્તુમાં નથી. આહાહા..! 'તિર્યંચગતિ,...' નિગોદની ગતિ આદિ માંડીને પશુ. 'મનુષ્યગતિ ને દેવગતિ એવા ભેદને લીધે ગતિ ચાર;...' એ પણ આત્માના ધ્રુવસ્વભાવમાં નથી. અને ગતિનો આશ્રય કરવા જેવો નથી કે મનુષ્યપણું મળ્યું માટે એને લઈને અમને ધર્મ થાય.

શ્રોતા :- સંજ્ઞીપણું મળ્યું હોય તો થાયને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં એમ છે નહિ અહીં તો ગતિનું ચાલે છેને? મનુષ્યગતિ મળી માટે ધર્મ થાય, દેવગતિ મળી ને, એને લઈને પછી આપણને ધર્મ થાય. દેવગતિ હોય તો ભગવાન પાસે જવાય. ધૂળમાંય નહિ જા. સાંભળને! ત્યાં ભગવાન પાસે જા એ તો બહારની વાત છે. આ ભગવાન પાસે ગયા વિના ધર્મ થાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સત્ શાશ્વત આત્મા, ધ્રુવ પરમસ્વભાવ, કારણપ્રભુ, કારણજીવ અને શુદ્ધભાવ એને કહીએ. એના ઉપર દ્રષ્ટિ દેતાં... એ નિષ્ક્રિય આત્મા છે. આહાહા..! જેમાં ગતિ આદિની ક્રિયા નથી. દયા, દાનના વિકલ્પની ક્રિયા પણ એમાં નથી. એવો નિષ્ક્રિય ધ્રુવ ભગવાન, એને અંદર દ્રષ્ટિ આપતાં તેને સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે, છતાં થયેલી પર્યાય પણ આશ્રય કરવા જેવી નથી. આહાહા..! જગતથી ઘણો ફેરને. વાડામાં–સંપ્રદાયમાં આ વાત સાંભળવા મળે નહિ. આહાહા..! બિચારાને આવો વખત આવો મનુષ્યદેહ... અરે..! પર્યાયદ્રષ્ટિ છોડ અને દ્રવ્યદ્રષ્ટિ કર એમ વાત છે આ તો. આહાહા..! ચાર ગતિ (થઈ).

એ ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાય. એમાં શુભ અને અશુભ બેય ભાવ આવી ગયા. એ શુભ અને અશુભ, પુણ્ય અને પાપના ભાવ એ ચાર કષાયમાં આવી જાય છે. દયા, દાન, વ્રતના પરિણામ પણ કષાયમાં આવે છે. રાગ છે એ. હિંસા, જૂઠું, ચોરી એના પરિણામ પણ અશુભભાવરૂપી કષાય છે. એ ચાર કષાયો છે. આત્મામાં–ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? એ જેમાં નથી તેમાં તેનો આશ્રય લેવા લાયક છે. સમજાણું? ચાર કષાયો.

'સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ...' એ નથી. ભાવલિંગની વાત છે હોં આ. સ્ત્રીના વિષયની વાસના, પુરુષની વાસના એ ત્રણ લિંગ–ભાવલિંગ ઉદયભાવ છે. વિકારની વાસના સ્ત્રીને ઉત્પન્ન થાય, પુરુષને થાય, નપુસંક પાવૈયાને (થાય) એ વિકૃત અવસ્થા ધ્રુવ ભગવાન આત્મામાં નથી. સમજાય છે કાંઈ? એવી નિર્લેપ ચૈતન્યભીંત ધ્રુવ પડી છે. એવી નિર્લેપ ભીંત દ્રવ્યસ્વભાવ તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે, બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

'સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...' છે. સામાન્યપણે. આમ એના પ્રકાર અસંખ્ય છે. મિથ્યાદર્શન એક છે. એ આત્માના સ્વભાવમાં નથી. ધ્રુવસ્વભાવ જેમાંથી સમ્યગ્દર્શન પ્રગટ થાય એ ધર્મની પહેલી દશા. આહાહા..! સમ્યગ્દર્શન એ ધર્મની પહેલી દશા, પહેલું સોપાન છે. એ વિના ધર્મ હોય નહિ. એ સમ્યગ્દર્શન પણ ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ આપતા સમ્યક્ થાય છે. સમજાણું કાંઈ? કેટલાક રાડું પાડે છેને કે આ ભગવાનના દર્શનથી સમકિત થાય, પ્રતિમાના દર્શનથી થાય. બાપુ! એ તો શુભભાવ હોય છે. એ તો જેમ નામસ્મરણ હોય છે એમ સ્થાપનાનો, પૂજા આદિનો ભાવ (હોય છે), પણ એ બધો શુભ વિકલ્પ રાગ છે. એ રાગ એ ધર્મ નથી અને રાગને આશ્રયે ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! હવે આવા મોટા મોટા પાંચ લાખના મંદિર કરવા.. આગમ મંદિર. વળી કહેવું કે એને

આશ્રયે ધર્મ નહિ. એય..! મૂળચંદભાઈ! આ નવનીતભાઈ રહ્યા લ્યોને, શેઠિયા કહેવાયને પ્રમુખ. લ્યો! ફૂલચંદજીના વખાણ આવ્યા છે કે આગમ તો ગુરુ કહેવાય, આગમ તો દેવ કહેવાય. માટે આગમનું બરાબર રક્ષણ કરજે. એય..! એને વંચાવ્યું કે નહિ? એને કરવાનું છેને વજુભાઈને. પાંચ લાખ ઉપર અક્ષરો. હવે એ અક્ષરો કોતરવા ને એ બધું... કહે છે કે એ તો ચીજ જ્યારે બનવાની હોય છેને ત્યારે એ પરમાણુથી બને છે. એય..! શોભાલાલજી! અને તેમાં જીવનો શુભભાવ નિમિત્ત હોય, પણ એ શુભભાવ પણ પુણ્ય છે. (પણ) પુણ્ય છે માટે પુણ્ય(ભાવ) ન આવે એમ નથી. સમજાણું? ઘણાના એવા લેખ આવે છે. એક આજ આવ્યો છે. આ ઓલા વાસુદાવાળા. એય..! વાસુદા છેને તમારે? શું ગામ ઓલું? વાસુદા. વૃદ્ધ છે વૃદ્ધ. ૮૦ વર્ષના રતિલાલ કેવા? ૮૦ વર્ષની ઉંમરના છે. રતિલાલ કે એવું નામ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ રતિચંદ. એનો પત્ર છે લ્યો. રતિચંદ રામલાલ. ગામ-વાસોદા. એને એમ કે મોક્ષ તો... આ લોકો મૂર્તિ ન માને ને? એટલે આ લોકો મૂર્તિ માને છે અને મૂર્તિની પૂજા એ કરવા જેવી નથી એમ કરીને તું ભાવમોક્ષને ઉથાપે છે. પણ સાંભળ તો ખરો. એ ભગવાનનું નામસ્મરણ કરવું એ તો વિકલ્પ રાગ છે, એ ધર્મ નથી કંઈ, પણ આવ્યા વિના રહેતો નથી. એવી વસ્તુની સ્થિતિ છે. મોટો કાગળ છે લાંબો. પહેલા એક ફેરી આવ્યો હતો. જાણે કે આ મૂર્તિ માને છે ને આ લોકોને મૂર્તિની જરૂર નથી. કુંદકુંદાચાર્યે તો અધ્યાત્મની વાત કરી છે. અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ જેમ નામસ્મરણ ભગવાનનું, પરમેષ્ઠીનું નામ... નમો સિદ્ધાણં, લ્યો એ પણ વિકલ્પ રાગ છે. એમ ભગવાનની મૂર્તિની સ્થાપના અને પૂજા આદિનો પણ શુભરાગ હોય છે, ત્યારે કોઈ કહે, એ તો શુભરાગ છે માટે ન કરવો. પણ ન કરવાની ક્યાં વાત છે? આવ્યા વિના રહેતો નથી. નમો અરિહંતાણં. એમ કરે કે નહિ? ગમે તેવો હોય તો. ગણધર ચાર જ્ઞાનના ધણી. લ્યો! શાસ્ત્ર રચે તો નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં... નમો લોએ સવ્વ અરિહંતાણં. ત્રણ કાળના લોકમાં બિરાજતા અરિહંતોને મારા નમસ્કાર. લ્યો, એ તો વિકલ્પ છે. આવે છે એને પુણ્ય કહેવામાં આવે છે, ધર્મ નહિ. ત્યારે કહે કે ધર્મ નથી, માટે કરવો નહિ. કરવો નહિ એટલે શું પણ? આહાહા..! માટે આપણે ધર્મ કરવો. સમજાય છે? પણ ભાઈ! એ ધર્મ કરનારની દ્રષ્ટિ તો આત્મા ઉપર હોય છે. અને આત્માને આશ્રયે ધર્મ થાય, બાકી કોઈને આશ્રયે ધર્મ થતો નથી. પણ ધર્મમાં જ્યાં સુધી વીતરાગતા ન આવે, ત્યાં સુધી ભગવાનનું નામસ્મરણ, એમ સ્થાપના અને પૂજાનો ભાવ પણ આવ્યા વિના રહે નહિ. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે છેને. ઓલા પાપથી બચવા એવો ભાવ હોય છે, પણ ધર્મી એને પુણ્યબંધનું કારણ જાણે છે, એ ધર્મ જાણતો નથી. માટે કોઈ કહે કે કરી દ્યો નિષેધ. નિષેધ કરો. પણ નિષેધ કરવો એટલે શું? વીતરાગભાવપણે પરિણમી જાય તો એને શુભભાવ ન હોય પછી. સમજાણું કાંઈ? અને શુભભાવ આવ્યો માટે એની દ્રષ્ટિ શુદ્ધ ઉપર છે એવો પણ અર્થ નથી. આહાહા..! ભારે વાતું

ભાઈ! સ્યાદ્વાદનું ખરું.... નમો અરિહંતાણં. અંદરથી લ્યો. નમો સિદ્ધાણં. આ શાસ્ત્રને સાંભળવા એ શુભરાગ છે, લ્યો. વાણી પર છે, જડ છે, પર છે. એને સાંભળવાનો ભાવ એ શુભ વિકલ્પ છે. ત્યારે કહે, એ તો પુણ્ય વિકલ્પ છેને? કરવો નહિ. કરવો નહિ (એમ નહીં), પણ આવ્યા વિના રહે નહિ, સાંભળને. સમજાણું કાંઈ? છતાં તેને ધર્મી ધર્મ માનતો નથી. આહાહા..!

કામ એવું છે, વીતરાગના તત્ત્વની સમજણ કરવી. કોઈકે કાંઈક ખેંચ્યું અને કોઈકે કાંઈક ખેંચ્યું. કોઈ એક જણાએ વળી પ્રતિમા ઉથાપી, ત્યારે બીજો કહે પ્રતિમાથી જ ધર્મ થાય, મોક્ષ થાય. ધૂળમાંય નહિ થાય, સાંભળને! અહીં તો સાક્ષાત્ સમવસરણમાં ત્રિલોકનાથ બિરાજતા હોય, એનો જે પૂજાનો ભાવ આવે એ પણ એક શુભભાવ છે, ધર્મ નહિ, સંવર, નિર્જરા નહિ. એય..! આહાહા..!

ધર્મ તો... ભગવાન! એ વિકલ્પનો આશ્રય તો નહિ, પણ જે રાગ આવ્યો એ એક સમયની પર્યાય છે એનું જ્ઞાન થાય. એ જ્ઞાન થાય એનો પણ આશ્રય નહિ. ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે ભગવાન એનો અંતર આશ્રય કરે ત્યારે સમ્યગ્દર્શન થાય, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય. શાસ્ત્ર ભણી ભણીને ભણે તો એને આશ્રયે જ્ઞાન ન થાય એમ કહે છે. જ્ઞાન અંદરમાંથી આવવું જોઈએ. ધ્રુવ ચિદાનંદની ખાણ છે. આવ્યું હતુંને આપણે? આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ સનાથ છે. એની દ્રષ્ટિ થતાં જે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. છતાં તે જ્ઞાન પર્યાય છે, એ ધ્રુવમાં નથી. માટે પર્યાયનો આશ્રય, અવલંબન કરવા જેવું નથી. આહાહા..! ભારે કામ ભાઈ! આવે અને આશ્રય કરવા જેવો નહિ. નવનીતભાઈ!

કહે છે કે મિથ્યાદર્શન એ પણ જીવમાં નથી. 'અજ્ઞાન એક અને અસંયમતા એક;...' અજ્ઞાન આવે છેને બારમા ગુણસ્થાન સુધી? જીવમાં છે નહિ. અજ્ઞાન એટલે? બારમા ગુણસ્થાન સુધી હજી કેવળજ્ઞાનનો અભાવ છે ત્યાં સુધી, મિથ્યાજ્ઞાન એમ નહિ પણ અજ્ઞાન. મિથ્યાજ્ઞાન તો ઓલામાં ત્રણમાં ગયું. એ અજ્ઞાન પણ વસ્તુના ધ્રુવસ્વરૂપમાં નથી. 'અસંયમતા,...' અસંયમપણું–અચારિત્રપણું એ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. જ્યાં ધ્રુવ છે ત્યાં દ્રષ્ટિ દેવા જેવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અસિદ્ધત્વ એક;...' લ્યો, આ અસિદ્ધપણું. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધપણું કહેવામાં આવે છે. એ પણ દ્રવ્યમાં–ધ્રુવમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને છ લેશ્યા. 'શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, પીતલેશ્યા,...' એ ત્રણ શુભલેશ્યા, શુભભાવ છે. એ પુણ્યના ભાવ છે ત્રણ. શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, પીતલેશ્યા એ ત્રણ શુભભાવ છે. દયા, દાન, વ્રતના શુભભાવ છે. એ પણ દ્રવ્યમાં છે નહિ. અને 'કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...' એ ત્રણ પાપ પરિણામના ભાવ છે. એ પણ વસ્તુ-દ્રવ્યમાં પ્રભુ મહાબિરાજે ચૈતન્ય ભગવાન નિત્યાનંદ અક્રિય, નિષ્ક્રિયબિંબ એમાં એ છ લેશ્યાઓ છે નહિ. બલુભાઈ! આ બહુ વિચારવા, સમજવા જેવું છે. થોડુંઘણું ઉપરટપકે સમજીને બેસી જાય એમાં મેળ નહિ ખાય, એમ કહે છે. પણ ધંધા કરવા દશ દશ લાખના .... ફલાણું.. એમાં કેટલો વખત જાય. એમાં આ થોડુંઘણું સમજી લઈએ એટલે થઈ જશે. એમ નહિ થાય.

'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે :...' હવે પારિણામિકભાવના ત્રણ ભેદ. શેઠ! શેઠી! એક 'જીવત્વપારિણામિકભાવ...' એ જીવનો ત્રિકાળી પારિણામિકભાવ. એક ભવ્યત્વપારિણામિક (એટલે) ભવ્યજીવની ભવ્ય પર્યાય. અને 'અભવ્યત્વપારિણામિકભાવ. આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...' જીવત્વ પરિણામ તો ભવિ, અભવિ—બેયને હોય છે. જીવત્વસ્વભાવ, ત્રિકાળી જીવત્વસ્વભાવ, જીવત્વશક્તિવાળું આખું તત્ત્વ ધ્રુવ. સમજાણું કાંઈ? એ તો ભવ્ય, અભવ્ય—બેયને હોય છે.

'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...' ઓલા ત્રણનો ખુલાસો કરે છે. જીવત્વપરિણામિકભાવ ભવ્ય, અભવ્ય બેયને હોય છે. ભવિ, અભવિ પર્યાય, પણ એના પરિણામ જે ત્રિકાળી જીવત્વભાવ એ તો બેયને હોય છે. ધ્રુવ પરિણામિક સ્વભાવ અભવિને પણ હોય છે અને ભવિને પણ હોય છે. લ્યો! પણ ભવિને આશ્રય કરીને પ્રગટ થઈ શકે છે, અભવિને આશ્રયનો વ્યવહાર થઈ શકતો નથી. એની લાયકાતમાં એ નથી.

આવો દાખલો આપ્યો છે. મેરુ પર્વતની નીચે સોનું છે. સોનું.. સોનું.. એ કાંઈ કોઈને કામમાં આવતું નથી. એમ અભવ્યને પરમપારિણામિકસ્વભાવ છે, પણ તેનો આશ્રય લઈને પર્યાય પ્રગટ થાય એવી એની લાયકાત નથી. સમજાણું કાંઈ? મહા નિધાન છે અભવિને પણ. 'સર્વ જીવ છે જ્ઞાનમય' અથવા 'સર્વ જીવ છે સિદ્ધસમ.' યોગસારમાં આવે છે. સર્વ જીવ છે જ્ઞાનમય. અભવિ પણ જ્ઞાનનો પિંડ જ છે. વસ્તુ તો જ્ઞાનનો પિંડ છે. પણ પર્યાયમાં એ અંતરનો આશ્રય લે એવી એનામાં યોગ્યતા નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

જુઓને! જીવત્વપારિણામિકભાવ (અર્થાત્) ત્રિકાળી જીવપણું, આનંદ, જ્ઞાન, શાંતિ આદિ જે એનું જીવનું જીવપણું. આત્માનું આત્મપણું ત્રિકાળી એવો ધ્રુવસ્વભાવ પરમપારિણામિકભાવ ભવ્યોને અને અભવ્યોને બેયને હોય છે. 'ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે.' ઓલી બે વાત કરીને. 'અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે. આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.'

'પાંચ ભાવો મધ્યે...' હવે ક્ષાયિકભાવ પહેલી છે એની પર્યાયની વાત કરે છે. 'ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...' એ કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકસમકિત એમાં સુખ આવી ગયું. અને દાન, લાભ અને ભોગ, ઉપભોગ.—એવી પર્યાય સર્વજ્ઞ પરમેશ્વરને પ્રગટ થાય છે તેને કાર્યસમયસાર કહે છે. પર્યાય-પ્રગટ દશાને કાર્યસમયસાર કહે છે. ત્રિકાળી ભગવાનને કારણસમયસાર કહે છે. મોક્ષમાર્ગને પણ કારણસમયસાર (કહે છે, પણ) એ પર્યાયરૂપે. પણ ત્રિકાળી ધ્રુવ જે છે એ કારણસમયસાર છે. ધ્રુવ ચિદાનંદ શુદ્ધ આત્મા, એની દ્રષ્ટિ કરતાં—એ કારણની દ્રષ્ટિ કરતાં—સમ્યગ્દર્શન, જ્ઞાન, શુક્લધ્યાન, કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? સાધારણ ભેજાવાળાને તો (એમ થાય કે) શું કહે છે આ બધું? જૈનમાં જન્મ્યા એને ખબર ન મળે. વાડામાં ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ ગાળ્યા તોય એને એવું લાગે કે આ શું કહે છે?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એની વાણીમાં આવું તત્ત્વ આવ્યું છે કે એ ક્ષાયિકદશા જે છે... માથે નવ બોલ કહ્યા ને? એ કાર્યસમયસાર 'ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણાવડે પ્રાપ્ત થતાં સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે.' ક્ષાયિક પર્યાય કોને હોય છે? કે આ તીર્થંકરને હોય છે, કેવળ (થતાં) કાં કેવળીને હોય છે અને કાં સિદ્ધને. તો એ પર્યાય પણ એક સમયની દશા છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, કેવો ભાવ છે? અહીં તીર્થંકરને પહેલું લીધું છે મુખ્ય તો. કેવળજ્ઞાન, કેવળદર્શન એ ત્રણ લોકના પ્રક્ષોભના હેતુ.... ખળભળાટ. તીર્થંકરના જન્મ કલ્યાણક પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ થાય છે. ભગવાન જ્યાં જન્મે ત્યાં નારકીના જીવને પણ જરી શાતા થાય. આનંદ એટલે આ હોં! અતીન્દ્રિય આનંદની વાત નથી. એક તીર્થંકર જન્મે અને અતીન્દ્રિય આનંદ બીજાને થાય તો તો અતીન્દ્રિય આનંદ થાય એ મોક્ષ ગયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એટલી પુણ્ય પ્રકૃતિ લઈને આવ્યા છે કે જેના જન્મ કાળે ચૌદ બ્રહ્માંડમાં જરી શાતા થઈ જાય.—એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ખળભળાટ (અર્થ) કર્યો છે ને? જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એ પ્રસંગે ત્રણ લોકમાં આનંદમય ખળભળાટ થાય છે. અહો..! દેવોને એમ થાય કે કોણ જન્મ્યું? કોણ જન્મ્યું? અવધિજ્ઞાન મૂકતાં (ખબર પડે છે કે) ઓહો..! તીર્થંકરદેવનો ભરતમાં, મહાવિદેહમાં કે ઐરાવતમાં જન્મ થયો. નીચે ઉતરી જાય પોતે. જ્યાં દેખે. આસન ઉપર બેઠા હોય, મહા અસંખ્ય દેવના સ્વામી છે. એની પુણ્યની પ્રકૃતિ શું કહેવી? એની પવિત્રતા તો સમકિતદ્રષ્ટિ છે એ તો. સુધર્મ ઇન્દ્ર અને ઇશાન ઇન્દ્રાદિ. પણ એની પુણ્ય પ્રકૃતિ એવી હોય છે કે હજારો સૂર્યના ચાંદણાના પ્રકાશ જેવું તો એનું શરીર હોય છે. સમજાય છે? એ એકદમ આમ ખળભળાટ (થતાં), શું થયું? ઉપયોગ મૂકે છે, ઓહો..! તીર્થંકરનો ભરતક્ષેત્રમાં અવતાર થયો છે. હેઠે ઉતરી જાય છે, સાત પગલાં ભરીને પગે લાગે છે.

કહે છે કે પણ એવો ક્ષાયિકભાવ... આહાહા..! એ ત્રિકાળી વસ્તુનું સ્વરૂપ નથી. પર્યાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જગત નાશવાન, દુનિયા નાશવાન, આ કેવળજ્ઞાનની પર્યાય નાશવાન. અવિનાશી તો ભગવાન ધ્રુવતત્ત્વ તે અવિનાશી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને અથવા સિદ્ધ ભગવાનને હોય છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયિપશમિક ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.'–સિદ્ધને (નહિ). એ ઉદયભાવ, ક્ષયોપશમભાવ સંસારીને હોય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની હોય તીર્થંકર ત્યાં પણ એને હજી કેવળજ્ઞાનમાં ઉદયભાવ હોય છે જરી, (પણ) એને ક્ષયોપશમભાવ હોતો નથી.

હવે કહે છે, 'પૂર્વોક્ત ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.' આહાહા..! એ ગતિ મુક્તિનું કારણ નથી, શુક્લલેશ્યા, શુભભાવ દયા-દાનનો એ મુક્તિનું કારણ નથી. આ ઉપશમસમકિત અને ઉપશમચારિત્ર એ મુક્તિનું કારણ નથી. આહાહા..! ક્ષાયિકસમકિત અને

ક્ષાયિકકેવળજ્ઞાન એ મુક્તિનું કારણ નથી. કેમ? કે ચારેય ભાવો આવરણસંયુક્ત હોવાથી.... જુઓ! આનો અર્થ ન સમજાય તો ગોટા વાળે. લ્યો, આ તો ચાર ભાવને આવરણવાળા કહ્યા. સાંભળને! કઈ અપેક્ષાએ કહ્યા એ? પર્યાય છે એ તો. પર્યાય છે એટલે કર્મના નિમિત્તના સદ્ભાવનો એમાં અભાવ છે, એટલી અપેક્ષા આવે માટે એને આવરણવાળા કહ્યા છે. ત્રિકાળી ભગવાન ધ્રુવ તત્ત્વ તે નિરાવરણ પરમસ્વભાવ છે. ચૈતન્યસૂર્ય ભગવાન ધ્રુવ અંદર છે એ જ નિરાવરણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા કહે છે કે ટીકા કરીને તો સમૂળગું... શું કહે છે? ક્લિષ્ટ કર્યું. અરે..! તને સમજતા નથી આવડતું. સાંભળને!

શ્લોક પણ શું કહે છે અહીં? **'णो खइयभावठाणा'** કુંદકુંદાચાર્ય તો કહે છે કે આત્મામાં ક્ષાયિકભાવ નથી. એનો ખુલાસો કર્યો છે ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..! ક્ષાયિકભાવ પણ એક સમયની પર્યાય છે, નાશવાન છે, નવી ઉત્પન્ન થાય, જૂની જાય, નવી ઉત્પન્ન થાય, જૂની જાય. આહાહા..! ભગવાન (આત્મા) અવિનાશી છે અંદર. સમજાણું?

કહે છે, એ પાંચ ભાવમાં ચાર ભાવ તો આવરણસંયુક્ત છે. એનો અર્થ સમજાય છે આમાં? આવરણ એટલે એને આવરણ હતું અને એનો અભાવ થયો તેથી તેને એ અપેક્ષાએ આવરણસંયુક્ત કહેવામાં આવે છે. ત્રિકાળી દ્રવ્યને આવરણ પણ નથી અને આવરણનો અભાવ થવો એવું એમાં છે નહિ. આહાહા..! આ તો અલૌકિક વાત છે શેઠ! આહાહા..! પૂર્વોક્તના.. પૂર્વે કહ્યા, એમ થયુંને? ચાર ભાવ એટલે ચાર પર્યાયો. ચાર પ્રકારની આ પર્યાય જેટલી કીધી. ૯, ૧૮, ૨૧ અને ૩ (જે) ભેદ પાડ્યા એ મુક્તિનું કારણ નથી. આહાહા..! એ ક્ષાયિક સમકિત મુક્તિનું કારણ નથી. કેમકે એક સમયની પર્યાય છે એ તો. ત્રિકાળ ભગવાન કેવો... હવે જુઓ.

'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...' ભગવાન ધ્રુવ ચૈતન્ય પ્રભુ, ધ્રુવ વજ્રબિંબ ચૈતન્ય છે ત્રિકાળી વસ્તુ પોતે આત્મા, એ ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે. ત્રણે કાળે જેને નિમિત્ત અને નિમિત્તના અભાવનું એમાં સ્વરૂપ છે નહિ. નિરુપાધિસ્વરૂપ છે. ભગવાન આત્મા પરમસ્વભાવભાવ, પરમસ્વભાવભાવ, પરમપારિણામિક કારણરૂપ ભગવાન એ તો ત્રણ કાળમાં નિરુપાધિસ્વરૂપ છે. એવો તું છો. સમજાય છે કાંઈ? નિગોદનો આત્મા પણ ધ્રુવ છે એ (પણ) ત્રિકાળ નિરુપાધિ જ છે. અભવિનો આત્મા ધ્રુવ જે છે એ પણ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ જ છે.

'ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન...' જેને અંજન નામ મેલ નથી. 'નિજ પરમ પંચમભાવ...' આ નિજ પંચમ પરમભાવ (એટલે) પોતાનો પરમ પંચમભાવ. ભગવાનનો ભગવાન પાસે રહ્યો. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ કહે છે કે સમ્યગ્દર્શન થતું નથી. લખાણ આવે વ્યવહારના હોં. સાતમી નરકમાં વેદનાથી સમકિત થાય, ભગવાનના દર્શનથી થાય. એ થાય ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી સમ્યગ્દર્શન થાય એ તો આત્મા ધ્રુવની અંતર દ્રષ્ટિ કરે તો જ થાય. સમજાણું કાંઈ? ભગવાનના ખૂબ દર્શન કરે, પ્રતિમાની ખૂબ પૂજા કરે અને ખૂબ ભક્તિ કરે આખો દિ'

(તો) સમ્યગ્દર્શન થાય. ના. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એક તો પૂજા અને ભક્તિ કહેવી અને વળી કહે એનાથી ધર્મ ન થાય અને મુક્તિ ન થાય. શેઠ! ભાઈ! એ તો શુભભાવ હોય છે, પણ એ વસ્તુમાં તો છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે 'નિજ પરમ પંચમભાવ...' પોતાનો પરમ પંચમભાવ. કારણ કે ઓલી પર્યાયને પણ ક્ષાયિકભાવની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય કહેવાય છે. પણ આ તો નિજ પરમ પંચમભાવ. પોતાનો નિત્ય સ્વભાવ કાયમ વસ્તુ છે ને? છે, છે ને છે. છે... છે... છે... છે... છે... છે... છે... ત્રણે કાળે છે. એવું 'છે' એવું ધ્રુવતત્ત્વ અનંત ગુણના પિંડરૂપ સ્વભાવ તત્ત્વ એ નિજ પરમ પંચમભાવ છે. લ્યો શેઠી! આહાહા..! એને અંતર્મુખ થઈને નજરમાં કર્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ?

આ કેવળજ્ઞાન આદિને અહીં તો બહિર્તત્ત્વ કહ્યા છે ભાઈ! એ પહેલી ગાથામાં આવી ગયું છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકસમકિત અને નિર્મળ વીતરાગ ચારિત્ર એ પણ બહિર્તત્ત્વ છે, અંતઃતત્ત્વ નહિ. પહેલી ગાથામાં આવી ગયું છે. આહાહા..! ૩૮ ગાથામાં પહેલી શરૂઆત કરી ત્યારે. એ બહિર્તત્ત્વ છે. પર્યાયરૂપ ભાવ એ બહિર્તત્ત્વ છે. પરમપારિણામિકભાવ તે અંતઃતત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- બહુ સારી વાત આવી, દસલક્ષણીપર્વનો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, આજ છેને આજ દશલક્ષણી પર્વનો પહેલો દિ' છે આ. ઉત્તમક્ષમાનો સાગર તો પડેલો જ છે એમાં. ક્ષમા કરવી પર્યાયમાં એ તો પર્યાય વ્યવહાર છે. ઉત્તમક્ષમાદિ દશ પ્રકારની જે ચારિત્ર પર્યાય (થાય), વીતરાગી હોં. એ પર્યાય છે એ તો. અને તેને તો અહીંયા આવરણસંયુક્ત કહ્યું છે. આહાહા..! આવરણસંયુક્ત એટલે કે એમાં કર્મનું નિમિત્ત હતું ચારિત્રમાં, એનો અભાવ થયો ને? એટલી અપેક્ષા આવીને એને? ત્રિકાળી ધ્રુવસ્વરૂપને આવરણ ત્રણે કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચભાવની ભાવનાથી...' ભાષા હવે આવી. એવું જે ધ્રુવસ્વરૂપ છે તેની એકાગ્રતાથી... ભાવના શબ્દે તેની એકાગ્રતાથી. લ્યો ઓલા કહે છે, ભાવના એટલે કલ્પના. નથી આવતું? શ્રાવકને સામાયિકમાં પણ શુદ્ધ ઉપયોગરૂપી ભાવના આવી જાય છે. એવો પાઠ છે. તો એનો અર્થ ઓલા કરે કે ભાવના એટલે કે શુદ્ધ ઉપયોગની ભાવના કરે છે. વર્તમાન શુદ્ધ ઉપયોગ નથી. અરે..! શ્રાવકને પંચમ ગુણસ્થાન હોય એને શુદ્ધ ઉપયોગ આવી જાય છે. શુદ્ધ ઉપયોગ આવે એને ભાવના કીધી છે. નહિ? એમાં શેમાં કીધું છે? પ્રવચનસાર. પ્રવચનસારને? કેટલામી ગાથા લીધી? જયસેનાચાર્યમાં આવે છેને? કેટલામાં આવે છે? ખબર નથી?

શ્રોતા :- ત્રીજા અધિકારમાં આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રીજામાં આવે છે પણ કેટલામી ગાથામાં આવે છે? કેટલામી? લખી લીધું છે કે નહિ આમાં ક્યાંક? ૪૭-૪૮ કાંઈક છે. એ ૪૭-૪૮ એટલામાં છે. એ ૪૭-૪૮ એટલામાં. ૪૭ છે જુઓ. કર્યું છે ચિહ્ન. જુઓ, અહીં તો ડબલ ચિહ્ન કર્યું છે. **'प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते ते यद्यपि क्वापि काले**

**शुद्धोपयोगभावनां कुर्वन्ति**' એ. '**शुद्धोपयोगभावनां कुर्वन्ति**' પંચમ ગુણસ્થાનવાળો સામાયિકમાં હોય છે. સાચી સામાયિક હોં! આ સામાયિક તો વિકલ્પ છે, એ કાંઈ સામાયિક-ફામાયિક નથી. જુઓ કહે છે. '**शुद्धोपयोगभावनां कुर्वन्ति**' '**शुभोपयोगिनामपि क्वापि काले शुद्धोपयोगभावना द्रश्यते, शुद्धोपयोगिनामपि क्वापि काले शुभोपयोगभावना द्रश्यते, श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना द्रश्यते**'.. શ્રાવક, સમકિતી, આત્મજ્ઞાની, આત્મદર્શી જ્યારે સામાયિક એટલે સમતાના આનંદમાં પડ્યો હોય છે, ત્યારે તેને શુદ્ધ ભાવના નામ શુદ્ધ ઉપયોગ થાય છે. શુદ્ધ ઉપયોગ. આહાહા..! સમજાણું કાંઈ? એને સામાયિક કહે છે. અહીં બેસે, હજી મિથ્યાદ્રષ્ટિ રાગથી ધર્મ માને અને પછી નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. કરે. થઈ ગઈ સામાયિક, લ્યો. પંડિતજી! બાબુલાલજી! હજી તો પુણ્યને ધર્મ માને, દેહની ક્રિયા મારાથી થાય, વ્યવહારથી નિશ્ચય થાય—આવી તો શ્રદ્ધા જેને પડી છે મિથ્યાત્વની અને એ સામાયિક કરવા બેસે. અંદર સ્થિરતા તો છે નહિ. કારણ કે સમ્યગ્દર્શન વિના અંદરની એકાગ્રતા આવે નહિ. નમો અરિહંતાણં પાંચ પરમેષ્ઠી ગણી, નમો અરિહંતાણં. ઉઠો, થઈ ગઈ સામાયિક જાવ. થઈ ગઈ એક કલાકમાં. એ સામાયિક નહિ.

ભગવાન સામાયિક એને કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એ કહે છે કે '**श्रावकाणामपि**' શ્રાવક જે ગૃહસ્થાશ્રમમાં હોય, સમકિતી હોય, પંચમ ગુણસ્થાનવાળો ધર્મી હોય એને પણ '**सामायिकादिकाले**' સામાયિક આદિ એટલે સામાયિક સિવાય પણ કોઈ વખતે શુદ્ધ ઉપયોગ આવી જાય છે. આમ બેઠો હોય વિચારમાં, આમ કરતાં કરતાં ધ્યાનમાં આવી જાય. શુદ્ધોપયોગ–શુભથી રહિત શુદ્ધોપયોગ થઈ જાય. ૨૪૮ ગાથા. ૨૪૮ પ્રવચનસાર. એની જયસેનાચાર્યની ટીકા. બહારમાં બધી વાત આવી ગઈ છે. ત્યારે સામે સામાવાળાએ તર્ક કર્યો કે નહિ, એ તો ભાવના કીધી છે. ધૂળેય ભાવના નથી. હજી સમ્યગ્દર્શનના ભાન નથી ત્યાં ભાવના ક્યાંથી લાવ્યો?

અહીં તો '**श्रावकाणामपि सामायिकादिकाले**' આદિ એટલે સામાયિકમાં, કોઈ પ્રૌષધમાં આનંદમાં બેઠો હોય, કોઈ વિચારમાં બેસતા અંદર ધ્યાનમાં આવી ગયો હોય. સમજાય છે કાંઈ? એ વસ્ત્રસહિત હોય. આહાહા..! શ્રાવક છેને? વસ્ત્રસહિત બેઠો હોય વિચારમાં અંદર (અને) શુદ્ધોપયોગ થઈ જાય. આ તો કહે છે, મુનિને શુદ્ધોપયોગ હોય નહિ હજી તો. મુનિને આઠમે શુદ્ધ ઉપયોગ હોય. આઠમે શુદ્ધ હોય. અરે..! ભગવાન શું કરે છે તું? ખબર ન મળે અને મોક્ષના માર્ગની વાતું કરે.

કહે છે. '**तेषां कथं विशेषो भेदो ज्ञायत**' એમ. તો પછી શ્રાવકને પણ શુદ્ધોપયોગ થઈ જાય અને મુનિને તો એવો શુભભાવ પણ આવે છે. છતાં મુનિને શુદ્ધ ઉપયોગી કહો અને શ્રાવકને શુભ ઉપયોગી કહો, એનું કારણ શું? એ તો મુખ્યપણાના કથન છે. '**परिहारमाह – युक्तमुक्तं भवता, परं किंतु ये प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते**' સમકિતી શ્રાવક છે, ધર્મી છે અને ઘણો શુભભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, નામ સ્મરણ વાંચન એવો ભાવ.. '**प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते ते यद्यपि क्वापि काले शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते**'.. તોપણ તેને શુભોપયોગી કહેવામાં આવે

છે. પંચમ ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિને પાંચમા ગુણસ્થાનમાં એને ઘણો શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, નામસ્મરણ, વાંચન, શ્રવણ, સાંભળવું એવો શુભભાવ ઘણો હોય છે. શુદ્ધ ઉપયોગ કોઈવાર હોય છે. માટે એને શુભોપયોગી કહેવામાં આવે છે. સમજાય છે?

કહે છે, **'येऽपि शुद्धोपयोगिनस्ते यद्यपि क्वापि काले शुभोपयोगेन वर्तन्ते'** મુનિઓને શુદ્ધોપયોગ જ હોય છે. શુદ્ધોપયોગ એ જ ખરૂં મુનિપણું છે. મુનિ તો શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે છે. મોક્ષમાર્ગમાં આવી ગયું છે પહેલા અધિકારમાં. મુનિ શુદ્ધોપયોગરૂપી મુનિપણું અંગીકાર કરે. અઠ્ઠાવીશ મૂળગુણ એમાં નથી કહ્યું. પ્રવચનસારમાં છે, આમાં પહેલા અધિકારમાં છેને. શુદ્ધોપયોગને અંગીકાર કરે છે, વીતરાગી પર્યાયને અંગીકાર કરે છે, સમભાવને અંગીકાર કરે છે. પણ તેને કોઈવાર પંચ મહાવ્રતના વિકલ્પ આદિ શુભ પણ આવે છે. એટલે મુખ્યપણે એને શુદ્ધોપયોગી કહ્યા મુનિને. પાંચમાવાળાને શુભ ઘણીવાર આવે છે અને શુદ્ધ કોઈ વાર આવે છે માટે એને શુભોપયોગી કહ્યા. એમ. મુખ્યપણાની અપેક્ષાએ. સમજાય છે કાંઈ?

પાછો દાખલો આપ્યો છે ને. **'बहुपदस्य प्रधानत्वादाम्रवननिम्बवनवदिति'** એ દાખલો આપ્યો છે. ઘણાં આંબા હોય અને થોડાં બીજા ઝાડ હોય તો આંબાનું વન કહેવાય. આંબાનું વન કહેવાયને? લાખ, બે લાખ આંબા હોય અને પાંચ-પચ્ચીસ બીજા ઝાડ હોય તો કહેવાય શું? આંબાનું વન. નીમકા વન. હવે નીમના વનમાં આંબા પણ હોય કેટલાક. ઘણાં આંબા છે અને લીંબડા પણ ઘણા છે. આંબાનું વન કહેવાય. એમ મુનિને શુદ્ધોપયોગ ખરો તો ઉપયોગ એ છે એનો, પણ કોઈવાર શુભ આવે છે માટે શુદ્ધ ઉપયોગની પ્રધાનતાથી શુદ્ધોપયોગી એને કહે છે. શ્રાવકને શુદ્ધોપયોગ કોઈવાર આવે છે. અને શુભોપયોગ ઘણીવાર હોય છે માટે તેને મુખ્યપણે શુભોપયોગી કહેવામાં આવે છે. આહાહા..! મૂળચંદભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! આપણે અહીં આવ્યું 'એવા નિરંજન નિજ પરમ પંચમભાવની ભાવના...' ઓલા ઉદયની ભાવના-એકાગ્રતા નહિ, ક્ષાયિક સમકિત પર્યાય થઈ એમાં એકાગ્રતા નહિ, એમ કહે છે. આહાહા..! એકાગ્રતા ધ્રુવમાં છે. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો અત્યારે શું વંચાય? ઢાળસાગર ને રામરાસને વાંચે. અષાઢ સુદ પુનમથી સંવત્સરી સુધી બપોરે ઢાળસાગર આવે ને? શ્રીકૃષ્ણ અધિકાર, રામસાગર. એ તો મહા તોફાનની વાતું એમાં હોય.

અહીં તો કહે છે, શાંત.. શાંત.. ભગવાન પ્રભુ, તારું સ્વરૂપ તો એકલું અવિકારી અકષાયરસ પરમસ્વભાવ તત્ત્વ છે એ તું અને એમાં એકાગ્ર થવું એનું નામ ધર્મ. પ્રગટેલી ધર્મની પર્યાયમાં પણ એકાગ્ર ન થવું એમ કહે છે. આહાહા..! ભારે નાથ! હજી તો એને પકડતા વાર લાગે. અલૌકિક વાત છે. કેવી? ગહરી. અલૌકિક વાત છે. આ તો માર્ગ લોકોત્તર છે ને? આ ક્યાં લૌકિક માર્ગ છે? દુનિયાના યજ્ઞ કરવા, ફલાણું કરવું, વ્રત કરવા, ભક્તિ કરવી, મંદિરો બંધાવી દેવા પાંચ, પચ્ચીસ, હજાર, બે હજાર. એમાં ધૂળેય નથી ધર્મ, સાંભળને! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! 'ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની ભાવનાથી...' ભાષા દેખો! પરમ પંચમભાવની ભાવનાથી 'પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...' વ્યવહારે મોક્ષમાર્ગ છે કે નહિ? આહાહા..! ભાઈ! તને ખબર નથી બાપુ! ચૈતન્યબિંબ, વજ્રબિંબ છે એની ભાવના એટલે એમાં એકાગ્રતા થતાં કેવળજ્ઞાનને પ્રગટ કરે છે. પહેલી એકાગ્રતા થતાં સમ્યગ્દર્શન થાય, વિશેષ એકાગ્રતા કરતાં ચારિત્ર થાય, વિશેષ એકાગ્રતા કરતાં શુક્લધ્યાન થાય, વિશેષ એકાગ્રતા કરતાં કેવળજ્ઞાન થાય. શરૂઆતથી માંડીને પૂર્ણ દશા ધ્રુવસ્વભાવની એકાગ્રતાથી થાય છે. આહાહા..! શોભાલાલજી! આહાહા..!

માર્ગ તો આવો છે ભગવાન! પણ એને સાંભળવા મળે નહિ. ક્યાંકના ક્યાંક બિચારા ભટકે જીવન ચાલ્યા જાય છે. આગ્રહથી માને પોતાની કલ્પનાથી. સત્ય વસ્તુનો ખ્યાલ પણ નથી કે ચીજ શું અને ક્યાં મારે જોવું? વસ્તુ શું અને ક્યાં મારે જોવું કે જેમાં ઠરવાથી મુક્તિ થાય—એ તો ખબરેય ન મળે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન.. માળા લઈને બેસે. માળા તો મણકા જડ છે. તારામાં ઉપયોગ જાય તો શુભરાગ વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ ધર્મ-બર્મ નથી. આ અપવાસ કરીને બેસે પચ્ચીસ, પચાસ, સો.... કો'કજણું કાંઈક કહેતું હતું ને ૬૦ અપવાસ કર્યા છે. કોકવાર આઠ-દશ કરે. એમાં ધર્મ ક્યાં હતો ધૂળમાં? ઉપવાસ તો, આત્મા ધ્રુવસ્વરૂપમાં ઉપ નામ સમીપે ભાવમાં જાય તેને ઉપવાસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! 'નિજ પરમ પંચમભાવની ભાવનાથી...' એ પંચમભાવ તે ધ્રુવ છે અને ભાવના તે પર્યાય છે. પંચમભાવ એ ધ્રુવ છે અને એમાં એકાગ્રતા તે પર્યાય છે. એવી પંચમગતિ એ પણ પર્યાય છે. એ પર્યાય છેને? સિદ્ધ(દશા) પર્યાય છે. 'પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે, (ભવિષ્ય કાળે) જશે અને (ભૂત કાળે) જતા.' વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*****

**ભાદરવા સુદ ૬, મંગળવાર, તા. ૧૭-૯-૧૯૬૯**
**ગાથા-૪૧, શ્લોક-૫૮, ૫૯, પ્રવચન-૮**

દસલક્ષણી પર્વકા તીસરા દિન હૈ આર્જવ ધર્મ, આર્જવ.

મુમુક્ષુ – રોજ એક એક ધર્મ...

ઉત્તર :- એક-એકનું તો અહીં કથન કરવાનું છે. કરવાનું તો એકસાથે ધર્મનું હોય. આત્માકા સમ્યગ્દર્શન પ્રગટ કરકે ચારિત્રકા આરાધન તો પ્રતિદિન કરના. વહ તો કથન દશ પ્રકારકા ક્રમસર આતા હૈ. કહો, શેઠી! એક-એક કરના ન એક દિનમેં? એસા કહતે હૈં. કરનેકા પ્રશ્ન કહાં હૈ? યહાં તો આત્મા અનાદિ (કા હૈ). દશ દિવસ પર્યુષણકા હૈ. દસલક્ષણી પર્વ કહનેમેં આતા હૈ. બારહ મહિનેમેં તીન બાર આતા હૈ. માહમેં, ચૈત્રમેં ઔર શ્રાવણમેં. યહ વિશેષ, ભાદ્રપદમેં વિશેષ (હોતા હૈ).

આત્મા... મોક્ષકા કારણ ખરેખર તો ચારિત્ર હૈ ઔર ચારિત્ર લેનેસે પહલે ઉસકો સમ્યગ્દર્શન અને જ્ઞાન તો પ્રગટ હોના ચાહિયે. સમ્યગ્દર્શન-જ્ઞાન હુએ બિના ચારિત્ર હોતા નહીં. ચારિત્ર બિના દશ પ્રકારકા આરાધન ખરેખર હોતા નહીં. તો યહાં તીસરા દિન આર્જવકા હૈ. સરલપના ... ... ક્યા કહતે હૈં? મનમેં જો બાત હોવે ઉસીકો વચનસે પ્રગટ કરના. મનમેં કુછ હો ઔર વચનમેં કુછ કહના વહ તો માયા હૈ. નહીં કિ મનમેં કુછ દૂસરા હો ઔર વચન મેં દૂસરા બોલે. ઇસકો આચાર્ય આર્જવ ધર્મ કહતે હૈં. મીઠી મીઠી બાત લગાકર દૂસરેકો ઠગના ઇસકો અધર્મ કહતે હૈં, અનાર્જવ ધર્મ. આર્જવ સે વિરૂદ્ધ.

ઇનમેં આર્જવધર્મસે સ્વર્ગકી પ્રાપ્તિ હોતી હૈ. યહાં યહ લિયા હૈ. આર્જવધર્મસે... નિશ્ચય આર્જવધર્મ જો હૈ સરલતા, વહ તો મુક્તિકા કારણ હૈ. પણ બીચમેં જો વિકલ્પ ઉઠતે હૈં ઉસસે પુણ્યબંધ હો જાયે તો સ્વર્ગકા કારણ હોતા હૈ. પાઠમેં ઐસા લિયા હૈ. અધર્મ નર્કમેં લે જાતા હૈ. ..... આર્જવ શુભભાવવાલા હો તો ઉસસે સ્વર્ગ જાતા હૈ ઔર ઉસસે વિરૂદ્ધ હો તો નર્ક જાતા હૈ. સમજ મેં આયા? ઇસલિયે આર્જવ ધર્મ કા પાલન કરવાલે ભવ્યજીવોં કો કિસી કે સાથ માયા સે વર્તાવ નહીં કરના ચાહિયે.

આચાર્ય કહતે હૈં કિ યદિ એકબાર ભી કિસીકે સાથ માયાચારી કી જાવે તો યહ માયાચારી બડી કઠિનતાસે સમ્મુચય કિયે હુએ અહિંસા, સત્ય (આદિ) મુનિઓંકે ગુણોં કો ફિક્કા બના દેતી હૈ. ઇસકા વિશ્વાસ ભી નહીં કર સકે. યહ તો માયાચારી હૈ. વે ગુણ આદરણીય નહીં રહતે હૈં. માયારૂપી મકાન મેં નાના પ્રકાર કે ક્રોધાદિ શત્રુ છીપે હુએ હૈં. માયાચારી કો ક્રોધ ભી હોતા હૈ, માન ભી હોતા હૈ, લોભ ભી હોતા હૈ ઐસા કહતે હૈં. ઇસ માયાચાર સે ઉત્પન્ન હુએ પાપસે જીવ અનેક પ્રકારકે દુર્ગતિ માર્ગમેં ભ્રમણ કરતા ફિરતા હૈ. ઇસલિયે ધર્માત્મા કો માયા અપને પાસ ભી નહીં ભટકને દેના ચાહિયે.

આર્યપના સરલતા, હૃદય કી સરલતા. ચાર પ્રકાર સે નામકર્મ બંધતે હૈં ન? ઉસમેં વહ આતા હૈ. અવક્ર મન, અવક્ર વચન, અવક્ર કાયા.. ચાર બોલ આતે હૈં કિ નહીં? ચાર પ્રકારસે નામકર્મ બંધતે હૈ ન? અવિસંવાદ ઔર કિસીકો ઠગના નહીં, ચાર, બસ. સમજ મેં આયા? સરલપના કા મન, સરલપના કી વાણી, સરલપના કા ભાવ હોં ઐસા ઔર કિસીકે ઝઘડા આદિ ન કરના ઐસા શુભભાવ હો તો સ્વર્ગ મેં જાયે ઔર શુભ સે ભિન્ન અપને આનંદસ્વરૂપ કી સરલતાકી પરિણતિ હો તો સાથ પીછે મુક્તિ ભી હોતી હૈ. લો, વહ દો ગાથા હુઈ.

અબ ચલતા અધિકાર. નિયમસાર. ૪૧વી ગાથા ચલતી હૈ. યહાં આયા દેખો આખિર મેં. ટીકા.. ટીકા. 'પૂર્વોક્ત ચાર ભાવ આવરણસંયુક્ત હોને સે મુક્તિ કા કારણ નહીં હૈં.' હૈ? ચાર ભાવ આવરણસહિત હૈ. શું અર્થ કર્યો છે ખબર છે? કાલે જ કર્યો હતો. ઠીક કર્યું, પોપટભાઈને પકડ્યા અત્યારે. લ્યો, એ ખબર નથી, કહે છે. ક્યા કહતે હૈં? આત્મા મેં જો પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ કા પરિણામ હોતા હૈ વહ ઉદયભાવ હૈ, વહ પર્યાય હૈ ઉદય કી. ઔર જો સમ્યગ્દર્શન ઔર ચારિત્ર હોતા હૈ વહ ઉપશમભાવ હૈ, વહ ભી એક પર્યાય હૈ આત્માકી નિર્મલ ઉપશમ પર્યાય. ઔર એક ક્ષયોપશમ પર્યાય હોતી હૈ જ્ઞાન કી, દર્શન કી, વીર્ય કી, શ્રદ્ધા આદિકી પર્યાય ક્ષયોપશમ અવસ્થા હોતી હૈ ઔર એક ક્ષાયિક અવસ્થા હોતી હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક સમકિત આદિ. તો વહ ચારોં ભાવ આવરણસંયુક્ત હોને સે..

શ્રોતા :- ....

ઉત્તર – કિસ અપેક્ષાસે આવરણસંયુક્ત કહા? કિ રાગ, દ્વેષ, દયા, દાન ભાવ તો આવરણવાલે હૈં, સ્વયં દુઃખરૂપ ઔર વિકાર હૈ. પણ ઉપશમ, ક્ષયોપશમ ઔર ક્ષાયિક જો નિર્મલ પર્યાય હૈ ઉસમેં કર્મ કે નિમિત્તકી અભાવકી અપેક્ષા લેકર ઉસકો આવરણવાલા કહને મેં આયા હૈ. સમજ મેં આયા? કલ કહા થા. પાંચ ભાવમેં ચાર ભાવ તો આશ્રય કરનેલાયક નહીં. આહાહા..! એ માટે આવરણસંયુક્ત કહા હૈ. સમજમેં આયા? આત્માકી પર્યાયમેં દયા, દાન, વ્રત, ભક્તિ કા ભાવ–ઉદયભાવ (હોતા હૈ) વહ આશ્રય કરનેલાયક નહીં, ધર્મકા કારણ નહીં. ઔર જો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક વીતરાગીપર્યાય પ્રગટ હુઈ હો, ક્ષાયિક સમકિત, વહ ભી આશ્રય કરને લાયક નહીં. કલ ચલા થા વહ. સમજ મેં આયા? પંડિતજી! બાબુલાલજી! દેખો! આજ તો હિન્દી લિયા. કલ (ગુજરાતીમેં) ચલા થા.

ચાર પૂર્વ નામ ઉપર કહા. હરેકકા વિસ્તાર કિયા હૈ. ઉપશમકે કિતને ભેદ હૈં? સમજમેં આયા? આત્મા પરમસ્વભાવિક ભાવરૂપ ત્રિકાળી પરમપારિણામિકભાવસ્વરૂપ નિત્ય હૈ. વસ્તુ આત્મા કી પર્યાય મેં જો ઉત્પાદ-વ્યય હોતા હૈ રાગકા યા ક્ષાયિક સમકિતકા યા ક્ષયોપસમકિતકા યા ક્ષયોપશમ જ્ઞાનકા યા ક્ષયોપશમ ચારિત્રકા, વહ જો આત્મા મેં પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઉત્પાદ-વ્યયવાલી હૈ. તો ઉત્પાદ-

વ્યયવાલી હૈ તો વ્યવહાર હૈ વહ. વહ વ્યવહાર હૈ. તો વહ વ્યવહાર આદરણીય હૈ નહીં. શેઠ! આહાહા..! સમજ મેં આયા?

પાંચ ભાવ મેં એક પરમપરિણામિક ત્રિકાલી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ સહજાનંદસ્વભાવકા દરિયા પૂર્ણસ્વરૂપ ધ્રુવ, કૂટસ્થ, નિષ્ક્રિય, જિસમેં રાગ કી ક્રિયા તો નહીં, પણ મોક્ષ કી ઔર મોક્ષ કે માર્ગ કી ક્રિયા ભી જિસમેં નહીં. ઐસા જો ધ્રુવ આત્મા પરમસ્વભાવભાવ વહ આશ્રય કરને લાયક હૈ. ધર્મી કો વહ ભાવ આશ્રય કરને લાયક હૈ. આશ્રય કરને લાયક હૈ ધ્રુવ.

શ્રોતા :- શુભ-અશુભ...

પૂજ્ય ગુરુદેવશ્રી - હૈ નહીં. આશ્રય કરતે હૈં, શુભ કા આશ્રય કરે વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજ મેં આયા? શુભ કા આશ્રય કરે તો મિથ્યાદ્રષ્ટિ હૈ ઔર શુદ્ધ પ્રગટા હુઆ ઉસકા આશ્રય કરને જાયે તો વિકલ્પ ઉઠતે હૈં. તો પુણ્યબંધ કા કારણ હૈ.

શ્રોતા :- શિષ્યોં કા ભલા કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભલા-બલા કુછ હૈ નહીં. ભલા એક આત્મસ્વભાવ ત્રિકાલી. સમજ મેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ!

નિયમસાર કા અધિકાર હૈ. નિયમસાર કા અર્થ મોક્ષ કા માર્ગ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર વહ પર્યાય હૈ. વહ મોક્ષમાર્ગ કી પર્યાય હૈ. વહ સંવર, નિર્જરા કી વિકાર રહિત વીતરાગીપર્યાય હૈ. વહ ભી યહાં કહતે હૈં કિ આશ્રય કરને લાયક નહીં. ડોક્ટર! સાંભળ્યું પણ ન હોય શું હશે? જય નારાયણ! ભગવાનની કરો ભક્તિ, કરો આનાથી. ધૂળેય નહિ થાય, સાંભળને હવે! લાખ, કરોડ ભક્તિ કર, એ તો રાગ છે. રાગકા આશ્રય તો નહીં, પણ સમ્યગ્દ્રષ્ટિકો તો પૂર્ણ પરમસ્વભાવ ધ્રુવ નિત્યાનંદ ઉસકા આશ્રય હૈ. ક્યોંકિ ઉસકા આશ્રય કરને સે નિર્મલ વીતરાગી પર્યાય નયી પ્રગટ હોતી હૈ. સમજ મેં આયા?

'પૂર્વોક્ત ચાર ભાવ...' ભાવ શબ્દે પર્યાય. વિકારી પર્યાય, ઉપશમ પર્યાય, ક્ષયોપશમ પર્યાય યા ક્ષાયિક પર્યાય. ચાર ભાવ અર્થાત્ ચાર પર્યાય 'આવરણસંયુક્ત હોને સે...' ક્યોંકિ ઉસમેં કર્મ કે અભાવ કી નિમિત્તતા આતી હૈ. તો ઉસ અપેક્ષા સે ઉસકો આવરણસહિત કહને મેં આયા હૈ. વહ 'મુક્તિ કા કારણ નહીં હૈં.' કહો, દેવ-ગુરુ-શાસ્ત્રકા નિમિત્ત મુક્તિ કા કારણ નહીં. ઉસકા પ્રેમ લગા રાગ, વહ મુક્તિ કારણ નહીં. પરન્તુ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ધર્મ કી દશા પ્રગટ હુઈ હો, વહ ભી મુક્તિ કારણ નહીં. સમજ મેં આયા? વીતરાગસ્વભાવ ભાઈ! અલૌકિક હૈ. લોગોં કો મિલા નહીં. બાહરકી કડાકૂટમેં જિંદગી નિકાલતે હૈં. શોભાલાલજી! સમજ મેં આયા?

શ્રોતા :- ...

ઉત્તર – હજી આવશેને. આવ્યું નથી. હજી આવે છે. પર્યાય નહીં. વહ તો ત્રિકાલી ગુણ હૈ. વહ અભી આયેગા ન? કલ કહા થા. ચાર પર્યાય, ભાવ અર્થાત્ પર્યાય વહ આવરણસંયુક્ત (હૈ). ક્યોંકિ ઉસમેં કર્મ કે નિમિત્ત કી, રાગ, દયા, દાન, ભક્તિ મેં નિમિત્ત કી અપેક્ષા હૈ. ઔર ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક મેં નિમિત્ત કા અભાવ કી અપેક્ષા હૈ. અપેક્ષિત ભાવ હૈ તો ચારકો આવરણસંયુક્ત કહા હૈ. આહાહા..! સમજ મેં આયા? અલૌકિક માર્ગ હૈ ભાઈ! દુનિયાને સાંભળવા ન મળે એટલે, એકાંત છે રે એકાંત છે. ... અરે..! ભગવાન સુન તો સહી પ્રભુ! ત્રણ લોકનો નાથ ચિદાનંદ, અનંત સિદ્ધ જેના પેટમાં, ગર્ભમાં પડ્યા હૈ ઐસા પરમાત્મા તુમ (હો), તેરા સ્વરૂપ હૈ ધ્રુવ.

શ્રોતા :- ...

ઉત્તર – કેવલજ્ઞાન હૈ વહ ભી સાપેક્ષ હૈ, જ્ઞાનાવરણીય કા નિમિત્તરૂપ અભાવ હુઆ તો વહ ભી આવરણસહિત કહને મેં આયા હૈ. કેવલજ્ઞાનકી પર્યાય ભી આશ્રય કરને લાયક નહીં. આહાહા..! ભારે વાત ભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર – નિરપેક્ષ કિસ અપેક્ષાસે? સ્વભાવકી અપેક્ષાસે પ્રગટ હુઆ હૈ ઉસ અપેક્ષાસે નિરપેક્ષ ઔર નિમિત્તકી અપેક્ષાસે લો તો વહ સાપેક્ષ હૈ. કેવલજ્ઞાન નિરપેક્ષ ઐસા કહા હૈ ન? ૧૪વીં ગાથા. વહ તો નિરપેક્ષ કા અર્થ, જિસકો આવરણ કા વર્તમાન નિમિત્ત કા બિલકુલ અંશ રહા નહીં. ઉસ અપેક્ષા સે નિરપેક્ષ, પરન્તુ નિમિત્તકા અભાવ હુઆ ઉસ અપેક્ષાસે સાપેક્ષ હૈ. આહાહા..! આવી ભારે વાત. પોપટભાઈ! આ બધું ધ્યાન રાખવું પડશે. આ પૂછ્યું એ આવડ્યું નહિ કાલ બપોરનું. પૈસાનું કેટલું યાદ રહે છે ત્યાં અંદર? થાણામાં આટલા નાખ્યા છે અને ઓલામાં આ નાખ્યા છે ને અમદાવાદમાં આ નાખ્યા છે. એય..! ચીમનભાઈ! આ તમારા વેવાઈને... આહાહા..!

ભગવાન! યહ દેહ, વાણી, મન કી ક્રિયા તો પર જડ હૈ, ઉસકે સાથ તો આત્મા કો કુછ સંબંધ નહીં. અંદર મેં દયા, દાન, વ્રત, ભક્તિ કા પરિણામ ઉઠતે હૈં વહ રાગ, શુભરાગ. વહ ભી આશ્રય કરનેલાયક નહીં ઔર ધર્મ નહીં. હવે જો આત્મા અંદર ધ્રુવ ચિદાનંદ ભગવાન પરમસ્વભાવભાવ નિત્યાનંદ, નિષ્ક્રિય (હૈ, વો) વર્તમાન પર્યાયસે દૂર હૈ.

શ્રોતા :- ...

ઉત્તર – હા. ચાહે તો ક્ષાયિકસમકિત કી પર્યાય હો યા ક્ષાયિક ચારિત્રકી પર્યાય હો, એક સમયકી પર્યાય સે ધ્રુવતત્ત્વ દૂર હૈ. ક્યોંકિ એક પર્યાય મેં ધ્રુવતત્ત્વ આતા નહીં. આહાહા..! ભારે વાત ભાઈ! શેઠ! આ સમજના પડેગા હોં. આ અદ્ધર સે અદ્ધર નહીં ચલેગા. આહાહા..! પર શરીર, વાણી, કર્મ સે તો દૂર ભગવાન, દયા, દાન, વ્રત કે પરિણામ સે દૂર પ્રભુ, પણ ઉસકી ઉત્પાદ-વ્યયકી ધર્મકી વીતરાગી પર્યાય,

કેવલજ્ઞાનકી પર્યાય, ક્ષાયિક સમકિતકી પર્યાય, એક સમયકી અવસ્થા સે પ્રભુ દૂર  હૈ. ધ્રુવતત્ત્વ ભગવાન પર્યાય મેં આતા નહીં.

શ્રોતા :- ...

ઉત્તર – તાદાત્મ્ય સંબંધ નહીં. નિત્ય સાથે તાદાત્મ્ય સંબંધ હો તો પર્યાય નિત્ય હો જાયે અથવા દ્રવ્ય ક્ષણિક હો જાયે. ક્યા કહતે હૈં? સુનો. એ ભાઈએ પ્રશ્ન મૂક્યો એ રીતે. એક સમય કી પર્યાય સાથે ત્રિકાળી ધ્રુવ જો તાદાત્મ્ય હો, તો કાં પર્યાય નિત્ય હો જાયે, કાં નિત્ય ક્ષણિક હો જાયે. ઐસા હૈ નહીં. સમજાય છે કાંઈ? આહાહા..! અલખના ઘર ઓળખવા એ અલૌકિક વાત છે ભાઈ! એ સાધારણ કી બાત નહીં. આહાહા..! અલખને કેમ કરી ઓળખવો? ભજન આવે છે. 'ફકીરે કાઢ્યો ફતવો...' આ ફતવા કાઢે છે કે વ્યવહાર વિના થાય નહિ, ઢીકણા વિના થાય નહિ. ફતવા બધા ફકીરના જેવા છે. એય..! ભગવાન! ફતવો સમજો છો? ફતવાને શું કહે છે?

શ્રોતા :- .. એનું નામ ફતવો.

ઉત્તર – ફતવો. હા, એ ખોટો.. ખોટો. ફતવાનો અર્થ ખોટો. આહાહા..! જુઓ તો ખરા ક્યા (કહતે હૈં)?

ભગવાન આત્મા ઉસકી પર્યાય મેં–અવસ્થા મેં યહ ચાર પ્રકાર કી અવસ્થા હોતી હૈ. એક સમય કી અવસ્થા. ચાહે તો રાગ હો, ચાહે તો ક્ષાયિક સમકિત હો, ચાહે તો કેવલજ્ઞાન હો. એક સમયકી અવસ્થા હૈ. તો એક સમય કી પર્યાય ઉસકો આશ્રય કરનેલાયક નહીં, ઉસ અપેક્ષા સે.. ઉસકો નિર્મલ પર્યાયમેં નિમિત્ત કર્મકા અભાવ દેખકર અપેક્ષા આયી, તો કહતે હૈં કિ ચારેય પર્યાય આવરણવાલી હૈ. નિરાવરણ પ્રભુ ધ્રુવ ત્રિકાલી નિરાવરણ વસ્તુ હૈ. સમજ મેં આયા? આહાહા..!

'પૂર્વોક્ત ચાર...' પર્યાય. ભાવ એટલે પર્યાય એટલે અવસ્થા. પર્યાય દ્રષ્ટિવંતને, કહે છે કે પર્યાય ઉપર જિસકા લક્ષ્ય હૈ વહ તો મિથ્યાદ્રષ્ટિ હૈ. ઉસકો ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિક સમકિત હોતા નહીં. આહાહા..! કહે છે કિ યહ ચાર હોને સે આવરણસહિત એટલે નિમિત્તની અપેક્ષાવાલા અને અભાવવાલા 'મુક્તિ કા કારણ નહીં હૈ.' હવે મુક્તિ કા કારણ કૌન હૈ?

'ત્રિકાલ નિરુપાધિ જિસકા સ્વરૂપ હૈ...' ત્રિકાલ ભગવાન ધ્રુવ ચિદબિંબ, અવિનાશી હૈ. પર્યાય તો વિનાશિક હૈ. ચાહે તો કેવલજ્ઞાનકી પર્યાય હો, ચાહે તો ક્ષાયિક સમકિત કી પર્યાય હો, વહ વિનાશીક હૈ. એક સમયકી પર્યાય વિનાશીક હૈ. આહાહા..! 'ત્રિકાલ નિરુપાધિક જિસકા સ્વરૂપ હૈ...' ત્રણે કાલ ધ્રુવ ભગવાન જિસમેં કોઈ આવરણ નહીં, કોઈ અપેક્ષા નહીં ઐસા જો ધ્રુવ જિસકા સ્વરૂપ હૈ. 'ઐસે નિરંજન...' જિસમેં અંજન નહીં, મૈલ નહીં. 'નિજ પરમ પંચમભાવ...' દેખો! નિજ પરમ પંચમભાવ. વહ ચાર ભી ભાવ હૈ, પરન્તુ યહ તો ત્રિકાલી ધ્રુવ નિજ પરમ પંચમભાવ–પારિણામિકભાવ. '(પારિણામિકભાવકી) ભાવના સે...' ઐસા પંચમભાવકી ભાવના સે. ભાવના શબ્દે ધ્રુવસ્વભાવમાં એકાગ્રતા સે. પર્યાય તો પાછી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક આયી. પણ ધ્રુવ મેં એકાગ્રતા હૈ, પર્યાયમેં

એકાગ્રતા નહીં. આહાહા..! સમજ મેં આયા? બહારનું જ્યાં સંભાળવા જાય ત્યાં અંદરનું ખોવાઈ જાય છે, બાહરકા જહાં યાદ કરનેકો જાયે તો અંદરકા ખો જાતા હૈ ઉસકી ખબર નહીં. આહાહા..! સમજમેં આયા?

શ્રોતા :- પર્યાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- .. ઐસે ઐસે રખું, પર્યાય ઐસી રખું, પર્યાય સે સુધારું. બહાર કા ઐસા સુધારું વહ દ્રષ્ટિ મિથ્યાત્વ હૈ. પર્યાયકી સંભાલ કરને કો ગયા વહ તો મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા..! સમજ મેં આયા? ..દાસજી! યહ તો અલૌકિક બાત હૈ. ઐસી બાત તો કોઈ વખત નિકલે તો સુનને મેં આવે. હર બાર (નહીં આતી). પાઠ શાસ્ત્ર સામને હો તો કહને મેં આયે.

ભગવાન આત્મા.. આત્મા જિસકો નિશ્ચય આત્મા કહતે હૈં, નિશ્ચય આત્મા. વહ તો પર્યાય સે ભિન્ન જો ધ્રુવ હૈ વહ નિત્ય આત્મા હૈ. પર્યાય કા આત્મા કો તો વ્યવહાર આત્મા કહતે હૈં. વહ તો વ્યવહાર અભૂતાર્થ હૈ. વહ વ્યવહાર (આત્મા) સત્ય આત્મા નહીં. આહાહા..! ભારે વાત ભાઈ! અમરચંદભાઈ! ભગવાન! કહે છે, પર્યાયમાત્ર વ્યવહાર કા વિષય હૈ, દ્રવ્ય વહ નિશ્ચય કા વિષય હૈ. આહાહા..! પર્યાય મેં રહકર યહ ધ્રુવ હૈ ઐસા ભી માને તો પર્યાયને ધ્રુવકો દૂર રખા હૈ. પણ પર્યાય ધ્રુવમેં પેસનેસે (-ઝૂકનેસે), અંદરમેં પેસનેસે ધ્રુવમેં એકાકાર હોતી હૈ, ઉસકો પંચમભાવકી ભાવના કહને મેં આતા હૈ. આહાહા..! પ્રસન્નકુમારજી! ઉસકો રસ હૈ કિ નહીં? ઉસકો રસ હૈ. કલ પ્રશ્ન કરતે થે. સમજમેં આયા?

અરે..! ભગવાન! કહતે હૈં, તીન લોકકા નાથ સર્વજ્ઞ પરમેશ્વરને કહા વહ સંતો કહતે હૈં. વહ શાસ્ત્ર મેં ભાષા દ્વારા આ ગઈ બાત. ઓહોહો..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ...પર્યાય દ્રવ્યમેં જાય, એકાકાર થાય. યહ પર્યાય યહાં લે જાય, વહ બાત ભી જૂઠી હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! વહ તો ધ્રુવ ઉપર દ્રષ્ટિ ગઈ ત્યારે એ પર્યાય અંદરમાં પેસી એમ કહેવામાં આવે છે. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! ચાલતી પર્યાય સાથે..., વર્તમાન ચાલતી એ પર્યાયને અંદર વાળું, વહ ભી પર્યાયદ્રષ્ટિ હો ગઈ. કૈસે વળે? વહ પર્યાય ચલતી હૈ વહ તો હૈ. અબ જબ દૂસરે સમય મેં અંદર મેં વાળના હૈ વહ તો પર્યાય હૈ નહીં. પંડિતજી! અલૌકિક બાત હૈ યહાં તો. આહાહા..!

રાગ કી તો બાત હી નહીં. દયા, દાન, વિકલ્પસે ભક્તિ સે લાભ હો વહ બાત તો તીન કાલ મેં હૈ નહીં. પણ એક ચલતી પર્યાયકો, ઇસ પર્યાયકો અંતરમેં વાળું (-મોડું). ક્યા વાળે? વહ તો ઉત્પન્ન હુઈ હૈ. ઔર જો પર્યાય ઉત્પન્ન નહીં હુઈ હૈ ઉસકો મોડું, યહ ક્યા હૈ? ઉસકા અર્થ યહ હૈ કિ ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મામેં દ્રષ્ટિ ગઈ, વહ પર્યાય નયી ઉત્પન્ન હુઈ ઔર દ્રવ્યકો અવલંબી. સમજમેં આયા?

ધ્યાન રાખે તો સમજાય એવું છે. ન સમજાય એવું નથી. સાદી ભાષામાં ભાવ આવે છે. કઠણ વાતો નથી. આહાહા..! શું ગંભીર તત્ત્વ!

કહે છે કે 'ત્રિકાલ નિરુપાધિ જિસકા સ્વરૂપ હૈ...' જેનું ત્રિકાળ નિરૂપાધિસ્વરૂપ ભગવાન ધ્રુવ. 'ઐસે નિરજંન નિજ પરમ પંચમભાવ...' ભગવાન કા પંચમભાવ ભગવાન કે પાસ રહા. સિદ્ધ કે દ્રવ્ય કા પંચમભાવ સિદ્ધ કે પાસ રહા. હમારે કામ કા ક્યા હૈ? યહાં તો કહતે હૈં કિ હમારી પર્યાય ભી હમારે કામકી નહીં. આહાહા..! ક્યોંકિ પર્યાયમેં સે નયી પર્યાય ઉત્પન્ન નહીં હોતી. નયી ઉત્પન્ન પર્યાય– વીતરાગી પર્યાય કી ખાન તો ધ્રુવ હૈ. તો ધ્રુવ ભગવાન ઉસકી ભાવના, પંચમભાવકી ભાવના... હૈ ન પંડિતજી હૈ ન દેખો! પરમ પરિણામિકસ્વભાવ ધ્રુવ ચૈતન્યદ્રવ્ય, ધ્રુવ પંચમ પરિણામિકભાવકી ભાવના સે–ઉસકી એકાગ્રતા સે., ઉસકી એકાગ્રતાસે પંચમગતિમેં–મોક્ષગતિમેં મુમુક્ષુ જાતે હૈં. '(વર્તમાન કાલ મેં) જાતે હૈં,...' સમજ મેં આયા? આહાહા..! કહો, ભીખાભાઈ! હીરાભાઈ રાખ્યા છે કે નહીં જોડે? કહો. આહાહા..!

ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવબિંબ. કાચ હોતા હૈ ન? અરીસા.. અરીસા. અરીસા કા દ્રષ્ટાંત આતા હૈ. ભાઈએ તો બહુ આપ્યો છે નિહાલભાઈએ. આ અરીસો છેને અરીસો? અરીસા કો ક્યા કહતે હૈં? શીશા-દલ. તો ઉપરકી પર્યાયમેં સબ અવસ્થા હોતી હૈ. વહ પર્યાય સિવાય કા સારા દ્રવ્ય હૈ ઉસમેં તો વહ પર્યાય હૈ હી નહીં. અરીસાકા દલ હૈ જો ધ્રુવ દલ હૈ ઉસમેં તો વર્તમાન પર્યાય અરીસા કે અંદર નહીં હૈ. જો અરીસા મેં લાલ, પીલા આદિ દિખને મેં આતા હૈ વહ તો અરીસાકી એક સમયકી પર્યાય હૈ. વહ પર્યાય અરીસા કા જો દલ હૈ, પિંડ હૈ, કંદ હૈ આખા પૂર્ણ, ઉસમેં પર્યાય કા અભાવ હૈ. સારા અરીસા એક પર્યાય મેં આ જાતા નહીં. આહાહા..! શેઠ! ઔર અરીસાકી એક સમયકી પર્યાય ઉસ દલ મેં પ્રવેશ કરતી નહીં. દોનોં ભિન્ન ભિન્ન હૈં. સમજ મેં આયા?

એમ ભગવાન આત્મા ધ્રુવદલ, નિત્યદલ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ વહ એક સમયકી અવસ્થા મેં આતા નહીં ઔર એક સમયકી અવસ્થા ધ્રુવમેં પેસતી નહીં. આહાહા..! ભારે વાત ભાઈ! સમજ મેં આયા? કહો, પન્નાલાલજી! ઐસી બાત હૈ. યહ હિન્દી મેં આયી. પરન્તુ હિન્દી મેં તો જો ભાવ હો વહ આતે હૈં, દૂસરે કહાં સે આયે?

શરીર, વાણીકી ક્રિયા જડકી જડ મેં, મન કી મન મેં, વાણી કી વાણી મેં, જડ શરીર કી જડ મેં. ઔર દયા, દાન, વિકલ્પ ઉઠતે હૈ ભક્તિ આદિ વહ રાગ આસ્રવતત્ત્વમેં. ઔર ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તત્ત્વ ઉત્પન્ન હોતા હૈ વહ તો એક સમયકી પર્યાય તત્ત્વ મેં. ધ્રુવ તત્ત્વમેં વહ હૈ નહીં. આહાહા..! ભારે વાત ભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઐસા હૈ કિ નહીં? નિર્ણય કરો, નિર્ણય તો કરો પહલે. સામાન્ય જો ધ્રુવ હૈ, યે એક સમયમેં જો આ જાયે તો એક સમયકી અવસ્થા પૂરતા ધ્રુવ હો જાયે. ઔર એક સમયકી વિશેષ

અવસ્થા હૈ, વિશેષ અવસ્થા ચાહે તો ક્ષાયિક સમકિત હો, કેવલજ્ઞાનકી હો, એક સમયકી અવસ્થા જો ધ્રુવ મેં–સામાન્ય મેં પેસ જાયે, તો એક સમયકી અવસ્થા નિત્ય હો જાયે. પર્યાય તો અનિત્ય હૈ. આહાહા..! પ્રેમચંદભાઈ! ઝીણી વાત છે. કહો, સેઠ! પૂછેંગે તો આયેગા કિ નહીં? હંસતે હૈં.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રયત્ન કહાં ઇતના કરતે હૈં, દરકાર કરતે હૈં અભી? ઇતની દરકાર નહીં હૈ. આહાહા..!

ભગવાન અંદર ચિદ્‌ઘન હૈ, જ્ઞાન કા દલ હૈ, આનંદ કા દલ હૈ, ધ્રુવ બિંબ હૈ, જિસમેં અનંતા સિદ્ધકી પર્યાય જિસકે દલ મેં અંદર પડી હૈ. ઐસા ચિદ્‌ઘન ધ્રુવ પરમસ્વભાવભાવ ઉસમેં ચાર પર્યાય નહીં હૈ, વહ ભાવ દૂર હૈ. આહાહા..! ઐસી બાત! સર્વજ્ઞ વીતરાગ કે સિવા યહ માર્ગ દૂસરી કોઈ જગહ હો સકતા નહીં. તીન કાલ, તીન લોક મેં. ઓહોહો..!

યહાં તો કહતે હૈં કિ પંચમભાવકી ભાવના. ઐસા કહા ન? પર્યાયકી ભાવના કરે પર્યાય મેં રહકર, તો ભી વહ તો પર્યાય મેં ખડા હૈ. ધ્રુવ મેં ખડા ન હુઆ. તો પર્યાય મેં દયા, દાન, વ્રત આદિ કા પર્યાય મેં લક્ષ્ય કરે, ઔર વહાં રહે વહ તો પર્યાયબુદ્ધિ વહ તો અંશબુદ્ધિ હુઈ. વહ તો પર્યાય મેં રમતે હૈં, મિથ્યાત્વ મેં રમતે હૈં. સમજ મેં આયા? યહાં તો ભગવાન આત્મા નિજ પરમ પંચમભાવ. ભગવાન આતમા કા નિજ નામ અપના, પરમભાવ, પંચમભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સ્વભાવભાવ, સદ્રશ્યભાવ, સામાન્યભાવ... સમજ મેં આયા? ઐસે દલકી ભાવના સે... યહ ભાવના વીતરાગીપર્યાય હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ પંચમભાવકી ભાવના હૈ. યહ નિયમસાર દેખા હૈ કિ નહીં? પઢા હૈ કિ નહીં પંડિતજી?

શ્રોતા :- .... અભિપ્રાયમેં ભૂલ હુઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- થોડી નહીં, હો તો પૂરી, ન હો તો કુછ નહીં. સમજ મેં આયા? નક્કી કરો પહલે. પહલે વિકલ્પ સહિત ભી ઐસા નિર્ણય ન હો, ઉસકો નિર્વિકલ્પ દ્રષ્ટિ કભી હોતી નહીં. સમજ મેં આયા? આહાહા..! 'પ્રભુ તારી પાસે રે પ્રભુ નથી વેગળો.' પર્યાયમાં આવે નહિ એવો પ્રભુ તારો પડ્યો છેને, ભગવાન! આહાહા..! એ તો મોક્ષમાર્ગની પર્યાય ઔર મોક્ષની પર્યાયથી દૂર છે, વેગળો છે. આહાહા..! જુઓ તો ખરા ભેદજ્ઞાન!

ઐસી ભાવના સે.., ઐસી પંચમભાવકી ભાવના સે... પંચમભાવ ત્રિકાલી હુઆ. ભાવના વહ વર્તમાન પર્યાય હૈ. પરન્તુ પંચમભાવકી ભાવના સે, ઐસે. ધ્રુવ તરફ દ્રષ્ટિ કરને સે જો એકાગ્ર હુઆ ઉસકા નામ ભાવના કહને મેં આતા હૈ. ઉસ ભાવના મેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં આ જાતે હૈં. પાઠ હૈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ અત્યારે ઠેકાણે નહિ પડે, રાતે પૂછજો. કહો, સમજાણું કાંઈ? આ તો અલૌકિક માર્ગ હૈ. ઐસે હી પકડ મેં આયે ઐસા નહીં હૈ.

ભગવાન ધ્રુવસ્વરૂપ હૈ ઉસકી ભાવના.., ભાવકી ભાવના.., ત્રિકાલી ધ્રુવકી ભાવના.., ઉસકી ભાવના. પર્યાયકી નહીં, રાગકી નહીં, નિમિત્તકી નહીં, રાગ હો, શુભરાગ હો, થોડા હૈ તો જ્યાદા હો, વહ તો દ્રષ્ટિ પર્યાયબુદ્ધિ મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા..!

શ્રોતા :- ત્રિકાલી ધ્રુવસ્વભાવકી...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રિકાલી ધ્રુવસ્વભાવકી ભાવના–અંતરમેં એકાગ્રતા, ધ્રુવ મેં એકાગ્રતા. વહ એકાગ્રતા હૈ તો પર્યાય. પરન્તુ વહ ધ્રુવ સંબંધી લીનતા. પર્યાય મેં પર્યાયકી લીનતા નહીં. સમજ મેં આયા? આહાહા..! અરે..! માર્ગ તો દેખો! તીન લોક કા નાથ પૂર્ણાનંદ સે ભરા હુઆ હૈ પ્રભુ!. કહતે હૈં કિ ઉસપર નજર કરકે ઉસમેં એકાગ્ર હો વહ ભાવના. ઉસકો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્રુવ કે લક્ષ સે, આશ્રય સે હુઈ દશા, ઉસકો યહાં ભાવના કહતે હૈં. આ ભાવના એટલે કલ્પના એમ નહિ. એમાં એકાગ્રતા-લીનતા. ધ્રુવ મેં લીન. ધ્રુવબિંબ મેં દ્રષ્ટિકા પ્રસાર, ધ્રુવ મેં દ્રષ્ટિકા પ્રસાર, ધ્રુવ મેં દ્રષ્ટિકા વિસ્તાર, દ્રષ્ટિને સારા ધ્રુવ કો કબ્જેમેં કર લિયા હૈ. એય..! ધર્મચંદજી!

ઐસી 'ઐસી ભાવના સે પંચમગતિ મેં...' દેખો! પંચમભાવકી ભાવનાસે પંચમગતિમેં 'મુમુક્ષુ (વર્તમાન કાલ મેં) જાતે હૈં,...' અર્થાત્ સમ્યગ્દર્શન જ્ઞાન ભી ધ્રુવ પરિણામિકભાવ કે આશ્રયસે વર્તમાન સમ્યગ્દર્શન હોતા હૈ, સમ્યગ્જ્ઞાન હોતા હૈ, સમ્યક્ચારિત્ર હોતા હૈ, આગે બઢકર શુક્લધ્યાન ભી ધ્રુવ કે આશ્રય સે હોતા હૈ, આગે બઢકર કે કેવલજ્ઞાન ભી ધ્રુવ કે આશ્રયસે હોતા હૈ ઔર પૂર્ણ સિદ્ધદશા ભી ધ્રુવ કે આશ્રય સે હોતી હૈ.

શ્રોતા :- ...ધ્રુવકા આશ્રય કરનેસે હી હોતી હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બસ, બાત યહી હૈ. સમજ મેં આયા?

પંચમભાવકી... 'પરમ પંચમભાવ...' ક્યોંકિ પર્યાય કો ભી પરિણામિકભાવકી પર્યાય કહને મેં આતા હૈ. વહ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ કા પરિણામ હૈ વહ કર્મ કે નિમિત્તકી અપેક્ષા સે ઉદય, પરન્તુ પરિણામિકભાવકી અપેક્ષા સે પરિણામિકભાવકી પર્યાય. ઐસે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભી પરમ પરિણામિકભાવકી અપેક્ષા સે પરિણામિક પર્યાય, ઉસ પર્યાય સે ભિન્ન ત્રિકાલી પરમપારિણામિક. સમજ મેં આયા? કહા ન? ડોક્ટર! ... ક્યા કહા? અભી ક્યા કહા?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ કહા હી નહીં. ખ્યાલ મેં લિયા નહીં.

આત્મા મેં જો પુણ્ય-પાપ કા ભાવ હોતા હૈ વહ નિમિત્તકી અપેક્ષા સે ઉદય કહો, પરન્તુ પરિણામિકભાવ પરમભાવ હૈ વહ પર્યાયરૂપ પરિણમતા હૈ તો ઉસકો ભી પરિણામિકભાવકી પર્યાય

(કહનેમેં આતા હૈ). પરમપારિણામિક ભિન્ન. વહ કુછ નહીં અભી. ઐસા કહકર ખુલાસા કરાતે હૈં. વહ તો પરિણામિક રાગાદિ વિકલ્પ જો દયા, દાન, કામ, ક્રોધકા મિથ્યાત્વપરિણામ હૈ વહ ભી પરિણામિકભાવકી પર્યાય હૈ. પર્યાય, પરમપારિણામિક હૈ વહ ધ્રુવ. આહાહા..! વહ કહા થા. આપકા ધ્યાન નહીં થા. સમજ મેં આયા?

બાપુ! માર્ગ કોઈ ઐસા અલૌકિક હૈ કિ લોગોં કો ઐસે હી અપની કલ્પના સે પઢે, અપની કલ્પના સે બિઠાયે ઔર કલ્પના સે વીતરાગ માર્ગ કો ઉલ્ટા માને ઔર હમ વીતરાગમાર્ગ કહતે હૈં ઐસા કહતે હૈં. યહાં તો કહતે હૈં... પરમ પંચમભાવ ક્યોં કહા? પરમ પંચમભાવ. પરમ પંચભાવ ધ્રુવ હૈ ઔર ઉસકી પર્યાય રાગ, દયા, દાન, કામ, ક્રોધ કા પર્યાય વહ ભી પરિણામિકભાવકી એક સમયકી પર્યાય હૈ. ઉસકો પરિણામિકભાવ કહતે હૈં. પરમ પારિણામિક નહીં.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- યહ પરિણામિક હૈ, કહતે હૈં. ઔર યહાં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચારોં પર્યાય કો અંતર કી અપેક્ષા સે, નિજ તરફકી અપેક્ષાસે ઉસકો ચારોં કો પરિણામિક કી પર્યાય કહતે હૈં. કર્મકી અપેક્ષા સે ઉસકો ઉદય ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ કહતે હૈં. પરન્તુ વહ પરિણામિકભાવકી જો પર્યાય હૈ વહ પરિણામિકભાવ પર્યાય, પરન્તુ ધ્રુવ હૈ વહ પંચમ પારિણામિક ત્રિકાલ ભાવ હૈ. આહાહા..! સેઠ! શેઠ આમ બફમ થઈ જાય, ત્યાં બેઠા હોય તો જાણે એમ લાગે ડાહ્યા મોટા દુકાને.

શ્રોતા :- કુછ યાદ નહીં રહતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આમાં યાદ ક્યાં રાખવાનું છે? આ તો તત્ત્વની વાત છે સીધી. આહાહા..!

ત્રિકાલી ભગવાન જો ધ્રુવ હૈ વહ પરમપારિણામિકભાવ હૈ ઔર ઉસકી પર્યાય ચાર હૈ વહ પરિણામિકભાવકી પર્યાય-અંશ હૈ. પરિણામ વહ અંશ હૈ, પરન્તુ વહ પરમપારિણામિક નહીં. સમજ મેં આયા? પરમ પારિણામિક ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદ પર્યાય સે ભિન્ન, ઉસકી ભાવના સે.., ઉદયકી, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકકી એકાગ્રતા સે નહીં. વહ ધ્રુવકી એકાગ્રતા સે પંચમગતિ મેં મુમુક્ષુ–ધર્માત્મા મોક્ષ જાતે હૈં. સમજ મેં આયા? આહાહા..!

સમ્યગ્દર્શનકી પર્યાય વહ ભી પંચમભાવકી એકાગ્રતા સે હોતી હૈ. આહાહા..! યે તો વહ કહતે હૈં, તીન કરણસે શુદ્ધભાવસે હોતી હૈ. તીન કરણ લિયે હી નહીં હૈ, સુન ન! બહુત તકરાર કરે વિદ્વાન બડે. બાપુ! ઉસકો વિદ્વાન નહીં કહતે. યહાં કહેંગે. અભી આયેગા. આહાહા..! ભગવાન આત્મા મૈં જો હૂં, વહ તો પર્યાય સે ભિન્ન હૂં. મેરે મેં પર્યાય પરિણમન કરો, પરન્તુ મૈં પરિણમનકી પર્યાય મેં આતા નહીં.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હો, વહ તો પર્યાય કા ધર્મ હૈ પરિણમન કરના. મેરા ધર્મ નહીં. આહાહા..!

'પંચમગતિમેં મુમુક્ષુ (વર્તમાન કો મેં) જાતે હૈં,...' એક હી માર્ગ હૈ ઐસા કહતે હૈં. તીન કાલ મેં એક હી માર્ગ હૈ. પંચમકાલકે લિયે કોઈ દૂસરા માર્ગ ઔર મહાવિદેહ કા દૂસરા માર્ગ ઔર ભરત કા દૂસરા માર્ગ—ઐસા હૈ નહીં. ભૂતકાલ કા દૂસરા માર્ગ ઔર ભવિષ્યકાલ કા દૂસરા માર્ગ, કઠિન પંચમકાલ મેં દૂસરા માર્ગ.

શ્રોતા :- આજકલ તો લોગ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઇસલિયે તો ખુલાસા કરતે હૈં. આહાહા..!

ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો નિર્મલ પર્યાય, જો યહ નિયમસાર હૈ, નિશ્ચય મોક્ષમાર્ગ હોં! વ્યવહારમોક્ષમાર્ગ વહ માર્ગ હૈ હી નહીં, વિકલ્પ વહ મોક્ષમાર્ગ હૈ હી નહીં, નિશ્ચય મોક્ષમાર્ગકી જો નિર્મલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી વીતરાગી પર્યાય, વહ પંચમભાવ ધ્રુવ કે આશ્રય સે ઉસમેં એકાગ્રતા સે ઉત્પન્ન હોતી હૈ, ઔર ઉસ પંચમભાવ કે આશ્રય સે આત્મા કો કેવલજ્ઞાન ઔર મુક્તિ હોતી હૈ.

'(ભવિષ્યકાલ મેં) જાયેંગે...' ભવિષ્ય અનંત કાલ હૈ ઉસમેં ભી ધ્રુવસ્વભાવકી એકાગ્રતા સે મોક્ષ જાયેંગે. કોઈ દૂસરા માર્ગ વીતરાગ મેં હૈ નહીં. 'ઔર (ભૂતકાલ મેં) જાતે થે.' જાતે થે. ગયે કાલ મેં ભી ધ્રુવ પંચમભાવ ઉસકી એકાગ્રતાસે મોક્ષ ભૂતકાલ મેં અનંત ગયે, વર્તમાન જાતે હૈં ઔર ભવિષ્ય મેં જાયેંગે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' યહ પરમાર્થ કા પંથ હૈ એક. મહાસિદ્ધાંત હૈ.

'(અબ ૪૧ વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ દો શ્લોક કહતે હૈં :-)' વહ તો ટીકા થી, અબ શ્લોક હૈ.

**(आर्या)**

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः ॥५८॥**

'શ્લોકાર્થ – (જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ઔર વીર્યરૂપ) પાંચ આચારોં સે...' પાંચ આચાર.. આચાર પર્યાય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ ઔર વીર્ય—પાંચોં વીતરાગીપર્યાય, વીતરાગીદશા, નિર્વિકલ્પદશા. ઇન 'પાંચ આચારોં સે યુક્ત...' સહિત. 'ઔર કિંચિત્ ભી પરિગ્રહપ્રપંચસે સર્વથા રહિત...' મુનિ કહતે હૈં ન? મુનિકી બાત મુખ્ય લેતે હૈં ન? 'કિંચિત્ ભી પરિગ્રહપ્રપંચસે સર્વથા રહિત...' મુનિ કો તો એક વસ્ત્ર કા ટૂકડા ભી પરિગ્રહ હોતા નહીં. વસ્ત્ર કા એક ટૂકડા હો ઔર મુનિપના માને, વહ મિથ્યાદ્રષ્ટિ હૈ.

શ્રોતા :- વ્યવહાર પંચાચાર...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વ્યવહાર પંચાચાર ભી નહીં, વહ તો વિકલ્પ હૈ. યહાં તો નિશ્ચય પંચાચારકી બાત હૈ. આહાહા..! સમજ મેં આયા?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાસ્તવિક પરદ્રવ્ય હૈ. યથાર્થમેં આશ્રય કરને લાયક નહીં. સ્વદ્રવ્યકી અપેક્ષાસે પરદ્રવ્ય હૈ, કહો. સ્વદ્રવ્ય દ્રવ્યપને હૈ ઔર પર્યાય અવસ્તુ હૈ, દ્રવ્યકી અપેક્ષા સે પર્યાય અવસ્તુ હૈં, ઉસકી અપેક્ષા સે ભલે વસ્તુ હો. સ્વદ્રવ્યકી અપેક્ષા પર અવસ્તુ હૈ. તો અવસ્તુ કહો યા પરદ્રવ્ય કહો. આહાહા..! સમજ મેં આયા? કઠિન બાત ભાઈ! ગજબ કિયા હૈ. સંપ્રદાય મેં તો સુનને કો ન મિલે.

કહતે હૈં કિ ભગવાન! તુમ તો દ્રવ્ય હો ન? વહ દ્રવ્ય હી વસ્તુકા સ્વરૂપ હૈ. દ્રવ્યકા સ્વરૂપ વહ (અસલી) સ્વરૂપ હૈ, પર્યાયસ્વરૂપ વહ દ્રવ્ય કા સ્વરૂપ નહીં. ઇસલિયે ઉસકો પરભાવ કહકર, પરદ્રવ્ય કહકર હેય (કહા). પર્યાય મૈં રૂપ નહીં. વહ પર્યાયકી એકતાબુદ્ધિ વહી મિથ્યાત્વ હૈ. સુનો! પર્યાય કા અંશ હૈ વહ મેરે મેં હૈ ઐસી એકતાબુદ્ધિ, આહાહા..! વહી મિથ્યાત્વ હૈ. પર્યાય સે સર્વથા દ્રવ્ય ભિન્ન હૈ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- યહ તો નાશવાન પર્યાય હૈ. નાશવાન પર્યાયકી અપેક્ષાસે અવિનાશી સર્વથા ભિન્ન હૈ. આહાહા..! યહ કોઈ બાત હૈ! વીતરાગ સર્વજ્ઞ કા માર્ગ... કેવલી પણ્ણંતો ધમ્મો શરણં ઐસે બોલે સહી. સુબહ-સાંજ માંગલિક મેં બોલતે હૈં ન? પરંતુ ક્યા ધર્મ હૈ ઔર કૈસે હોતા હૈ ઉસકી ખબર નહીં. આહાહા..!

કહતે હૈં કિ હેય હૈ. અંતઃતત્ત્વ... અર્થ મેં લેંગે સબ ભાવ. શાસ્ત્ર સહજજ્ઞાનાદિ ભાવ ઉસકો અંતઃતત્ત્વ કહેંગે. યહાં ભાવ લિયા હૈ ન? યહાં ન્યાય સમજો. એક સમયકી પર્યાય કો પરભાવ કહકર, પરસ્વભાવ કહકર પરદ્રવ્ય કહા. બાદ મેં હેય (કહા વો) તો ઠીક. ઇસલિયે હેય હૈ. અંતઃતત્ત્વ.. જો આત્મા હૈ ઉસકા અંતઃતત્ત્વ જો અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ જો ધ્રુવસ્વભાવભાવ વહ અંતઃતત્ત્વ હૈ. અંતઃતત્ત્વ વહ સ્વદ્રવ્ય હૈ. વહ ભાવ જો અંતઃતત્ત્વ હૈ વહ સ્વદ્રવ્ય હૈ. ત્રિકાલી જો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, ધ્રુવ ગુણ, ધ્રુવસ્વભાવ. સમજ મેં આયા?

અંતઃતત્ત્વ ઐસા સ્વદ્રવ્ય... ખુબી દેખો ન? અર્થ મેં બહોત અચ્છા કહા હૈ. અંતઃતત્ત્વ અર્થાત્ જો ત્રિકાલી જ્ઞાન ધ્રુવ, ત્રિકાલી દર્શન ધ્રુવ, ત્રિકાલી આનંદ ધ્રુવ. વહ અંતઃતત્ત્વ, અંતઃભાવ. વહ અંતઃતત્ત્વ વહ સ્વદ્રવ્ય. જૈસે પર્યાય પરભાવ ઇસલિયે પરદ્રવ્ય, અંતઃતત્ત્વ સ્વ ઇસલિયે સ્વદ્રવ્ય. આહાહા..! અલૌકિક બાત હૈ ભગવાનજીભાઈ!

શ્રોતા :- તાદાત્મ્ય સ્વરૂપ હૈ કિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહીં, તાદાત્મ્ય સ્વરૂપ હૈ હી નહીં પર્યાય ઔર દ્રવ્ય. અનિત્ય તાદાત્મ્ય સંબંધ હૈ. નિત્ય તાદાત્મ્ય સંબંધ હૈ હી નહીં. ભારે કઠીન.! પ્રમાણ વહ નિશ્ચય કો સ્વીકાર રખકર પ્રમાણજ્ઞાન કરતા હૈ. પ્રમાણ ઐસા નહીં જ્ઞાન કરતા હૈ કિ નિશ્ચય અભેદ હૈ ઉસકો છોડકર જ્ઞાન કરતા હૈ. નિશ્ચય કો તો રખતા હૈ હી ઐસા. નિશ્ચય કો ઐસા રખકર વ્યવહારકા જ્ઞાન સાથ મેં કરતા હૈ તો ઉસકા નામ પ્રમાણ હૈ. આહાહા..! સમજ મેં આયા?

પ્રમાણ મે! પ્રમાણ કા અર્થ ક્યા? નિશ્ચય જો હૈ વહ દ્રવ્ય કા આશ્રય કરતા હૈ ઔર દ્રવ્ય કો હી સ્વીકારતા હૈ. તો વહ સ્વીકાર પ્રમાણમેં ભી હૈ. પરંતુ એક અંશકા (સ્વીકાર) હૈ, સાથ મેં દૂસરા અંશ લેકર પ્રમાણ કરતે હૈં. ઐસા કહતે હૈં. પર્યાય હૈ ઐસા જ્ઞાન કરતે હૈં. પર્યાય કહાં હૈ? પર્યાય પર્યાયમેં હૈ, દ્રવ્ય મેં નહીં. સમજ મેં આયા? એય..! વજુભાઈ! કઠિન બાત ભાઈ! યહ સબ સોચના પડેગા.

શ્રોતા :- પર્યાય કા આશ્રય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાયકા આશ્રય પર્યાય મેં. આત્મામેં નહીં. પર્યાય કા કારણ પર્યાય, પર્યાય કા ષટ્કારક પર્યાય મેં પર્યાય કે કારણસે, આત્મા કે કારણસે નહીં. આત્મા સત્ હૈ વહ પર્યાય કા કર્તા નહીં ઔર પર્યાય સત્ હૈ વહ દ્રવ્યસત્ કા કર્તા નહીં. ગજબ બાત હૈ. ઐસા વીતરાગ કા માર્ગ! સમજ મેં આયા?

શ્રોતા :- અનાદિ અનસ્પર્શિત હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, અનસ્પર્શિત હૈ. દ્રવ્ય પર્યાયકો સ્પર્શતી નહીં. અસંખ્ય પ્રદેશમેં એક હોને સે સ્પર્શતી નહીં. ભિન્ન કહ દિયા ન? આહાહા..! વહ તો પર્યાય કા પ્રદેશ ભિન્ન હૈ એક ન્યાય સે. આહાહા..! ગજબ બાત હૈ.

શ્રોતા :- રાગદિ કે કારણ..

પૂજ્ય ગુરુદેવશ્રી - .. નહીં, વહ તો રાગ કે કારણ સે કહા થા. પરંતુ યહાં તો પર્યાય કા આધાર દ્રવ્ય નહીં ઔર દ્રવ્ય કા આધાર પર્યાય નહીં ઐસી બાત હૈ જરા. વસંતભાઈ! આહાહા..! ભાઈ! યહ સત્ હૈ કિ નહીં? સત્ હૈ, દ્રવ્ય ભી સત્ હૈ કિ નહીં? તો સત્ હૈ તો ઉસકા પર્યાય આધાર કૈસે? ઔર પર્યાય ભી સત્ હૈ તો પર્યાયકો દ્રવ્યકા આધાર કૈસે? આહાહા..! ગજબ બાત! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ઉન્હોંને જો તત્ત્વ જાના, વો ઐસા જાના હૈ ભગવાનને. ઐસા કહે કિ ભગવાન સચ્ચે, ભગવાન સચ્ચે. પરંતુ સચ્ચે ક્યા કહતે હૈં ઉસકી ખબર નહીં. કહાં સચ્ચા તુઝે આયા? સમજ મેં આયા?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ હૈ ઐસા તો માન તો ભગવાન સચ્ચે. આહાહા..! ઔર તેરા ભગવાન સચ્ચા હોં, વહ ભગવાન સચ્ચે તો પરમેં ગયે. આહાહા..! ભગવાન તો કહતે હૈં કિ હમારે સામને દેખનેસે તો તુઝકો વિકલ્પ ઉઠતા હોગા. ઔર વિકલ્પ તો કષાય હૈ. હમ કહતે હૈં કિ તેરી દ્રવ્યકી અપેક્ષા હૈ વહ તો હેય હૈ તુઝે. આહાહા..! સમજ મેં આયા?

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ઐસા કહતે હૈં ઇન્દ્રો ઔર ગણધર કે સમક્ષ મેં. પરમાત્મા ઐસા ફરમાતે હૈં. પરમાત્મા વર્તમાન બિરાજમાન હૈં મહાવિદેહ ક્ષેત્ર મેં. સમજ મેં આયા? વહ પરમાત્માકી વાણી હૈ યહ. સમજમેં આયા? કુંદકુંદાચાર્ય વહાં ગયે થે ભગવાનકે પાસ મેં. વાણી યહાં ભી મિલી થી પરંપરા સે ઉનકો, પરતું સાક્ષાત્ પરમેશ્વરકી જાત્રા હુઈ. મહાવિદેહ મેં ગયે. કોઈ કહે, મહાવિદેહ મેં ગયે નહીં. અરે..! ભગવાન! ક્યા કહતે હો તુમ? વહ તકરાર. આયા થા ન અભી કોઈ? સનાવદ મેં ઐસા કહતે હૈં કિ મહાવિદેહમેં ગયે નહીં. એય..! કુંવરચંદજી! કોઈ બાત કરતે થે. પત્ર આયા થા. મહાવિદેહમેં ગયે નહીં. પરંતુ યહ આચાર્ય પાઠ મેં લિખતે હૈં ન કિ મહાવિદેહમેં ગયે થે? પંચાસ્તિકાયમેં. સમજ મેં આયા? યહ પંચાસ્તિકાય મેં હૈ, લો.

શ્રોતા :- ૮૦૦ સાલ કા હૈ.. ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરંતુ આચાર્યોંને કહા હૈ કિ નહીં? ૮૦૦ સાલ ક્યા કરના હૈ તુઝે? દેખો! પહલી ટીકા મેં હૈ. પંચાસ્તિ ન? હૈ ન? જયસેનાચાર્ય મેં હૈ. જયસેનાચાર્ય મેં હૈ. યહ લિખા હૈ દેખો. શ્રીમદ્ ભગવત્ દેવ ઉસકે દૂસરે નામ પદ્મનંદિ આદિ.... અબ .. દેવ શિષ્ય .. જિસકે દૂસરે નામ ભી .... વીતરાગ સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવ કે દર્શન કરકે... પંચાસ્તિકાય જયસેનાચાર્યકી ટીકા હૈ.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, ના. એક યહાં આયા હૈ. ઔર એક દૂસરી જગહ દેવસેનાચાર્ય મેં આયા હૈ. બસ, ઔર દર્શનસાર મેં તીસરી જગહ અષ્ટપાહુડકી ટીકા સુખસાગર તીનોં જગહ. દૂસરે નહીં આયા. એક યહાં આયા હૈ પંચાસ્તિકાયમેં, એક આયા દર્શનસાર દેવસેન આચાર્ય. અહો..! કુંદકુંદાચાર્ય. ભગવાન કે પાસ નહીં ગયે હોતે તો ઐસી ચીજ હમકો કહાંસે મિલતી? ઐસે લિખા હૈ. યહાં પંચાસ્તિકાયકી ટીકા, જયસેનાચાર્યકી ટીકા. વહ દર્શન... ઔર સૂત્રપાહુડ મેં. અષ્ટપાહુડ મેં. અષ્ટપાહુડ હૈ ન ઉસમેં શ્રુતસાગર કહતે હૈં. આખિર મેં સબ મેં.

યહાં તો કહતે હૈં કિ અહો! તીર્થંકર પરમદેવ કે દર્શન કરકે તેઓશ્રી કે મુખમેંસે નિકલી દિવ્યવાણી કે શ્રવણ દ્વારા અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્માતત્ત્વ આદિ સારભૂત અર્થ ગ્રહકર.... ફિર સે વહાં સે આકર અંતઃતત્ત્વ ઔર બહિર્તત્ત્વ .... દેખો! ભાષા ઐસી હૈ. અંતઃતત્ત્વ ઔર બહિર્તત્ત્વ કે ગુણ મુખ્ય પ્રતિપાદન અર્થે... દેખો! અંતઃતત્ત્વ જ્ઞાયકભાવ. બહિર્તત્ત્વ પર્યાય આદિ પર. આહાહા..! ગૌણ મુખ્ય પ્રતિપાદન અર્થે શિવકુમાર મહારાજ તીર્થંકર નામ કરન કે લિયે રચા હૈ. લો.

શ્રોતા : વહી રહતે તો મોક્ષ દે દેતે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- મોક્ષ વહાં જાયે? યહાં કા પ્રાણી વહાં મોક્ષકો જાતા હૈ? પંચમ આરામેં જન્મે હુએ પ્રાણી કિસી જગહ મોક્ષ જાતે હૈં? ક્ષાયિક સમકિત ન હો તબ. ભગવાન કે પાસ ગયે તબ ક્ષાયિકસમકિત નહીં થા. યહ કહા ન. આહાહા..! ગજબ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહાં કહાં ઉનકી લાયકાત થી? ...સાઢે તીન હાથ કે. ક્યા કહતે હૈં? તીડ.. તીડ જૈસે લગે. તીડ.. તીડ. પાંચસો ધનુષ દો હજાર હાથ ઊંચે. ઇતના તો તીડ લગે. કૌન હૈ તીડ? ચક્રવર્તી કહે. યહ મનુષ્ય આકાર સે પંખી જૈસા, તીડ જૈસા કૌન હૈ? ભગવાન કહતે હૈં કિ વહ પંચમ આરા કે ભરતક્ષેત્ર કે અગ્રેસર આચાર્ય મહારાજ હૈં. સમજ મેં આયા?

યહાં કહતે હૈં, અહો..! ઇસલિયે હેય હૈ. અંતઃતત્ત્વ ઐસા સ્વદ્રવ્ય, વહ આત્મા ઐસા કહકર. તીન શબ્દ લિયે હૈં. અંતઃતત્ત્વ અર્થાત્ અનંત જ્ઞાન, દર્શન જો ધ્રુવ ઐસા અંતઃતત્ત્વ વહ સ્વદ્રવ્ય ઔર સ્વદ્રવ્ય વહ આત્મા. યહ તો આધાર-આધેય લેંગે. સમજ મેં આયા? ઐસા ભગવાન આત્મા વહ આત્મા ઉપાદેય હૈ. '**भवेत्**' હૈ. વહી ઉપાદેય હૈ. યહ શ્લોક. એક મૂલ ગાથા કા ઇતના અર્થ હૈ. આહાહા..!

ભગવાન અંતઃતત્ત્વ જો ધ્રુવ જ્ઞાન-દર્શન-આનંદ જો ભાવ વહ અંતઃભાવ, વહ દ્રવ્ય, વહ આત્મા. વહી અંગીકાર કરને યોગ્ય હૈ. સમ્યગ્દ્રષ્ટિ કી દ્રષ્ટિ મેં વહી આદરણીય હૈ. આહાહા..! સમજ મેં આયા? આત્મા ઉપાદેય હૈ. '**उपादेयम् भवेत्**' ઐસા હૈ ન? '**भवेत्**' હૈ ન? '**भवेत्**' '**अन्तस्तत्त्वं भवेत् आत्मा**' અંતઃતત્ત્વ વહી આત્મા, ઐસે. '**स्वकद्रव्यम् उपादेयम्**' અંતઃતત્ત્વ વહી આત્મા. વહી આત્મા. આહાહા..! ઐસા હૈ. પર્યાય-બર્યાય આત્મા નહીં. ઐસા કહે. આહાહા..! યહ તો કોઈ બાત! વહ વ્યવહાર આત્મા હૈ. પાંચ પર્યાય વ્યવહાર આત્મા હૈ. વ્યવહાર આત્મા અર્થાત્ ત્રિકાલકી અપેક્ષાસે અસત્યાર્થ આત્મા હૈ.

ગજબ બાત હૈ ન! ઐસે વીતરાગકી વાણી ઐસા કહે હોં! જગત કો રુચે, ન રુચે, બૈઠે ન બૈઠે પરંતુ માર્ગ તો ઐસા હૈ.

અબ યહાં આયી ટીકા. કિ જો વ્યવહારનયસે કહા થા પર્યાય, વહી શુદ્ધનિશ્ચયકે બલસે, અંતરકી દ્રષ્ટિ ધ્રુવ ઉપર દ્રષ્ટિ દેનેસે વહ હેય હૈ. વહ લક્ષમેં રહતી નહીં. પર્યાય અંદર મેં લક્ષમેં આતી નહીં ઇસલિયે હેય કહનેમેં આયા હૈ. આહાહા..! 'કિસ કારણ સે?' અબ કહતે હૈં કિ હેય કહા વહ કિસ કારણ સે? સમજ મેં આયા? 'શુદ્ધ નિશ્ચયનય કે બલ સે હેય હૈં.' ચાર પર્યાય હેય હૈં. ઓહોહો..! અનંત કેવલજ્ઞાન, અનંત કેવલદર્શન, આનંદ અનંતી પર્યાય જો પર્યાય મેં... સમજ મેં આયા? કેવલજ્ઞાનકી એક સમયકી (પર્યાય) મેં અનંતા સિદ્ધ ઔર તીન કાલ તીન લોક જાનને મેં આતા હૈ. એક સમયકી પર્યાય હૈ ઉસ કારણ સે હેય હૈ. આહાહા..! શ્રુતજ્ઞાની કો તો હૈ નહીં, પરંતુ જિસકો કેવલજ્ઞાન હૈ વહ કેવલજ્ઞાન ભી ધર્મીજીવ કો આશ્રય કરને લાયક નહીં. સમજ મેં આયા?

'કિસ કારણ સે?' કિસ કારણ સે હેય હૈ, ઐસા કહના હૈ. પાઠ મેં તો ઐસા લિયા કિ પરદ્રવ્ય પરસ્વભાવ હેયં. ટીકા મેં અન્વયાર્થ મેં લિયા હૈ કિ '**परस्वभावाः परद्रव्यम् इति हेयाः**' '**अन्तस्तत्त्वं स्वकद्रव्यम् उपादेयम्**' અર્થ મેં. અબ ટીકા મેં. 'કિસ કારણ સે?' કિસ કારણ સે હેય કહતે હોં? ચાર પર્યાય—કેવલજ્ઞાનાદિ કી પર્યાય પરંતુ ક્ષાયિક સમકિતકી પર્યાય, અરે..! ચારિત્રકી પર્યાય, ધર્મ ચારિત્ર. ચરિતં ખલુ ધમ્મો. ઐસી ચારિત્ર પર્યાય તીન કષાય કે અભાવકી પર્યાય વહ શુદ્ધ ત્રિકાલીદ્રવ્યકી અપેક્ષા સે હેય હૈં.

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- યથાખ્યાત ચારિત્ર ભી હેય હૈ. યહાં તો અભી હૈ નહીં ઇસલિયે યહ લિયા. યથાખ્યાત. વહ યથાખ્યાત ચારિત્ર આ ગયા નહીં ક્ષાયિકમેં? આહાહા..!

'કિસ કારણ સે? ક્યોંકિ વે પરસ્વભાવ હૈં,...' ઇસ કારણસે. ક્યોંકિ વહ પરસ્વભાવ હૈં. ઓહોહો..! વહ અપના દ્રવ્યસ્વભાવ નહીં. અંશ–ભેદ વહ અપના દ્રવ્યસ્વભાવ નહીં. હસમુખ..ભાઈ! ઐસી બાત કોઈ મુંબઈ મેં મિલે ઐસા નહીં હોં. કહીં ભી. લો સેઠી! આપકે ચિરંજીવી કહતે હૈં કિ ઐસી બાત કહીં નહીં હૈ. આહાહા..! બાત તો ઐસી હૈ. ભગવાન કે ઘરકી યહ બાત હૈ.

શ્રોતા :- મુંબઈ મેં બાત હોતી નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી :- યહ બાત ઐસી હોતી નહીં. દશ-દશ હજાર લોગ ચિલ્લાને લગતે હૈં. ક્યા કહે વહ સમજે નહીં. એક વ્યક્તિને કહા થા. આયા થા પ્રેમ સે સુનને. મહારાજ કહતે હૈં અચ્છા, પરંતુ મુઝે કુછ સમજ નહીં આયા. શ્વેતાંબર થા કોઈ. કુછ બાત ચલતી હી નહીં, સંપ્રદાય મેં હૈ નહીં. હૈ તો ઉલટી સબ હૈ. ઐસા કરના, ઐસા ખાના, ઐસા પીના, ઐસા રહના, ઐસા છોડના. આહાહા..! સમજ મેં આયા? પરદ્રવ્ય કે ગ્રહણ-ત્યાગકી બુદ્ધિ તો મિથ્યાત્વભાવ હૈ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, નિજદ્રવ્ય હૈ. ઉસકે સિવા.. પર, હેય ક્યોં કહા? પર્યાયકો હેય ક્યોં કહા? ચાર પ્રકાર કે ભાવ કી જો પર્યાય હૈ ઉસકો હેય ક્યોં કહા? ઉસ કારણસે કિ યહ પરસ્વભાવ હૈ, વહ દ્રવ્યસ્વભાવ નહીં. આહાહા..! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, આનંદ જો ધ્રુવસ્વભાવ હૈ, વહ પર્યાય નહીં. સમજ મેં આયા? યહ તો અલૌકિક ગાથા હૈ. અમરચંદભાઈ! આહાહા..!

અરે..! પરસ્વભાવ! ભગવાન! પરસ્વભાવ, પરદ્રવ્યકી પર્યાયકો પરસ્વભાવ કહો. બહુ તો વિકાર દયા, દાનકે વિકલ્પ કો પરસ્વભાવ કહો. ક્ષાયિક સમકિત ઔર ચારિત્ર કી પર્યાય પરસ્વભાવ? પરસ્વભાવ, ત્રિકાલી સ્વસ્વભાવકી અપેક્ષા સે વહ પરસ્વભાવ હૈ. સમજ મેં આયા?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્ષણિક હૈ, એક સમયકી પર્યાય હૈ ઔર ત્રિકાલી દ્રવ્યસ્વભાવ ધ્રુવ હૈ. ત્રિકાલી દ્રવ્યકા સ્વભાવ તો ધ્રુવ હૈ. પરમપારિણામિક ભગવાન આત્મા સહજસ્વભાવરૂપ વસ્તુ, વહ સ્વસ્વભાવ હૈ, પર્યાય હૈ વહ પરસ્વભાવ હૈ. આહાહા..! યહ બાત! બાબુલાલજી! કભી સુની નહીં હોગી. લો, યહ પંડિત લોગને સુની નહીં. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્ર – બાત સચ હૈ. સમજ મેં આયા? પરંતુ યહ અનુભૂતિ કૈસે હો—યહ બાત ચલતી હૈ. કિ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દેને સે અનુભૂતિ હોતી હૈં. પર્યાય ઉપર, વિકલ્પ ઉપર, નિમિત્ત ઉપર દ્રષ્ટિ દેને સે અનુભૂતિ હોતી નહીં, ઐસા કહતે હૈં. સમજ મેં આયા? યહાં તો કહતે હૈં કિ અનુભૂતિ હૈ ઔર ઉસકો દેખના વહ ભી પર્યાયબુદ્ધિ હો ગઈ. એય..! અનુભૂતિ યહ હૈ ઔર યહ વિકાર હૈ—વહ તો પર્યાયકી દ્રષ્ટિ હુઈ. યહાં તો દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ દેનેસે અનુભૂતિ હોતી હૈ. પરંતુ વહ અનુભૂતિ કા લક્ષ કરના ઐસા હૈ નહીં. આહા..! સમજ મેં આયા?

શ્રોતા :- અનુભૂતિ કા લક્ષ હુઆ તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ પર્યાય કા લક્ષ હો ગયા, તો દ્રવ્ય કા લક્ષ છૂટ ગયા.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- યહી આયા હૈ. સુનતે હૈ કિ નહીં?

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યા કહતે હૈં? ઉતની સત્યાર્થ યહ હૈ. .. દૂસરા હૈ ઐસા નહીં. ચીમનભાઈ! .. બાત સમ્યગ્દર્શન હોને મેં ધ્રુવકા હી શરણ હૈ, પર્યાય કા શરણ નહીં.

શ્રોતા :- પ્રારંભિક પાઠ હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પ્રારંભિક પાઠ હૈ. લો, હમારે સેઠીને કહા. પ્રારંભિક પહલા પાઠ હૈ યહ. આહાહા..! અલૌકિક બાત હૈ ભાઈ! ઓહો..!

કહતે હૈં કિ યહ ચાર પર્યાય હેય લિયા. ઉસમેં લિયા થા સ્વભાવ મેં પરસ્વભાવ હૈ ઇસલિયે પરદ્રવ્ય ઇસલિયે હેય. યહાં તો પહલે સે કહા કિ હેય. અબ હેય કિસ કારણ સે? કિ પરસ્વભાવ હૈ ઇસલિયે હેય હૈ. પરસ્વભાવ હૈ. આહાહા..! ક્ષયોપશમજ્ઞાન, જ્ઞાનકા ઉઘાડ, નવ-નવ પૂર્વકા, દશ-દશ પૂર્વ કા, ચૌદહ-ચૌદહ પૂર્વ કા, બારહ અંગ કા. પર્યાય જો ઉઘાડ હૈ વહ સમ્યગ્દ્રષ્ટિ કો હૈ. તો કહતે હૈં કિ વહ બારહ અંગ કા વિકાસ જો પર્યાય મેં હુઆ, કહતે હૈં કિ વહ પરસ્વભાવ હૈ.

ત્રિકાલ મહાસાગર પડા હૈ ધ્રુવ, ઉસકી અપેક્ષામેં એક અંશ કી ગિનતી ક્યા? આહાહા..! સમજ મેં આયા? મહાસાગર પડા હૈ, પ્રભુ મહાસાગર અનંતા... અનંતા... અનંતા... અનંતા... કેવલજ્ઞાન કા પેટ જિસમેં પડા હૈ ઉસકે ભાવ મેં. આહાહા..! ઐસા અપના અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ઐસા સ્વભાવ–સ્વતત્ત્વ, ઉસ અપેક્ષા સે વહ પર્યાયકો હેય ક્યોં કહા? કિ પરસ્વભાવ હૈ ઉસ અપેક્ષા સે હેય કહા. આહાહા..! સમજ મેં આયા? યહાં તો કહે કિ ભગવાનકી વાણી હેય! હાય.. હાય.. દિવ્યધ્વનિ હેય! પરંતુ વહ તો પરદ્રવ્ય હૈ. ઉસકો સુનનેસે વિકલ્પ આતા હૈ વહ તો રાગ હૈ. પરંતુ જ્ઞાન કરતે હૈં જ્ઞાન, અપને સમ્યગ્દર્શન પૂર્વક મેં જો સ્વકા જ્ઞાન હુઆ, ઉસમેં રાગ આયા વહ રાગ કા જ્ઞાન પર્યાય કરતી હૈ વહ પર્યાય ભી પરસ્વભાવ હૈ. ત્રિકાલી ધ્રુવ સ્વભાવકી અપેક્ષા સે પરસ્વભાવ હૈ. અપના નિજસ્વભાવ નહીં. આહાહા..! યહ કોઈ બાત હૈ! કરસનભાઈ! ઐસા કભી સુના હી નહીં.

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી - .. લો ભાઈ! યહ તો શબ્દ શબ્દકા અર્થ હોના ચાહિયે ન? ઐસે ઐસે માન લે ઐસા નહીં ચાહિયે. ન્યાય ઉસકે ખ્યાલમેં આના ચાહિયે ન?

શ્રોતા :- સ્વસમય હૈ... વહ પરસમય હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- વહ સ્વસમય-પરસમય કી બાત યહાં હૈ હી નહીં. વહ દોનોં પર્યાય હૈં. યહાં ઉસકી બાત હૈ નહીં. યહાં તો દ્રવ્ય ઔર પર્યાય—દોનોંકી બાત હૈં. સ્વસમય તો કેવલ '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' યહ તો પર્યાય હુઈ. ઉસ પર્યાયકો યહાં કહતે હૈં કિ પરસ્વભાવ હૈ. ક્યોંકિ દ્રષ્ટિકા વિષય યહ નહીં. આહાહા..! ગજબ કામ ભાઈ! સમજ મેં આયા?

'ક્યોંકિ વે પરસ્વભાવ હૈં, ઔર ઇસલિયે પરદ્રવ્ય હૈં,...' ઐસે. 'ઇસલિયે પરદ્રવ્ય હૈં.' જૈસે શરીર, વાણી, કર્મ પરદ્રવ્ય હૈં તો ઉસમેંસે અપની ધર્મપર્યાય નયી પ્રગટ નહીં હોતી. ઐસે પર્યાય જો પ્રગટ હૈ ઉસમેં નયી પ્રગટ નહીં હોતી, તો વહ સ્વદ્રવ્ય નહીં હુઆ. દ્રવે તે દ્રવ્યં. સમજ મેં આયા? પર્યાય દ્રવે ઔર પર્યાયમેંસે નયી પર્યાય આતી હૈ ઐસા નહીં હૈ, ઇસલિયે વહ પરદ્રવ્ય હૈ. આહાહા..! સમજ મેં આયા? ઇસલિયે હેય ઐસા કહા. હેયસે લિયા ન, હેયસે? સર્વ પર્યાય હેય હૈ ક્યોંકિ પરસ્વભાવ હૈ ઇસલિયે પરદ્રવ્ય હૈ. વહ ઉપાદેય કૌન હૈ ઉસકી બાત કરેંગે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૩, રવિવાર, તા. ૨૮-૯-૧૯૬૯
## ગાથા- ૫૦, પ્રવચન-૧૯

નિયમસાર. શુદ્ધભાવ અધિકાર. ગાથા ૫૦.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा** ॥५०॥

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે,
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

એનો 'અન્વયાર્થ – પૂર્વોક્ત સર્વ ભાવો...' ભાવો એટલે પર્યાયો. શુદ્ધભાવ છેને શુદ્ધ? શુદ્ધભાવ તો ત્રિકાળી ધ્રુવ છે. એ સિવાયના પૂર્વોક્ત સર્વ ભાવો... ક્ષાયિકભાવના નવ ભેદ. કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત વગેરે યથાખ્યાત ચારિત્ર દાન, લાભ... ઉપશમના બે ભેદ. ઉપશમ સમકિત, ઉપશમ ચારિત્ર. ક્ષયોપશમના અઢાર ભેદ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વગેરે આવે છે ને? એ બધી પર્યાયો છે. એ બધી પર્યાયો... અને ઉદયભાવના ૨૧ બોલ, ક્ષયોપશમના અઢાર. એ બધા પરપર્યાય છે, એનો અહીંયા ત્યાગ બતાવે છે. સમજાય છે કાંઈ?

સર્વ પર્યાયો પૂર્વે કહ્યા તે પરસ્વભાવ છે. એ પરસ્વભાવ છે, સ્વસ્વભાવ નહીં. આહાહા..! કેવળજ્ઞાનાદિ અને ક્ષયોપશમ આદિ કે ઉદય આદિ કે ઉપશમ એ બધી પર્યાયો છે એક સમયની, એ પરસ્વભાવ છે. ત્યારે દ્રવ્ય તે સ્વસ્વભાવ છે. સમજાય છે કાંઈ? એ સર્વ પરસ્વભાવો છે. એ ગાથામાં પરદ્રવ્ય છે માટે પરસ્વભાવ છે એમ લીધું છે. પણ એનો અન્વયાર્થ કરતાં તે પરસ્વભાવ છે તે પરદ્રવ્ય છે, એમ લીધું. પરસ્વભાવ છે. ઓહોહો..! જુઓ તો એક પર્યાય... અહીં તો કહે છે કે પર્યાય હેય છે, ત્યાગ છે એનો. આહાહા..!

સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિમાં એક ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ એક ઉપાદેય નામ આદરણીય છે. પર્યાય જેમાં .... તેનો ત્યાગ છે એને. આહાહા..! ભારે ત્યાગ! જેઠાલાલભાઈ! બહારના ત્યાગની તો વાત જ ક્યાં? એ તો અંદરમાં છે નહિ. આ તો એની જે પર્યાય છે એ પર્યાયમાં જે કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ, ઉપશમ આદિ પર્યાયભાવ કે ક્ષયોપશમ... ઉદય તો રાગાદિ ઠીક, ગતિ આદિ. એ ભાવો પરસ્વભાવ છે, તેથી તે પરદ્રવ્ય છે. 'તેથી હેય છે;...' તે ત્યાગ કરવાલાયક છે. દ્રષ્ટિમાં એનો ત્યાગ જોઈએ એમ કહે છે. આહાહા..! ભારે વાત!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, જુઓને આ. આનું નામ ત્યાગ. દ્રષ્ટિમાં, પહેલો સમ્યગ્દર્શનમાં એ ચારેય પ્રકારની પર્યાયનો દ્રષ્ટિમાં ત્યાગ છે. આહાહા..! કરસનભાઈ! ભારે વાત કહે. બીજો તો ત્યાગ છે એટલે બીજી ચીજ તો એની પર્યાયમાં નથી. શરીર, વાણી, કર્મ, લક્ષ્મી આદિ એ તો એની પર્યાયમાં પણ નથી એટલે એની વાત તો નથી.

શ્રોતા :- ત્યાગ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનો શું પણ ત્યાગ? છે જ નહિ, એમાં નથી પછી એનો ત્યાગ શું? આ તો એની પર્યાયમાં છે. છે ખરા. એ કહેશે આગળ. વિભાવગુણપર્યાયો છે, એવો શબ્દ છે. અસ્તિ છે. તે હેય છે. આહાહા..! જુઓ એ કુંદકુંદાચાર્યના વચનો. સમ્યગ્દ્રષ્ટિને પર્યાય હેય છે. એય..! નવરંગભાઈ! આહાહા..! ભારે વાત ભાઈ!

અને 'અંતઃતત્ત્વ...' એટલે કે અંતઃસ્વભાવ જે ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદ જે ધ્રુવસ્વભાવ, જ્ઞાન, દર્શન, આનંદ જે ત્રિકાળી સહજ સ્વભાવ એવું જે અંતઃતત્ત્વ એવું જે સ્વદ્રવ્ય... સમજાય છે? અંતઃતત્ત્વ એ સ્વદ્રવ્ય અને તે આત્મા. એ આત્મા સમ્યગ્દ્રષ્ટિને ઉપાદેય છે. આહાહા..! ઓલા પંચ મહાવ્રતના પરિણામ ગ્રહણ કરે અને પાળે (એવું) આમાં તો ક્યાંય આવ્યું નહિ. એ તો હોય એનું ફક્ત જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

પહેલા જે અંતઃભાવ જે ત્રિકાળી અનંત જ્ઞાન-દર્શન-સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એ અંતઃતત્ત્વ છે. અંતરનો ભાવ છે એ ધ્રુવ. એ ભાવ એ અંતઃતત્ત્વનું દ્રવ્ય. એ ભાવસ્વભાવ તે દ્રવ્ય અને એ દ્રવ્યનો આધાર તે આત્મા. સમજાય છે કાંઈ? આ તો અલૌકિક ગાથા છે. આત્મા તે ઉપાદેય છે. કહો, શોભાલાલજી! સવારે પ્રશ્ન કર્યો હતો રસ્તામાં. કે આ પર્યાય પર? આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો રાગથી ભિન્ન પાડ્યો હતો. હવે અહીં તો પર્યાય ને દ્રવ્યને ભિન્ન પાડવું છે. સવારે કહ્યું હતું.

શ્રોતા - એ આ ભિન્ન પડે ત્યારે..

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઓલું ભિન્ન પડે ત્યારે 'ઓલું હોય છે' એવું જણાવે છે. વાત તો એક, દ્રષ્ટિમાં એકલો ધ્રુવ, દ્રષ્ટિ જે છે એ તો એકલા ધ્રુવમાં જ પ્રસરે છે, ધ્રુવમાં જ વ્યાપે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય એ ધ્રુવમાં પ્રસરે છે, વ્યાપે છે, ફેલાય છે, સારા ધ્રુવને દ્રષ્ટિ કબજે લઈ લે છે. ઝીણી વાત છે થોડી. સમજાય છે? આ મોક્ષમાર્ગનો અધિકાર છે. તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની પર્યાય એનો શું છે વિષય? કે એ તો ત્રિકાળી ધ્રુવ તે એનો વિષય છે. સમજાય છે કાંઈ? લ્યો માણેકલાલ! આ બધું તમારે ચાલતું હતુંને ગડબડ બધી. મુંબઈમાં ચાલતી હતી. દોઢ વર્ષ ચાલી. પર્યાય જોવે, સમ્યગ્દર્શનમાં પર્યાય જોવે. આહાહા..!

કહે છે કે સમ્યગ્દ્રષ્ટિને અથવા ધર્મદ્રષ્ટિમાં ધર્મીને ધર્મી એવો જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ તે એક દ્રષ્ટિમાં લઈને આદરણીય છે. સમજાય છે? આહાહા..! આ ગુજરાતી થયું. ગુજરાતીમાં તો જે ભાવ હોય એ આવે કે બીજા આવતા હશે? સમજાય છે કાંઈ? 'એવું સ્વદ્રવ્ય,...' તત્ત્વ જે છે ભાવ. બેહદ જ્ઞાન, બેહદ આનંદ, શાંતિ, શ્રદ્ધા ત્રિકાળી એવું જે અંતઃસ્વભાવ એવું જે સ્વદ્રવ્ય એનો આધાર આત્મા એટલે એકરૂપ પારિણામિકભાવ ત્રિકાળી એ આત્મા જ સમ્યગ્દર્શનમાં ઉપાદેય નામ આદરણીય અને તેનું લક્ષ અને ધ્યેય કરવા જેવું છે. આહાહા..! જોયું! 'ઉપાદેય છે.' એમ શબ્દાર્થ થયો ને? અન્વયાર્થનો. ઓલામાં હેય છે એમ કહ્યું હતું. હવે એ પરદ્રવ્ય છે, પરસ્વભાવરૂપ છે એમ કહ્યું હતું ને? છે. છે.

હવે એની ટીકા – આ હેય, ઉપાદેય... સંસ્કૃતમાં છે જુઓ! '**हेयोपादेयत्यागोपादानलक्षणकथनमिदम्**' આ ગાથામાં હેય નામ ત્યાગયોગ્ય, ઉપાદેય નામ ગ્રહણયોગ્ય શું છે એના સ્વરૂપનું લક્ષણ અથવા એ સ્વરૂપનું એમાં કથન છે. હેયનું લક્ષણ શું અને ઉપાદેયનું લક્ષણ શું? હેયનું સ્વરૂપ શું અને ઉપાદેયનું સ્વરૂપ શું—એમ પદ્મપ્રભમલધારિ દેવે પહેલો એનો ટીકાનો ઉપોદઘાતભાવ કર્યો. આ ગાથામાં જૈનશાસનને વિષે–વીતરાગદર્શનને વિષે હેય શું અને ઉપાદેય શું? આહાહા..! એટલે કે ત્યાગ કોનો અને ગ્રહણ કોનું? સમજાય છે કાંઈ? આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- લુગડાં-ફુગડા ક્યાં હતા અહીંયા? આહાહા..! લોકોને મૂળ તત્ત્વની ખબર ન મળે એટલે આ લુગડાં ઉતાર્યા અને નગ્ન થઈ ગયા અને ..ક્રિયા કાંઈ કરી અહિંસા-ફહિંસાની ને થઈ ગયા મુનિ. બાપુ! મુનિ તો ક્યાં, પણ હજી ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ એમાં નથી. સમજાય છે? વસ્તુ વ્યવહારના ઠેકાણા નથી અને એમાં મુનિ માને એ તો ગૃહીત મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કેમ થાય? અને ધ્રુવપણાનો અંગીકાર કેમ થાય એની અહીંયા વાત છે. આહાહા..! બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિનો ત્યાગ અને દ્રવ્યબુદ્ધિનો આદર છે. દ્રવ્યમાં દ્રવ્યનો આદર. આહાહા..! સમજાય છે કાંઈ?

પર્યાયબુદ્ધિ નહિ. સમ્યગ્દ્રષ્ટિની પર્યાયબુદ્ધિ નથી. જાણે ખરો. છે એમ જાણે. છે એમ જાણે. પર્યાય છે (એમ) જાણે પ્રમાણજ્ઞાન કરવા માટે, પણ પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય નિશ્ચય જે ઉપાદેય છે એનો નિષેધ કરીને પ્રમાણ જ્ઞાન કરતું નથી. સમજાય છે કાંઈ? એક ધ્રુવ ઉપાદાન એક જ આદરણીય છે. એ વસ્તુ નિશ્ચયની કબુલ રાખીને.... એનો નિષેધ કરીને પ્રમાણજ્ઞાન પ્રમાણ ન કરે, તો તો પ્રમાણ રહે નહિ. નિશ્ચય અને વ્યવહાર બેનું જેમ છે તેમ જ્ઞાન કરે તો પ્રમાણ કહેવાય. સમજાય છે કાંઈ?

નિશ્ચય તો, જ્ઞાયકભાવ એકલો ધ્રુવબિંબ, વજ્રબિંબ ચૈતન્ય શાશ્વત એ જ ઉપાદેય નામ દ્રષ્ટિ ત્યાં કરવા જેવી છે એ નિશ્ચય. પ્રમાણજ્ઞાન એ નિશ્ચયને તો એ રીતે જ કબુલે છે. તો એ ઉપરાંત પર્યાયમાં જે ભાવો છે પર્યાયના એને જાણે છે.. જાણે છે. એનું નામ પ્રમાણ છે. એ પર્યાયને આદરે છે એમ નથી. સમજાણું કાંઈ? કારણ કે નયને આદરવું એ નથી. નય તો જાણવું છે. નિશ્ચયનય જાણવું છે. પણ

જાણવામાં સામાન્ય તરફ ઢળે છે ત્યાં ઉપાદેય થઈ જાય છે. સમજાણું કાંઈ? પર્યાય તરફ ઢળવું એવો અર્થ કાંઈ નથી. એ તો પર્યાય ઉપર છે, એનું જાણવું થાય કે આ છે, એટલું. સમજાય છે કાંઈ? આ તો અલૌકિક વાત છે. સવારના, બપોરની બધી. દેવરાજભાઈ! આ તો ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે. આહાહા..!

'આ...' આ એટલે આ ગાથામાં 'હેય...' એટલે ત્યાગ કોનો? અને ગ્રહણ કોનું? 'હેય-ઉપાદેય અથવા...' એમ કહ્યું છે ને? એમ. ત્યાગ કોનો અને ગ્રહણ કોનુ? તેના સ્વરૂપનું કથન આમાં છે. 'જે કોઈ વિભાવગુણપર્યાયો છે...' એટલે કે ચાર પર્યાયોને અહીંયા વિભાવગુણપર્યાયો કહ્યા છે. ચાર ભાવ. એકકોર ભગવાન પરમ પરિણામિકભાવ ધ્રુવસ્વભાવ નિત્યાનંદ સહજાનંદ, નિત્ય અખંડ અક્રિયબિંબ. અને એક બાજુ ચાર પ્રકારના ભાવની પર્યાયો. સમજાય છે કાંઈ? એ 'વિભાવગુણપર્યાયો છે...' જુઓ! ભાષા એમ છે. સંસ્કૃતમાં પણ એમ છે. '**विभावगुणपर्यायास्ते**' છે. નથી એમ નહિ. પણ એ છે 'વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...' ૪૯માં. વ્યવહારનયે ઉપાદેય એટલે જાણવું એવું ગ્રહણ કરવું. ઉપાદેય એટલે ગ્રહવું, ગ્રહવું એટલે જાણવું. એ જાણવું એવું ત્યાં કહેવામાં આવ્યું હતું, ગ્રહવું એટલે જાણવું એમ કહેવામાં આવ્યું હતું. એને અહીંયા 'શુદ્ધ નિશ્ચયનયના બળે તેઓ હેય છે.' આહાહા..! સમજાય છે કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ કહ્યું ઉપાદેય. કહ્યું ને એણે. ઉપાદેય નામ જાણવું. એથી તો ખુલાસો કર્યો ભાઈએ મોક્ષમાર્ગપ્રકાશકમાં. કે ત્યાં ગ્રહણ કરવાનું કહ્યું છેને વ્યવહારનયને? કે ગ્રહણ કરવાનો અર્થ જાણવું એમ એનો અર્થ છે. ગ્રહણ કરવાનો અર્થ આદરણીય એવો અર્થ નથી. એ તો મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું. બે નયને ગ્રહવી, એવું છેને શાસ્ત્રમાં? તો એનો અર્થ કે ગ્રહણ એટલે જાણવું એમ એનો અર્થ છે. ગ્રહણનું નામ આદરણીય અને આશ્રય કરવાલાયક છે એવો એનો અર્થ નથી. સમજાય છે કાંઈ? નય છે ને? તો નય અંશને જ માને, તો આખાને તો પ્રમાણ માને. ત્યારે વ્યવહારનય છે એ વર્તમાન પર્યાયને જ જાણે. નિશ્ચય છે એ પણ એક અંશ છે. કારણ કે આ અંશ વિનાનો આખો રહી ગયો ને. સમજાણું કાંઈ?

અંશ છે ને? નય છે આ. શુદ્ધ નિશ્ચયનયના બળે, એમ છે ને? નયનો વિષય આખો ન હોય. દ્રવ્ય અને પર્યાય—બે નયનો વિષય અંશ જ હોય. પણ આ અંશ કેવો? આહાહા..! કે ત્રિકાળી ધ્રુવ છે તેવો. ભીખાભાઈ! આહાહા..! આમ ભગવાન આત્મા... કહે છે કે હો, પર્યાય હો, પર્યાયને કાળે પર્યાય હો. છે એ જાણવા જેવી છે. પણ ક્યારે? કે નિશ્ચયના બળે ત્રિકાળનો આદર થાય, ત્રિકાળ વસ્તુ જે શુદ્ધનિશ્ચયના બળે... બળેનો અર્થ શુદ્ધનિશ્ચયને કારણે. 'તેઓ હેય છે.' લક્ષમાં લેવાલાયક નથી. લક્ષમાં એટલે? ધ્યેય કરવાલાયક નથી. આહાહા..! આ ત્યાગ કાંઈ કેટલો ત્યાગ છે? આખી દુનિયાનો–લોકાલોકનો તો ત્યાગ થઈ ગયો, પણ એની પર્યાયમાં જે લોકાલોકનું જ્ઞાન થાય ક્ષયોપશમમાં (એ પર્યાયનો પણ ત્યાગ).

શ્રુતજ્ઞાનની પર્યાયમાં લોકાલોકનું છ દ્રવ્યનું એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય. જાણવાના પર્યાયનો એટલો સ્વભાવ છે એક સમયનો. એનો પણ અહીંયા ત્યાગ છે, કહે છે. આહાહા..! પ્રસન્નભાઈ! લ્યો પ્રસન્નભાઈએ કહ્યું હતું ગુજરાતીમાં લેજો. સેઠીજી! તમારા ચિરંજીવીએ કહ્યું હતું. આ તો લેવું હતું ફરીને. કાલે હિન્દીમાં આવ્યું હતું ને.

શ્રોતા :- વિષય એવો જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આમ જ છે. આહાહા..!

કહે છે કે ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં એવું આવ્યું છે, એ વાત કુંદકુંદાચાર્ય શાસ્ત્ર દ્વારા કહે છે અને એ જ વસ્તુનો સ્વભાવ છે. કે જે ૪૯ (ગાથા)માં, ચાર પ્રકારના પર્યાયો છે, ચાર ભાવની પર્યાય છે, એ છે એને ઉપાદેય કીધી હતી. ઉપાદેય એટલે કે ગ્રહવી. ગ્રહવી એટલે કે જાણવી એમ કહી હતી. પણ એ જાણવામાં એને હેયબુદ્ધિએ જાણવી. સમજાય છે કાંઈ? અને 'શુદ્ધનિશ્ચયના બળે તેઓ હેય છે.' આહાહા..! કેટલો ત્યાગ! એ ત્યાગની કિંમત ન મળે. અને બાહ્ય કાંઈક થોડા છૂટે અને છોડ્યું, મૂક્યું ને ત્યાગી થઈ ગયા. ધર્મના ત્યાગી છે. શોભાલાલજી! વાત તો આકરી છે, ભાઈ! આહાહા..! વસ્તુ સત્. પણ આમાં ક્યાં કોઈ.... વસ્તુ ત્રિકાળ છે એ સ્વભાવ સ્વદ્રવ્યનો સ્વભાવ છે અને પર્યાયસ્વભાવ તે પરસ્વભાવ છે, પરસ્વભાવ સ્વસ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જે પર્યાયનો ધર્મ છે, પર્યાયનો સ્વભાવ છે... ચાહે તો ક્ષાયિકભાવનો પર્યાય કેવળજ્ઞાનનો સ્વભાવ, પણ છે એ પરસ્વભાવ. સ્વસ્વભાવમાં નથી. એ પરસ્વભાવથી સ્વસ્વભાવ અત્યંત ભિન્ન છે. આહાહા..! રાગથી તો અત્યંત ભિન્ન છે. સમજાય છે કાંઈ? આ તો અલૌકિક વાત છે બાપા! કેવળજ્ઞાન થવાના કક્કા છે આ. આહાહા..! મોક્ષમાર્ગ છે કે નહિ? કેવળજ્ઞાનને બોલાવે છે, કહ્યું હતું એક ફેરી. મતિ-શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. આવો, નજીક આવો, નજીક આવો. કેમકે એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયોને સંઘરી રાખ્યું છે જ્ઞાને, એવા આખા જ્ઞાનને મેં પ્રતીતમાં લીધું છે, કબજે લીધું છે. તો હવે એમાંથી નીકળે છૂટકો કેવળજ્ઞાનને. પોપટભાઈ!

આખો મુક્તસ્વભાવ, ધ્રુવસ્વભાવ સમ્યગ્દર્શનમાં કબજે લઈ લીધો છે. સમજાણું કાંઈ? પ્રતીતમાં કે આ જ છું. શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું છે, એમ આવ્યું છેને ભાઈ! શ્રીમદ્‌માં આવે છે ને? કેવળજ્ઞાન.. કેવળ જ્ઞાન–એકલો જ્ઞાનસ્વભાવ, એકલો જ્ઞાનસ્વભાવ. શ્રદ્ધામાં તો જોર વર્તે છે. કેવળજ્ઞાન તો અલ્પકાળમાં હવે આવે છૂટકો. કારણ કે કેવળજ્ઞાન જેના પેટમાં છે એની તો પ્રતીત અને અનુભવ કર્યો છે. હવે પ્રસર્યા વિના રહેશે નહિ. આહાહા..!

શ્રોતા :- આવું હિન્દીમાં નહોતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હિન્દીમાં નહોતું. વાત સાચી. ભાષા ગોઠવવી પડે ને. અને આ તો ચાલી જ આવે અંદરથી. આહાહા..! સમજાય છે?

કેવળજ્ઞાન અને ક્ષાયિક સમકિત આદિની પર્યાયો અનંતી.. અનંતી.. જેના શ્રદ્ધાગુણમાં અને જ્ઞાનગુણમાં બધી પડી છે. એ સ્વભાવ એવું અંતઃતત્ત્વ, એવું જે દ્રવ્ય એનો આધાર પરમપારિણામિક એ ભાવની અપેક્ષાએ પર્યાયધર્મ પરસ્વભાવ છે, પરસ્વભાવ છે. એ આમાં નથી. આ સામાન્યપણું છે અને ઓલું તો વિશેષ અંશ છે. સામાન્યમાં વિશેષના અંશનો ત્યાગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો હજી માથાકૂટમાં પડ્યા કે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. ક્યાંયના ક્યાંય.. એય..! મિથ્યાત્વના પોષણમાં પડ્યા અને માને કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..! શું થાય? જગત પણ નિરાધર અશરણ.... કરે છે.

ભગવાન આત્મા 'શુદ્ધ નિશ્ચયનયના બળે...' એટલે કે જ્યાં ધ્રુવસ્વભાવનો આશ્રય કરે છે ત્યાં એ પર્યાય સાથમાં આવતી નથી, હેયપણે વર્તે છે. પર્યાય આશ્રય કરે એનો, પણ છતાં એ પર્યાય હેયપણે વર્તે છે. ભારે વાત ભાઈ! એય..! એ તો સામાન્ય વિશેષપણું કરે તો નીકળે એમાંથી, એમ કહેવું છે. સામાન્યપણે કહીએ તો તો પર્યાય પર્યાયથી નવી થાય છે. પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું કર્મ પર્યાય, પર્યાયનો આધાર પર્યાય, પર્યાયના ષટ્કારક પર્યાયને આધારે છે. ધ્રુવને લઈને નહિ. આહાહા..! એ ધ્રુવ પર્યાયની કર્તા જ નથી. એ ધ્રુવનું પર્યાય કાર્ય જ નથી. આહાહા..! ગજબ વાત છે ને. અહીંયા તો હજી રાગ કાર્ય, દયા, દાન, વ્રત ને શુભ ઉપયોગ જીવનું કાર્ય. ભાઈ! તેં સાંભળ્યો નથી ભગવાનને. તારો ભગવાન કેવડો છે અને ભગવાન કહે છે તેં સાંભળ્યું નથી. આહાહા..!

કહે છે કે શુભરાગની તો પર્યાયમાં પણ ગંધ નથી, પણ પર્યાય જે છે નિર્મળ શુદ્ધ, કહે છે કે એ પણ શુદ્ધનિશ્ચયને બળે એટલે ધ્રુવમાં જ્યાં દ્રષ્ટિ જાય છે, પર્યાય સાથે આવતી નથી. એ પર્યાય ભલે લક્ષ ત્યાં કરે, પર્યાય તેનો આશ્રય લેવા જાય, પણ એ પર્યાયનો આશ્રય કરવો છે એવું ત્યાં રહેતું નથી. સમજાણું કાંઈ? પર્યાયની પૂંઠ છે અને દ્રવ્યની સન્મુખ છે. પૂંઠ સમજો છો ને?

શ્રોતા :- પરાઙ્મુખ

પરાઙ્મુખ છે. પૂંઠ દીધી નથી કહેતા?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, અહીંયા સન્મુખ અને અહીંથી વિમુખ. દ્રવ્યની સન્મુખ અને પર્યાયથી વિમુખ. આહાહા..! આચાર્યની રચના! ટૂંકામાં તત્ત્વનો આશ્રય કોણ છે અને કેવો આશ્રય કરવા જેવો નથી. છતાં છે ચીજ ખરી. વેદાંતની પેઠે નથી એમ નહિ. ન હોય તો તો પછી દ્રવ્ય પણ નથી. કારણ કે કરનાર તો પર્યાય નિર્ણય કરનાર છે. સમજાણું કાંઈ? નિર્ણય કરનાર તો પર્યાય છે, કાંઈ દ્રવ્ય નિર્ણય કરતું નથી. એ શું કરે? એ તો ધ્રુવ છે. દેવરાજભાઈ! જુઓ! આ વિષય આવ્યો ટાંકણે તમે આવ્યાને જુઓ.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર રહી ગયા? મહેન્દ્રભાઈ અને પ્રસન્નભાઈ તો ક્યાંય રહી ગયા?

શ્રોતા :- પર્યાય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- દૂર. ધ્રુવતત્ત્વ પર્યાયથી દૂર છે. આહાહા..! એ આપણે આવી ગયું છે પહેલું. સર્વ તત્ત્વમાં, ધ્રુવતત્ત્વ એનાથી બીજા તત્ત્વો દૂર છે. આવી ગયું છેને પહેલા, નહિ? ૩૯. ૩૯. ૩૮નો સાર. શ્લોક જ છે ને, કળશ છે. 'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે.' કેવળજ્ઞાનની પર્યાયથી દ્રવ્ય દૂર છે. આરે, આરે! રાડ નાખે કે નહિ આ? સમજાણું કાંઈ? એક ક્ષાયિક સમકિતની પર્યાયથી દ્રવ્ય દૂર છે. પહેલો કળશ છે, ૫૪ કળશ છે. શરૂઆતમાં શુદ્ધભાવ અધિકારની. આ શુદ્ધભાવનો અર્થ પર્યાય નથી. પહેલાં કહ્યું હતું. શુદ્ધભાવ તે ત્રિકાળી પરમપારિણામિક ધ્રુવસ્વભાવ તેને અહીં શુદ્ધભાવ કહે છે. એ શુદ્ધભાવ જ નિશ્ચયનયે આદરણીય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એય..! બલુભાઈ! આવું કોઈ દિ' ક્યાંય ભાવનગરમાં પણ ન મળે. આહાહા..!

કહે છે, હો, પર્યાય છે. એ ઉપાદેય કહેવામાં, જાણવામાં કહેવામાં આવી હતી. પરંતુ શુદ્ધનિશ્ચય.. ત્રિકાળી શુદ્ધ, એનું જે સત્પણું ત્રિકાળી, એને જે જ્ઞાનનો નય એટલે અંશ પકડે એવા નયની અપેક્ષાએ તો એ બધા પર્યાયો હેય છે. એ દ્રષ્ટિના વિષયમાં પર્યાયનો ત્યાગ વર્તે છે, એમ કહે છે. આહાહા..! આની તો કાંઈ કિંમત ન મળે અને બહારમાં આ મૂક્યું, લીધું, કર્યા, વ્રત પાળ્યા. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સાદી ભાષામાં છે ગુજરાતી. બહુ કાંઈ એવું નથી. ગુજરાતી સાદી ભાષા છે.

વસ્તુ છે... એક સમયમાં વસ્તુના બે અંશ. પરની અહીં વાત નહિ. એક સમયમાં વસ્તુ–દ્રવ્ય ભગવાન આત્માના બે અંશ—એક ધ્રુવ અંશ, એક પર્યાય અંશ. બસ. એ પર્યાય અંશ છે એ પર્યાયબુદ્ધિવાળાને ઉપાદેય છે મિથ્યા દ્રષ્ટિ તરીકે. એને આ કેવળજ્ઞાનાદિ ન હોય, ક્ષાયિક સમકિત પણ ન હોય, સમકિત ન હોય ત્યાં. પણ પર્યાયનો જે અંશ છે ક્ષયોપશમનો અંશ, રાગનો અંશ, જ્ઞાનનો ઉઘાડ–ક્ષયોપશમનો અંશ, વીર્યનો અંશ, દર્શનનો ઉઘાડનો અંશ—એ પર્યાયબુદ્ધિવાળાને તેનું ઉપાદેયપણું છે, એ જ મિથ્યાબુદ્ધિ છે, એ જ મિથ્યા દ્રષ્ટિ છે. સમજાય છે કાંઈ? પન્નાલાલજી! આવી વાત ક્યાં! આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ સોનગઢને નામે કહે છે. ભગવાન કહે છે કે એમ કહેને પહેલાં તું. સોનગઢ આમ કહે છે, સોનગઢ આમ. પણ સોનગઢમાં ઘરનું કહે છે કે આ અંદરનું છે એ કહે છે? કહો, દેવરાજજી! આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- બસ. એમ કરીને આ ... ન કર્યું. ત્યાં તો વિશેષ માણસ હોયને હજારોમાં, તો પકડી શકે નહિ એટલે એવી વાત મૂકવી કઠણ. બાકી વસ્તુ તો એ છે. બીજી રીતે આવે. વિશાળ (સમુદાયમાં) બીજી રીતે આવે, પણ એવી રીતે આવે કે લપેટીને આવે. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે કે છે કે એ ચાર પ્રકારના જે પર્યાયો, પર્યાય–અવસ્થામાં છે તે હેય કહ્યાં. જુઓ. પાઠમાં હતું **'परद्रव्यम् परस्वभावाः इति हेयाः'** અન્વયાર્થમાં હતું કે પરસ્વભાવ એ પરદ્રવ્ય હેયં. ત્યારે ટીકામાં પહેલું હેય નાખી ને પછી પરસ્વભાવ અને પરદ્રવ્ય નાખશે. સમજાય છે કાંઈ? કારણ કે પહેલું હેયપણું બતાવવું છે. પછી શું હેય? આહાહા..!

કહે છે, 'શા કારણથી?' હેય છે? કેમ? **'हेया भवन्ति। कुतः?'** સંસ્કૃત છે. ક્યા કારણથી તે હેય છે? 'કારણ કે તેઓ પરસ્વભાવો છે,...' આહાહા..! એ ચાર પ્રકારના પર્યાયોના જેટલા પ્રકાર, ૧૮ અને ૨૧ = ૩૯ થયા ને? ૩૯ અને ૨ = ૪૧ અને ૯ = ૫૦ અને ૩ પરિણામિકના ભેદવાળા હતા. ૫૩ બોલ થયા. પરિણામિકના ત્રણ લીધા છે ને? એ મૂળ ૫૩ છે. ભાવના બોલ ૫૩ છે. એમાં અત્યારે એક પારિણામિક ધ્રુવ ત્રિકાળ એક લેવો છે. બાકી તો ભવિ-અભવિનો પર્યાય પણ હેય છે. સમજાય છે કાંઈ? એક જીવત્વ પારિણામિકભાવ ત્રિકાળ એક ઉપાદેય છે. એ સિવાયના બાવન બોલ તે હેય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પહેલાં આવી ગયા છે આપણે. ક્ષાયિકભાવના અને ઉપશમના. એ ૫૩ બોલ છે. ૫૩ થયાને ભગવાનજીભાઈ? પરિણામિકના ૩, પછી ૧૮, પછી ૨૧ અને પછી ૯ અને ૨ = ૫૩ થયા.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પહેલા ૯. ૯. પહેલા ૨ પછી ૯. ૧૮, ૨૧, પછી ૩ = ૫૩-૫૩. ૫૩માં એક એક ધ્રુવ અને બાવન તે પર્યાય. આહાહા..! એની ક્યાં ખબર છે? બાવન શું ને ત્રેપન શું? એ પહેલાં આવી ગયા નહિ આપણે? પહેલા આવ્યા ને? ૪૧માં આવ્યા છે જુઓ. ૪૧. ગાથા-૪૧.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा** ॥४१॥

**'णो'** એટલે આત્મામાં આ ચાર નથી, એમ કહ્યું હતું. ત્યારે જડને હશે? આત્મા એટલે દ્રવ્ય, એમાં નથી એટલે એને નથી પર્યાયમાં પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! એમાં નીચે. ઉપશમના બે ભેદ–ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્ર. નીચે છે ને નીચે? એમાં ઓલીકોર 'ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે – ક્ષાયિક સમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન ને કેવળદર્શન, તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્ય.'

'ક્ષયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે- ' ચાર જ્ઞાન એ પરસ્વભાવ છે. કેવળજ્ઞાન પરસ્વભાવ છે, ક્ષાયિક પરસ્વભાવ છે, યથાખ્યાત ચારિત્ર પરસ્વભાવ છે, પરસ્વભાવ છે એ દ્રવ્યસ્વભાવ નહિ. આહાહા..! છે? ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન ચક્ષુ-અચક્ષુ (આદિ). ઠીક, આ એક વધારાનું. ક્ષયોપશમિક છે ને કાળલબ્ધિ ક્ષયોપશમિક. કરણલબ્ધિ. અહીંયા કહે છે કે કરણલબ્ધિ પરસ્વભાવ છે. ઓલા કહે છે કે કરણલબ્ધિને લઈને સમ્યગ્દર્શન થાય. સમજાય છે કાંઈ? ઉપદેશલબ્ધિ–દેશનાલબ્ધિ અને વિશુદ્ધિ— એ બધા પરસ્વભાવ છે.

અને સંયમાસંયમ અને વેદક ક્ષયોપશમસમકિત અને ક્ષયોપશમ ચારિત્ર—એ બધી પરપર્યાય, પર્યાય પરસ્વભાવ છે. દ્રવ્યનો સ્વભાવ નહિ. હુંપણું જેમાં છે એમાં એ નહિ. આહાહા..! હુંપણું જેમાં છે ધ્રુવપણું એ સ્વદ્રવ્યસ્વભાવ એમાં આ નહિ. સમજાણું? ઉદયભાવમાં છેને ચાર ગતિ ને ચાર કષાય ને એમાં લોભ અને રાગ આવી ગયા. ત્રણ લિંગ ને. પછી મિથ્યાત્વ, એક અજ્ઞાન, એક અસંયમ અને અસિદ્ધ અને છ લેશ્યા અને પરિણામિકના ત્રણ ભેદ. જીવત્વપરિણામિક, ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક. લ્યો. જીવત્વપરિણામિક એક ત્રિકાળી ભાવ છે. જીવપણાનો ભાવ એવો જીવ.. જીવપણાનો ભાવ એવો જીવ એ ત્રિકાળી છે. એક જ પારિણામિકભાવ. ૫૩માં એક બોલ ઉપાદેય અને બાવન બોલ હેય છે એમ કહે છે. આહાહા..! બાયડી, છોકરા..

શ્રોતા :- ૫૩માં ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- એક જ છે ભગવાન આત્મા ધ્રુવ. એ દ્રવ્યસ્વભાવને બાવન ભાવ છે જ નહિ. બાવન ભાવ પરસ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

હેય કેમ? એ તો પરસ્વભાવ છે ને. પોતાનો સ્વભાવ નહિ. ભાષા જુઓ! પરસ્વભાવ એટલે પોતાનો સ્વભાવ નહિ. આહાહા..! પોતાનો એટલે દ્રવ્યનો, એમ. એ જ પોતે સ્વભાવ છે એમ કહે છે. આ સ્વભાવ નહિ. આહાહા..! બલુભાઈ! આહાહા..! આહાહા..! એ પરસ્વભાવો છે, એ મારા સ્વભાવ નહિ. હું જે સ્વભાવે છું તે એ ભાવે નહિ. એ ભાવ પરભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ તે પરદ્રવ્ય છે.' અહીંથી લીધું છેને એ? પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે, મારું સ્વદ્રવ્ય એ નહિ. આહાહા..! મારો એ સ્વભાવ નહિ, માટે મારું સ્વદ્રવ્ય નહિ. પરસ્વભાવ માટે પરદ્રવ્ય છે. મારો ધ્રુવસ્વભાવ ત્રિકાળી તે સ્વદ્રવ્ય હું છું. એમાં (-પરસ્વભાવમાં) મારું દ્રવ્ય પણ નથી અને એ મારો સ્વભાવ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, વાત એ. ધ્રુવ તે જ તું એમ કહે છે અહીં તો. ધ્રુવપણું એ જ આત્મા. પર્યાય બર્યાય એ પરસ્વભાવ એ આત્મા નહિ. રાડ નાખે. એય..! વજુભાઈ!

ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ (અર્થાત્) સત્–શાશ્વત, ચિદ્–જ્ઞાન અને આનંદ એવો જેનો સ્વભાવ, એવું જે ધ્રુવતત્ત્વ. એ સ્વ નામ પોતાનો ભાવ અને પોતાનું દ્રવ્ય. પર્યાય પરભાવ માટે પરદ્રવ્ય, માટે તેને હેય કહેવામાં આવે છે. હેય પહેલું લઈને પછી કહ્યું છે. આહાહા..! ભારે વાત ભાઈ! માણસો સ્વાધ્યાય પોતાની દ્રષ્ટિ આગળ મૂકીને વાંચેને, પણ પોતાની દ્રષ્ટિ રાખીને વાંચે એટલે એને જે હોય એને બેસી જાય. અંદર આચાર્ય, શાસ્ત્ર શું કહે છે અને ભાવ શું છે એ એને પકડવામાં નથી આવતો.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ તો સમ્યગ્દ્રષ્ટિને માટે. કોની વાત છે અહીંયા? સમ્યગ્દર્શન જેને પ્રગટ કરવું હોય એને ધ્રુવ ઉપાદેય છે અને તે પણ નિરંતર એ જ ઉપાદેય રહે. કોઈ સમયે પણ સમ્યગ્દ્રષ્ટિને નિજ દ્રવ્ય ઉપાદેય સિવાય પર્યાય ઉપાદેય થાય નહિ. આહાહા..! નવરંગભાઈ! ઓલું તો હજી પાણી ગાળવા માટે ગયા હતા ત્યાં. પાંચની સાલમાં. નવરંગભાઈ! એક છે ને. એક સ્થિતિ હતીને. ભાવ હતો. આહાહા..! કહો, પન્નાલાલજી! શું કહે છે સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન (આત્મા) તો ત્રણ લોકનો નાથ, તારી એક સમયની પર્યાયમાં લોકાલોક, અનંતા કેવળી જણાય. શ્રુતજ્ઞાનની પર્યાયમાં હોં. શ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલો પર્યાયનો સ્વભાવ સામર્થ્ય છે. છતાં એ પરસ્વભાવ છે. પરસ્વભાવ છે. આહાહા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ સમ્યગ્દર્શનનો વિષય એટલે ધ્યેય. વિષય કુરુ–એને ધ્યેય બનાવ, ભગવાન! સમ્યગ્દર્શનમાં દ્રવ્યને ધ્યેય બનાવ. કેમ? પર્યાય તો હેય છે. કેમ? કે પરસ્વભાવ છે, માટે તારો સ્વભાવ નહિ. માટે તારું દ્રવ્ય નહિ. કહો, નવરંગભાઈ! છે કે નહિ એમાં પણ?

ઓલું ભાઈનું વંચાતું હતું તો ભડક્યા માણસ. રાતે આપણે વંચાતું હતું ને. નિહાલભાઈ નહિ? ભડક્યા કેટલાક. પણ એને ક્યાં ત્યાં ઉપદેશ કરવો હતો? એને તો વાત હતી. તો કોઈ વખતે લખાઈ ગયું હતું. એને ક્યાં ખબર હતી કે મારા કાગળ બહાર પડશે? વસ્તુ તો એ હતી એ આવી ગઈ હતી. તેથી કેટલાક તો એને નિશ્ચયાભાસી કહેતા. વાત સાચી. છે હો .. માં. પચે નહિ તો નિશ્ચયાભાસી થઈ જાય એવું છે. પચે નહિ તો. પચે એવી જઠર જોઈએ. આહાહા..!

કહે છે કે પર્યાય તો પરસ્વભાવ છે ને? કેમ? કે હેય છે ને? કેમ કે એ પરસ્વભાવ છે ને? મારો સ્વભાવ નહિ.. મારો સ્વભાવ નહિ. આહાહા..! દેખો! આ તો જાણે પર.. પરનો સ્વભાવ. હું એ નહિ. આહાહા..! જુઓ તો ખરા. ધ્રુવ વસ્તુ પરમપારિણામિક ચૈતન્ય ભગવાન તે હું. પર્યાય આવે, જાય, થાય એ બધું હેય છે. શોભાલાલજી! આટલા વર્ષમાં કોઈ દિ' સાગરમાં સાંભળ્યું નહિ હોય ત્યાં. દાંત કાઢે છે ભાઈ. આહાહા..!

'કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી પરદ્રવ્ય છે.' પાઠમાં આવ્યું ને? **'परस्वभावाः परद्रव्यम् इति हेयाः'** 'તેથી જ પરદ્રવ્ય છે.' રાડ નાખેને. ક્ષાયિકસમકિત તે પરદ્રવ્ય અને ક્ષાયિકસમકિત એ પરસ્વભાવ. આહાહા..! કહો, પ્રસન્નભાઈ! જે ક્ષાયિકસમકિત થયું એ તો કેવળજ્ઞાન થાય અને એમાં ને એમાં સિદ્ધ સુધી સાદિ-અનંત રહેવાનું. એની એ પર્યાય નહિ હોં. કારણ કે પર્યાયની વ્યાખ્યા છે ને? ક્ષાયિક સમકિત પણ પર્યાય છે, ગુણ નહિ. દ્રવ્ય નહિ. ગુણ ત્રિકાળી અને દ્રવ્ય ત્રિકાળી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે એ શા કારણથી હેય છે? ત્યાગવાયોગ્ય છે? એ હેયનો અર્થ જ એમ અંદર છે. કારણ કે ઓલામાં બે અર્થ કર્યા હતા ને? એટલે હેય છે એટલે ત્યાગવાયોગ્ય છે શા કારણથી? એમ લેવું. હેય છે એટલે ત્યાગવાયોગ્ય છે એ શા કારણથી? કે તેઓ પરસ્વભાવો છે. નિજસ્વભાવ નહિ. આહાહા..!

ચંદુભાઈ! તમે કાલે યાદ આવ્યા હતા પૂરું થયું ત્યારે. ત્યાં આવ્યા બરાબર આજે. રાતે જરીક થયું કોણ જાણે લોકોને કાંઈક ..... એય..! રતિભાઈ! તમારી વાત થઈ હતી હોં. પછી રામજીભાઈ કહે કે કોણ જાણે કાલે .... વાત આ છે અને આવી છે ટાકણે. જુઓ કાલે હિન્દી હતી અને આજે ગુજરાતી થઈ. હરખ જમણમાં પહોંચી ગયા. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આહાહા..! મતિજ્ઞાન પોકાર.. પોકાર.. (કરે કે) આવો.. આવો.. કેવળજ્ઞાન આવો. અટકવાની વાત નહિ એમ કહે છે.

શ્રોતા :- એ કહે છે કે હું આવું છું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, કેવળજ્ઞાન તો આવે છૂટકો. મતિજ્ઞાને પકડ્યો દ્રવ્યને અને એ જે જ્ઞાન થયું એ જ્ઞાને થોડા કાળમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. આહાહા..! એ પરમાત્મા થવાનો. એમાં એને શંકા વચમાં આવી જાય કે પડી જાય એ વાત છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ!

કહે છે કે ચાર પ્રકારના ભાવ જે પર્યાય છે એને હેય કહો છો. શા કારણે? કારણ કે તેઓ પરસ્વભાવો છે ને. તારો સ્વભાવ નથી. તું સ્વભાવ નથી તો તું કોણ? અને એ પરદ્રવ્ય છે ત્યારે સ્વદ્રવ્ય કોણ? આ જ્યારે પરદ્રવ્ય ત્યારે સ્વદ્રવ્ય કોણ? આહાહા..! એ હવે વાત કરે એની સામે. 'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...' સર્વ વિભાવગુણપર્યાયો એટલે ચાર પ્રકારના પર્યાયો. સમજાય છે? દશ મિનિટ છે ને? કહે છે કે 'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...' એટલે કે એ ચાર પ્રકારના જે બાવન બોલ કહ્યા, એને અહીંયા વિભાવગુણપર્યાય તરીકે શબ્દ વાપર્યો છે. પંડિતજી! એ બાવન બોલ. ત્રેપન છે ને? ત્રેપન. અને આ બાવન બોલ. એકકોર ભગવાન પારિણામિકભાવ ધ્રુવ. ..ભાવ, ત્રિકાળીભાવ. આ ત્રેપનમાં એક જ ભાવ ધ્રુવ. બાવનભાવ ઉપાદેય નહિ. ઓહોહો..! એ તો જીવત્વ પરિણામિકભાવ ત્રિકાળી. અહીં જીવનું છે. જીવત્વપણું ત્રિકાળી. જુઓ! જીવત્વપણું એનો ભાવ. જીવદ્રવ્ય, તેનું જીવત્વપણું એટલે પરિણામિક ધ્રુવભાવ. જે અહીં અતઃતત્ત્વ તરીકેનો ભાવ (કહ્યો). એને કરીને પાછું એ દ્રવ્ય કરીને એ દ્રવ્યનો આધાર પરિણામિક એમ લેશે. આહાહા..! સમજાય છે કાંઈ?

'જે સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...' કેવો છું હું? અને જે ઉપાદેય છે તે કેવું તત્ત્વ છે? કે 'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...' શુદ્ધ-અંતઃભાવસ્વરૂપ.. શુદ્ધ-અંતઃસ્વભાવસ્વરૂપ. ઓલા પરસ્વભાવ કહ્યા હતાને? એની સામે આ છે. સામે ઓલા પરસ્વભાવ કહ્યા હતા એની સામે શુદ્ધ-અંતઃસ્વભાવસ્વરૂપ. તત્ત્વ કહો કે શુદ્ધ અંતઃસ્વભાવસ્વરૂપ. એને પરસ્વભાવ કહ્યા હતાને? અને અહીંયા અંતઃતત્ત્વસ્વરૂપ ભાવ ત્રિકાળી અને એ સ્વદ્રવ્ય. સામે-સામે છે. ઓલા પરસ્વભાવો હતા તે પરદ્રવ્ય અને ત્રિકાળી જે અંતઃતત્ત્વ, અંતરભાવ, ધ્રુવસ્વભાવ એવું જે સ્વદ્રવ્ય તે ઉપાદેય છે, તે આદરણીય છે. લ્યો! ચાર પર્યાય ત્યાગયોગ્ય છે અને ધ્રુવસ્વભાવ ઉપાદેય છે. આહાહા..! શાંતિભાઈ!

શુદ્ધ અંતઃભાવ... તત્ત્વનો ભાવ છે ને? 'તત્ત્વાર્થશ્રદ્ધાન'માં નથી આવતું? અર્થ એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય અને તત્ત્વ એટલે એનો ભાવ. એનો ભાવ. એ શુદ્ધ અંતઃભાવ, ત્રિકાળી ભાવ એ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્ય ઉપાદેય. **'अन्तस्तत्त्वं स्वकद्रव्यम् उपादेयम्'** ઓહોહો..! એક જ ઉપાદેય છે. ધ્રુવ પરમપારિણામિકસ્વભાવ જીવત્વસ્વભાવ ત્રિકાળી. સમજાય છે કાંઈ? જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન બેહદ જેનો સ્વભાવ, વસ્તુ છે એનો સ્વભાવ બેહદ જે છે એવું જે અંતઃસ્વભાવરૂપ, અંતઃભાવરૂપ એવું જે સ્વદ્રવ્ય. એ બધા ભાવને સ્વદ્રવ્ય કીધું છે. અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય જ ઉપાદેય છે. સમ્યગ્દ્રષ્ટિને અંતઃભાવસ્વરૂપ એક આત્મદ્રવ્ય ત્રિકાળી એ જ ઉપાદેય છે. આહાહા..! ક્યાં ગ્રહણ-ત્યાગ? આમાં અશુભને છોડો ને શુભને ગ્રહણ કરો, એ ગ્રહણ-ત્યાગ. અરે..! એ ગ્રહણ-ત્યાગ ક્યાં હતો આમાં આત્મામાં? બાયડી, છોકરાને છોડો અને નગ્નપણું અંગીકાર કરો. અરે..! એ ક્યાં હતું આમાં? આમાં ક્યાં? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન.... અને ભગવાન થવાનો રસ્તો જે પરમ ભગવાન ઉપાદાન સ્વરૂપ શુદ્ધ ધ્રુવસ્વભાવ એમાં અંતઃતત્ત્વ એનો જે ભાવ છે તેને અંતઃદ્રવ્ય કહેવામાં આવે છે અને એને આદરણીય અને ઉપાદેય અને ત્યાં નજર નાખવા જેવું છે. એ નિધાન ઉપર નજર નાખવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે એ અંતઃતત્ત્વની વ્યાખ્યા જરી કરશે. સામાન્ય ભાષા હતીને અંતઃતત્ત્વ? સામાન્યભાવ હતો ને? ઓલામાં જે પરસ્વભાવમાં સામાન્ય હતું અને પરસ્વભાવના ભેદો બાવન હતા. સમજાણું કાંઈ? પરસ્વભાવના ભેદો બાવન હતા. હવે આ અંતઃતત્ત્વ સામાન્ય, એના ભેદ કેવા? આહાહા..!

'સહજજ્ઞાન...' ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન.. ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન જેમાં અનંતા અનંતી કેવળજ્ઞાનની પર્યાયો–ગુણ પડ્યા છે એવું સહજજ્ઞાન, ધ્રુવજ્ઞાન. 'સહજદર્શન...' સ્વભાવિક દ્રષ્ટાપણું ત્રિકાળી, જેમાં ત્રિકાળી મહાસત્તાનું ભાન પર્યાયમાં નહિ, અહીંયા તો મહાસત્તાનું ભાન વખતે એવી અનંતી શક્તિ દર્શન-ગુણમાં પડી છે. એવો જે દર્શનસ્વભાવ ત્રિકાળી. સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર. એ ત્રિકાળી સ્વભાવિક ચારિત્ર. વીતરાગભાવ. આત્મામાં સ્વભાવિક વીતરાગભાવ શાંતભાવ–ઉપશમરસભાવ, શાંતરસ ત્રિકાળી એને સ્વભાવિક ચારિત્ર ધ્રુવભાવ એ સ્વભાવિક ચારિત્ર ત્રિકાળી ધ્રુવ.

'સહજ પરમવીતરાગ-સુખાત્મક...' ભાષા. સુખને નાખવું છે ને? એટલે સહજ પરમવીતરાગ સુખસ્વરૂપ. ત્રિકાળી આનંદકંદ પ્રભુ... કેવો સુખ છે એ? સ્વભાવિક પરમવીતરાગ-સુખાત્મક... પરમ વીતરાગ સુખસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, પરમવીતરાગ સુખસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ. એ ચતુષ્ટય લીધા ચાર. ખરેખર સહજજ્ઞાન ત્રિકાળી, ત્રિકાળી દર્શન, સહજ ચારિત્ર અને સહજ પરમવીતરાગ (સુખ)—એવું શુદ્ધતત્ત્વસ્વરૂપ. લ્યો! એવું શુદ્ધ અંતઃતત્ત્વભાવ, એવું અંતર તત્ત્વ સ્વરૂપ. આહાહા..!

એ 'આ સ્વદ્રવ્ય...' હવે એનો આધાર છેલ્લો ઓલો **'अप्पा'** શબ્દ પડ્યો છે ને? પાઠમાં પડ્યો છે ને જુઓને. **'सगदव्वमुवादेयं अंतरतच्च'** એટલે અંતઃતત્ત્વનું એવું સ્વદ્રવ્ય ઉપાદેય. એટલે કે એ આત્મા. **'अप्पा'** છેલ્લે શબ્દ પડ્યો છે ને? એ **'अप्पा'**નો અર્થ કાઢ્યો પરમપારિણામિકભાવ એકલો. સમજાય છે કાંઈ? છે બધુંય ભાઈ પહેલેથી છેક સુધી ઝીણું. પણ છે એના ઘરની ચીજ. એને આ રીતે જાણે અને ઓળખે અને અનુભવે છૂટકો છે, એ વિના કોઈ રસ્તો જન્મ-મરણનો અંત લાવવાનો નથી. સમજાણું કાંઈ?

એવું 'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...' વળી આધેય-આધાર... આધેય-આધાર કેમ નથી જેમાં? એમ અહીં સમજાવે છે. ત્યારે ગુણસ્વભાવ, એનો આધાર દ્રવ્ય—એવો ભેદ પણ નથી એમાં એમ બતાવવું છે મૂળ તો. સમજાય છે કાંઈ? આ સ્વદ્રવ્યનો આધાર, સ્વદ્રવ્ય એટલે આ સ્વજ્ઞાન, દર્શન આદિ અંતઃતત્ત્વ એ સ્વદ્રવ્ય એ '(- સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો)...' સ્વભાવિક પરમ પારિણામિકભાવ. પરમપારિણામિકભાવ. ચારેય પર્યાયને પણ પરિણામિક તો કહે છે. આ તો પરમપારિણામિકભાવ. પર્યાયરૂપી પારિણામિકભાવ, પારિણામિકભાવ એ હેય. અને પરમ પારિણામિકભાવ એ ઉપાદેય. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પારિણામિક પર્યાય છે ને ચાર, એને પારિણામિકની પર્યાય કહે છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ એને પણ પર્યાય કહે છે. પર્યાય. એ પર્યાયના બાવન બોલ એ હેય છે અને એક સહજ પરમપારિણામિકભાવ જેનું લક્ષણ એવો 'કારણસમયસાર છે.' તે આ **'अप्पा'** છેલ્લો શબ્દ છે ને ૫૦માં? એ આત્મા ઉપાદેય છે. લ્યો! આહાહા..! વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

**ભાદરવા વદ ૪, સોમવાર, તા. ૨૯-૯-૧૯૬૯**
**ગાથા- ૫૧ થી ૫૫, શ્લોક-૭૪, પ્રવચન-૨૦**

નિયમસાર. મોક્ષમાર્ગનો અધિકાર છે. શુદ્ધભાવ અધિકાર. નીચે. ૫૦મી ગાથાની ટીકા થઈ ગઈ.

'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે -'

**(शार्दूलविक्रीडित)**

**"सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥"**

કહે છે કે ધર્માત્મા એને કહીએ કે 'જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...' જેના જ્ઞાનસ્વભાવમાં અભિપ્રાયની ઉદારતા છે. '(-ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ) છે એવા...' જીવો. 'એવા મોક્ષાર્થીઓએ...' પૂર્ણ પવિત્ર આનંદદશાની પ્રાપ્તિના અભિલાષી જીવોએ 'આ સિદ્ધાંતનું સેવન કરો કે- હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...'

શ્રોતા :- સિદ્ધાંત એ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, સિદ્ધાંત આ. હું તો શુદ્ધ ચૈતન્યમય, જ્ઞાનમય, એકલો પરમબ્રહ્મ સ્વભાવ એવો ચૈતન્યમય અને એક પરમ જ્યોતિ સદાય છું, એમ. ચૈતન્યમય એક પરમ જ્યોતિ સદાય છું. સમ્યગ્દ્રષ્ટિ જીવે—જેનો અભિપ્રાય સમ્યક્ છે એ જીવે—આ સિદ્ધાંત સેવન કરવો કે હું તો શુદ્ધ ચૈતન્યમય... પાછો ચૈતન્યવાળો નહિ, ચૈતન્યમય–જ્ઞાનમય, એકરૂપ.. પાછું એકરૂપ. પર્યાયના અનેકરૂપે આને ગૌણ કરીને અહીંયા વાત કરે છે. શુદ્ધચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું... ત્રણે કાળે. ત્યાં સુધી તો.. ત્યાં સુધી તો આ ગાથા સાથે મેળ બરાબર છે. સમજાય છે કાંઈ?

જુઓ! આ ધર્મી જીવે એટલે જેના ચિત્તમાં અભિપ્રાયમાં ઉજ્જવળતા–નિર્મળતા છે એણે આ સિદ્ધાંત સદૈવ સેવવો.

શ્રોતા :- સદાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સદા–નિરંતર, અખંડ. હું તો ચૈતન્યમય, વસ્તુ જે છે એ ચૈતન્યમય વસ્તુ છે એ હું છું. લ્યો, આ સમ્યગ્દ્રષ્ટિનો અભિપ્રાય અને સમ્યગ્દ્રષ્ટિનું ધ્યેય અને સમ્યગ્દ્રષ્ટિનો વિષય આત્મા

પૂર્ણ એકરૂપ છે. સમજાય છે કાંઈ? એ સિદ્ધાંતનું સેવન કરો, એમ કહે છે આચાર્ય. આ નિર્ણયનું સેવન કરો. આ સિદ્ધાંત છે ત્રિકાળી. નિયમિત નિયમ. વસ્તુ આ છે કે પરમાત્મસ્વરૂપ ચિન્મય વસ્તુ–ચૈતન્યમય વસ્તુ તે હું છું. એવા સિદ્ધાંતનું સેવન કરો. લ્યો! આમાં, હું શુભરાગ છું કે કર્મવાળો છું કે એ વાત આવતી નથી. કેમકે જેને જે થવું હોય તે પ્રમાણે તેની શ્રદ્ધાન ભાવના કરે. રાગરૂપે થવું હોય એ રાગની ભાવના કરે એટલે કે સંસારની ભાવના. મોક્ષાર્થી છેને અહીંયા? મોક્ષનો અધિકાર છે ને? જેને જેવું થવું હોય, એવું એ માને, એવું થાય. રાગવાળો છું, વિકલ્પવાળો છું, વિકારવાળો છું—એમ જો માને તો વિકારવાળો થાય, તો સંસારમાં જાય. કેમ શેઠિયા નથી આવ્યા? તબિયત ઠીક નથી? સમજાય છે કાંઈ?

'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...' 'જ' આવ્યુંને. 'જ' આવ્યું કે નહિ?

શ્રોતા :- 'જ'નો અર્થ ભી હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'ભી' ન હોય. એ 'ભી' તો આખું દ્રવ્ય બતાવવું હોય ત્યારે. વસ્તુ બતાવવી સમ્યક્ એકાંત ત્યાં 'જ' આવે. સમ્યક્ એકાંત ચિન્મય જ્યોતિ બતાવવી હોય ત્યાં 'જ' આવે. વળી હું ચિન્મય છું અને રાગમય છું એમ આવે દ્રવ્યસ્વભાવમાં? સમજમેં આયા? અનેકાંત એમ થાય? નિશ્ચયથી દ્રવ્ય શુદ્ધ ધ્રુવ ત્રિકાળ છે એ એકાંત ધ્રુવ છે. વળી ત્યાં કથંચિત્ નિશ્ચયથી ધ્રુવ છે અને કથંચિત્ અધ્રુવ છે એમ આવે? એમ આવે નહિ. એમ હોઈ શકે નહિ. તો વસ્તુ સિદ્ધ થાય નહિ. સમજાણું કાંઈ?

આત્મા દ્રવ્ય અને પર્યાય, એમાં દ્રવ્ય.. દ્રવ્યાર્થિકનયે દ્રવ્ય એકાંત નિત્ય અને ધ્રુવ છે. એમાં વળી દ્રવ્યાર્થિકનયે નિત્ય પણ છે અને દ્રવ્યાર્થિકનયે પર્યાય અનિત્ય પણ છે એમ આવે એમાં? એમ ન આવે. એક જ વાત આવે. પર્યાયાર્થિકનયે પર્યાય જ છે. પર્યાયાર્થિકનયે વળી પર્યાય પણ આવે અને ત્રિકાળી દ્રવ્ય પણ આવે—એમ આવે?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એવું કરે છે માટે ચાલે છે. એ તો આખું પૂર્ણ દ્રવ્ય બતાવવું હોય ત્યારે એને કહે, દ્રવ્ય કેવું છે આખું? કે કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. પણ જ્યારે એક પડખાંથી નયને બતાવવું હોય તો દ્રવ્યાર્થિકનયે તો દ્રવ્ય નિત્ય જ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- જૈનોમાં 'જ' હોય જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- 'જ' હોય. આ શું આવ્યું આ? આવે છે, શ્રીમદ્‌માં પણ આવે છે. મારો મહાવીર ... કરે. એ તો બીજી રીતે વાત છે. છેને જુઓને! પણ પાઠ શું છે? જુઓ. '**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः**' આવો સિદ્ધાંત સેવો, એમ કહે છે અહીં તો આચાર્ય. '**शुद्धं चिन्मयमेकमेव**' '**एव**' છે ને '**एव**'? એક જ.. એક જ.. એક જ.. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે જે આત્માર્થી હોય.. આત્માર્થી કહો કે મોક્ષાર્થી કહો. એને અમૃતચંદ્રાચાર્ય દેવ કુંદકુંદાચાર્યની ગાથાનો સાર કહીને... કહેવામાં આવે છે. અરે..! ધર્માત્માએ–ધર્માર્થીઓએ–

મોક્ષાર્થીઓએ એ સિદ્ધાંત સેવન કરો. કે હું તો.. હું તો શુદ્ધચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું. આહાહા..! હવે એમાં 'જ' આવ્યો, ચૈતન્યનો અભેદ આવ્યો, એકરૂપ આવ્યું, પરમપણું આવ્યું અને સદાય આવ્યું. આહાહા..! કહો, શુદ્ધ તો એકકોર નાખ્યું. શુદ્ધ આવ્યું એકકોર, એકકોર ચૈતન્યમય. રાગાદિ નહિ, એક (છું), અનેક નહિ, પરમ ઉત્કૃષ્ટ જ્યોતિ જ એકાંત સદાય આવો છું. સમજાય છે કાંઈ?

'અને...' હવે બીજો બોલ. 'આ જે ભિન્ન લક્ષણવાળા...' પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ આદિ, અશુભ વિકલ્પો જે છે એ આ.. પાછી વિદ્યમાનતા છે. મોક્ષનો માર્ગ બાપુ! અલૌકિક છે. સમજાય છે? આ જે... એટલે વિદ્યમાનતા છે. રાગાદિ, પુણ્ય-પાપના વિકલ્પ શુભ, અશુભ રાગ છે ખરો. છે ત્યારે નિષેધ થાયને? ન હોય એનો નિષેધ શું કરવો? આહાહા..! આ અને 'આ જે ભિન્ન લક્ષણવાળા...' એટલે શું કહ્યું? ચૈતન્યમય લક્ષણવાળું મારું તત્ત્વ શુદ્ધ એક પરમ જ્યોતિ જ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એની સામે ભિન્ન લક્ષણ... મારા ચૈતન્ય લક્ષણ સિવાય જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના વિકલ્પો ઉઠે એ બધા ભિન્ન લક્ષણોવાળા (છે). એક વાત. ઓલા એક હતું એની સામે વિવિધ પ્રકારના. સમજાણું કાંઈ? પોતે હતો શુદ્ધ ચૈતન્યમય લક્ષણવાળો (અને) આ ભિન્ન લક્ષણવાળા. આહાહા..! અશુદ્ધ છે, ભિન્ન છે અને એકરૂપ નથી. વિવિધ પ્રકારની પર્યાય–ભાવો છે એ તો. કોઈ વખતે શુભ, અસંખ્ય પ્રકારના શુભમાં આવ્યો. શુભ(માં) કોઈ વખતે કોઈ હોય, કોઈ દયાનો, કોઈ દાનનો, કોઈ ભક્તિનો. એ ભિન્ન લક્ષણવાળા વિવિધ નામ ભિન્ન ભિન્ન પ્રકારની પર્યાયો. જુદી જુદી જાતની અનેક પ્રકારની વિકારી પર્યાયો પ્રગટ થાય છે.

'પ્રગટ થાય છે...' એટલે શું કામ એમ કહ્યું? કે મારા સ્વરૂપમાં તો નથી પણ પર્યાયમાં પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ પર્યાયો જે પ્રગટ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ છે... અહીંયા તો મુખ્ય તો એ વાત લેવી છે. અશુભ તો ક્યાંય ગયું. આ જે વિવિધ પ્રકારના..... સમ્યગ્દ્રષ્ટિ પોતાના આત્માને શુદ્ધ એક સદાય ચૈતન્યમય માનતો, જાણતો અને એનાથી વિરૂદ્ધના વિકલ્પો જેટલા શુભ-અશુભના થાય એ પ્રગટ ભાવો તે હું નથી. આ હું છું અને આ હું નથી. લ્યો! સવારમાં ચાલે છે કે નહિ આપણે ભેદજ્ઞાન? એ જ વાત છે. એ તો બધે બીજી રીતે, ત્રીજી રીતે વસ્તુ તો પરથી ભિન્ન છે એ બતાવવું છે ને. સમજાણું કાંઈ?

'આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના...' પર્યાયો છે. પર્યાય છેને ભાવ એટલે? 'તે હું નથી...' એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે એને, સમકિતી માને છે કે એ હું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? મારામાં નથી, એ હું નથી.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમકિતી, ચોથા ગુણસ્થાનની વાત અહીં તો ચાલે છે. સમજાણું કાંઈ? એ તો મુનિ છે એટલે મુનિપણાની મુખ્યતાથી વાત કરી છે. બાકી તો સમ્યગ્દ્રષ્ટિની જ વાત છે. ભલે ત્રણ કષાયના ભાવ રહ્યા, પણ એ વિવિધ પ્રકારના ભાવ એ હું નથી.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અત્યારે એ વાત નથી આમાં. આ કળશમાં એમણે તો ફક્ત એક ચૈતન્યમયની સાથે અને પરદ્રવ્યની સાથે મેળવવા માટે આ કળશ લીધો છે. આ કળશમાં જે નિર્મળ પર્યાય છે એને પરદ્રવ્ય અહીં નથી કહી અને ૫૦માં તો નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધી છે. આપણે ચાલે છે એમાં તો. સમજાય છે? એટલો આમાં મેળ છે. ચૈતન્યમય હું સદાય છું એકરૂપ, એ તો થઈ ગઈ–વસ્તુ થઈ ગઈ. હવે પર્યાયમાં જે રાગાદિ અનેક પ્રકારના ઉત્પન્ન થાય, વિવિધ પ્રકારના એ હું નથી. ઓલી એક સમયની પર્યાય નિર્મળ છે એ વાત આમાં લેવી નથી. પણ એ આવી જાય એની સાથે. સમજાય છે? આ ચિન્મય વસ્તુ છું તો દ્રવ્ય થઈ ગયું.

શ્રોતા :- પર્યાય જુદી પડી ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :- પર્યાય જુદી પડી રહી ગઈ. સમજાય છે કાંઈ?

વસ્તુની અંતર્મુખ દ્રષ્ટિ કરતાં હું એક ચિન્મય જ્યોતિ પરમસ્વરૂપ જ સદા છું. આ તો પછી વસ્તુમાં પર્યાય આવી નહિ. પણ અહીંયા નિષેધ કરવો છે ઓલો વિકારનો. સમજાણું કાંઈ? મોક્ષના અધિકારની ગાથા છેને આ કળશ? એટલે મોક્ષનું કારણ, વિકલ્પ વ્યવહારરત્નત્રય મોક્ષનું કારણ નથી એ સિદ્ધ કરવું છે ત્યાં. જેટલા દયા, દાન, વ્રત, શુભ ઉપયોગ આદિ હોય એ બધું મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. આહાહા..! ભારે કામ ભાઈ! જગતને વીતરાગનું તત્ત્વ હજી સમજણમાં લેવું કે આવું છે, એ વાત મોંઘી થઈ પડી છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે અરે..! 'હું તો શુદ્ધચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...' એ સિદ્ધાંતનું સેવન કરો. આ માન્યતાને સેવો. એમ કહે છે. સમજાણું કાંઈ? 'અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...' એ હું નથી. વિકલ્પો આદિ છે એ હું નથી. 'કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.' આહાહા..!

શ્રોતા :- મોક્ષમાર્ગ પરદ્રવ્ય?

પૂજ્ય ગુરુદેવશ્રી :- મોક્ષમાર્ગ પરદ્રવ્ય. એ તો પહેલા આવી ગયુંને અંદર? એ તો આવી ગયું ૫૦માં. ચાર પર્યાયો છે... મોક્ષમાર્ગની પર્યાયો પરદ્રવ્ય, કારણ કે સ્વદ્રવ્ય નહિ તે પરદ્રવ્ય, સ્વસ્વભાવ નહિ તે પરસ્વભાવ. સ્વસ્વભાવ ઉપાદેય તો એ પરસ્વભાવ હેય, એમ બેસે. આહાહા..! સમજાણું કાંઈ?

અંતર્મુખ ભગવાન આત્મા.. બહિર્મુખના લક્ષેથી છૂટીને અંતર્મુખના લક્ષે જાય છે ત્યારે તો ચિન્મય જ વસ્તુ એક દ્રષ્ટિમાં હોય છે. અને સામાન્ય તરફ દ્રષ્ટિ ગઈ આમ બહિરાત્મથી અંતર્મુખ ગઈ એટલે સામાન્ય એક જ ચિન્મય છું એમ સિદ્ધાંત, એમ કહે છે મૂળ તો. કારણ કે એનું શરણ છે અને એને આશ્રયે નિર્મળ પર્યાય મોક્ષની નવી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એકાંત છે રે, એકાંત છે, એમ કહે. વ્યવહારથી પણ કાંઈક લાભ થાય એમ કહો તો અનેકાંત કહેવાય. કારણ કે વ્યવહારને સાધન કહ્યું છેને પંચાસ્તિકાયમાં, પરમાત્મ પ્રકાશમાં. કેટલે ઠેકાણે કહ્યું, લ્યો. દ્રવ્યસંગ્રહમાં. ભાવના, છ ઢાળા. 'હેતુ

નિયતકો હોઈ.' આવે છે કે નહિ? નિયત નામ નિશ્ચયનો વ્યવહાર હેતુ છે, કારણ છે, સાધન છે. એ બધી વાત નિમિત્ત શું છે એનું જ્ઞાન કરાવવા વાત છે. વ્યવહારનયે સાધન, વ્યવહારનયે હેતુ, વ્યવહારનયે કારણ એટલે અસદ્ભુતનયે તે બધું કારણ કહેવામાં આવે છે. આહાહા..! ભારે કામ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાનનો અર્થ જુદી વાત છે, અહીં તો આદરણીય અને હેયપણાની વાત છે. જ્ઞાન તો બેયનું છે. એ તો કહે છે કે રાગ છે. રાગ નથી? રાગ છે તો જ્ઞાન કર્યું. પણ જ્ઞાનમાં એ 'છે' એ હું નહિ, એ પરદ્રવ્ય છે. બે ક્યારે થાય? એ પણ એક વસ્તુ તો છે ને? શુભોપયોગ વસ્તુ છે કે નહિ? છે ને? છે પણ એ હેયબુદ્ધિએ છે. એ પરદ્રવ્ય તરીકે છે. અહીં તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પને પરદ્રવ્ય અહીંયા તો ચોખ્ખું કહી દીધું.

આ ૫૦મી ગાથામાં તો નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને પણ પરદ્રવ્ય કહી દીધી. એક ડગલું આગળ જઈને આ નિયમસારમાં છે. સમજાણું કાંઈ? અહીં તો આદેશ કરે છે આચાર્ય. જૈન, સારા જૈનદર્શનનો સાર એમ સેવવો હોય તારે તો, આમ સેવન કરો. આદેશ કરે છે જુઓ! આહાહા..! કે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારની પર્યાયો થાય છે, પર્યાય વિકલ્પાદિ છે, 'તે હું નથી,...' આ હું છું અને આ હું નથી.—આ એનું નામ અનેકાંત થયું. કહો, દેવીલાલજી! આ ચૈતન્યમય છું આ હું—એમ અનેકાંત થયું. બે છે પણ આ હું છું અને આ હું નથી. —એવી રીતે અનેકાંત છે.

શ્રોતા :- બેય હું છું એમ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બેય હું છું એમ નહિ. એનું જ્ઞાન કરે પણ આ હું છું એવું જ્ઞાન, આ હું નથી એવું જ્ઞાન, એમ. આહાહા..! સમજાણું કાંઈ?

જેને વ્યવહાર રત્નત્રયનું સાધન કહ્યું, સાધ્યનું સાધન કહ્યું, નિશ્ચયનું કારણ કહ્યું, નિશ્ચયનો હેતુ કહ્યો.. સમજાય છે કાંઈ? નિશ્ચયનો ઉપચારમાર્ગ કહ્યો પુરુષાર્થસિદ્ધિ ઉપાય આદિમાં. ઉપચાર... એ બધોય હું નહિ, અહીં તો એમ કહે છે. શોભાલાલજી! એવી વાત છે. આહાહા..! હું જ્યાં છું ત્યાં એ નથી અને એ જે છે ત્યાં હું નથી, એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, લક્ષ અનેકાંતનું ક્યાં લેવું છે? લક્ષ તો એકાંતનું થયું ત્યારે એને અનેકાંતનું જ્ઞાન થાય. હું સદા ચિન્મય એકરૂપ છું એવું દ્રવ્યનું જ્ઞાન થતાં, પર્યાયનું જ્ઞાન દ્રવ્યનું જ્ઞાન થતાં થાય છે. ત્યારે કહે, આ છે એ હું નથી—એવું જ્ઞાન ત્યાં થાય છે. સમજાણું કાંઈ? બહુ. કહો, કાંતિભાઈ સમજાય છે કે નહિ આ? ઓલામાં તો કાંઈ નહોતું. ..ઋદ્ધિમાં. આહાહા..! આવો માર્ગ પવિત્ર સનાતન માર્ગ લોકોને કાને પડે નહિ બિચારાને અને આગ્રહમાં એમ ને એમ જિંદગી ચાલી જાય. એ તો કીડીને જેમ મનુષ્યપણું મળ્યું નથી અને નિરર્થક જ છે, એમ આને મનુષ્યપણું મળ્યું પણ નિરર્થક છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યાગી થાય બહારથી, તોપણ એ મનુષ્યપણું નિરર્થક છે એનું. કારણ કે વસ્તુ છે એ દ્રષ્ટિમાં તો આવી નથી અને દ્રષ્ટિમાં લાવવા જેવી આ છે અને આ નહિ એ વાત હજી જ્ઞાનમાં પણ આવી નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! મને બધાય વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે. એક વાત કે છે. એ હું નથી, પણ તે બધા પરદ્રવ્ય છે. લ્યો, આ તો સમયસારની ગાથા. કળશ સમયસારનો છે. એક એક કળશે અને એક એક ગાથાએ આખો ભેદ.... એને કાંઈ ઝાઝું વાંચવું કે ઝાઝું વિચારવું પડે નહિ. બધાય મને પરદ્રવ્ય છે.

'વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે-)' પોતે, પદ્મપ્રભમલધારિદેવ પોતે કહે છે.

**(शालिनी)**

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्** ॥७४॥

શું કહે છે? અહો! 'શ્લોકાર્થ – શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય...' લ્યો! દ્રવ્ય એકલું શુદ્ધ જીવાસ્તિકાય છે. અસ્તિકાય લઈને અને અસંખ્ય પ્રદેશી ભેગું લેવું છે. શુદ્ધ, જીવ અસ્તિ કાય. અસંખ્ય પ્રદેશી અને અનંત ગુણનો પિંડ એવો જે શુદ્ધજીવાસ્તિકાય તે હું છું. 'અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી' લ્યો! ૧૫૦ ગાથાના કળશમાં આમ આપ્યું.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાંથી કાઢી નાખ્યું છે. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય થાય છે તે મારા પરિણામ છે. મારા નહિ એમ કીધું છે ને? મારા નહિ, હું નહિ, એ આમ નાખી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ કે કર્મ ને શરીરમાંથી કાંઈ આત્માની ધર્મપર્યાય આવતી નથી, તેમ પુણ્ય-પાપના વિકલ્પ છે એમાંથી પણ કાંઈ ધર્મની પર્યાય નવી આવતી નથી, તેમ ધર્મપર્યાય પ્રગટી છે એમાંથી ધર્મની નવી પર્યાય આવતી નથી. માટે ત્રણેને પરદ્રવ્ય કહી દીધા છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એટલે શું કહ્યું એ? પર્યાયમાંથી પર્યાય? જેમ જડમાંથી પર્યાય આવતી નથી. આ શરીરમાંથી..., સમકિતદર્શન થયું અને પછી ચારિત્રની પર્યાય કાંઈ શરીરમાંથી આવે? અને કર્મમાંથી આવે? રાગમાંથી આવે? પર્યાય થઈ છે સમ્યગ્દર્શન, એમાંથી ચારિત્રની પર્યાય આવે? એ અપેક્ષાએ

જડ પરદ્રવ્ય, રાગ પરદ્રવ્ય અને એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય છે. ત્યાં નવી પર્યાય નીકળવા માટે ત્રણે સરખા છે. સમજાય છે કાંઈ આમાં?

શ્રોતા :- એ જડ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ જડ જ છે, પર જ છે. એક અંશ છે તે પરદ્રવ્ય વ્યવહાર છે. વ્યવહાર છે તે અસત્યાર્થ છે. પોતાની અપેક્ષાએ દ્રવ્ય છે એ સત્યાર્થ છે. સ્વની અપેક્ષાએ સત્યાર્થ છે.

શ્રોતા :- મૂળ વસ્તુ જુદી રહી ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- રહી ગઈ. આખું તત્ત્વ જ જુદું છે આખું. એક સમયનો અંશ? કે નહિ. જેને આશ્રયે વિકલ્પ ઉઠે છે, એને આશ્રયે નવી પર્યાય પ્રગટ થતી નથી. બે વાત. મોક્ષમાર્ગની પર્યાય પ્રગટી એને આશ્રયે લક્ષ કરવા જાય તો તો વિકલ્પ ઉઠે. નિર્વિકલ્પ નવી પર્યાય એને આશ્રયે પ્રગટ થાય નહિ. તો જેમ મારે (માટે) શરીર પરદ્રવ્ય છે, એમ એ પર્યાય પણ એ અપેક્ષાએ (પરદ્રવ્ય છે કેમ કે) નવી પર્યાય એને આશ્રયે થતી નથી અને એનો આશ્રય કરવા જાય તો નવી પર્યાય રાગની થાય છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- રાગ થાય. આદર કરે તો રાગ થાય, પણ ધર્મની પર્યાય નવી થતી નથી. એ તો પરદ્રવ્ય છે. આહાહા..! આવી વાત! આહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ અપેક્ષાથી કહ્યુંને? ઉત્પાદ-વ્યાય વિનષ્ટદાન પર્યાય છે ને? ત્રિકાળની અપેક્ષાએ વિનષ્ટદાન છે. પુદ્દગલ ગળે અને પૂરાય, ગળે ને પૂરાય. ગળે એટલે વ્યય થાય અને પૂરાય એટલે ઉત્પન્ન થાય. પ્રસન્નભાઈ! તારા બાપા માગશે હોં ઘરે. ત્યાં શું સાંભળ્યું?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ આ કહ્યુંને, આ કહ્યુંને હમણાં. એક તો પહેલાથી તમને કહ્યું કે પુદ્-ગલ. પુદ્ એટલે પુરાવું એટલે ઉદય–ઉત્પાદ. અને ગલ એટલે વ્યય. જેમ એ પુદ્દગલનો અર્થ એવો છે, એવો આ ઉત્પાદ-વ્યયનો એવો અર્થ છે. ત્રિકાળી દ્રવ્ય નહિ માટે તેને પુદ્દગલદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહા..! ઝીણી વાત બહુ ભાઈ!

'શુદ્ધ જીવાસ્તિકાયથી...' એકલું દ્રવ્ય ધ્રુવ, એમ. એ જ સ્વરૂપ મારું, એમ. 'અન્ય એવા જે બધા પુદ્દગલદ્રવ્યના ભાવો...' છે 'તે ખરેખર અમારા નથી...' આહાહા..! 'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...' 'કહે છે' નો અર્થ તો કથન છે. 'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે...' માને છે, જાણે છે 'તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.' એમ. શું કહ્યું? શુદ્ધજીવાસ્તિકાય એટલે શુદ્ધ જીવ, અસ્તિ અને કાય એટલે અસંખ્ય પ્રદેશી વસ્તુ. શુદ્ધ... શુદ્ધ... ધ્રુવ. એનાથી અન્ય એવા જે બધી પુદ્દગલદ્રવ્યની પર્યાયો તે ખરેખર અમારા નથી. આમ જે તત્ત્વવેદી... એ વેદી થઈ એ પર્યાય થઈ. તત્ત્વ જે ત્રિકાળી ધ્રુવ જીવાસ્તિકાય, એનો વેદનારો

સ્પષ્ટપણે જાણે છે. પ્રત્યક્ષ જાણે છે એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ? '**व्यक्तं**' છે ને? એમ સ્પષ્ટપણે કહે છે. કહે છે તો વાણી છે, પણ ખરેખર તો એમ માને છે એમ પરિણમે છે એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ?

'જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...' એ તો વેદી થયોને, એ તો પરિણમે જ છે. આહાહા..! ભગવાન આત્મામાં શુદ્ધ જીવસ્વરૂપ, જીવાસ્તિકાયસ્વરૂપ એ હું, એવી દશા... 'એ હું' એવું તો પર્યાયે નક્કી કર્યું ને? નક્કી તો પર્યાયે કર્યુંને? એ પર્યાયનું વેદન થયું. હું શુદ્ધ જીવ છું, શુદ્ધ જીવાસ્તિકાય છું, આનંદનું ધામ છું. એવું જે આનંદનુ ધામ છું એવો જે નિર્ણય થયો પર્યાયમાં, તે પર્યાયમાં આનંદનું વેદન આવ્યું. જે પર્યાયે નિર્ણય કર્યો કે હું તો ધ્રુવ છું. નિર્ણય તો પર્યાય કરે છેને, ધ્રુવ ક્યાં નિર્ણય કરે છે? આહાહા..!

જે પર્યાય એમ નિર્ણય કરે છે. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા તો પર્યાયમાં ચાલે છે ને? ધ્રુવમાં ચાલે છે? પણ એ વિચારનું અવલંબન ધ્રુવ છે. 'આ ધ્રુવ તે મારું સ્વરૂપ છે' એમ જે પર્યાયે નિર્ણય કર્યો, એમ પર્યાયમાં જે ભાવ આવ્યો, ત્યારે તત્ત્વવેદી થયો. એ તત્ત્વની વ્યક્ત અવસ્થા એના વેદનમાં આવી ગઈ. સમજાણું કાંઈ? આ રીતે જે 'હું ત્રિકાળી શુદ્ધ જીવાસ્તિકાય છું' એમાં સમ્યગ્દર્શન આવ્યું, એમાં સમ્યગ્જ્ઞાન આવ્યું, એમાં ઠર્યો એ ચારિત્ર પણ આવ્યું. સમજાણું કાંઈ?

આ શુદ્ધ જીવાસ્તિકાય વસ્તુ દ્રવ્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવધામ એ હું છું. 'હું છું' એમાં દર્શન આવ્યું, જ્ઞાન આવ્યું, ચારિત્ર ત્રણે આવી ગયા. એટલે એ ત્રણનો વેદનારો.. ત્રણનો વેદનારો એટલે પરિણમુ છું એનો અર્થ કે વેદનારો. એ સ્પષ્ટપણે વેદે છે કે તે અતિ અપૂર્વ... આ એને મુક્તિ અલ્પકાળમાં થવાની છે એમ કહે છે. 'તે અતિ અપૂર્વસિદ્ધિને પામે છે.' મહામુક્તિને અલ્પકાળમાં પામે છે. દ્રવ્યથી તો મુક્તિ થઈ ગઈ દ્રષ્ટિમાં. સમજાણું?

વસ્તુ છે એ તો મુક્તસ્વરૂપ છે. આમ જીવાસ્તિકાય આ હું છું, એ તો મુક્ત થયું દ્રષ્ટિમાં, તો મુક્તતત્ત્વ આવ્યું. મુક્તતત્ત્વ દ્રષ્ટિમાં આવ્યું. એટલે મુક્ત છું, જીવાસ્તિકાય આ છું, એ તો પર્યાયમાં વેદાણુંને? સમજાય છે કાંઈ? (શ્રોતા :- ...)

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, દ્રવ્ય તો દ્રવ્ય રહ્યું. દ્રવ્યમાં વેદન ક્યાં આવે છે? આ હું છું... રાગાદિ નહિ, વ્યવહારાદિ નહિ, આ છું એમ અંદર શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા થઈ—એવું જે મોક્ષના માર્ગનું સ્વરૂપ તત્ત્વનો વેદનારો, તત્ત્વનો અનુભવનારો થયો. લ્યો.

'તે અતિ અપૂર્વ...' અલ્પકાળમાં અતિ અપૂર્વ. આનંદ.. આનંદ.. આનંદ.. પૂર્ણાનંદ એવી જે મુક્તિ, તેને પામે છે. પર્યાયમાં મુક્તિને પામે છે એમ કહે છે. આહાહા..! લ્યો આ કારણે. તત્ત્વવેદી છે એનાથી મુક્તિને પામે છે. ઓલો વ્યવહાર મોક્ષમાર્ગ રાગાદિ આવે માટે મુક્તિને એનાથી પામે છે એમ નથી.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાત સાચી છે. અત્યાર સુધી માન્યું એને ધોઈ નાખો. પાટી ધોઈ નાખો. બરાબર છે. નિશાળમાં એવું આવતું. છોકરાઓને તે દિ' તો લખવાનું બહુ નહોતું. સ્લેટ.. સ્લેટ હતી અને

એક ડાબલી રખાતી ડાબલી. એમાં પોતું રાખે કપડાનું ભીનું. ભીનું કપડું રાખતા અમે એ વખતે. ખબર છે. લખાઈ ગયું હોય તો ભૂંસી નાખે.

શ્રોતા :- પાણી નાખીને ધોઈ નાખે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- પોતું ફેરવી દે. પોતા કહે છે ને? ડાબલી નાની હોય. પહેલાની માન્યતા હોય એને પોતું ફેરવી નાખો તો આ બેસશે, કહે. શોભાલાલજી!

શ્રોતા :- બધી માન્યતામાં ફેર પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એકેએક માન્યતા અજ્ઞાનીની ફેર છે. એકેય વાતમાં જ્ઞાનીને કે અજ્ઞાનીને મેળ નથી. અથડામણબુદ્ધિ થાય એવું છે.

ઓહો..! સ્પષ્ટપણે તત્ત્વને વેદે છે. પ્રત્યક્ષપણે જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ છું એવું શ્રદ્ધયું, જાણ્યું અને અનુભવ્યું એને તો અલ્પકાળમાં મુક્તિ થવાની છે. એની સિદ્ધિ તો અલ્પકાળમાં છે. સમજાણું કાંઈ? એટલે ઉપાય પણ સાથે કહ્યો. મોક્ષનો ઉપાય, આ આત્મા ત્રિકાળી જ્ઞાયક છે તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે મોક્ષનો ઉપાય. આ વ્યવહાર રત્નત્રય.. વ્યવહાર રત્નત્રય ઘણાં કહે છે. પુરુષાર્થસિદ્ધિમાં આવે છે ને? બેથી મોક્ષ પામે છે નિશ્ચય અને વ્યવહારથી.. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. એવી ગાથા આવે છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એ નાખે એ લોકો. ભાઈ! પ્રમાણ શું એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી મુક્તિનો ઉપાય તો એક જ છે. આ તત્ત્વનું વાસ્તવિક જ્ઞાયકતત્ત્વ, વસ્તુતત્ત્વ એની દ્રષ્ટિ થતાં, એનું જ્ઞાન થતાં, એમાં રમણતા આવતાં આનંદ અને શાંતિનું વેદન આવે એ મોક્ષનો માર્ગ છે. આહાહા..!

એ મોક્ષના માર્ગે અતિઅપૂર્વ સિદ્ધિને પામશે. એમાં કાંઈ શંકા છે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..! લ્યો એ ૫૦ થઈ. હવે પાંચ રહી. પાંચ ગાથા.

**विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।**
**संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं॥५१॥**
**चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।**
**अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं ॥५२॥**
**सम्मत्तस्स णिमित्तं जिणसुतं तस्स जाणया पुरिसा।**
**अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ॥५३॥**
**सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।**
**ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि ॥५४॥**
**ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।**
**णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो ॥५५॥**

શ્રદ્ધાન વિપરીત -અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.
ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.
જિનસૂત્ર સમકિત હેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે,
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે,
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

પહેલાં ગાથાનો અર્થ કરીએ. અન્વયાર્થ. કારણ કે આ ગાથા તકરારી ગાથા છે. ૫૩મી ગાથા છેને એ તકરારી ગાથા છે. ગાથા કાંઈ તકરારી હોય? પણ એના ઊંધા અર્થ કરનારા હોય છે. એનો અન્વયાર્થ– 'વિપરીત અભિનિવેશ...' એટલે 'અભિપ્રાય; આગ્રહ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે.' વ્યવહાર, આ વ્યવહાર સમકિતની વ્યાખ્યા છે. 'વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; સંશય, વિમોહ તે વિભ્રમ રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.' એ પણ વ્યવહાર છે.

'ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...' એ પણ વ્યવહાર છે. 'હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે સમ્યગ્જ્ઞાન છે.' એ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? હવે આ ગાથાનો... 'સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે;...' સમ્યગ્દર્શન પામે છે તે જીવને, સર્વજ્ઞની, વીતરાગની વાણી તે નિમિત્ત છે. અને **'तस्य ज्ञायकाः पुरुषाः'** તે 'જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે...' શું કહે છે?

સમ્યગ્દર્શન તો સ્વદ્રવ્યને આશ્રયે પ્રાપ્તિ થાય. એ તો પહેલી વાત ખૂબ દ્રઢ કરીને નિમિત્ત કોણ એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન તો સ્વદ્રવ્યને આશ્રયે જ પ્રગટ થાય. એ તો ખૂબ જોરથી લીધું, પર્યાયને પરદ્રવ્ય ગણી નાખીને. સમજાણું કાંઈ? ભીખાભાઈ!

શ્રોતા :- ... વખત આવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવ્યો વખત હવે.

શ્રોતા :- નથી આવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્યાં જ્ઞાન કરાવે છે એને. કહે છે કે નિશ્ચય સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ તો અખંડાનંદ પરિપૂર્ણ દ્રવ્યને આશ્રયે થાય છે. એ તો ઘણી વાત આવી ગઈ. પર્યાયને આશ્રયે નહિ, વિકલ્પને આશ્રયે નહિ, નિમિત્તને આશ્રયે નહિ. ત્રિકાળ ધ્રુવસ્વરૂપ તેનું ધ્યેય બનાવીને પર્યાય પ્રગટ

થાય સમ્યગ્દર્શનની, એને મોક્ષમાર્ગનો એક અવયવ કહેવામાં આવે છે. પણ એ સમ્યગ્દ્રષ્ટિને નિમિત્ત કોણ હોય? કે વીતરાગની વાણી નિમિત્ત હોય. આવો ઉપદેશ, આ રીતે હોય એ વીતરાગનો ઉપદેશ છે. સમજાય છે? વીતરાગની વાણી, જેમાં વીતરાગપણું બતાવે, એ રાગથી લાભ ન બતાવે, નિમિત્તથી લાભ બતાવે નહિ એ વીતરાગની વાણી છે.

શ્રોતા :- નિમિત્તથી લાભ ન બતાવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- લાભ બતાવે તો વીતરાગની વાણી ક્યાં રહી? શું કીધું?

કહે છે... પાઠ એવો છે જુઓ! જીવ 'સમ્યક્ત્વનું નિમિત્ત...' આ નિશ્ચય સમકિત છે. પહેલા હજી વ્યવહાર સુધીની વાત હતી. નિશ્ચય સમ્યક્ જે આત્માનું દર્શન... આત્મા અખંડ પૂર્ણાનંદન એને આશ્રયે થતું સમકિત, એમાં વીતરાગની વાણી નિમિત્ત હોય. કારણ કે વીતરાગ.. વીતરાગ.. વીતરાગભાવ આત્માને આશ્રયે પ્રગટ કર્યો છે અને એની વાણીમાં આત્માનો આશ્રય લેવો એ વાત આવે છે. વીતરાગની વાણી વીતરાગપણું બતાવે છે. વીતરાગપણું એટલે? નિમિત્ત અને વિકલ્પની અને પર્યાયની ઉપેક્ષા કરી અને દ્રવ્યની અપેક્ષા કરવી એવું વીતરાગની વાણી બતાવે છે. એવી વાણી અન્યમાં—જૈન પરમેશ્વર સિવાય બીજે—હોય નહિ. સમજાણું કાંઈ?

'સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને...' એ સમકિતી અને જ્ઞાની પુરુષો... સમકિતીને–પામનારને 'અંતરંગ હેતુઓ કહ્યા છે,...' વાણી બાહ્ય નિમિત્ત છે. અને આ એનો અભિપ્રાય છે એ અંતરંગ નિમિત્ત કહેવામાં આવ્યો છે. ધર્મગ્રંથમાં દર્શનમોહાદિનો (ક્ષય) અંતરંગ કારણ (કહ્યો) છે એ અહીં વાત નથી. એવો આત્મા કહે છે ત્યાં પંડિત લોકો. કે 'જિનસૂત્રના જાણનારા પુરુષોને...' એટલે સમકિત થનારને, જે જિનસૂત્રના જાણનાર જ્ઞાની છે તે સમકિતના અંતરંગ હેતુ છે (અને) વાણી છે તે બાહ્યહેતુ છે. અને જ્ઞાનીનો અભિપ્રાયનો અંતરભાવ તેનું જ્ઞાન થયું સમકિતીને, એ છે તો બાહ્ય, પણ ઓલી વાણીની અપેક્ષાએ એના અભિપ્રાયને અંતરંગ હેતુ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ જરી.. તેથી હળવે હળવે આ લઈએ છે ને? પંચાસ્તિકાયની ૧૪૮મી ગાથામાં આત્માનું યોગ જે કંપે છે અને જે કષાય છે—એ બે તો એની જીવની પર્યાય છે. છતાં ત્યાં એમ લીધું છે કે જોગ છે તે બાહ્યહેતુ છે અને કષાય તે અંતર હેતુ છે બંધના. એમ લીધું છે. પંચાસ્તિકાયની ૧૪૮મી ગાથા. સમજાય છે કાંઈ? છે તો એની ને એની પર્યાય. જોગ–કંપન્ન વિકારી અને રાગની વિકારી પર્યાય. પણ કંપન્ન છે એને બાહ્ય નિમિત્ત કહેવામાં આવ્યું છે. અને કષાયને અંતરંગ હેતુ કહેવામાં આવ્યું છે. એમ અહીંયા છે તો બેય બાહ્ય. ઓલી છે એની પર્યાય, છતાં એના બે ભાગ કર્યા. એમ આ છે તો બાહ્ય, પણ સમકિતી પામનારને વીતરાગની વાણીનું નિમિત્ત બાહ્યહેતુ છે અને એમનો કહેવાનો આશય જે વીતરાગભાવ છે એ એને અંતરંગ નિમિત્ત થાય છે.

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતરંગ હેતુ ઉપર આવ્યું. અંતરંગ હેતુ, પણ બીજાનો (ભાવ), એને અહીંયા અંતર હેતુ આને કહેવાય છે. આહાહા..! આમ સમકિત પામવાનો અંતર હેતુ તો નિશ્ચયનો સ્વભાવનો આશ્રય એ અંતર હેતુ છે, પણ અહીં વાણીની અપેક્ષાએ બાહ્ય નિમિત્તમાં વીતરાગની જ વાણી એને હોય કાને. અજ્ઞાની સિવાય સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, પછી એની વાણી ભલે મુનિ કહે, સમકિતી કહે, સમજાય છે, પણ વીતરાગની વાણી હોવી જોઈએ. સમજાય છે કાંઈ?

જુઓ! જેણે કલ્પિત શાસ્ત્ર બનાવ્યા વીતરાગને બહાને, એ એને નિમિત્ત હોઈ શકે નહિ સમ્યગ્દર્શનને, એમ કહે છે. એય..! ..ભાઈ! એવી વાત છે. આ પક્ષ નથી હોં. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? કેમકે એને કાને, એના સંસ્કારમાં કાને એ વાત પડે છે કે આત્મા અખંડાનંદ પૂર્ણ છે તેનો આશ્રય લે. પરની ઉપેક્ષા કર, સ્વની અપેક્ષા (કર). એવી વીતરાગની વાણીમાં–બારેય અંગમાં આ આવે છે. વીતરાગ સિવાયની વાણીમાં એવું આવે નહિ. કાંઈ ગડબડ ગડબડ થયા વિના રહે જ નહિ. કાં તો રાગથી લાભ મનાવે, કાં પર્યાયનો આશ્રય કરે લાભ મનાવે, કાં નિમિત્તથી લાભ મનાવે એ વીતરાગની વાણી નહિ. વ્યવહારથી નિશ્ચયનો લાભ મનાવે એ વીતરાગની વાણી નહિ. કહો, દેવીલાલજી!

શ્રોતા :- એ વિના તો રખડે છે બધે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- રખડે. ભૂલે તો રખડે જ ને. જે સૂત્રો ભગવાનના નથી અને એને ભગવાનના કલ્પ્યા અને માન્યા, એ સમકિત પામનારને એ નિમિત્ત ન થાય એમ કહે છે. બીજું એ કહેનારા જે છે એ પણ સમકિતીને પામવાને નિમિત્ત થાય નહિ. આહાહા..! ભારે આ તો આવું છે હોં. એ પહેલાં એમણે પ્રશ્ન લખ્યો હતો ..માં, કે જો આપણા શ્વેતાંબરમાંથી જો આમ નીકળે તો મારે ફેરવવું મટે. એમ કે અહીં કાનજીસ્વામી આ કહે છે આમ... એ ૫૦ પ્રશ્ન કાઢ્યા હતા. ૫૦. શ્વેતાંબરના આચાર્યોને પ્રશ્ન મૂક્યા બધાને. ..૫૦. એકાદો જવાબ આપ્યો નહિ કોઈ? એકેય આપ્યો નહિ અને એકાદો આપ્યો તે ખોટો.

આમણે લખેલું એવું હોં કે જો આવા પ્રશ્નના ઉત્તર આપણામાંથી જો મળે તો મારે ફેરવવું મટે. આપણામાંથી જો મળે તો મારે ફેરવવું મટે. અમરચંદભાઈ! નહિતર તો મારે ફેરવવું પડશે. ચોપડાના તપાસનારા ઓડિટર હતાને?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આમાં ઓડિટરનો તર્ક નાખ્યો. ધીરુભાઈ! ક્યાંય કાંઈ નથી, બાપુ! વીતરાગની વાણી જે પરંપરા સર્વજ્ઞ પરમેશ્વરથી સંતોએ ગ્રહી છે, જ્ઞાન થયું છે. એ સંતોની, એ જ્ઞાનીની વાણી સમકિત પામનારને બાહ્ય નિમિત્ત હોય છે અને એ જ્ઞાનીનો અભિપ્રાય એ અંતરંગ હેતુ છે. સમજાણું?

'કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.' કોને? પંડિતજી! કોને? દર્શનમોહનો ક્ષય છે એ કોને? શું અર્થ કરે છે? જુઓ. કોને? સમકિત પામનારને કે સમકિત પામવામાં નિમિત્ત હોય એને? નિમિત્ત ખરું પણ કોને?

શ્રોતા :- જ્ઞાનીને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાનીને. જ્ઞાની જે છે એ સમ્યગ્દર્શન પામવામાં એની વાણી નિમિત્ત છે અને એનો અંતરંગ અભિપ્રાય નિમિત્ત છે. કોનો? કે જે જ્ઞાનીને દર્શનમોહનો ઉપશમ-ક્ષયોપશમ-ક્ષય થયો છે તે જ્ઞાનીને. પામનારને દર્શનમોહનો અંતરંગ ક્ષય થાય માટે એમ નહિ. અટપટી વાત છે. સમજીને બરાબર (અર્થ) કરજો નહિતર આમાં મોટો ગોટો છે.

શ્રોતા :- આમાં ગોટો છે કે ન સમજે એમાં ગોટો?

પૂજ્ય ગુરુદેવશ્રી :- એમાં એને સમજવામાં ગોટો થયો ને? જુઓને આમાં પાઠ છે ને. એ લોકો એમ કરે છે અર્થ કે જિનસૂત્ર જાણનારા પુરુષો નિમિત્ત છે અને સમકિત પામનારને દર્શનમોહનો ક્ષય પ્રવર્તે. તેમને દર્શનમોહ આદિના ક્ષયનો અંતરંગ કારણ પામનારને છે, એમ એ કહે છે. એમ નથી અહીં. સમકિત પામનારને જે બાહ્ય સૂત્ર નિમિત્ત છે કહેનારા એ સૂત્ર. એ કહેનારાને જે સમ્યગ્દર્શન છે એ કેવું છે એનું? કે એને દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક થયો છે એવો. એનો અભિપ્રાય ઓલાને અંતર હેતુ કહેવામાં આવે છે. અટપટી વાત છે આ.

શ્રોતા :- નિમિત્તનું જ્ઞાન પણ કઠણ લાગે. ઉપાદાન...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. કારણ કે કર્મગ્રંથમાં એમ આવે, સમકિત પામનારને અંતરંગ હેતુ દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક છે. એ અહીં વાત નથી.

શ્રોતા :- ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે છે એ બીજી વાત છે.

અહીં તો ધર્મીજીવ–ધર્મને પામનારને નિમિત્ત કેવું હોય? કે એક તો એની વાણી–વીતરાગે કહી એ વાણી નિમિત્ત. એ નિમિત્ત, બાહ્ય નિમિત્ત કહેવામાં આવે છે. અને એમનો જે અભિપ્રાય છે એ ધર્મ પામનારને અંતર હેતુ કહેવામાં આવે છે. છે તો બાહ્ય, પણ ઓલી વાણીની અપેક્ષાએ એને અંતર હેતુ ઉપચારથી કહેવામાં આવ્યો છે. અને અંતર હેતુ જેને થયો એને આ દર્શનમોહ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક હોય એમ નહિ. પણ જે નિમિત્ત અંતર હેતુ કહેવામાં આવ્યા એવા જે જ્ઞાની... જે આને અંતર હેતુ કહેવામાં આવ્યા એવા જ્ઞાનીને દર્શનમોહ આદિનો ક્ષય ને ઉપશમ ને ક્ષાયિક વર્તતો હોય તો તે એનો અભિપ્રાય બીજાને નિમિત્ત થાય અને વાણી એને બાહ્ય નિમિત્ત થાય.

શ્રોતા :- વાણી અંતરંગ નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાણી અંતરંગ હેતુ નહિ, એ બહિરંગ હેતુ છે. અભિપ્રાય અંતરંગ હેતુ છે. જે જ્ઞાનીને–ધર્મ પામનારને જે નિમિત્ત થાય તે નિમિત્ત કેવું છે? એમ કહે છે. એક તો એની વાણી વીતરાગવાળી છે અને એક તો એનો અભિપ્રાયમાં સમ્યગ્દર્શન, ઉપશમ, ક્ષયોપશ કે ક્ષાયિક થયેલું છે. નિમિત્તમાં. આહાહા..! 'જિનસૂત્રના જાણનાર પુરુષોને...' એમ કહ્યું છે. એને કહેવા. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એની વાત છે. એ અભિપ્રાયની વચ્ચેની વાત તો ઠીક, પણ અભિપ્રાયવાળો જીવ એના આ દર્શનમોહનો ક્ષયોપશમ, ક્ષાયિકની વાત છે. પામનારને દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ એમ અહીં વાત નથી. સમજાણું કાંઈ? 'કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.' માટે તે બાહ્ય નિમિત્ત અથવા અંતર હેતુ કહેવામાં આવે છે. નહિતર તો અંતર હેતુ નિમિત્ત ઉપચાર પણ નહિ થાય અને એની વાણી પણ બાહ્ય હેતુ થાય નહિ. મિથ્યાદ્રષ્ટિ જીવ છે એની વાણી જ્ઞાન પામવાને બાહ્ય નિમિત્ત પણ નથી અને એનો અભિપ્રાય અંતર હેતુ પણ નથી.

શ્રોતા :- પ્રાપ્તિ થઈ જાય તો..

પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ પ્રાપ્તિ થઈ જાય નહિ. પ્રાપ્તિ થઈ હોય એ બીજાને નિમિત્ત થાય એમ કહે છે. જરી ફેર છે, મોટો ફેર છે. આહાહા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

**ભાદરવા વદ ૫, મંગળવાર, તા. ૩૦-૯-૧૯૬૯**
**ગાથા- ૫૧ થી ૫૫, પ્રવચન-૨૧**

શુદ્ધભાવ અધિકાર છે. મોક્ષમાર્ગ (અર્થાત્) નિયમસાર. શુદ્ધભાવનો અર્થ, આત્મા ત્રિકાળી ધ્રુવ જે છે ત્રિકાળી, સામાન્ય જ્ઞાયકભાવ, પરમસ્વભાવભાવ નિત્યાનંદ ધ્રુવ, એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. સમજાય છે? ઓરા આવો, અહીં જગ્યા છે. જગ્યા... અહીંયા. સમજાય છે કાંઈ? આ નિયમસારનો અર્થ મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એ મોક્ષનો માર્ગ કેમ પ્રગટે છે? ક્યાંથી પ્રગટે છે? કે ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ, એનો આશ્રય કરતાં, એના અવલંબે, તેના લક્ષે, તેના ધ્યેયે, તેને ધ્યાનમાં લેતા સમ્યગ્દર્શન પ્રગટે છે. સમજાય છે કાંઈ? તેથી આચાર્ય મહારાજ તેને શુદ્ધભાવ (કહે છે). શુદ્ધભાવ એટલે આ પર્યાયની વાત નથી.

જેમકે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ અશુભભાવ છે, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ તે શુભભાવ છે અને એ ભાવ વિનાની આત્માની શુદ્ધ પરિણતિ–રાગ વિનાની શુદ્ધ પરિણતિ એ શુદ્ધભાવ છે એ પર્યાયનો શુદ્ધભાવ છે. આ અધિકાર પર્યાયના શુદ્ધભાવનો નથી. ત્રિકાળી શુદ્ધભાવનો અધિકાર છે. સમજાણું કાંઈ? ત્રણ પ્રકારના ભાવ છે ને? શુભ, અશુભ અને શુદ્ધ. એ તો પર્યાયના ત્રણ બોલ છે. આ અધિકાર છે એ એનો નથી. પણ એ શુદ્ધ પર્યાય એટલે મોક્ષનો માર્ગ કોના લક્ષે, કોના ધ્યેયે, આશ્રયે પ્રગટ થાય? એનો આ અધિકાર છે.

તો કહે છે કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ ધ્રુવ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ એકરૂપ નિષ્ક્રિય.... વર્તમાન પર્યાયનું પરિણમન પણ જેમાં નથી. નિમિત્ત તો નથી, રાગ–વિકલ્પ શુભભાવ તો નથી, પણ એક સમયની જે નિર્મળ પર્યાય છે એ પણ જેમાં નથી. એવા ધ્રુવભાવને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવને દ્રષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? હવે એ સમ્યગ્દર્શન થવાના પરિણામમાં નિમિત્ત કોણ છે એ ગાથા ચાલે છે આપણે.

ઉપાદાન તો એ છે શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન નિજસ્વભાવ. એની અંદરમાં શ્રદ્ધાને પ્રસારતા, શ્રદ્ધાને તેમાં જોડતાં સમ્યગ્દર્શન થાય છે. એ વિના સમ્યગ્દર્શનની ઉત્પત્તિ (ત્રણ) કાળમાં કોઈ બીજે કારણે થતી નથી. સમજાય છે કાંઈ? હવે એ સમ્યગ્દર્શનના પરિણામમાં નિમિત્ત કોણ છે? એટલી વાત અહીંયા ૫૩મી ગાથા (કરે છે). કે 'સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે;...' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ, એમણે કહેલી વાણી, એ સમ્યગ્દર્શન પામનારને એ વાણી નિમિત્ત છે. સમજાય છે કાંઈ?

શ્રોતા :- શાસ્ત્ર કે ઉપદેશ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઉપદેશ. પાના નહીં. જ્ઞાનીનો ઉપદેશ જે વાણી છે.., વીતરાગી સમ્યગ્દર્શન થયું છે, વીતરાગી મુનિપણું પ્રગટ્યું છે અને કાં વીતરાગી દશા કેવળજ્ઞાનની પ્રગટી છે—એવા જ્ઞાનીની વાણી એને અહીંયા જિનસૂત્ર અને તેની વાણી એને અહીંયા બહિરંગ નિમિત્ત તરીકે, શુદ્ધ સ્વભાવના આશ્રયે પ્રગટે તેમાં આ નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? જુઓ! આમાં એકલા શાસ્ત્રો એની મેળાએ ભણે અને નિમિત્ત થાય, એમ પણ નથી કહ્યું.

એ જિનસૂત્ર એટલે વીતરાગની વાણી. વીતરાગભાવે નીકળેલી વાણી. અજ્ઞાનીની વાણી, સમ્યગ્દર્શન પામવાના અંતર કારણમાં બાહ્ય નિમિત્ત એને થતું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? અને 'જિનસૂત્રના જાણનાર પુરુષોને...' એટલે વીતરાગી ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યા જે શાસ્ત્રો એનું જેને અંતરમાં આત્મજ્ઞાન છે એ જિનસૂત્રના જાણનાર તેને કહ્યા. સમજાણું કાંઈ? 'જિનસૂત્રના જાણનાર પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...' છે તો એ જ્ઞાનીનો અભિપ્રાય. સમ્યગ્દર્શન પ્રાપ્તિ માટે એ તો બાહ્ય નિમિત્ત છે. પણ એની વાણી છે એને બાહ્ય નિમિત્ત તરીકે કહ્યું છે અને એમનો અભિપ્રાય કે આ આત્મા વીતરાગસ્વરૂપ છે, સ્વનો આશ્રય કરવા જેવો છે. એવી વાણી મુનિઓની, જ્ઞાનીની, સમકિતીની, તીર્થંકરની નીકળે. સમજાય છે? માટે તે વાણીને બાહ્ય હેતુ કહ્યો અને એમનો જે અભિપ્રાય છે... એને–સમકિત પામનારને નિશ્ચય આશ્રય તો દ્રવ્યનો છે. અંતરંગ હેતુ છે.... છે તો બાહ્ય, પણ એને ઓલા વાણી કરતા એનો અભિપ્રાય નજીકમાં સમજવું છે એથી તેને અંતરંગ હેતુ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'જિનસૂત્રના જાણનાર પુરુષોને...' એટલે કે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું તત્ત્વ જેને અનુભવમાં આવ્યું છે એ પુરુષોની વાણી... ધર્મીજીવ ધર્મ પામે છે પોતાના સ્વભાવથી, પણ એને વાણી બાહ્ય નિમિત્ત તરીકે છે અને એમનો કહેલો વીતરાગ અભિપ્રાય છે તે અંતરંગ નિમિત્ત તરીકે કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? 'કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.' કોણ? સમકિતમાં જે નિમિત્ત ઉપદેશક છે. ઉપદેશક અંદરમાં સમ્યગ્દર્શન પામેલ છે. એને દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક થયેલ છે. એ જીવની વાણી બાહ્ય નિમિત્ત છે અને એનો અભિપ્રાય અંતર નિમિત્ત છે. છે તો નિમિત્ત બેય. કહો, સમજાણું? આમાંથી કોઈ એમ કહે કે ભાઈ! અજ્ઞાનીની વાણી પણ નિમિત્ત થઈને સમકિત પામે એમ નથી.

શ્રોતા :- શાસ્ત્ર વાંચે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાંચે ભલે. એ વાંચે ભલે, કહે ભલે, પણ એની વાણી.... એને જ ખબર નથી જ્યાં ચીજની. આત્મા તદ્દન દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ વિનાનો છે એવા તત્ત્વનું જેને અંતર જ્ઞાન અને શ્રદ્ધા નથી, એ વાંચે છે એ રાગને વાંચે છે. વીતરાગના શાસ્ત્રને વાંચતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, છે અંતરંગ એ. પણ બાહ્યના બે પ્રકાર લીધા. છે તો વાણી પણ બાહ્ય, છે તો એનો અભિપ્રાય (પણ) બાહ્ય, પણ અભિપ્રાયને ઉપચારથી અંતરંગ હેતુ કીધો અને બહિરંગ તો છે જ વ્યવહાર. એ ખુલાસો ટીકામાં આવશે વધારે.

પછી કહે છે 'સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,...' એ નિશ્ચયની વાત છે. જેને મુક્તિ થાય છે એને માટે સમ્યગ્દર્શન એ કારણ છે કે જે સમ્યગ્દર્શન ધ્રુવ ચૈતન્યના દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. જુઓ! આચાર્ય કહે છે, સાંભળ! એમ કહે છે. જુઓ ઓલામાં કીધું ત્યારે કહે, સાંભળ! મોક્ષ નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ તેનું કારણ તો સમકિત છે અને સમ્યગ્જ્ઞાન હોય છે. આત્મજ્ઞાન અને આત્મદર્શન એ મોક્ષનું કારણ છે. શાસ્ત્રનું જ્ઞાન અને શાસ્ત્રની શ્રદ્ધા એ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મોક્ષનું કારણ નથી. એટલી વાત પહેલી મૂકી અને પછી ઓલી વાત કરશે. ટીકામાં પહેલી લેશે વ્યવહારની. સમજાણું કાંઈ? દેવ અરિહંત, વીતરાગ ગુરુ નિર્ગ્રંથ અને શાસ્ત્ર સર્વજ્ઞના કહેલા—એની શ્રદ્ધા પણ શુભ વિકલ્પ અને રાગ છે. એ મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? હોય છે, પણ મોક્ષનું કારણ નથી.

શ્રોતા :- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સાચી હોય તો...?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાચી હોય તો રાગ છે. સાચાની વાત છે, ખોટાની ક્યાં વાત છે? સર્વજ્ઞ પરમેશ્વર, ગુરુ નિર્ગ્રંથ અને વીતરાગની વાણી—એની જે શ્રદ્ધા છે એ તો વિકલ્પ છે, રાગ છે. એની શ્રદ્ધા એટલે કાંઈ સમ્યગ્દર્શન નથી. એ તો રાગ છે. ભારે વાત! સમજાણું કાંઈ? શેઠ! શું કહે છે? એમ બોલે છે ભાઈ.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ શ્રદ્ધા વિકલ્પ છે, રાગ છે. બંધનું કારણ છે.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો પોતાથી થાય છે, પરથી નહિ. પર તો નિમિત્ત છે. પર તરફનો વિકલ્પ છે એ તો નિમિત્ત છે. આહાહા..!

'મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે.' ક્યું? નિશ્ચય, સ્વ-આશ્રય. નિશ્ચય જ્ઞાન હોય છે, આત્મજ્ઞાન એ મોક્ષને માટે હોય છે. શાસ્ત્રજ્ઞાન એ લાખ, કરોડ શાસ્ત્ર ભણે પણ એ મોક્ષનું કારણ નથી. કારણ કે શાસ્ત્રજ્ઞાન, સર્વજ્ઞના શાસ્ત્ર હોં! વીતરાગના શાસ્ત્ર. અન્યના શાસ્ત્રની તો વાત છે નહિ. પરમેશ્વરના શાસ્ત્રો પઢે અગ્યાર અંગ, નવ પૂર્વ, એ મોક્ષનું કારણ નથી. કારણ કે એ તો વિકલ્પ છે. આહાહા...! અને 'ચારિત્ર (પણ) હોય છે;...' ક્યું ચારિત્ર? ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય નિષ્ક્રિય પ્રભુ, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન અને એમાં રમણતા—શુદ્ધ ધ્રુવમાં રમણતા એ ચારિત્ર છે. આ પંચ મહાવ્રતના પરિણામ અને દયા, દાનના

વિકલ્પ એ ચારિત્ર નથી. પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ, એ મોક્ષનું કારણ નહિ. ઓહો..! સમજાય છે કાંઈ?

'તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.' ચારિત્રના બે પ્રકાર – એક વ્યવહાર ચારિત્ર વિકલ્પરૂપ, નિશ્ચય ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગરૂપ. બે કહીશ એમ આચાર્ય કહે છે. જણાવીશ હું. 'વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ...' મુનિપણું. પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, નગ્નદશા—એ દશા વ્યવહારનયે વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. એટલે કે ચારિત્ર નથી તેને ચારિત્ર કહેવું એનું નામ વ્યવહારનય.

શ્રોતા :- નથી એને શું કરવા કહેવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- છે ને વસ્તુપણે નિમિત્ત. છે એને યથાર્થપણે જાણવું એ નિશ્ચય. નથી તેને કહેવું અને જાણવું એનું નામ વ્યવહાર. પંચ મહાવ્રતના પરિણામ અઠ્યાવીશ મૂળગુણ મુનિને હોય એને હોય. એકવાર આહાર, ખડા આહાર, નગ્નપણું, છ આવશ્યક—એવા અઠ્યાવીશ મૂળગુણ હોય એ વિકલ્પ છે, રાગ છે. પણ ઓલું નિશ્ચય જેને હોય અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. કોને આશ્રયે થયેલું હોય? એને આવું નિમિત્ત હોય છે તેથી તેને વ્યવહારે ચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર નથી તેને કહેવું એ વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ?

ચારિત્રમાં વ્યવહારનયનું મુનિપણું. વ્યવહારનયનું મુનિપણું એટલે અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રતના પરિણામ, એકવાર આહાર, છ આવશ્યકની ક્રિયા, અંદરમાં સામાયિક—એ વિકલ્પ બધા. એ વ્યવહાર મુનિપણું કહેવાય. પણ કોને? કે જેને નિશ્ચય મુનિપણું હોય એને. તો ઓલાને વ્યવહાર કહેવાય. નહિતર વ્યવહાર કહેવાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગદર્શનમાં તો મુનિ એને કહે કે જેને આત્મદર્શન સમ્યક્ થયું તે ઉપરાંત સ્વરૂપમાં ત્રણ કષાયનો અભાવ થઈ વીતરાગદશા થાય અને એને અઠ્યાવીશ મૂળગુણ હોય, બાહ્યમાં નગ્નદશા હોય છે. એ બાહ્યમાં નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ એ વ્યવહાર મુનિપણુ કહેવાય અને રાગરહિત આત્માનું દર્શન, જ્ઞાન અને સ્થિરતા એ નિશ્ચય સાધુપણું કહેવાય. એ નિશ્ચય છે તે મોક્ષનું કારણ છે. વ્યવહાર છે તે વચમાં આવે છે, પણ તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'તેથી...' વ્યવહાર.... નિશ્ચય નામ નિશ્ચયથી... ચારિત્રમાં ..... નિશ્ચય મુનિપણું હોય છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન પ્રગટ કરી અને તેનું આત્માનું જ્ઞાન પ્રગટ કરી અને સ્વરૂપમાં વીતરાગી રમણતા હોય છે તે સાચું ચારિત્ર છે અને એ મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

હવે ટીકા. 'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.' હવે પહેલી વ્યવહારની વાત કરે છે. 'પ્રથમ, ભેદોપચાર રત્નત્રય...' ભેદવાળું વ્યવહારે રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શુભરાગરૂપ છે, એ બંધનું કારણ છે. એ નિશ્ચય સમ્યક્ દ્રષ્ટિ, જ્ઞાન, ચારિત્રવાળાને (પૂર્ણ) વીતરાગપણું જ્યાં સુધી પ્રગટે નહિ ત્યારે તેને આવો ભાવ હોય છે. તેને વ્યવહાર રત્નત્રય (કહે છે). એ કહે છે જુઓ! 'વિપરીત અભિનિવેશ

રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતભૂત...' જેના અભિપ્રાયમાં ઊલ્ટો અભિપ્રાય ન હોય. ભગવાને આત્મા કહ્યો છે, જડ કહ્યું છે, રાગ વગેરે. એના તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ એટલે આગ્રહ. 'રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...' મુક્તિનું પરંપરા કારણ, સીધું કારણ નહિ. પરંપરા શું? કે વ્યવહાર છે એને છોડીને જ્યારે નિશ્ચય કરશે ત્યારે તેને મુક્તિ થશે માટે તેને પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પરંપરા કીધું ને. પણ કીધું એનો અર્થ શો? એ તો અર્થ કર્યોને આ. કે નિશ્ચય આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મરમણતા જ્યાં છે ત્યાં આવો વિકલ્પ હોય છે, તે વર્તમાનમાં તો અશુભથી બચવા માટે છે. પછી શુભમાંથી જ્યારે શુદ્ધમાં જાય ત્યારે શુભને છોડીને જશે માટે તેને પરંપરા હેતુ કહેવામાં આવ્યો છે.

શું પરંપરા હેતુ? 'ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...' પંચપરમેષ્ઠી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—વીતરાગ પરમેશ્વરના કહેલા. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે નમો લોએ સવ્વસાહુણં. એમાં ક્યા (સાધુ) આવ્યા? કે જૈનના સાધુ હોય અને બીજા ન હોય. જૈનમાં પણ જેને આત્મદર્શન... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે (કહેલા) આત્મદર્શન-રાગરહિત સમ્યગ્દર્શન સ્વરૂપનું થયું છે, એનું આત્માનું જ્ઞાન થયું છે અને આત્મામાં રમણતા થઈ છે, એને અહીંયા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કહેવામાં આવે છે. અને એના ફળ તરીકે પૂર્ણ કેવળજ્ઞાન થઈને એને અરિહંત અને સિદ્ધ કહેવામાં આવે છે. તો એ વીતરાગમાર્ગમાં જ આ હોય, એ સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અન્યલિંગે મુક્તિ એમ કહે છે ને? ભગવાન ના પાડે છે. એમ હોઈ શકે નહિ. એને વ્યવહારલિંગ પણ નગ્નદશા અને અઠ્ઠાવીશ મૂળગુણનો વ્યવહાર હોય અને નિશ્ચય તો સ્વભાવના આશ્રયે વીતરાગદશા પ્રગટી હોય, એને આવું નિમિત્ત હોય. સમજાણું કાંઈ? ભારે વાંધા. પણ શરીરમાં કપડા રાખવાનો ભાવ હોય અને કપડા પહેર્યા હોય અને એને ત્યાં મુનિપણું પ્રગટે એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? અને કપડા છોડ્યા માટે મુનિપણું પ્રગટ્યું છે એમ પણ નથી. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ!

શ્રોતા :- કપડા છોડ્યા તોપણ મુનિ નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- કપડા તો અનંત વાર છોડ્યા છે એમાં શું આવ્યું? પંચ મહાવ્રત તો અનંત વાર પાળ્યા છે. એમાં શું આવ્યું?

આત્મા અંદર રાગરહિત શુદ્ધ ચિદાનંદનો સમ્યક્ અનુભવ થયા વિના અને સ્વરૂપની રમણતા વિના મુક્તિનું કારણ એને જરીએ નથી. સમજાય છે કાંઈ? ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું... ભગવાન પંચપરમેષ્ઠી—અરિહંત પ્રભુ, સિદ્ધ ભગવાન, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને મુનિ

પરમેશ્વર, એ પાંચ ભગવંત કીધા. જુઓ! પાંચેયને ભગવંત કહ્યા. આહાહા..! છે? આચાર્ય, ઉપાધ્યાય, સાધુને ભગવંત કહ્યા. ભગવાન છેને પાંચેય? આહાહા..! અહો..! અરિહંત, સિદ્ધ તો કેવળજ્ઞાની પરમાત્મા છે, પણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ અરિહંતપદ પ્રાપ્ત થવાને નજીકમાં છે. જેને એક થોડો વિકલ્પ ઉઠે છે પંચ મહાવ્રતનો, એને છોડીને કેવળજ્ઞાન પામવાના. એવી જેની અંતરમાં સ્વરૂપની રમણતા અને આનંદ આદિની લીનતા છે, એને અહીંયા નિમિત્ત તરીકે નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણ હોય. સમજાય છે કાંઈ? એ બધાને ઓલા ભાવની અપેક્ષાએ ભગવાન પંચ પરમેષ્ઠી કહ્યા છે. ઓલા વિકલ્પની અપેક્ષાએ નહિ. આહાહા..!

શ્રોતા :- ભક્તિ તો ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- શું?

શ્રોતા :- ભક્તિ..

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ભક્તિ એટલે શ્રદ્ધા. શ્રદ્ધાનો અર્થ ભક્તિ. .. આવે છે એ. પ્રત્યેનું.... હજી તો આવ્યું નથી. હજી આવ્યું નથી. હજી અહીં સુધી આવવા દ્યો. એ શબ્દ આવ્યો નથી.

પંચપરમેષ્ઠી ભગવંત... અહીં તો ભગવંતની વ્યાખ્યા હજી ચાલે છે કે ભગવંત પંચપરમેષ્ઠીને ભગવંત કહ્યા છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ભગવાન છે. કારણ કે ત્રણ કષાયનો અભાવ થઈને વીતરાગદશા જેને વર્તે છે. અને અરિહંત અને સિદ્ધ તો પરમેશ્વર સાક્ષાત્ છે. એવા 'ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત...' એ ચળ-મલ નહિ કે ભગવાન આ હશે કે બીજા હશે? કાંઈ ચળવું નહિ. મલિનતા અને અગાઢતા નામ અસ્થિરતા નહિ. એવું જેનું 'નિશ્ચળ ભક્તિયુક્તપણું...' એ ભગવાન પંચ પરમેષ્ઠીની ભક્તિ અને એનું નામ રાગ અને એ રાગને સમકિત વ્યવહાર કહેવામાં આવે છે.

શ્રોતા :- વ્યવહાર સમકિત રાગ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- રાગ જ છે પણ જુઓને. તેની 'ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.' વ્યવહાર સમકિત. પંચ પરમેષ્ઠીનો પ્રેમ છે. ઓલા નિશ્ચય સમકિતસહિતવાળાની વાત છે હોં.

શ્રોતા :- બીજાની નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- બીજાની વાત પણ ક્યાં હતી? વ્યવહાર કેવો? માલ વિના બારદાન.. માલ વિના બારદાન કહેવું કોને? આ તો ઘઉંનો કોથળો છે કે ચોખાનો, પણ માલ હોય તો કહેવાયને? સમજાણું કાંઈ? કોથળો સમજો છો? બોરા. પણ એ બોરા કોનો કહેવો? કે માલ નાખે એનો. માલ હોય તો બોરા કહેવાય. નહિતર માલ વિના બોરા ખાલી કોથળા કહેવાય. એમ આત્મા અંદર શુદ્ધ ધ્રુવ ચૈતન્ય... શુદ્ધભાવ અધિકાર છે ને? શુદ્ધભાવ ધ્રુવબિંબ ચૈતન્ય નિષ્ક્રિય–રાગની ક્રિયા વિનાનો આત્મા, એનું જે સમ્યગ્દર્શન, એનો અનુભવ, એની જે રમણતા એ મોક્ષનું કારણ. એની જોડે પંચપરમેષ્ઠીની

ભક્તિરૂપ શુભરાગ એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. છે રાગ, એ શ્રદ્ધાગુણની પર્યાય નથી. વ્યવહાર સમકિત શ્રદ્ધાગુણની પર્યાય નથી. એ ચારિત્રના વિપરીતભાવનો એક રાગ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યુંને? એ રાગ છોડીને... પહેલા કહ્યુંને. રાગ છોડીને વીતરાગ થશે માટે નિશ્ચય છે એની વાત છે. જેને નિશ્ચય અનુભવ સમ્યગ્દર્શન છે, રાગ વિનાની દ્રષ્ટિ. અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિશ્ચયને આશ્રયે પ્રગટ્યો, એનો જે રાગ છે એ છોડશે માટે પરંપરા હેતુ કહ્યો છે. એકલા અજ્ઞાનીની વાત છે નહિ. છોડવાની વાત છે ને. નિર્વિકલ્પ થાય ત્યારે છૂટશે, માટે પરંપરા હેતુ (કહ્યો) છે. કેમકે શુભમાં અશુભ છૂટ્યો છે અને શુદ્ધ થઈને શુભ છૂટશે, એમ. સમજાણું કાંઈ?

પંચપરમેષ્ઠીની નિશ્ચળભક્તિયુક્ત... એમ. ચળે નહિ એવો એનો વિકલ્પ છે, પંચપરમેષ્ઠીની ભક્તિનો. એને વ્યવહાર સમકિત. માથે આવે છે ને ભેદ ઉપચાર. એને વ્યવહાર સમકિત કહેવાય છે. કોને? ભક્તિને. પણ કોને? જેને નિશ્ચય આત્મા અખંડ આનંદકંદ ધ્રુવ, એનો જ્યાં અનુભવ થઈને સમ્યગ્દર્શન નિશ્ચય પ્રગટ્યું છે, એને આ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.' એ વ્યવહાર. હવે એમાં વિશેષ અર્થ કરે છે. 'વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ...' સમજાણું કાંઈ? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદિથી કહેલા તત્ત્વો એ વિપરીત તત્ત્વો છે. એના પ્રત્યેના આગ્રહનો અભાવ.. એના પ્રત્યેનો આગ્રહનો અભાવ. 'તે જ સમ્યક્ત્વ છે.' વ્યવહાર. એવો અર્થ છે. ઓલાની જેવું કર્યું. પ્રવચનસારમાં આવે છેને ઓલું? 'સ્વરૂપેચરણં ચારિત્ર' એનો અર્થ આ છે, એ ઢબ લીધી છે. સમજાણું કાંઈ?

કહે છે કે વ્યવહાર સમકિત નિશ્ચય સમકિતવાળાને હોય છે. પણ એ વ્યવહાર સમકિત–રાગ કેવું હોય? કે જેને બ્રહ્મા, વિષ્ણુ, મહેશના કહેલા પદાર્થની શ્રદ્ધાનો એને અભાવ હોય છે. સમજાણું કાંઈ? બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો કહેલો પદાર્થની શ્રદ્ધા હોય તો વ્યવહાર સમકિત એ નથી અને ત્યાં નિશ્ચય પણ નથી. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલા–તેના મુખમાંથી નીકળેલી વાણી. સમજાણું કાંઈ? આવશે ટીકામાં. વીતરાગ સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું છે, એમ. આહાહા..!

જેને વિષ્ણુ, બ્રહ્મા, બૌદ્ધ આદિ કથિત વિપરીત... સર્વજ્ઞ વીતરાગ સિવાય જેટલા અભિપ્રાયો જગતમાં ઊંધા છે, એ ઊંધાના આગ્રહ વિનાનો ભાવ... અને આગ્રહ વિનાના ભાવને નિશ્ચય સમ્યક્ત્વ દ્રષ્ટિવાળાને વ્યવહાર સમકિતનો આરોપ દેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગપ્રકાશકમાં આવી ગયું છે. ભેદ-ઉપચાર બેય આવી ગયું છે. સમકિતમાં આવ્યું નથી? કે ઉપચાર છે. નિશ્ચય એક સમ્યગ્દર્શન છે અને નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે, નિશ્ચય વીતરાગતા છે ત્યાં વિકલ્પને—વ્યવહાર શ્રદ્ધાને, વ્યવહાર જ્ઞાનને અને વ્યવહાર રાગાદિને સહચર દેખી, સાથે રહેલા દેખી વ્યવહારને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે. એ મોક્ષમાર્ગ છે નહિ. કહો, મોક્ષમાર્ગમાં આવી ગયું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ?

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- મોક્ષમાર્ગ તો એક જ છે, પણ આવો એક વિકલ્પ જોડે હોય છે એને આરોપે વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો, એ મોક્ષમાર્ગ છે નહિ. ખરેખર બંધમાર્ગ છે. સમજાણું કાંઈ? છે ને આમાં, મોક્ષમાર્ગ પ્રકાશકમાં? આપણે ચાલી ગયું આમાં ક્લાસમાં. ઘણું ચાલ્યું હતું. જુઓ.

'નિશ્ચય મોક્ષમાર્ગ તો, સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તથા જ્યાં મોક્ષમાર્ગ તો નથી, પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે. સહચારી–સાથે રાગ છે કે વિકલ્પ તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ. એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે.' સાચું નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર કથન તે વ્યવહાર. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહારમોક્ષમાર્ગ છે—એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. બે મોક્ષમાર્ગ નથી.

વળી નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને તે પણ ભ્રમ છે. વ્યવહાર પણ આદરણીય છે અને નિશ્ચય પણ આદરણીય છે—એ પણ અજ્ઞાનીનો ભ્રમ છે. કહો, ભીખાભાઈ! નિશ્ચય-વ્યવહાર બંનેને આદરણીય માને છે. નિશ્ચય મોક્ષમાર્ગ પણ આદરણીય અને વ્યવહાર પણ આદરણીય (માને તો) ભ્રમ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરૂદ્ધતા સહિત છે. વીતરાગ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ વીતરાગ છે અને રાગાદિ શ્રદ્ધા એ તો વિકલ્પ વ્યવહાર છે. આનાથી વિરૂદ્ધ છે. બહુ સરસ વાત કરી જુઓ! સમજાણું?

વ્યવહાર અસત્યાર્થ છે. સત્યનું નિરૂપણ કરતો જ નથી. કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે. અન્યથા નિરૂપે છે. મોક્ષમાર્ગ નથી એને મોક્ષમાર્ગ (કહે). આ ચાલે છે એ. ભગવાનની ભક્તિ એ સમકિત નથી, એ તો રાગ છે. પણ વ્યવહારે તેને આરોપ દઈને, નિશ્ચય સમ્યગ્દર્શનનો અનુભવ છે એને એવો રાગ છે માટે સાથે નિમિત્ત દેખીને વ્યવહારનો ઉપચાર કહ્યો છે. ભારે વાત ભાઈ!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ખુલાસો બધો મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણો કર્યો છે. બે માર્ગ છે નહિ, એમ કહે છે. સમજાણું? જુઓ, પછી પણ છે ને? જિનમાર્ગમાં તો બંને નયનું ગ્રહણ કરવું કહ્યું છે ને? જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયની મુખ્યતાથી વ્યાખ્યાન (હોય) તેને સત્યાર્થ એમ માનવું. કોઈ ઠેકાણે વ્યવહારની મુખ્યતાથી વ્યાખ્યાન (હોય) તેને એમ નથી. જુઓ! આ વ્યવહાર સમકિત કહ્યું, (પણ) એમ છે નહિ. ભારે જગતને પણ. નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો. એ પ્રમાણે જાણવું. બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણે (કે) આ પ્રમાણે પણ છે અને એ પ્રમાણે પણ છે.—એમ ભ્રમરૂપ પ્રવર્તવા.... બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી. ભગવાને કહ્યા જ નથી. આહાહા...! ખબર ન મળે અને એમ ને એમ આંધળે દોડે ચાલ્યો જાય. મોક્ષમાર્ગ પ્રકાશક(કારે) એનો ખુલાસો બધો કર્યો. જુઓ! કેવો સરસ કર્યો! સાતમો અધ્યાય બહુ અલૌકિક છે મોક્ષમાર્ગમાં. સાતમું અધ્યયન.

કહે છે કે જેને આત્મા ધ્રુવનું... અહીં શુદ્ધભાવ અધિકાર છે ને? શુદ્ધભાવ ધ્રુવ ત્રિકાળ તેનું અવલંબન લઈ, આશ્રય કરી જે સમ્યગ્દર્શન થયું, નિર્ણય થયો–નિર્વિકલ્પ નિર્ણય થયો એ નિશ્ચય સમકિત. એની સાથે પંચ પરમેષ્ઠીની ભક્તિરૂપ વિકલ્પ જે રાગ છે એ સમકિત નથી, એ તો રાગ છે. પણ એ રાગ અને સમકિતનો આરોપ દઈને વ્યવહારે સમકિત કહ્યું છે. એને બ્રહ્મા, વિષ્ણુ આદિ કહેલા પદાર્થની શ્રદ્ધાનો આગ્રહ હોતો નથી.

શ્રોતા :- આગ્રહ ન હોય પણ સમન્વય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- સમન્વય ન હોય. સમન્વય શેનો હોય? ભગવાને કહ્યું સાચું અને આને કહ્યું સાચું—એવો સમન્વય ન હોય. વીતરાગમાર્ગ સિવાય કોઈ માર્ગ સાથે સમન્વય હોય. ક્યો? એ પણ છે અને આ પણ છે—એ અપેક્ષાએ સમન્વય (હોય). પણ આ સાચો અને એ સાચો એમ સમન્વય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે એનું નામ વ્યવહારસમકિત કહ્યું છે. લ્યો! એવો અર્થ છે. હવે વ્યવહારજ્ઞાન. જેને આત્મજ્ઞાન છે, આત્માનું જ્ઞાન છે એવા નિશ્ચય જ્ઞાનવાળાને વ્યવહારજ્ઞાન કેવું હોય, એની વાત કરે છે. જેને આત્માનું જ્ઞાન જ નથી, આત્માનો અનુભવ નથી, એને તો વ્યવહારજ્ઞાન હોઈ શકતું નથી. સમજાણું કાંઈ?

'સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.' વ્યવહાર હોં આ. સંશય નહિ. આમ હશે કે આમ હશે? વિમોહ નહિ. મૂંઝવણ નહિ. કાંઈક હશે એમ પણ નહિ. વિભ્રમ-વિપરીતતા નહિ. એ સમ્યગ્જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે છે. કોને? કે જેને આત્મજ્ઞાન નિશ્ચય છે એના આવા જ્ઞાનને વ્યવહારજ્ઞાન પુણ્યબંધનું કારણ કહેવામાં આવે છે. જિનદેવ હશે કે શિવદેવ હશે? એ સંશય. સમજાય છે? કોણ જાણે ભાઈ! કાંઈક બીજે પણ દેવ હશે. સર્વજ્ઞદેવ સિવાય બીજામાં પણ પરમાત્મા થયા હશે. સમજાય છે? એવી સંશયદશા, નિશ્ચય સમકિતીજીવને વ્યવહારજ્ઞાનમાં પણ સંશય હોતો નથી. સમજાણું કાંઈ?

'શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય...' શાક્ય એટલે બૌદ્ધ. બૌદ્ધ પણ ધર્મી હતા. બૌદ્ધ પણ મોક્ષે ગયા છે.

શ્રોતા :- એને ઘણા માનનારા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ઘણા માનનારા હતા એટલે શું થયું? કીડી ઘણી હોય. કીડીયું ઘણી હોય એટલે માણસ થઈ જાય? ઘણા માનનારા એટલે કાંઈ સાચું થઈ જાય? સમજાય છે કાંઈ?

'(અર્થાત્ બૌદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે;...' સમજાય છે કાંઈ? અને 'અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.' શું હશે કાંઈ ખબર પડતી નથી. કોણ જાણે સર્વજ્ઞે કહેલું તત્ત્વ (સાચું) હશે કે આ બીજાએ કહેલું હશે? કાંઈ ખબર પડતી નથી. એવી વિભ્રમદશા–વિપરીતતા સમકિતીને સમ્યગ્જ્ઞાનમાં, વ્યવહારજ્ઞાનમાં હોતી નથી. સમજાણું કાંઈ?

અને સમ્યગ્દર્શન–આત્માનું દર્શન છે, આત્માનું જ્ઞાન છે અને નિશ્ચય ચારિત્ર છે. સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર જ્યાં નિશ્ચય છે એને વ્યવહારચારિત્ર કહેવું એની વ્યાખ્યા ચાલે છે. એ પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર. અશુભભાવથી છૂટીને સાવદ્યયોગથી છૂટીને નિશ્ચય ચારિત્રવંત જીવને–સમ્યક્ નિશ્ચય-જ્ઞાનચારિત્રવાળાને પાપથી છૂટીને શુભભાવમાં વર્તે છે અહિંસા, સત્ય, દત્ત, પંચ મહાવ્રતમાં, તેને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી હોય તેને. સમજાણું કાંઈ?

શ્રોતા :- નિશ્ચય અને વ્યવહાર...

પૂજ્ય ગુરુદેવશ્રી :- પણ વાત શેની ચાલે છે આ? વ્યવહારવાળાને વ્યવહાર, નિશ્ચયવાળાને નિશ્ચય. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. નિશ્ચય નથી ત્યાં વ્યવહાર કેવા? હોય જ નહિ. વ્યવહારનો આરોપ, નિશ્ચયના સહકાર વિના આરોપ કોણ આપે? એથી સહકારી કહ્યું છે ને? સાથે હો, આરોપ આવે વ્યવહારનો ઉપચારનો, (પણ) વાસ્તવિક માર્ગ એ નથી. આહાહા..!

'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.' જુઓ પરિણામ છે વ્યવહાર પણ. નિશ્ચયચારિત્ર એ વીતરાગી પરિણામ છે અને વ્યવહારચારિત્ર એ શુભરાગના પરિણામ છે. 'આમ ભેદોપચાર-રત્નત્રય પરિણતિ છે.' લ્યો! ભેદોપચાર એટલે વ્યવહાર. આમ વ્યવહારરત્નત્રય પરિણતિ એટલે પર્યાયમાં રાગ છે. 'તેમાં જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.' બહુ ટૂંકુ કર્યું પાછું. ભગવાને કહેલા તત્ત્વોમાં, આ હેય છે અને ઉપાદેય છે એવું જ્ઞાન તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આવે એને અંદર. આવ્યા વિના રહે કાંઈ? વ્યવહારનય હેય છે, નિશ્ચયનય ઉપાદેય છે એનું જ્ઞાન હોય જ છે. સમજાણું કાંઈ? સામે છે ને પુસ્તક? જુઓ ને. પુસ્તકના શબ્દો જુઓ, અર્થ જુઓ.

'જિનપ્રણીત...' વીતરાગ પરમેશ્વર, ત્રિલોકનાથ, તીર્થંકરદેવ એણે કહેલાં જે તત્ત્વો, તેમાં રાગાદિ હેય છે, આત્માદિ ઉપાદેય—એવો ભેદ તે જ્ઞાન છે. તે જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. એવું વ્યવહારું જ્ઞાન નિશ્ચયજ્ઞાન–આત્મજ્ઞાન હોય એને હોય છે. સમજાણું કાંઈ?

હવે આ ૫૩ ગાથાનો અર્થ. 'આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહાકારી કારણ...' લ્યો! નિશ્ચય સમકિતરૂપી જે પરિણામ છે... જુઓ! એને લીધા સાથે. નિશ્ચય શુદ્ધ ચૈતન્યધ્રુવ એમાં શ્રદ્ધાને પ્રસરાવીને જે નિર્ણય સમ્યક્ નિર્વિકલ્પ અનુભવમાં થયો એવું જે સમ્યગ્દર્શન એ પરિણામ છે. સમ્યગ્દર્શન એક પરિણામ છે, સમ્યગ્દર્શન એક પર્યાય છે, સમ્યગ્દર્શન ગુણ નથી. સમજાણું કાંઈ? ગુણ નથી. ગુણ તો ત્રિકાળી ગુણને ગુણ કહેવાય, જે ધ્રુવ છે તેને. સમ્યગ્દર્શન એ પર્યાય છે–પરિણામ છે. ગુણ નહિ. ગુણ તો ત્રિકાળી હોય તેને કહેવાય.

શ્રોતા :- ..ભાઈને ખબર હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એને પણ ખબર નથી. ઓલો કહેતો હતોને કે સમકિતને તમે કેમ પર્યાય કહો છો? સમકિતને ગુણ કહેવાય. એક ક્ષુલ્લકનો પ્રશ્ન હતો. .... તમે સમકિતને પર્યાય કહો છો? ભગવાને તો એને ગુણ કહ્યા છે, સિદ્ધના આઠ ગુણમાં? કહો. ગુણનો અર્થ ત્યાં પર્યાય છે. હવે ગુણ કે દિ' પ્રગટે?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ગુણનો અર્થ એ પર્યાયને ગુણ કહ્યો છે. ગુણ તો ત્રિકાળી છે. ત્રિકાળી જ્ઞાનગુણ જે એકરૂપ તેને ગુણ કહીએ અને સમ્યગ્દર્શન તો નવી પર્યાય છે. પ્રગટે છે તે પર્યાય પ્રગટે. ગુણ પ્રગટે? શ્રદ્ધાગુણની પર્યાય. નિશ્ચય પર્યાય હોં. આ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત ચાલે છે. નિશ્ચય સમ્યગ્દર્શન એ શ્રદ્ધા જે ત્રિકાળ આત્માનો ગુણ છે એની પર્યાય છે અને વ્યવહાર સમકિત એ રાગનો પર્યાય છે. એ તો ચારિત્રગુણની વિપરીત પર્યાયનો ભાગ એ રાગ, એને વ્યવહાર સમકિતનો આરોપ આપ્યો છે. કેટલું શીખવું આમાં? એને ઘણું છોડવું છે નિર્મોહ થવા માટે. પણ ખબર ન મળે, કાંઈકનું કાંઈક ભરડીને બેસે અનાદિથી. જૈન સંપ્રદાયમાં આવીને પણ ઊંધી માન્યતા અને ઊંધી શ્રદ્ધા (હોય) અને માને કે આપણે ધર્મી છીએ.

'આ સમ્યક્ત્વપરિણામનું...' જુઓ! પરિણામ, નિશ્ચય સમકિતની વાત છે આ. વીતરાગી દ્રષ્ટિ. શુદ્ધ ચૈતન્યમૂર્તિને અવલંબીને નિષ્ક્રિયદ્રવ્યને અવલંબીને સક્રિય શુદ્ધ પરિણામ થયા.. શુદ્ધ પરિણામ થયા. રાગ વિનાની નિર્વિકલ્પ પ્રતીતિ થઈ એને અહીંયા નિશ્ચય સમકિતના પરિણામ કહે છે. સમજાણું કાંઈ? એ પરિણામનું બાહ્ય સહકારી કારણ. જુઓ આવ્યું. સંસ્કૃતમાં છે જુઓ અંદર. **'अस्य सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमलविनिर्गतसमस्तवस्तुप्रतिपादन-समर्थद्रव्यश्रुतमेव तत्वज्ञानमिति'** એ તત્ત્વ(જ્ઞાન) વ્યવહારની વાત છે.

'સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...' બાહ્ય સહકારી હોં. સાથે રહેલું. સહકારી એટલે સાથે રહેલું. 'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...' પરમેશ્વરની દિવ્યધ્વનિમાંથી આવેલું. 'મુખકમળથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં...' એમ કહે છે. ભગવાનની વાણીમાં તો આ ત્રણ લોક, ત્રણ કાળના બધા પદાર્થને જાણેલાનું જ્ઞાન આવે છે. અજ્ઞાનીને તો એવું હોઈ શકે નહિ. જેને સર્વજ્ઞપણું નથી એની વાણીમાં સર્વ પદાર્થનું જ્ઞાન આવે ક્યાંથી? સર્વ પદાર્થ(નું જ્ઞાન) છે નહિ તો વાણીમાં આવે નહિ. સમજાણું કાંઈ?

સમકતિના પરિણામનું બાહ્ય બારદાન–સહકારી કારણ–નિમિત્ત 'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં..' દેખો! દુનિયા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને કહેનારી વાણી પરમાત્માની છે. એ સિવાય–વીતરાગની વાણી સિવાય બીજાની એવી વાણી હોય નહિ. 'એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.' જુઓ એ વ્યવહાર. એ દ્રવ્યશ્રુતજ્ઞાન તત્ત્વ એ બાહ્ય સહકારી કારણ છે. સમ્યગ્દર્શન ધ્રુવને અવલંબે પ્રાપ્ત થાય એને આવું દ્રવ્યશ્રુત નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કારણ કે વાણીમાં જ એવું આવ્યું છે કે આત્મા ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુ છે, એનો આશ્રય લે તો

સમ્યગ્દર્શન થાય. એવું વાણીમાં આવ્યું છે. એથી વાણી સાંભળી ત્યારે તો વિકલ્પ હતો. સમજાય છે? પણ જ્યારે એ વાણીમાં કહેલો ભાવ એના લક્ષમાં આવ્યો અને વાણીમાં એનો–કહેનાર જ્ઞાનીનો હૃદયનો ભાવ હતો એ ભાવ એને અંતરંગ હેતુ નિમિત્ત તરીકે આવ્યો અને જ્યારે ધ્રુવસ્વભાવ ઉપર દ્રષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયું, ત્યારે એને–વાણીને બાહ્ય કારણ અને એના અભિપ્રાયને ઉપચારથી અંતરંગ કારણ કહેવામાં આવે છે.

'સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.' એમ કહેવામાં એમ છે કે વીતરાગની વાણી નિમિત્ત ન હોય અને કોઈ સમકિત પામી જાય એમ છે નહિ. અજ્ઞાનીની વાણી નિમિત્ત હોય અને સમકિત પામી જાય એમ છે નહિ (અને) એ વાણી છે માટે સમકિત પામી જાય એમ પણ નથી. ભારે વાત! કારણ કે વાણી સાંભળે છે ત્યારે વિકલ્પ છે, રાગ છે. વ્યવહારુ જ્ઞાન છે. પણ એ વ્યવહારુ જ્ઞાન નિમિત્ત ક્યારે કહેવાય? કે નિશ્ચય અંતર આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય એને આ પરિણામને આ ભાવને નિમિત્ત, બાહ્યકારણ કહેવામાં આવે છે.. આહાહા..!

હવે આ તકરારી બોલ છે એ. 'જે મુમુક્ષુઓ છે...' મુમુક્ષુ એટલે સમકિત પામનારની આ વાત નથી. જે ઉપદેશમાં નિમિત્ત થાય છે એની વાત છે. 'જે મુમુક્ષુઓ છે તેમને પણ...' એટલે મુમુક્ષુ એટલે જ્ઞાની. જે વાણી ઉપદેશમાં આવે છે એવા જે જ્ઞાની, એ જ્ઞાનીનો આત્મા 'તેમને પણ ઉપચારથી...' દેખો ઉપચારથી. 'પદાર્થ નિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના)...' બાહ્ય નિમિત્ત તરીકે હોવાથી 'અંતરંગ હેતુઓ કહ્યા છે,...' છે તો પરિણામ બાહ્યના, પણ એને ઉપચારથી.... ભાષા વાપરી છે ને? ઉપચારથી અંતરંગ હેતુ કહ્યો છે. સંસ્કૃત છે જુઓ. **'ये मुमुक्षवः तेऽप्युचारतः पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः दर्शनमोहनीयकर्मक्षयप्रभृतेः'** સમજાય છે કાંઈ?

શું કહ્યું? કે ભગવાન આત્મા.... સમ્યગ્દર્શનના જે ધર્મરૂપ પરિણામ અપૂર્વ–અનંત કાળે નહિ પ્રગટેલા, એવા દ્રવ્યસ્વરૂપના આશ્રયે પ્રગટેલું સમ્યગ્દર્શન એ પરિણામ છે–એ પર્યાય છે. એને નિમિત્ત કોણ હતું? વીતરાગની સર્વજ્ઞની ત્રણ કાળ, ત્રણ લોકની વસ્તુઓને પ્રતિપાદન કરનારી વાણી એ સમકિતીને હોય તોપણ એને ત્રણ કાળની વસ્તુને પ્રતિપાદન કરનારી વાણી છે. સમજાણું કાંઈ? કેમકે અહીં તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક લીધો છે ને પાછો? કેવળીને તો એકલો ક્ષય જ હોય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનીને તો એકલું ક્ષાયિક સમકિત હોય છે, એને ઉપશમ, ક્ષયોપશમ, સમકિત હોતું નથી. અહીં તો એ લીધું છે, જેને ઉપશમ સમકિત છે એ નીચલો છદ્મસ્થ જીવ... ક્ષયોપશમ છે કે ક્ષાયિક છે. એ જીવને દર્શનમોહ આદિનો ક્ષાયિક, ઉપશમ થયો છે એવા જીવના પરિણામ... કહેવા માગે છે કે આ આત્મા અંતર આશ્રય કરે ત્યારે તેને ધર્મ થાય. એવો જે એનો ભાવ છે એને પકડ્યો વિકલ્પથી, ત્યારે તેના ભાવને અંતરંગ હેતુ કહેવામાં આવ્યા. પણ એને છોડીને જ્યારે સ્વભાવનો આશ્રય કરે ત્યારે ઓલાને અંતરંગ હેતુ કહેવામાં આવે. આહાહા..!

શ્રોતા :- એવી ભૂલ થઈ જાય છે મુમુક્ષુથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એવી ભૂલ થઈ જાય.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ લે છે. બસ વાત એ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- તો મુમુક્ષુ. અહીંયા કેવળી લીધા નથી. અહીંયા સાધારણ મુમુક્ષુ લીધા છે. ત્રણ કાળની વાત લે છે ને. વાણી ભલે એની છે, પણ વાણી કહેનાર છે એ જ્ઞાની છે અને એની વાણી પણ એવી જ છે. સર્વ પદાર્થને કહેનારી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય ત્રણ લોક જાણે છે. એવી પર્યાયનું સ્વરૂપ છે એવું એ વાણી દ્વારા કહે છે. ચાહે તો સમકિતી હો, શ્રાવક હો કે મુનિ સાચા. મુમુક્ષુ લીધા છે ને અહીં તો?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. સંસ્કૃતમાં એમ છે. એનો અર્થ બધા એમ કરે છે કે જુઓ, દર્શનમોહનો ક્ષય સમકિતીને થાય એને કહે છે. પણ એનો અર્થ બેસશે નહિ.

શ્રોતા :- અર્થ બેસતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :- નથી બેસતો. આ બેસે છે. બે હજારમાં શરૂ કર્યું હતું. એનાથી વિરુદ્ધ.... પછી અમારા પંડિતજી કહે છે કે એવો અર્થ છે નહિ એમાં. આ અર્થ છે. બે હજારની સાલમાં નિયમસાર શરૂ કર્યું હતું. સમજાય છે કાંઈ?

અહીં તો બીજી એક વાત કે મુમુક્ષુ છે ક્ષયોપસમકિતી કે ક્ષાયિકસમકિતી, એ પણ સર્વ પદાર્થને જાણવાની જ વાત કરે છે. ભાઈ! કારણ કે શ્રુતજ્ઞાનમાં સર્વ પદાર્થનું સ્વરૂપ એના ખ્યાલમાં આવી ગયું છે. આહાહા..! એક પરોક્ષ અને પ્રત્યક્ષ જેટલો ફેર છે, પણ વસ્તુમાં ફેર નથી. જુઓને! 'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ...' પણ એ દ્રવ્યશ્રુત કહેનાર કોણ છે? કે મુમુક્ષુ, એમ. એ સર્વ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થનું તેના જ્ઞાનમાં જ્ઞાન વર્તે છે. આહાહા..! જુઓને! કેવી રીતે સમાવ્યું છે! સમજાય છે કાંઈ?

એવી જે વાણી એને બાહ્યનિમિત્ત કહ્યું, બાહ્ય સહકારી કારણ કહ્યું. સહકારી છેને ત્રીજી લીટીમાં? અને 'જે મુમુક્ષુઓ છે તેમને પણ...' એમ. તેમને પણ, એમ. 'ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્પરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે,...' છે તો એ બાહ્ય, પણ ઉપચારથી અંતરંગ હેતુ (કહ્યો). ઉપચાર શબ્દ પડ્યો છે ને? ઉપચારથી અંતરંગ હેતુ કહ્યા છે. કારણ કે અતંરંગ હેતુ એ નથી. અંતરંગ હેતુ તો દ્રવ્યસ્વભાવ છે. સમકિત પામવામાં અંતરંગ કારણ તો દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યો?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, છે ને.

શ્રોતા :- દર્શનમોહનીય...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હોવાથી. નિમિત્ત કહ્યું. એ વાત કહે છે.

શ્રોતા :- દર્શનમોહનીય..

પૂજ્ય ગુરુદેવશ્રી :- જેને થયું છે એ બીજાને નિમિત્ત થાય છે. એમાં ગડબડ બહુ કરે છે.

શ્રોતા :- .... ભૂલ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કરે છે.

શ્રોતા :- જેને થવાનું છે તેને કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- થવાનું છે તેને કહે છે.

શ્રોતા :- જેને પ્રારંભ થયો છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. બસ, એ છે. ... પ્રકાશા. સમજાય છે કાંઈ? આ પદ્મપ્રભમલધારિદેવની ટીકા છે. મુનિની ટીકા છે. મુનિ પંચ મહાવ્રતધારી, અઠ્ઠાવીશ મૂળગુણ, મહા સમ્યગ્દર્શન ચારિત્રવંત છે. પોતે કહે છે કે મારા મુખમાંથી પરમાગમ ઝરે છે. પરમાગમ ઝરે છે. એ પોતે કહે છે લ્યો! સમજાય છે કાંઈ?

શ્રોતા :- .... અર્થ કર્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, એ ટીકામાં જ છે. એક-એક શબ્દનો અર્થ એવો છે.

જે સમકિત–સમ્યગ્દર્શન છે એ પરિણામ તો આત્માની પર્યાય છે. એ તો ધ્રુવને આશ્રયે પ્રગટેલી છે. એને બાહ્ય નિમિત્તના બે પ્રકાર છે. એની વાણી છે જ્ઞાનીની એ બાહ્ય સહકારી તરીકે એને નિમિત્ત કહ્યું અને એનો જે અભિપ્રાય છે એને ઉપચારથી અંતરંગ હેતુ કહ્યો. ઉપચારથી અંતરંગ હેતુ. નહીં તો એ તો બાહ્ય હેતુ છે. પણ જ્ઞાનીનો અભિપ્રાય એના ખ્યાલમાં આવ્યો વિકલ્પમાં કે આમ કહે છે. ઓહો..! એ તો દ્રવ્યનો આશ્રય કરે તો સમ્યક્ થાય, વસ્તુનો આશ્રય કરે તો સમ્યગ્જ્ઞાન થાય, વસ્તુના આશ્રયમાં ઠરે તો ચારિત્ર, એમ એ કહે છે. એમ વિકલ્પ દ્વારા જ્યાં ખ્યાલમાં આવ્યું ત્યારે તેના (જ્ઞાનીના) પરિણામ (-ભાવ)ને સમકિત પામનાર જીવને બાહ્ય હેતુ (હોવા છતાં) ઉપચારથી અંતરંગ હેતુ (કહ્યો). અંતરંગ એટલે? છે તો બાહ્ય, પણ ઉપચારથી અંતરંગ હેતુ કહેવામાં આવે છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કહ્યા છે માટે તેને.... સમજાય છે કાંઈ? આ તકરારના ઘણા ઊંધા અર્થ કરે છે.

શ્રોતા :- ભૂલ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભૂલ થાય છે. નહિ, જ્ઞાનીની વાણી નિમિત્ત હોય એમ નહિ. એમ આમાં નથી એમ કહે છે. વસ્તુની ખબર ન મળે કાંઈ. અજ્ઞાનીની વાણી પણ નિમિત્ત હોય છે, ફલાણું નિમિત્ત હોય છે. એમ હોય નહિ ભાઈ! દીવે દીવો પ્રગટે. કાંઈ કોલસાને અડાડે દીવા પ્રગટતા હશે? પ્રગટે છે પોતાથી, પણ વાણીનો વિકલ્પ, જ્ઞાનીનો ભાવ નિમિત્તપણે છે. નિમિત્ત છે માટે થયું છે એમ નહિ. પણ સહકારીમાં એવો વિકલ્પ હોય છે કે ભગવાનની વાણી આ છે એ બાહ્ય સહકારી કારણ કહ્યું અને એનો અભિપ્રાય છે કે ભગવાન પૂર્ણાનંદ નિત્યાનંદ આનંદકંદ એનો આશ્રય કર તો તને સમ્યગ્દર્શન થાય. એવો જે એનો અભિપ્રાય હતો એ વિકલ્પમાં આવ્યો તેથી ઉપચારથી તેને બાહ્ય હોવા છતાં અંતરંગ હેતુ કહેવામાં આવ્યો છે. પરમાર્થે અંતરંગ હેતુ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- શુદ્ધતા ધ્રુવ.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતરંગ હેતુ ઉપચારથી કેમ? કે ઓલા અભિપ્રાયનો ભાવ એને પકડવો છે. વિકલ્પથી હોં હજી. પણ ક્યારે એ નિમિત્ત કહેવાય? કે એ વાણીમાં, ભાવમાં એમ કહેવામાં.... કારણ કે આખું જૈનદર્શન કે એની વાણી વીતરાગતાને જ બતાવે છે. ચારેય અનુયોગમાં વીતરાગતાને બતાવે છે. તો વીતરાગની વાણી કે સમકિતીની વાણી વીતરાગને જ બતાવવાની વાણી હોય છે. રાગ કરવાની વાણી એની વાણી હોય નહિ. રાગ હોય એનું જ્ઞાન કરાવવાની વાણી હોય. સમજાય છે કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો વિકલ્પ આવે. આવે એ જુદી વાત છે અને એ પાછું અંતરનું કારણ થાય એમ નથી. અંતરંગ કારણ તો સમ્યક્ સ્વભાવ દ્રવ્ય છે તે કારણ છે. આહાહા..! ભારે વાત!

શ્રોતા :- વાણી નિર્ણય કરાવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- વાણી નિર્ણય જરીએ કરાવતું નથી. ચીમનભાઈ! ઠીક હળવે બોલ્યા. ઝવેરી છે ને. એ નિર્ણય કરે છે વિકલ્પ દ્વારા, ત્યારે એનો અભિપ્રાય અંતરંગ હેતુ કહેવામાં આવે છે અને એની વાણી બાહ્ય હેતુ કહેવામાં આવે છે. આમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'(સમ્યક્ત્વ પરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શમનોહનીયકર્મના ક્ષયાદિક છે.' ઉપદેશ કરનારને દર્શનમોહનો ઉપશમ, ક્ષય થયેલો છે. માટે તેની વાણી બાહ્ય હેતુ અને એનો અભિપ્રાય અંતરંગ હેતુ કહેવામાં આવ્યો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

* * * * *

**ભાદરવા વદ ૬, બુધવાર, તા. ૧-૧૦-૧૯૬૯**
**ગાથા- ૫૧ થી ૫૫, શ્લોક-૭૫, પ્રવચન-૨૨**

મોક્ષનો અધિકાર. મોક્ષનો માર્ગ–મોક્ષનો ઉપાય. શુદ્ધભાવ અધિકાર છે. અત્યાર સુધી એમાં એમ આવ્યું કે પંચ પરમેષ્ઠીની ભક્તિરૂપ વ્યવહાર સમકિત એ છે. વિકલ્પરૂપ ભાવ એક છે એમ આવ્યું. અને હેય-ઉપાદેયનું જ્ઞાન પણ વીતરાગે કહ્યું એવું ત્યાં વ્યવહારનું જ્ઞાન છે અને પાપની નિવૃત્તિરૂપ એના મહાવ્રત આદિના પરિણામ છે. એટલું કહ્યું હતું. છે વ્યવહાર, એટલું. પણ એ મુક્તિનું કારણ નથી.

શ્રોતા :- .....

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ પરંપરાનો અર્થ કે એ મુક્તિનું કારણ નથી. પછી છોડશે ત્યારે મુક્તિનું કારણ થશે. એમ અર્થ થયોને? હવે મુક્તિનું કારણ શું એની વ્યાખ્યા ચાલે છે. લ્યો!

'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...' હવે મૂળ માર્ગ, મૂળ વસ્તુ આવી આ. કેવો છે જીવ? કે જેને અભેદ એટલે નિશ્ચય, અનુપચાર એટલે વ્યવહાર નહિ. વાસ્તવિક રત્નત્રય પરિણતિવાળો જીવ. એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સત્યસ્વરૂપ, નિશ્ચયસ્વરૂપ, સ્વના સ્વદ્રવ્યને અવલંબીને થયેલી સમ્યક્દશા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવા રત્નત્રય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-(ચારિત્ર) ત્રણ રત્ન, એની પરિણતિ એટલે અવસ્થા—એ ત્રણે મોક્ષમાર્ગ પરિણતિ–પર્યાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્માની મુક્તિ થાય એટલે પરમ આનંદની પ્રાપ્તિ થાય. મુક્તિ એટલે પરમ આનંદની પ્રાપ્તિ. એનો ઉપાય અભેદ રત્નત્રય... અભેદ અનુપચાર એટલે શુદ્ધ દ્રવ્યસ્વભાવ કહેશે હમણાં. એ વિકલ્પ વિનાનું અભેદ નામ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એની વીતરાગ પરિણતિરૂપી ચારિત્ર. એ ત્રણ રત્નત્રય પરિણતિ, પરિણતિ એટલે અવસ્થા. એવા અવસ્થાવાળા જીવને... સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગ એ પર્યાય છે, ગુણ નથી, તેમ (વ્યવહાર) મોક્ષમાર્ગ એ વિકલ્પ છે એ પણ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

'અભેદ-અનુપચાર-...' વાસ્તવિક. અભેદ અને વાસ્તવિક રત્નત્રય—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર– વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એવી અવસ્થાવાળા જીવને.. હવે ત્રણની વ્યાખ્યા કરે છે. સમજાય છે કાંઈ? 'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા,...' વડે મુક્તિ થાય છે. છેલ્લો શબ્દ એનો છે. 'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.' છે? શું કહ્યું?

ભગવાન આત્મા જ્ઞાયક ટંકોત્કીર્ણ–અણઘડેલી મૂર્તિ, ચિદાનંદ ધ્રુવ નિત્ય દ્રવ્યસ્વભાવ, 'આત્મા દ્રવ્યે નિત્ય છે' એમ આવે છે ને? એ નિત્ય જે દ્રવ્ય વસ્તુ છે, જ્ઞાયકસ્વભાવ છે, ધ્રુવસ્વભાવ છે.... જેનો એક જ્ઞાયકસ્વભાવ એવું નિજ પરમતત્ત્વ, એવો જે નિજ આત્મભાવ, એવા તત્ત્વની શ્રદ્ધા વડે.. એની શ્રદ્ધા વડે જીવને મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? પહેલું કહ્યું હતું, પરંપરા હેતુભૂત. એ તો વિકલ્પ છે ને? પહેલો અશુભ ટળ્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે. પણ વચ્ચે છઠ્ઠે ગુણસ્થાને એવી શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતના પરિણામ હોય છે એથી તેને વ્યવહાર છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

પણ અહીં તો હવે, એને મુક્તિનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. નિશ્ચય છે મુક્તિ એટલે પરમ શુદ્ધતા પરમાત્મદશા. અભૂતપૂર્વ સિદ્ધપર્યાય. જુઓ! એ પણ પર્યાય છે. મોક્ષનો માર્ગ પણ પર્યાય–અવસ્થા–હાલત છે અને સિદ્ધ પણ એક પર્યાય છે. સિદ્ધ કાંઈ ગુણ નથી. પંડિતજી! સિદ્ધ પર્યાય છે. જુઓ! 'અભેદ-અનુપચાર...' એટલે વાસ્તવિક ઉપચાર નહિ–જૂઠું નહિ, પણ યથાર્થ એવા રત્નત્રય પરિણતિવાળા જીવને સિદ્ધિ થાય છે, મુક્તિ થાય છે. શા વડે? કે 'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વ...' દ્રવ્ય–વસ્તુ. ધ્રુવ. અહીં જે કહે છેને શુદ્ધભાવ? એ શુદ્ધભાવ ધ્રુવ. જેમાં રાગ પણ નહિ, નિમિત્ત પણ નહિ અને એક સમયની પર્યાય નહિ—એવું ધ્રુવ. એવા તત્ત્વની શ્રદ્ધા વડે, એવા તત્ત્વના સમ્યગ્દર્શન વડે તથા એ વડે.... ધ્રુવની શ્રદ્ધા એ પર્યાય છે. ધ્રુવ છે એ ત્રિકાળી દ્રવ્ય છે, પરમતત્ત્વ છે એ તો ત્રિકાળી દ્રવ્ય છે. શ્રદ્ધા વડે, એ એની પર્યાય છે. ઓલા રત્નત્રય પરિણતિ કીધી એ એની એક પર્યાય છે. કેટલું આમાં!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- કાંઈ ખબર જ ન મળે કે શું દ્રવ્ય અને શું પર્યાય. જય મહારાજ! ગોટેગોટા.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધીમેથી તો કહેવાય છે, જરી વિચાર કરી શકે એ રીતે. કે આ વસ્તુ છે ભગવાન આત્મા ધ્રુવ દ્રવ્ય. દ્રવ્ય એટલે નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ—સત્ એટલે શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એવો જેનો શાશ્વત ધ્રુવસ્વભાવ છે એવા તત્ત્વની શ્રદ્ધા–અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનની પર્યાય, એ શ્રદ્ધાપર્યાયથી પરિણત જીવને અભૂતપૂર્વ–અનંત કાળમાં નહિ થયેલી એવી સિદ્ધપર્યાયને તે પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ, સંસાર એ પણ એક વિકારી પર્યાય છે. સમજાય છે કાંઈ?

મિથ્યાત્વ એટલે જે સ્વભાવમાં નથી એવો શુભરાગ વિકલ્પ, દયા, દાન, ભક્તિ, વ્રત વગેરે... એવા રાગવાળો છું એ માન્યતા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ તે સંસારની એક વિકારી પર્યાય છે. સમજાય છે કાંઈ? અને આ મોક્ષમાર્ગ પણ એક અપૂર્ણ નિર્મળ પર્યાય છે. અને સિદ્ધ તે પૂર્ણ શુદ્ધ પર્યાય છે. છે તો ત્રણેય પર્યાય–અવસ્થા છે–હાલત છે.

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- ત્રણ પ્રકાર છે. એક બહિરાત્મા, એક અંતરાત્મા અને એક પરમાત્મા—ત્રણ પ્રકારની પર્યાય છે. આત્મા ત્રણ પ્રકારે થઈ રહ્યો છે પર્યાયમાં. શેઠ!

ભગવાન આત્મા ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ, નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા છે—એ વસ્તુ. એ વસ્તુમાં રાગનો વિકલ્પ છે એ મારો છે એ પરભાવ છે, વિકાર છે, દુઃખ છે. એ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના ધામમાં રાગનું દુઃખ નથી. એના ક્ષેત્રમાં, એના ભાવમાં.... રાગ ચાહે તો શુભવિકલ્પ ભક્તિ ભગવાનનું નામસ્મરણ આદિ (હોય) એ બધો રાગ છે અને દુઃખ છે. એ આત્માને દુઃખવાળો માનવો એનું નામ બહિરાત્મબુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ, તે સંસારબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

હવે ધર્મબુદ્ધિ કે એ જે ટંકોત્કીર્ણ જે જ્ઞાયકભાવ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એવું જે પરમતત્ત્વ... નિજ પરમતત્ત્વ પાછું હોં. ભગવાનનું તત્ત્વ એ નહિ, એમ. ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવો નિજ પરમતત્ત્વ–પોતાનું તત્ત્વ. ભગવાનને–પરમાત્માને માનવા એ તો વિકલ્પ છે. એ તો પહેલામાં આવી ગયું. પંચપરમેષ્ઠીની શ્રદ્ધાનો વિકલ્પ... એ પહેલામાં આવી ગયું. આ તો નિજ પરમતત્ત્વ... પરમતત્ત્વ એટલે? રાગ તો નહિ, (પણ) એક સમયની પર્યાય છે એ પરમતત્ત્વ નથી, એ અપરમભાવ છે. પરમભાવ તો ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ એકરૂપ નિષ્ક્રિય જેમાં મોક્ષમાર્ગની પર્યાયનું.. પર્યાયનું પરિણમન પણ જેમાં નથી. ભારે વાત!

એવો જે પરમતત્ત્વ સ્વભાવભાવ, એની શ્રદ્ધા... એ શ્રદ્ધા એ પર્યાય થઈ. પરમતત્ત્વ એ દ્રવ્ય થયું. દ્રવ્ય નામ ધ્રુવવસ્તુ થઈ. અને એની શ્રદ્ધા, એના સન્મુખ થઈને નિર્ણય સમ્યગ્દર્શન થાય એને અહીંયા એની શ્રદ્ધા–સમકિત કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? તેથી નિજ પરમતત્ત્વ શબ્દ વાપર્યો છે. કોઈ એમ કહે, ભગવાનને માનીએ, પરમેશ્વરને માનીએ, ગુરુને માનીએ તો? કે એ માન્યતા રાગવાળી છે, એ શ્રદ્ધા ધર્મની નહિ.

શ્રોતા :- આત્માની શ્રદ્ધા નહિ એમ થયું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- આત્માની શ્રદ્ધા નહિ એ. આહાહા..!

તેથી નિજપરમતત્ત્વ એવો ત્રિકાળી ભગવાન, એની શ્રદ્ધા... એની શ્રદ્ધા... ઓલો જે રાગ હું છું એવી માન્યતા હતી, એ મિથ્યાત્વ માન્યતા એ સંસારપર્યાય, બહિરાત્મબુદ્ધિની હતી. હવે આ એકલું પરમધ્રુવસ્વરૂપ છું, રાગ પણ નહિ, નિમિત્ત નહિ, કર્મ નહિ, કાંઈ નહિ. એક સમયની પર્યાયમાં પણ આ ધ્રુવ નહિ. એવો ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ અનાદિ-અનંત શાશ્વત ચીજ, એની શ્રદ્ધા વડે... જે શ્રદ્ધા સમકિત તે પર્યાય છે–અવસ્થા છે, નિર્મળ વીતરાગી દશા છે. એ વડે રત્નત્રય પરિણત જીવને અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે. છે એમાં અંદર?

અનંત કાળમાં નહિ થયેલી એવી સિદ્ધની દશા આવા જીવને થાય છે. કહો, આમાં તો ચોખ્ખી વાત છે. જરી વાંચે તો.... કાંઈ ચોપડા મેળવશે કે નહિ? દશેરામાં ચોપડા મેળવે છે આ તમારે કે કેટલી

પેદાશ થઈ. છે એય..! ભગવાનજીભાઈ! હવે ૮૦ લાખ હતા, એમાં ૨૦ લાખ ભળ્યા ઓણ પેદાશના. એક કરોડ થયા. સમજ્યાને? ૫૦ હજારનો ખર્ચ બાદ કરીને. બધું કરે છે કે નહિ? એય..! પોપટભાઈ!

શ્રોતા :- છોકરા કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- છોકરા કરે, બધું ધ્યાન રાખે. દોરી હાથમાં રાખીને છોકરા કરે. પૂછાવે બધું. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એ તો બધાની વાત છે ને શેઠ!

શ્રોતા :- .... વધારે ખર્ચ કરે તો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, ઝાઝા ખર્ચ કરી જાય તો? આ શેઠિયા જુઓ! ડાલચંદજી એ તો હુશિયાર માણસ બધા છે, પણ ઝાઝું કરી નાખે તો? ધ્યાન રાખવું જોઈએ. ધ્યાન રાખે તો, કહે, એમ થાય નહિ. એમ કહે છે.

અહીં તો ધ્યાન રાખવું એટલે? ધ્યાન કરવું. કોનું? કે ધ્રુવતત્ત્વનું. આહાહા..! એ છે ભાઈ! અંદર શબ્દ એ છે હોં. વિષય કુરુ. ધ્યાનં વિષય કુરુ એવું ઘણે ઠેકાણે આવે છે આમાં. કળશમાં ધ્યાન... અધ્યાત્મતરંગિણીમાં. ઘણે ઠેકાણે. ધ્યાનમાં વિષય કરવો એટલે અંતરમાં વિષય દ્રવ્ય ધ્રુવ છે તેને ધ્યેય બનાવવું. એવો જે ધ્રુવ ભગવાન, વર્તમાન પર્યાયમાં તેને પ્રસરાવીને ધ્રુવમાં જે નિર્ણય સમ્યગ્દર્શન થાય એ વીતરાગી નિર્દોષ આત્માની પર્યાય છે તેને સમકિત કહેવામાં આવે છે. અને એ સમકિત પર્યાય વડે અભૂતપૂર્વ—અનંત કાળમાં નહિ થયેલી સિદ્ધની પર્યાય, કેવળજ્ઞાન અને આનંદની પર્યાય અસ્તિપણે પ્રગટ થાય છે. ઓલો વ્યવહાર છે તો થાય છે એમ નથી કહ્યું એમાં. પરંપરા કીધું. એટલે પરંપરાનો અર્થ એ કાઢી નાખશે ત્યારે થાશે. સમજાણું કાંઈ?

શ્રોતા :- કરતા કરતા થાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કરતા કરતા ધૂળેય થાય નહિ. રાગ કરતા કરતા થાય? રાગનું કર્તૃત્વ તો છૂટ્યું, પણ રાગ રહ્યો એને છોડે ત્યારે થશે. પહેલા સમ્યગ્દર્શનમાં તો રાગનું કર્તવ્ય છૂટે ત્યારે સમ્યગ્દર્શન થાય. રાગ મારું કર્તવ્ય છે, કરવા જેવું છે ત્યાં સુધી તો બહિરાત્મા મિથ્યાદ્રષ્ટિ મૂઢ જીવ સંસારી છે. સમજાય છે કાંઈ? તેથી જુઓને.

'નિજ પરમ તત્ત્વ...' દ્રવ્યસ્વરૂપ ત્રિકાળી ધ્રુવપણે, અચળપણે, અવિનાશીપણે રહેલો ભગવાન આત્માનો નિજસ્વભાવ એની 'શ્રદ્ધા વડે...' જુઓ! અહીં દેવ-ગુરુની શ્રદ્ધા વડે સમકિત, એમ નથી કહ્યું, છ દ્રવ્યની શ્રદ્ધા વડે સમકિત નથી કહ્યું, પર્યાયની શ્રદ્ધા વડે સમકિત નથી કહ્યું. પર્યાયની શ્રદ્ધા વડે સમકિત નથી કહ્યું. શ્રદ્ધા છે પર્યાય, સમ્યગ્દર્શન છે અવસ્થા, પણ એની શ્રદ્ધા વડે સમકિત એમ નથી કહ્યું. ત્રિકાળી દ્રવ્ય ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ સહજાનંદનો સાગર, અનાદિ-અનંત સ્વભાવથી છલોછલ ભરેલો, પરિણમનની પર્યાય વિનાનો—એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે એટલે સમકિત ..... અનાદિકાળનો સિદ્ધ પર્યાય તેને પ્રગટ થશે. સમજાણું કાંઈ? એટલે કે એને મુક્તિ થશે. આહાહા..! એક વાત.

હવે બીજી વાત જ્ઞાન. 'તદ્જ્ઞાનમાત્ર...' તદ્જ્ઞાનમાત્ર. તત્ જે '(-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...' શાસ્ત્રજ્ઞાન એ નહિ. સમજાય છે કાંઈ? શાસ્ત્રજ્ઞાન એ બંધનું કારણ છે. તેથી કહે છે, 'તદ્જ્ઞાનમાત્ર...' તત્ છે ને? દ અડધો છે એટલે તત્ '(-તે નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...' ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદ જેમાં જ્ઞાન ઠસોઠસ સ્વભાવથી ભરેલો ભગવાન એનું જ્ઞાન. સમજાણું કાંઈ? નિમિત્ત શાસ્ત્રનું જ્ઞાન નહિ, રાગ થયો એનું જ્ઞાન નહિ, એક સમયની પર્યાયનું જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? માર્ગ તો બાપા! એવો છે. એણે સાંભળ્યો નથી, એણે ખ્યાલમાં લીધો નથી. એમ ને એમ ધર્મને બહાને જિંદગી કાઢી અનંત કાળ એમ ને એમ દિ' ગુમાવ્યા. સમજાણું કાંઈ? ઓહોહો..!

આ વસ્તુ છે એની વાસ્તવિક શ્રદ્ધા પણ પહેલી સમજણમાં નહિ કરે તો એને સમ્યગ્દર્શન થવાનો અવકાશ છે નહિ.

શ્રોતા :- જ્ઞાન...

પૂજ્ય ગુરુદેવશ્રી :- જ્ઞાન કરાવે છે, પણ આ સાંભળવા મળે છે કે નહિ? શોભાલાલજી! આહાહા..! ત્રસની સ્થિતિ તો ઘણાની પૂરી થવા આવી છે. ત્રસમાં રહેવાનો કાળ જ બે હજાર સાગર છે. શું કહ્યું? આ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવ અને ઢોર એમાં રહે તો કેટલો (કાળ)? બે હજાર સાગર. બસ એટલી સ્થિતિ પૂરી થાય એટલે એને એકેન્દ્રિયમાં જાવું જ પડે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- આ તેથી કહ્યુંને. આ સમજે એને જાવું પડે નહિ. ન સમજે એને (ત્રસની સ્થિતિ) પૂરી થાય ને ત્યાં જાશે. આહાહા..!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંતરનું શરણ જોઈએ એમ કહે છે. ગુરુનું શરણ નહિ અહીં તો. ત્રણ લોકના નાથ કેવળીનું પણ શરણ નહિ. કારણ કે કેવળજ્ઞાની પરદ્રવ્ય છે. આહાહા..! પરદ્રવ્યનું શરણ લેવા જાય ત્યાં વિકલ્પ ઉઠશે, રાગ ઉઠશે, પુણ્ય થશે. અને તેમાં ધર્મ માનશે કે મને લાભ થાય, ત્યાં તો મિથ્યાત્વ થશે.

'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સમજાય છે કાંઈ? આ તો દાંડી પીટીને કહેવાય છે. હવે ક્યાં ત્યાં ગુપ્ત રાખ્યું છે? ઓલા પહેલા ભાઈ હતું ને? છાશ લેવા જાય ને દોણી કેમ સંતાડે, એમ કહેતા. પહેલા તો બહુ છાશ-બાશ લેવા જાય ને, અમારે એમ કહે. આ તો અમારા મામાને ઘરે જતા. અમારે મામાનું ઘર હતુંને. સાત મામા હતા ને મોટું કુટુંબ હતું. બધા ગૃહસ્થ હતા. પછી અહીંયા સાધારણ ઘર અમારું. પણ પછી છાશ લેવા જાય અને એમાં મહેમાનનું ઘર હોય (એટલે) મહેમાન આવ્યા હોય તો કઢી-બઢી કરવી હોય તો મોટું તપેલું.... એક મોઢા આગળ બતાવે બોઘડી નાની. લ્યો, આ બોઘડી. નહિતર નાનું લઈને જાય. આ તો બધી નાની ઉંમરની વાત છે, ૧૧ વર્ષની (ઉમર) પહેલાની. સમજ્યા? આ તમારો માની બેસેલો તર્ક.

સાધનવાળા ખરાને. ભેંસ રાખે, ઓલું રાખે, છાશ લેવા જાય તો નાનું .... પછી આપે. વધારે જોવે તો કહે, જરીક મહેમાન છે અને કઢી કરવી છે તો આજે પા શેર છાશ જોઈશે. બતાવે કે નહિ? કે પાછળ રાખતો હશે? આપે નહિ ઝટ. સગા હોય તોય આપે નહિ. એવું જોયું છે ભાઈ! આ તો બધી સમજવા જેવી વાતું છે. સગા કોના હતા? બધા સ્વાર્થના સગા છે. ધૂળધાણી અને વા-પાણી છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન! 'નિજ પરમ તત્ત્વ...' આનંદકંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ તેનું જ્ઞાન. આહાહા..! છે? તદ્જ્ઞાન. તદ્ એટલે તે. તેનું જ્ઞાન. તેનું કોનું? કે જે પરમતત્ત્વ જે ધ્રુવસ્વરૂપ છે તેના જ્ઞાન તે નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ 'એવા અંતર્મુખ પરમ બોધ વડે...' ભાષા જુઓ! શાસ્ત્રનું જ્ઞાન અને પરનું જ્ઞાન અને ભગવાને કહ્યું આ શાસ્ત્ર, એ જ્ઞાન નહિ. એ જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. આહાહા..! ભારે વાતું! શું કીધું?

'એવા અંતર્મુખ...' અંતર્મુખ પરમતત્ત્વ જે ધ્રુવ, જે જ્ઞાનનો સાગર ભર્યો છે એના તરફનું અંતર થઈને, અંતર્મુખ થઈને... અંતર્મુખ પરમબોધ. બહિર્મુખથી ખસીને અંતર્મુખમાં જાય એને પરમબોધ–સમ્યક્ બોધ વડે–એવા સમ્યગ્જ્ઞાન વડે 'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય...' આ જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અંતર્મુખ પરમ બોધ વડે...' ભાષા કેટલી સરસ કરી છે જુઓને. ઓહોહો..! શું કહે છે?

શ્રોતા :- બહુ સ્પષ્ટ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્પષ્ટ જ છે. વસ્તુ સ્પષ્ટ છે. ભગવાન ચિદાનંદ પ્રભુ ધ્રુવ જ્ઞાનનો કંદ છે. ધ્રુવ હોં ધ્રુવ નિત્ય, એનું જ્ઞાન. નિત્યાનંદ પ્રભુનું જ્ઞાન એ એનું જ્ઞાન. અંતર્મુખ થાય ત્યારે એનું જ્ઞાન થાય. બહિર્મુખનું લક્ષ છોડી... છે કે નહિ એમાં? જુઓ! સંસ્કૃતમાં છે. **'तत्परिच्छित्तिमात्रांतर्मुखपरमबोधेन' 'तत्परिच्छित्तिमात्रांतर्मुख-परमबोधेन'** સમજાય છે કાંઈ? એ હજી વાર છે. આ તો જ્ઞાનની વાત છે. હજી જ્ઞાનની વાત ચાલે છે. ચારિત્રની પછી. અરેરે..! સમજાણું કાંઈ? જેના ખ્યાલમાં એ નથી કે આ શું શ્રદ્ધા, આ જ્ઞાન ને મુક્તિનું કારણ. એનો ખ્યાલ પણ નથી તો રખડ્યા રખડ કરે છે બહારમાં. સમજાણું કાંઈ?

તે નિજ પરમ ભગવાન જે જ્ઞાનમાત્ર સ્વરૂપ પ્રભુ, એવો જે આત્મા. એમ. માથે આવ્યું હતું ને? જ્ઞાયક જેનો એક સ્વભાવ... એવો આત્મા ધ્રુવ, એનું અંતર્મુખ. અંતર્મુખ થઈને બોધ–પરમ બોધ. જુઓ એનું નામ પરમબોધ. એ વડે. ઓલી કોર લેવું. 'અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે.' એ વડે આત્માને મોક્ષ અને મુક્તિ થાય છે. બીજા જ્ઞાન વડે મુક્તિ અને મોક્ષ થતો નથી. આહાહા..! લોકોને એવું લાગે વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર...

શ્રોતા :- આ તો કોઈને કબુલ થાય એવું બહુ કઠણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી - કઠણ છે, પણ કઠણ કબુલ કરશે તે દિ' કલ્યાણ છે.

શ્રોતા :- આ જ માર્ગથી જવાનું?

પૂજ્ય ગુરુદેવશ્રી :- માર્ગ જ આ છે વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માનો. ત્રિલોકનાથ અનંત તીર્થંકરોએ આ કહ્યું છે અને તે તેના ખ્યાલમાં આવી શકે એવી ચીજ છે. એવી કંઈ (કઠણ) છે નહિ. સમજાય છે કાંઈ? ખ્યાલ તો કરે.. ખ્યાલ તો કરે. ખ્યાલ રાખ.. ખ્યાલ રાખ.. ધ્યાન રાખ, નથી કહેતા? ધ્યાન રાખ ભાઈ! એ ભગવાન આત્મા નિજ પરમસ્વરૂપ તત્ત્વ નિજ–પોતાનું સ્વરૂપ ધ્રુવ એની શ્રદ્ધા વડે મુક્તિ થાય છે. નિજ પરમતત્ત્વ જ્ઞાયકભાવસ્વરૂપ. ઓલામાં જ્ઞાયક કીધો હતો, અહીં જ્ઞાનમાત્ર સ્વરૂપ કૌંસમાં લીધું. એવો જ્ઞાયકભાવ ચૈતન્ય ધ્રુવ તેનું અંતર્મુખ જ્ઞાન, તે જ્ઞાન દ્વારા મુક્તિ થાય છે. બીજા જ્ઞાન દ્વારા મુક્તિ-બુક્તિ થતી નથી. આહાહા..!

શ્રોતા :- પર્યાય દ્વારા...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા, પર્યાય દ્વારા પર્યાય પ્રાપ્ત થાય છે. પર્યાય છે એ. વ્યવહાર પર્યાય છે ને. ઓલી વ્યવહાર પર્યાય છે. નિશ્ચય તો દ્રવ્ય છે. અત્યારે તો મોક્ષનો ઉપાય કહેવો છે ને? એટલે. નહિતર તો એ મોક્ષની પર્યાય પણ દ્રવ્યમાંથી આવે, દ્રવ્યને કારણે આવે. પણ અહીં તો પર્યાયથી મુક્તિ... મુક્તિનો ઉપાય ને મુક્તિ..... નિયમસાર છે ખરું ને? નિયમસાર એટલે મોક્ષનો ઉપાય. ઉપાય બતાવવો છે. એટલે એ ઉપાય આ પર્યાય. ત્રિકાળી ભગવાન આત્માની શ્રદ્ધા, નિર્વિકલ્પ અનુભવ, એના જ્ઞાનમાં થતી પ્રતીતિ અને અંતર્મુખ થતો આત્માનો બોધ એ પર્યાય છે. એ પર્યાય દ્વારા સિદ્ધની પર્યાય પ્રાપ્ત થાય છે એટલે મુક્તિ થાય છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એનો અર્થ જ એ થયો. ઓલા દ્વારા નહિ. તેથી લીધું છે. પણ પાછું ઓલું પરંપરા મૂક્યું છે ને? એટલે પરંપરાનો અર્થ એ. કે એ દ્વારા નહિ. એને છોડીને જ્યારે નિશ્ચય જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્ર કરશે ત્યારે મુક્તિ થશે. આહાહા..!

શ્રોતા :- ....

પૂજ્ય ગુરુદેવશ્રી :- અભાવ. પછી અભાવ વર્તમાન કરશે એનું નામ પરંપરા. સાક્ષાત્ નથી એનો અર્થ શું થયો? પછી થશે એટલે કે એનો અભાવ કરીને થશે. એમ કહે. આહાહા..! એ કહેશે જુઓને હમણા ચારિત્રમાં. બે બોલ થયા. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જે મોક્ષનું કારણ. એ બે બોલ થયા.

હવે ત્રીજો બોલ. ચારિત્ર. ક્યું ચારિત્ર હવે? આહાહા..! કહે છે... છે ને? '(અર્થાત્ નિજ પરમ સ્વરૂપે)...' ભગવાન ધ્રુવસ્વરૂપ છે, નિત્યાનંદ છે એમાં ઠરવું. એમાં તે રૂપમાં ઠરવું, નિજપરમતત્ત્વરૂપે અવિચળપણે સ્થિત, અવિચળપણે સ્થિત–તે સ્વરૂપમાં ચળે નહિ એવી રીતે સ્થિત થવારૂપ ચારિત્ર વડે, એવું 'સહજચારિત્ર વડે અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે.' સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી - .. એટલે શું? સહજચારિત્ર છે. ઓલો વિકલ્પ છે એ રાગ છે. પંચ મહાવ્રતના પરિણામ છઠ્ઠા ગુણસ્થાનમાં હોય ખરું. એ પહેલું કહેશે. પણ એ તો રાગ છે. સહજચારિત્ર, સ્વભાવિક સ્વરૂપની રમણતા. ભગવાન ધ્રુવ એમ છે ને? તે છે ને? તે રૂપે. એટલે તત્ત્વરૂપે, અવિચળ તે રૂપમાં, ધ્રુવમાં અવિચળરૂપે સ્થિત... રમણતા–વીતરાગી રમણતા. પંચ મહાવ્રતના વિકલ્પના પરિણામરહિતની સ્થિરતા. આહાહા..! સમજાણું કાંઈ?

તદ્રૂપે એટલે તે રૂપે. છે ને? '(અર્થાત્ નિજ પરમતત્ત્વરૂપે) અવિચળપણે...' એમાં ચળે નહિ એટલે અવિચળ. અ-નહિ વિચળપણે. (ન) ચળે એવું સ્થિર નિર્વિકલ્પ વીતરાગદશા એવા થવારૂપ સહજચારિત્ર. સહજ વીતરાગીભાવ.. પંચ મહાવ્રતના વિકલ્પવાળા ભાવરહિત સ્વભાવિક અંતરના વીતરાગી ચારિત્ર દ્વારા. એ ત્રણે ભેગા કરી નાખવા હવે. પરમતત્ત્વની શ્રદ્ધા વડે, અંતર્મુખ પરમબોધ વડે અને સહજચારિત્ર વડે. અભૂતપૂર્વ–પૂર્વે કદી નહિ થયેલો એવો સિદ્ધપર્યાય–મોક્ષદશા થાય છે. આ ઉપાય અને આ એનું કાર્ય. .... સમજાય છે કાંઈ? પકડાવું કઠણ.

એની રમતું અંદરમાં ને અંદરમાં છે. કહે છે. બહારમાં કાંઈ સંબંધ નથી. જડની સાથે શું સંબંધ? શરીર તો શરીર જડપણે થઈને રહ્યું છે, આ કાંઈ આત્મા થઈને રહ્યું છે? આ વાણી વાણી થઈને રહી છે, કર્મ કર્મ થઈને રહ્યા છે, આત્માના થઈને રહ્યા છે? એમ રાગનો ભાગ આસ્રવતત્ત્વ પણ આસ્રવતત્ત્વપણે થઈને રહ્યો છે, આત્માનો થઈને રહ્યો નથી. આહાહા..! આત્મા રાગરહિત થઈને રહેલો છે એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અરે..! અહીંયા પહેલે અનાદિનો રાગરહિત જ છે. નહોતું કહ્યું? સવારમાં આવ્યું હતું ને? સવારમાં નહિ? શું અધિકાર હતો આ? સંવર અધિકાર. ભેદજ્ઞાન. રાગના સૂક્ષ્મ વિકલ્પથી પણ જ્યાં ભિન્ન પડ્યું એવું આત્મતત્ત્વ, સદાય હું જ્ઞાનસ્વભાવે જ રહ્યો છું, રાગરૂપે થયો નથી. રાગરૂપે થાય તો રાગ નીકળે નહિ, છૂટો પડે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો સૂક્ષ્મ છે. આહાહા..! સહજ અને સરળ.

શ્રોતા :- કડક.

પૂજ્ય ગુરુદેવશ્રી :- કડકનો અર્થ તો પુરુષાર્થ ઉગ્ર છે એમ એનો કડક. કડકનો અર્થ – ન થઈ શકે એવી વ્યાખ્યા નથી. આહાહા..!

ત્રણ બોલ થઈ ગયા. એ મોક્ષનો માર્ગ આ ત્રણ—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એ ત્રણે ધ્રુવસ્વભાવની શ્રદ્ધા, ધ્રુવનું જ્ઞાન અને ધ્રુવમાં રમણતા. સમજાણું કાંઈ? આ તો લુગડાં-બુગડાં ફેરવ્યા, આ ફેરવ્યું, આ ફેરવ્યું, કાં નગ્ન થઈ ગયા, થઈ ગયા ચારિત્ર. ધૂળેય ચારિત્ર નથી, સાંભળને! અને અંદર કોઈ વિકલ્પ રહ્યો પરને નહિ મારવાનો–અહિંસા, સત્ય, દત્ત બ્રહ્મચર્ય, એ પણ એક શુભરાગ અને

વિકલ્પ છે એટલે આસ્રવતત્ત્વ છે. એ કાંઈ સંવર અને ચારિત્ર નથી, એ ધર્મ નથી. પંચ મહાવ્રતના પરિણામ એ ધર્મ નથી. આહાહા..!

શ્રોતા :- પરંપરા ધર્મ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય ધર્મ નથી. ધૂળેય એટલે? સમ્યગ્દર્શન વિનાના પંચ મહાવ્રત એમાં ઊંચું પુણ્ય પણ બંધાય નહિ. ધર્મ તો નહિ, પણ ઊંચું પુણ્ય પણ ન બંધાય. સમજાય છે કાંઈ? એવો માર્ગ છે ભાઈ! આ તો ગંભીર માર્ગ છે, ઊંડો માર્ગ છે. આહાહા..! એ માર્ગનું સાંભળવું પણ મહામુશ્કેલ થઈ ગયું અત્યારે. બીજે રસ્તે....

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ના, ના, આ તો સરળ વસ્તુ જ એવી છે. આમાં ક્યાં....? અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, સમકિતી આમ કહેતા આવ્યા છે. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન આમ જ કહી રહ્યા છે. સમજાય છે કાંઈ?

હવે વ્યવહારની વાત કરે છે કે છઠ્ઠે ગુણસ્થાને આત્માનું સમ્યગ્દર્શન છે–આત્મા આશ્રિત દર્શન છે, આત્મા આશ્રિત જ્ઞાન છે અને આત્મા આશ્રિત ચારિત્રની ત્રણ કષાયના અભાવરૂપ પરિણતિ છે. પણ હજી સાતમા ગુણસ્થાનને યોગ્ય નિશ્ચય ચારિત્ર ત્યાં નથી. સાતમા ગુણસ્થાનને યોગ્ય... નિશ્ચય સ્વરૂપની રમણતા છે. એથી કહે છે. છઠ્ઠાને લાયક એની આનંદની રમણતા છે. જે પરમ જિનયોગીશ્વર કહેલું ને તેથી? પરમ જિનયોગીશ્વર... પરમ જિન વીતરાગ યોગીશ્વર એટલે આત્માના વીતરાગ સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે. પરમ જિનયોગીશ્વર... એટલે આ માર્ગ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે વીતરાગે એમ કહ્યું કે પરમજિન યોગી તું છો ભાઈ! પરમ વીતરાગમૂર્તિ ધ્રુવ, એમાં યોગ નામ જેણે જોડાણ કર્યું છે—એવા પરમ જિન યોગીશ્વર. કારણ કે યોગમાં ઈશ્વર મહાન. કારણ કે યોગી તો સમકિતી પણ યોગી કહેવાય છે, પાંચમા ગુણસ્થાનવાળાને યોગી કહેવાય છે. સ્વરૂપમાં જેટલી એકાગ્રતા થઈ, યોગ થયો એ બધા યોગી કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને સમ્યગ્દર્શન થયું, એ પણ અંદર જોડાણનો યોગ થયો છે. યોગી છે. પંચમ ગુણસ્થાનવાળો તો વિશેષ આનંદમાં રમે છે અને વિશેષ શાંતિ થાય છે, તેથી ખૂબ યોગમાં રમે એટલે એને યોગી કહેવાય. પણ આ તો પરમ જિનયોગીશ્વર છે. છઠ્ઠા ગુણસ્થાનવાળો મુનિ, નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને ચારિત્રની ત્રણ કષાયના અભાવની પરિણતિ છે. એવા જીવને પરમ જિનયોગીશ્વર... પહેલાં એને છઠ્ઠા ગુણસ્થાનમાં 'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...' એને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છઠ્ઠે ગુણસ્થાને હોય છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર ચારિત્ર છે એટલે રાગ છે. એવું પહેલે છઠ્ઠે ગુણસ્થાને એવી દશા હોય છે. બાહ્યમાં નગ્નદશા હોય છે.. બાહ્યમાં નગ્નદશા હોય છે. અભ્યંતરમાં બાહ્ય લક્ષવાળા એને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ હોય છે એ અહીંયા પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્ર પંચમહાવ્રતરૂપ વ્યવહાર હોય છે.

'તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.' એ વ્યવહારનયનું મુનિપણું છે, છઠ્ઠે ગુણસ્થાને રાગ છે એ. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારનય ગમ્ય તપશ્ચરણ.. તપશ્ચરણ એટલે મુનિપણું. વ્યવહાર રાગ છેને પંચમહાવ્રતનો? એટલે. હવે નિશ્ચય. સહજનિશ્ચયસ્વરૂપ. નિશ્ચય અહીંયા નયાત્મક છે ને? સ્વભાવિક નિશ્ચય સ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા, એ આખું દ્રવ્યનું સ્વરૂપ છે. ત્રિકાળી ભગવાન સ્વભાવિક નિશ્ચય જ્ઞાનસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા એવો નિજ આત્મા એમાં પ્રતપન... એમાં પ્રતપન... આનંદની ઉગ્રતાથી તપવું. જેમ સોનાને ગેરુ લાગતા સોનું શોભે છે, એમ આત્માની એકાગ્રતાની ઉગ્રતા, ચારિત્ર હોવા છતાં પણ વિશેષ ઉગ્રતા, પુરુષાર્થની તીખાશની ઝણઝણાટ અંદરમાં સ્થિરતા—એવું પ્રતપન તે તપ છે. એને તપ કહેવામાં આવે છે. એ પરમાત્મામાં પ્રતપન તે તપ છે. આ બધા અપવાસ-બપવાસ કરે એ બધી લાંઘણું છે. ... શું કહે છે આ? ભગત!

જુઓ! સ્વભાવિક–ત્રિકાળી, નિશ્ચય–યથાર્થ, નયસ્વરૂપે એટલે એ વસ્તુને નયસ્વરૂપ કીધી. વસ્તુ જે ધ્રુવ છેને ત્રિકાળ? એ નિશ્ચયનયસ્વરૂપ છે. એ અગ્યારમી ગાથામાં એમ આવે છે ને? **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ધ્રુવ છે તે શુદ્ધનય છે. ધ્રુવ છે તે શુદ્ધનય છે. ત્રિકાળી ધ્રુવ તત્ત્વ પર્યાય વિનાનું એને શુદ્ધનય કહેવામાં આવે છે. આહાહા..! ભારે ભાષા! એવી તે કાંઈ સાંભળી હોય નહિ. હવે મેળવે ક્યાંથી? સમજાણું કાંઈ?

સ્વભાવિક નિશ્ચય ધ્રુવસ્વરૂપ એ નય એટલે ધ્રુવસ્વરૂપ એવો પરમસ્વભાવસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ એવો જે પરમાત્મા એક સમયની પર્યાય ને રાગ વિનાનો એવો ભગવાન આત્મા પોતાનો પરમાત્મા હોં. એમાં પ્રતપન–ઉગ્રપણે રમણતા.. ઉગ્રપણે રમણતા, એને એ તપ છે. અને 'નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.' લ્યો! ચારિત્ર પણ આ તપથી હોય છે. ઓલા પંચ મહાવ્રતના વિકલ્પથી ચારિત્ર હોતું નથી.

'નિજ સ્વરૂપમાં...' નિજ આનંદસ્વરૂપ ધ્રુવ એમાં અવિચળ–ચળે નહિ એવી સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર, સ્વભાવિક નિશ્ચય વીતરાગદશા, એ પરમાત્મામાં પ્રતપન તપ છે તેનાથી તે આ ચારિત્ર હોય છે. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને રાગની વિકલ્પદશા છે એ વ્યવહાર ચારિત્ર કહ્યું. સ્વરૂપની રમણતા ઓછી છે, પણ નિશ્ચય સમ્યગ્દર્શન છે ધ્રુવને અવલંબીને, નિશ્ચય જ્ઞાન છે, ત્રણ કષાયનો અભાવ છે, પણ હજી સ્વરૂપનો ઉપયોગ અંદર જામ્યો નથી. સાતમા ગુણસ્થાનને યોગ્ય જે અભેદ ચારિત્ર થવું જોઈએ એ જામ્યું નથી. એ પહેલાના પંચ મહાવ્રતના વિકલ્પવાળા વ્યવહાર ચારિત્રને, વ્યવહારતપ એટલે વ્યવહાર મુનિપણું કહ્યું છે. પણ તે જ કાળ પછી જ્યારે આત્મા પોતાના સ્વભાવિક સ્વરૂપ પરમાત્માના ઉગ્રપણે પોતાના આત્મા... પરમ આત્મા એટલે પરમસ્વરૂપ એમ. પરમ આત્મા એટલે પોતાનું પરમ સ્વરૂપ. એમ કીધુંને? પરમસ્વભાવરૂપ પરમાત્મા. પોતાનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ સ્વભાવરૂપ પોતાનો આત્મા એ પ્રતપન. લીનતાની ઉગ્રતાની શોભા દ્વારા જે તપ છે તે સહજ સ્વરૂપમાં

અવિચળ સ્થિતિ નિશ્ચય ચારિત્ર આ તપથી હોય છે. એ સ્વભાવિક નિશ્ચય ચારિત્ર આવા તપથી હોય છે. આહાહા..! છે કે નહિ પંડીતજી એમાં? જુઓ સંસ્કૃત છે, અર્થ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. **'स्वस्वरूपाविचलस्थितिरूपं सहजनिश्चयचारित्रम् अनेन तपसा भवतीति'** એ બાર પ્રકારના તપ વિકલ્પ કરે, અનશન, અપવાસ, ઉણોદરી, રસપરિત્યાગ, ભગવાનનો વિનય—એ બધાથી આવું ચારિત્ર હોતું નથી. એમ કહે છે. ભારે વાત!

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એવું કોણે કહ્યું? ભોજન કરે એ એક વિકલ્પ છે અને છોડે કે આ ભોજન છોડ્યું એ પણ એક વિકલ્પ છે.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ વળી જુદી વાત છે. એ તો ત્યાં ચરણાનુયોગના અધિકારમાં. અહીં તો દ્રવ્યાનુયોગના અધિકારમાં તો બીજી વાત છે. સમજાણું કાંઈ? આહાર કરવાનો અને છોડવાનો વિકલ્પ છે એ વ્યવહાર ચારિત્રમાં જાય છે. નિશ્ચય સહિત હોં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના રમણતાસહિતવાળાની વાત છે. અજ્ઞાનીને બાર પ્રકારે .... નિશ્ચય નથી ત્યાં વ્યવહાર કેવો અને તપ પણ કેવું અને ચારિત્ર કેવું?

એવું તપ તે કોને હોય છે? તપ એટલે મુનિપણું. કે તે સ્વરૂપમાં–પોતાના નિજસ્વરૂપમાં પાછું એમ. ભગવાનનું ધ્યાન કરવું કે ભગવાન છે, એ તો વિકલ્પ છે. એ નિજસ્વરૂપમાં અવિચળ ધ્યાન એવી સ્થિતિ–રમણતા એવું સ્વભાવિક નિશ્ચય સાચું ચારિત્ર એ આ પરમાત્મા એટલે પોતાના સ્વરૂપમાં ઉગ્રતાપણે રહેવું, એવા તપથી તે ચારિત્ર હોય છે. આવા તપથી ચારિત્ર હોય છે. આવા ચારિત્રથી આવું તપ હોય છે એમ નથી કીધું. મુનિપણું લેવું છે ને?

શ્રોતા :- ચારિત્ર સિદ્ધ કરવા.

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. એટલે મુનિપણું. આવા મુનિપણાને આવું ચારિત્ર હોય છે. સમજાય છે કાંઈ? ભારે!

'એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત...' પદ્મનંદી શાસ્ત્ર છે. જેને શ્રીમદ્ પણ વનશાસ્ત્ર (કહે છે). કારણ કે વનમાં સંતો રહેતા. મુનિઓ તો જંગલમાં જ રહેતા. નગ્ન મુનિ. એક વસ્ત્રનો તાણો પણ મુનિને હોય નહિ. એક પણ વસ્ત્રનો તાણો રાખીને મુનિપણું માને તો, કુંદકુંદાચાર્ય કહે છે કે એની ત્રસસ્થિતિ પૂરી થવા આવ્યે નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

શ્રોતા :- આકરી સજા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- આકરી સજા નથી. ચીભડાના ચોરને ફાંસીની સજા નથી. વીતરાગનો ચોર છે કહે છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ક્યાં ધૂળમાં પણ સગવડતા કોને કહેવી?

શ્રોતા :- બહારની...

પૂજ્ય ગુરુદેવશ્રી :- બહારની સગવડતાની સાથે શું કામ છે? આ તો અંતરની રમણતાની વાત છે ભાઈ! જે એક પણ વસ્ત્રનો ધાગો રાખીને મુનિપણું માને છે એને નવેય તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. તેથી તેને નિગોદગામી કહ્યો છે. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને એક ફેરી, નહિ? અહીં તખ્તસિંહજી હતા દરબાર ભાવનગરમાં. આ શ્રીકૃષ્ણકુમાર હમણા છે. એના બાપ હતા ભાવસિંહ, એના બાપ હતા તખ્તસિંહજી. એ રાજા હતા ને એક બાઈ રાખેલી હતી. શું નામ ભૂલી ગયો? મુસલમાન બાઈ હતી. કેસરબાઈ. કેસરબાઈ મુસલમાન બાઈ રાખેલી. અને મોટા .. ૩૦-૪૦ લાખની ઉપજ હશે. વધારે નથી. તખ્તસિંહજી. તો એ સૂતા હતા અંદર તો સોનાની ઘડિયાળ, સોનાના બધા... ગૃહસ્થ રાજાને મોટા? મોઢા આગળ આરબો બેઠેલા દરવાજે. ઓલા પીવેને શું કહેવાય?

શ્રોતા :- .... કાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ..નો કાવો પીવે એટલે ઊંઘ ન આવે. મોઢા આગળ આરબો બેઠેલા. પણ એક ચોર એવો નીકળ્યો કે જે ગઢ હતો એવડી મોટી નિસરણી લઈ આવ્યો ઘરેથી. નિસરણી સમજ્યા? સીઢી-સીઢી. તો લઈને બહાર મૂકી. ઊપર ચઢ્યો ગઢ ઉપર. ઓલા દરવાજે ઊભા રહ્યા. એ નિસરણી ત્યાંથી ઉપાડી અને અંદર મૂકી, એમાં ઉતર્યો. સમજાણું?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- નિસરણીથી ઉતર્યા. ઓલી બાજુ નિસરણી રાખીને ચઢ્યા અને આ બાજુ નિસરણી ઉપાડીને પાછી અંદર મૂકી એટલે અહીં ઉતર્યો. ઉતરીને ગયો અંદર દરબારગઢમાં. જ્યાં રાજા સૂતો હતો ત્યાં. સોનાની ઘડિયાળ અને ઊંચી ચીજ હતી એ લીધી. ત્યાં ઓલા જાગ્યા નહિ. લઈને નીકળી ગયો બહાર. પાછી નીસરણી ચડી નીચે ઉતરીને ઘરે મૂકી આવ્યો. વળી લોભ થયો, લાવને બીજી વાર લઈ આવું, કહે. ત્યાં તો ચીજો બધી ઘણી હોય.

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- બીજીવાર આવે છે એટલે શું? બીજીવાર એટલે દૂસરી બાર આવ્યા. બીજીવાર એટલે... એટલું અનુમાન તો કરે.

શ્રોતા :-- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- છોડીને આવ્યો. ઘરે મૂકી આવ્યો પછી પાછો ફરીને આવ્યો. ફરીને ચડીને જ્યાં અંદર ગયો ત્યાં ઓલા જાગ્યા દરબાર. દરબાર જાગ્યા, તો ખુલ્લી હતી તલવાર. રાજા ખરાને. એ તો ઉઘાડી રાખે. તલવાર ખેંચી. કેસરીબાઈ (કહે), દરબાર! એ સાધારણ પ્રાણી છે. સાધારણ છે? અહીંયા દરબાર છે એના ગઢમાં અંદર આવીને ચોરી? .... કાપી નાખું. કેસરબાઈએ ના પાડી. જવા દો. .... છે જવા દ્યો. લઈ ગયો છે ને? કહે, હા, ફરીને આવીશ નહિ.

અહીં શું છે? ભગવાન વીતરાગી પરિણતિ(સ્વરૂપ) છે, એને રાગની પરિણતિ દ્વારા લાભ થાય એમ માને છે એ મહાગુનેગાર છે. આ ભગવાનના ઘરમાં ચોરી કરવા આવ્યો છો માળા? સમજાય છે કાંઈ? એવી વાત છે ભાઈ! માર્ગ તો પ્રભુનો એવો છે. (શ્રોતા :- ...)

પૂજ્ય ગુરુદેવશ્રી :- અંદર વીતરાગ પરિણતિ છે એ મુક્તિનું કારણ છે. એને ઠેકાણે રાગનો ભાવ અને વસ્ત્રનો રાખવાનો ભાવ એનાથી મુક્તિ માને એ દરબારનો ચોર છે. એને નવેય તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? એવી વાત... માટે કુંદકુંદાચાર્યે કહ્યું છે કે વસ્ત્રનો તિલમાત્ર–તલતુષમાત્ર વસ્ત્ર રાખે અને મુનિ માને, તો મિથ્યાદ્રષ્ટિ નિગોદમાં જશે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્ત્ર નડતું નથી, પણ એ વસ્ત્રનો ભાવ છે રાગ, ત્યાં સુધી તેને ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે આકરી વાત. દુનિયાને તો જીરવવી આકરી છે.

શ્રોતા :- રાજાએ માફી આપી તો...

પૂજ્ય ગુરુદેવશ્રી :- અહીં તો માફી શેનો આપે? ત્યાં પછી એને છોડી દીધો કે ગરીબ માણસ છે. ઓલી બાઈ હતી તો કહે, જવા દો. એ ન જવા દે. એ તો રાજા કહેવાય ભાઈ? એ તલવાર ઉઘાડી રાખીને સૂતા હોય. કારણ કે એને તો ઘણા દુશ્મનો હોયને વિરોધી? તલવાર પડી હતી. ઉઠ્યાને ખબર પડી કે આ... હાથ ઝાલ્યો હોં એણે. અહીં માફી થાય એવું નથી.

શ્રોતા :- એ તો ઓલાને પુણ્યનો યોગ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ તો ઓલાને પુણ્યનો યોગ હતો, નહિતર મારી નાખત.

અહીં કહે છે કે ભાઈ! આવું ચારિત્ર જે વીતરાગપણું છે એવા પ્રતપનથી એવું ચારિત્ર થાય છે. આહાહા..! એને વસ્ત્ર ન હોય, એને પાત્ર ન હોય, એને નગ્નદશા હોય, એને અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ હોય, છતાં એ ચારિત્ર સાચું ચારિત્ર નથી. એની પાછળ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે.... સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- લગાવી દે. એ તમે કર્યું છે બધું. .... લગાવી દે. એ તો ઉપસર્ગ કર્યો. શેઠ! ઉપસર્ગ કર્યો કહેવાય કે નહિ? આ શેઠ કહે લગાવી દે. અહીંયા અમારે લગાવ્યું હતું. માથે કપડાનું હોયને જાડું? શઢ. શાંતિ(સાગર) આવ્યા હતાને. ૯૭માં આવ્યા હતા. શાંતિસાગર. આવ્યા હતા. શઢ લગાવ્યો હતો અહીંયા માથે મોટો. ઠંડી હતી. એ કાંઈ કપડાનો કટકો ખપે નહિ તો શઢ ખપે એ ક્યાંથી આવ્યું કહે?

શ્રોતા :- શરીરને ન અડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ન અડે એટલે? બિલકુલ વિપરીત દ્રષ્ટિ છે. વસ્તુની સ્થિતિ એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે, એમાં કોઈની સિફારિશ નથી. સિફારિશને શું કહે છે? સિફારિશ કહે છે.

શ્રોતા :- ભલામણ.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભલામણ ન ચાલે. વીતરાગ માર્ગ જેવો છે એવો હોવો જોઈએ. સમજાય છે કાંઈ?

લ્યો, હવે પદ્મનંદી આચાર્ય વનશાસ્ત્રી. શ્રીમદ્ કહે છે કે વનશાસ્ત્ર છે. કારણ કે વનમાં રહેતાને જંગલમાં? એણે બનાવેલું આ પંચવિંશતિ છે. એમાં પણ આ કહ્યું છે જુઓ.

**(अनुष्टुभ)**

**"दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥"**

'શ્લોકાર્થ – આત્માનો નિશ્ચય તે દર્શન છે,...' છે? પદ્મનંદિમાં આધાર આપીને મુનિ પોતે વાત કરે છે. એ શુદ્ધ ધ્રુવ જે પહેલો કહ્યો આત્મા પરમસ્વભાવ, તેનો નિશ્ચય અંદર નિર્ણય થવો અનુભવમાં, એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? 'આત્માનો બોધ તે જ્ઞાન છે.' જુઓ! પદ્મનંદીની ગાથા જુઓ. **'बोधस्तद्बोध'** અને 'આત્મામાં સ્થિતિ તે ચારિત્ર છે.' આત્મામાં સ્થિતિ તે ચારિત્ર છે. પંચ મહાવ્રત અને વિકલ્પ તે ચારિત્ર નહિ. સ્વરૂપમાં વીતરાગી આનંદમાં રમે તેને ચારિત્ર કહેવામાં આવે છે.

'આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.' ત્રણની એકતા તે મુક્તિનું કારણ છે. એમ પદ્મનંદી આચાર્ય મહારાજ નગ્નમુનિ જંગલમાં વસનારા એમણે પણ આ કહ્યું છે.

હવે ગાથા છેલ્લી છે. છેલ્લો કળશ છે. પૂરું કરવું છેને આજે આ? પછી કાલે ઓલું શું લેવું? નય? નય બાકી છે ને. નય બાકી છે.

**(मालिनी)**

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।**
**अघकुलमपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहज परमतत्वे संस्थिता चेतना च ॥७५॥**

ઓહોહો..! આ શુદ્ધભાવની વાત છેલ્લી કરી દીધી. છેલ્લો શુદ્ધભાવ ભગવાન આત્મા કેવો છે? કે 'સહજ જ્ઞાન સદા જયવંત છે,...' એ ત્રિકાળી–સ્વભાવિક જ્ઞાન ધ્રુવ સદા જયવંત વર્તે છે. જેની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સ્વભાવિક જ્ઞાન સદા... ત્રિકાળી જ્ઞાનની વાત છે હોં. પર્યાયની વાત નહિ.

જયવંત વર્તે છે (એમ) પર્યાયમાં ભાવના કરે છે. પણ જયવંત વર્તે છે કોણ? કે સદા જ્ઞાન જયવંત વર્તે છે. આહાહા..! સ્વભાવિક જ્ઞાન સદા ત્રિકાળ જયવંત વર્તે છે આત્મામાં. તેમ સહજ આ દ્રષ્ટિ સમકિત તે જયવંત વર્તે છે આત્મામાં, એમ. સમ્યગ્દર્શન આ પર્યાય નહિ. ત્રિકાળી દ્રષ્ટિ અંદર દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ ત્રિકાળ પડી છે એ જયવંત વર્તે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અને 'તેવું જ (સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે;...' અંદરમાં વિશુદ્ધ ચારિત્રસ્વભાવ હોં, ત્રિકાળી ચારિત્ર. વર્તમાન પર્યાય ચારિત્રની એ તો પર્યાય છે. આ તો ત્રિકાળી વિશુદ્ધ ચારિત્રસ્વભાવમાં એ સદા જયવંત વર્તે. એમ કહે લ્યો શાસ્ત્રકાર. શુદ્ધભાવ ત્રિકાળ જયવંત વર્તે છે. સહજજ્ઞાન... એ કોણ સહજજ્ઞાન? પર્યાયનું કે ધ્રુવનું? ધ્રુવ.. ધ્રુવ સહજ સ્વભાવિક જ્ઞાન સદા જયવંત વર્તો. સહજ આ દ્રષ્ટિ સદા જયવંત (વર્તો). સમ્યગ્દર્શન પર્યાય નહિ. ત્રિકાળી સમ્યક્ શ્રદ્ધા જે ત્રિકાળ સ્વભાવમાં છે એ ત્રિકાળ જયવંત વર્તે છે અને તેવું વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે.

'પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...' ત્રિકાળી હોં! અહીં તો જ્ઞાનચેતના પ્રગટ થાય છે ને? પણ કહે છે કે અંદર જ્ઞાનચેતના ત્રિકાળી વર્તે છે આત્માની અંદર. સમજાણું કાંઈ? 'સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે.' આહાહા..! એવું જયવંત ધ્રુવ વર્તે છે એવી દ્રષ્ટિ જે છે, તેને સમ્યગ્દર્શન કહે છે. એવા ધ્રુવનું જ્ઞાન તેને જ્ઞાન કહે છે અને ધ્રુવમાં રમણતા તેને ચારિત્ર કહે છે. લ્યો આ શુદ્ધભાવ અધિકાર પૂરો થયો.

'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...' મુનિ છે ને? પદ્મપ્રભમલધારિ મુનિ હતા. એક દેહમાત્ર તેને હોય, બીજું કાંઈ હોય નહિ. આવે છેને શ્રીમદ્‌માં નથી આવતું? દેહમાત્ર.. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' તેમાં એ કહી દીધું છે એમણે. મુનિને વસ્ત્ર-પાત્ર હોતા નથી. એય..! જયંતિભાઈ! અર્થ આવડે નહિ. માત્ર દેહ તે સંયમ હેતુ... એકલો દેહ નગ્ન બસ. નિમિત્તપણે. બીજું મુનિને હોય નહિ. એ અહીં કહે છે.

'પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત...' પાંચ ઇન્દ્રિયોનો વિસ્તાર જ અટકી ગયો છે. અતીન્દ્રિય થઈ ગયા છે. 'દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.' લ્યો! મંગળવારથી શરૂ થયો છે, નહિ? પહેલા પર્યુષણથી. ૨૩ દિ' આ અધિકારને થયા. પ્રવચનસારનો નય અધિકાર ચાલશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

*****

Vitragvani

www.vitragvani.com